ૐ

॥ શ્રીરંગઃ પ્રસન્નોઽસ્તુ ॥

**॥ શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ॥**

# શ્રીરંગલીલામૃત

## અધ્યાય ૧

ગૌરીસુત ગણનાથને કરું કર જોડી પ્રણામ,
વિઘ્નવિદારક દેવ હે ! આપો હૈયે હામ. ૧

મૂષકવાહન મોરિયા ! મોદકપ્રિય, મુદદાત,
વિઘ્ન હરો વિઘ્નેશ્વરા ! વંદું જોડી હાથ, ૨

રંગકથામૃત આ લખું ! સદ્‌બુદ્ધિ દો નાથ,
વિઘ્નાદિ દોષો હરી ઝાલો મારો હાથ. ૩

વંદું માત સરસ્વતી જ્ઞાન-દાન દેનાર,
વાણીની જડતા હરી, કરો શુદ્ધ વિચાર. ૪

વંદું સદ્‌ગુરુ રંગને જ્ઞાનામૃત પાનાર,
અજ્ઞાનાંધ્ય નિવારીને કરો જ્ઞાન ઝબકાર. ૫

અનંત તું આકાશ શો લીલા તારી અનંત,
વેદો પણ મૂગા રહ્યા ક્યાં પામર હું હંત ! ૬

વામન હું વિરાટ તું અગમ્ય તારો ખેલ,
નખથી મેરુ ઉખાડવા કરું યત્ન, ના સ્હેલ ! ૭

સિન્ધુ સમી અતિ ગહન છે, લીલા તારી અગાધ,
બિંદુ પણ લેવા તણી, ના મુજ શક્તિ નાથ ! ૮

તોયે હું હિંમત કરું, શ્રદ્ધા જોરે આજ,
સમર્થનું શરણું લીધું, રાખે મારી લાજ ! ૯

યંત્રી તું હું યંત્ર છું, દોરી તારે હાથ;
જેમ ચલાવે તેમ તું ચાલે મારો હાથ, ૧૦

લેખ લખાવનહાર તું નિમિત્ત મારો હાથ,
કર્તા, ધર્તા આ બધું, સમર્થ તું ગુરુનાથ, ૧૧

લીલા વાસુદેવની, ગાતાં અલખ સમર્થ
ભાવાવેશે આવીને થયા મૂક તે તત્ર. ૧૨

અમૃતની હેલી અહા ! થઈ વરસતી બંધ,
શિષ્ય નિરંજન જાગીઓ, ખુલ્યાં નેત્ર જે બંધ. ૧૩

જાગી, પ્રાર્થે હે ગુરો ! મા, તરછોડો બાળ !
અમૃતમાં ડૂબાડીને, કાં કાઢો છો બહાર ? ૧૪

લીલામૃત આ ગુરુ તણું આગળનો વિસ્તાર !
કહો, દત્ત પ્રભુ ક્યાં ધરે ! અન્ય અહીં અવતાર ? ૧૫

ઘોર કળીમાં જન્મીને, લીલા અપરંપાર,
ક્યાં નામ અને રૂપથી, કહો સકળ વિસ્તાર. ૧૬

ચાતક સમ તરસ્યો હું આ, બાળક તારી પાસ,
આવ્યો લીલામૃત પીવા, બુઝાવો મારી પ્યાસ. ૧૭

ચાતકવૃત્તિ શિષ્યની, જોઈ અલખ દયાળ,
રીઝ્યા નેત્રો ખોલીને, બોલ્યા પરમ કૃપાળ. ૧૮

ધન્ય નિરંજન શિષ્ય તું, જિજ્ઞાસા તુજ ધન્ય,
પાનાતુર ગુરુગાનનો, તુજ શો ધન્ય ન અન્ય, ૧૯

સાંભળ આગળ ગુરુલીલા, શ્રવણે જાશે પાપ,
તાપ શમી શાંતિ થશે, રહેશે નહિ સંતાપ. ૨૦

લીલા એ અવધૂતની, અગમ્ય અપરંપાર,
પાર ન કો પામી શકે, હું તો કહું છું સાર ! ૨૧

દત્તભક્તિનાં ગુર્જરે, દઈને મોઘાં દાન,
વાસુદેવ ગરુડેશ્વરે, થયા અંતર્ધ્યાન ! ૨૨

ચાલે ઘોર કળી અહા ! યંત્રવાદનું જોર,
ચોગરદમ જામ્યું અહા ! કરે નાસ્તિકો શોર ! ૨૩

ધર્મતણી ગ્લાનિ થઈ, વ્યાપ્યો ભ્રષ્ટાચાર,
સાચા સંત મળે નહિ, થયો લુપ્ત આચાર. ૨૪

ધર્મ ધતિંગ બની ગયો, સજ્જન અતિ પીડાય,
દુર્જન દુષ્કૃત્યો કરી, માલ મલીદા ખાય. ૨૫

જોઈ દશા આ લોકની, દ્રવ્યા દીનદયાળ,
ધર્મસ્થાપનકારણે, ધરે અન્ય અવતાર. ૨૬

કથા કહું વિસ્તારથી, સાંભળ શિષ્ય સુજાણ,
તારા પ્રશ્ને માહરી, જાગી સ્મૃતિ જો માન ! ૨૭

મહારાષ્ટ્રે રત્નાગિરિ જિલ્લા મધ્યે એમ,
સંગમેશ્વર તાલુકે, ગામ એક છે તેમ. ૨૮

નામ ગામનું દેવળેં, ખડ્ગેશ્વર મહાદેવ,
ઈષ્ટદેવ છે ગામના, ભાવે કરે સૌ સેવ. ૨૯

ચોગમ લીલા પહાડની, વચ્ચે દેવળેં એમ,
શોભી રહ્યું જાણે જડ્યું, નીલમ વચ્ચે હેમ ! ૩૦

ઝાડ-પાન-ફળ-ફૂલથી, આચ્છાદિત એ ભોમ,
વનશ્રીથી શોભી રહી, જાણે શરદનો સોમ ! ૩૧

કાજુ- ફણસ-સોપારીને, નાળિયેર વળી દ્રાક્ષ,
કદલી અનનસ શેરડી, લીંબુ સંતરાં ખાસ. ૩૨

દાડમ નાગરવેલને, હલદર આદુ તેમ,
શાક-ભાજી વિધ-વિધ અહીં, કોણ વર્ણવે તેમ ! ૩૩

ફૂલ-ઝાડનો પાર ના, ચંપો-ચમેલી ગુલાબ,
જાઈ જૂઈ ને મોગરો, પારિજાત અમાપ. ૩૪

ખટપદ ગુંજે મોદથી, પીતા મધુ-મકરંદ,
ગુન ગુન ગુંજારવ કરી, પ્રગટ કરે આનંદ. ૩૫

રંગ-બેરંગી પુષ્પની, ખીલી રહી કતાર,
મંદ સુગંધિત સમીર હા ! આનંદ દે અપાર. ૩૬

આમ્રકુંજમાં ટહુકતી, કોયલ પંચમ સૂર,
વિધ-વિધ સ્વર પક્ષી તણા, કરે મસ્તી ચકચૂર. ૩૭

જ્યાં ત્યાં ખળખળ વહી રહ્યાં,ઝરણાં નિર્મળ નીર,
તૃષા-તાપ શમાવીને, કરતાં શાંત શરીર. ૩૮

વન્ય પશુ પણ વિચરે, નિર્ભયતાથી આંહ્ય,
ક્ષેત્રપાલ - સર્પાદિ પણ, પીડે ન કોને ત્યાંય. ૩૯

અમરાપુરી અવનિ વિષે, જાણે ઉતરી ત્યાંય,
એવું શોભે દેવળેં, સૂણ નિરંજન આંહ્ય ! ૪૦

ચારે વર્ણના લોક ત્યાં, વસે દેવળેં માંહ્ય,
વર્ણાશ્રમ ધર્મે સદા, રહે મોદથી ત્યાંય. ૪૧

બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યને, શૂદ્ર હરિજન તેમ,
હળી મળી રહેતા સદા, રાખી પરસ્પર પ્રેમ. ૪૨

ઈર્ષા કરે ન કોઈની, કરે ન કોઈનો દ્વેષ,
સદ્ધર્મે રત સર્વ ત્યાં, નહિ ઝઘડા નહિ કલેશ. ૪૩

એવા દેવળેં ગામમાં, વસે વળામે વંશ,
બ્રાહ્મણ કહ્રાડે જ્ઞાતિના, ઋગ્વેદી વરઅંશ. ૪૪

અત્રિ ગોત્ર-ત્રિપ્રવરને, વળામે ઉપનામ,
જયરામ ભટ્ટજીતણું, ગાજે ઉત્તમ નામ, ૪૫

જ્ઞાની, દાની, ચતુર ને દશગ્રંથી વિદ્વાન,
કર્મકાંડી, ધાર્મિક અહીં, જયરામ ભટ્ટ સુજાણ. ૪૬

શિવ-શક્તિ ને ગણેશની, ઉપાસનાઓ એમ,
પરંપરાગતથી થતી, આ કુટુંબે તેમ. ૪૭

ચાર પુત્ર જયરામને, જનમિયા જો એહ,
એ પૈકી ત્રીજા થયા, ધન વિઠ્ઠલ વર દેહ. ૪૮

વયે આવતાં પુત્રને, દે ઉપવીત સંસ્કાર,
વિઠ્ઠલ દ્વિજ બની ભણ્યા, વિદ્યા અપરંપાર. ૪૯

મૂળે દૈવી અંશ ને, પિતૃતણા સંસ્કાર,
વેદ-શાસ્ત્ર ભણી બન્યા, દશગ્રંથી એ વાર. ૫૦

વિદ્યાનું અભિમાન નહિ, નહિ આડંબર લેશ,
વીરવૃત્તિ ધારીને, ફરે નિર્ભય, નિષ્કલેશ. ૫૧

યૌવનના ઉંબરે હજુ, પગ મૂક્યો ના ત્યાંય,
લગ્ન થયાં વિઠ્ઠલજીનાં, પડ્યા પ્રભુતા માંય. ૫૨

પણ પ્રભુને રુચ્યું નહિ, પૂર્વ જન્મના યોગ,
પત્ની એ સદ્ગત થયાં, થયો ઘરભંગ યોગ. ૫૩

અંકુર વિરતિવૃત્તિના, સુપ્ત પડ્યા'તા જેહ,
પત્ની પંચત્વ પામતાં, ફરી જાગિયા તેહ. ૫૪

વિઠ્ઠલજી વિચારતાઃ શો છે જન્મનો અર્થ ?
જો મુક્તિ ના મેળવી, સહ્યું કષ્ટ આ વ્યર્થ. ૫૫

કંઈક જન્મના પુણ્યથી, મળ્યો મનુષ અવતાર,
સાધન સાચું સાધીને, ઉતરું હું ભવપાર. ૫૬

સ્વયં કૃપા કરી ઈશ્વરે, કર્યો મને ઘરભંગ,
મુક્તિ આપવા કારણે, માટે કરું સત્સંગ. ૫૭

સફળ કરું મુજ જન્મને, ભજન કરીને આમ,
વિષય-કાદવ ચૂંથવા, ના હવે કંઈ કામ. ૫૮

જાઉં પંઢરપુર મહીં, દયાળુ વિઠ્ઠલનાથ,
એ જ સહારો માહરો, એ છે સાચો સાથ. ૫૯

એમ વિચારીને વિઠ્ઠલ, માત-પિતાની પાસ,
આવીને વંદન કરી, બોલે થઈ ઉદાસ. ૬૦

માત-પિતા સાચું કહું, ના ગમતો સંસાર,
અસાર આ સંસારથી, થાવા માગું ફરાર. ૬૧

ચિત્ત હવે ચોંટે નહિ, આ સંસારે લેશ,
શાને કર્દમ ચૂંથીને, વૃથા વધારું કલેશ ? ૬૨

માત-પિતા આપો મને, આજ્ઞા, આશીર્વાદ,
જાઉં પંઢરપુર વિષે, દયાળુ પંઢરીનાથ. ૬૩

કરું જન્મ સાર્થક અહા ! ભજન કરીને ત્યાંહ્ય,
વિઠોબાને રીઝવી કરું સફળ મમ કાય. ૬૪

જોઈ વૃત્તિ પુત્રની, જયરામ ભટ્ટજી ત્યાંય,
થાએ હર્ષિત અંતરે, ધન્ય પુત્ર વરકાય. ૬૫

આજ્ઞા આપે મોદથી, ભેટી સુતને ત્યાંય,
આશિષ આપે સ્નેહથી, સફળ થશે તુજ કાર્ય. ૬૬

આજ્ઞા આશીર્વાદ મળ્યાં, માતપિતાનાં જ્યાંય,
વિઠ્ઠલ ચાલ્યા મોદથી, પંઢરપુર ગામ ત્યાંયઃ ૬૭

વિઠોબાના ચરણમાં, મૂક્યું મસ્તક જ્યાંય,
ગદ્‌ગદ્ કંઠે વિઠ્ઠલ કરે પ્રાર્થના ત્યાંયઃ ૬૮

જય જય વિઠ્ઠલ નરહરિ, જય જય પંઢરીનાથ,
ભક્તોદ્ધારક હે પ્રભુ ! ચરણે નમવું માથ. ૬૯

તું માતા તું તાત છે, સગા સહોદર સાથ;
તું વિણ મારું કોઈ ના, અનાથના હે નાથ ! ૭૦

તોડી જગનાં બંધનો, આવ્યો શરણે નાથ !
કૃપા કરીને વિઠ્ઠલા ! ઝાલો મારો હાથ. ૭૧

પ્રાર્થી પંઢરીનાથને, રહ્યા વિઠ્ઠલજી ત્યાંય,
સેવા-પૂજા-ભજનમાં, દિવસો વીતતા જાય. ૭૨

બ્રાહ્મ મુહૂર્તે જઈ કરે, ચંદ્રભાગામાં સ્નાન,
નિત રહે રત ભજનમાં, અખંડ પ્રભુનું ધ્યાન. ૭૩

એમ વીત્યા દિન કંઈક ને, રીઝયા પંઢરીનાથ,
આપે સ્વપ્નમાં અહા ! વિઠ્ઠલને દ્દષ્ટાંત. ૭૪

રાત્રે વિઠોબા સ્વયં, થઈ પ્રગટ સાક્ષાત્,
જા પાછો સંસારમાં, સાંભળ મારી વાત. ૭૫

તુજ ઘર મારે આવવું છે, માટે તું જા,
લગ્ન કરી સંસારમાં પુનઃ પ્રવેશી જા. ૭૬

જાગ્યા વિઠ્ઠલજી અને, પડ્યા વિમાસણ માંહ્ય,
શું કહેવા માગે પ્રભુ ! પડે સમજ ના ક્યાંય ? ૭૭

ત્રણ ત્રણ રાત સુધી થયું, સ્વપ્ને એ જ દૃષ્ટાંત,
વિઠ્ઠલ સમજી ના શકે, ચિત્ત ન રહેતું શાંત. ૭૮

ત્યાં તો ત્રીજી રાત્રીએ, સ્વયં વિઠોબા દેવ,
પ્રગટ થઈ સસ્મિત અહા ! કહે પ્રભુ તતખેવ. ૭૯

કેમ વિચાર કરે અરે ! ત્રણ ત્રણ દિ'થી એમ,
કહું છું તુજને તોય હા ! સમજાયે ના કેમ ? ૮૦

અહીંથી સીધા ઘેર જઈ, કરો કહું હું તેમ,
ઘેર તમારે આવવા, મુજ મરજી છે એમ. ૮૧

પાલી નામે ગામમાં, 'મોંઘે' કુટુંબમાં આમ
પ્રગટ્યું કન્યારત્ન ત્યાં, 'કાશી' એનું નામ. ૮૨

સુશીલ,ધાર્મિક, સદ્‌ગુણી, સત્ ચારિત્ર્યવાન,
સાક્ષાત્ અનસૂયા સમી, કન્યા એ ગુણવાન. ૮૩

પાણિગ્રહણ કરો તમે, એ કન્યાનું ખાસ,
સુખી દામ્પત્ય ભોગવો, ના માનો ઉપહાસ. ૮૪

એમ કહી અદૃશ્ય થયા, વિઠ્ઠલ લક્ષ્મીકંથ,
વિઠ્ઠલજી હર્ષિત થઈ, પડ્યા દેવળે પંથ. ૮૫

ઘેર જતાં માતા-પિતા, પામ્યાં હર્ષ અપાર,
સગાં-સહોદર-સ્વજન સહુ, મળ્યાં તત્ર તે વાર. ૮૬

હર્ષિત પામતા ગ્રામજન, જોઈ વિઠ્ઠલ ઘેર,
આનંદે મળિયાં બધાં, પૂછી ખબર બહુ પેર. ૮૭

ત્યાર પછી વિઠ્ઠલજીએ, માત-તાતને તેમ,
સ્વપ્નાની વાતો કરી, બની હતી તે તેમ. ૮૮

જયરામ ભટ્ટ રાજી થયા, સૂણી પુત્રની વાત,
પાલી જઈ મોંઘે તણા, ઘેર જઈ સાક્ષાત્, ૮૯

કરી તપાસ, તો સ્વપ્નની વાત હતી સૌ સત્ય,
સગાઈ વિઠ્ઠલની કરી, કાશી સહ સપ્રીત્ય. ૯૦

સાકરપુડાની વિધિ, ત્યાં તો પતાવી તુર્ત,
ઘેર આવી સત્વર લીધું, લગ્નનું ત્યાં મુહૂર્ત. ૯૧

શુભ દિને શુભ યોગમાં, શુભ મુહૂર્તમાં આમ,
લગ્ન કર્યાં વિઠ્ઠલ તણાં, કરી ખૂબ ધૂમધામ. ૯૨

'કાશી' આવ્યાં સાસરે, શીલવંત શુભ કામ,
જ્ઞાતિ-રિવાજે કાશીનું પાડ્યું રુકિમણી નામ. ૯૩
મંગલ પગલાં વહુ તણાં, થાતાં ઘરની માંહ્ય,
મંગલમય ઘર થઈ ગયું, આનંદ આનંદ થાય. ૯૪
ગૌરીવ્રત, વ્રત ગાયનું, વટ સીમંતીનું તેમ,
તુલસીવ્રત આદિ વ્રતો, કરે રુકિમણી નિત ત્યાંય. ૯૫
તુલસી પૂજા પ્રદક્ષિણા, રુકિમણી કરે નિત ત્યાંય,
મંગલદીપ પ્રગટાવીને, આનંદમંગલ ગાય. ૯૬
ઉંમરમાં નાનાં છતાં, ડહાપણના ભંડાર,
ગામ લોક આ યુગ્મને, આપે માન અપાર. ૯૭
રુકિમણી પતિવ્રતા સતી, પતિસેવામાં એમ,
સદા સર્વદા રત રહે, રાખે સઘળું ક્ષેમ. ૯૮
સેવા સાસુ-શ્વસુરની, દિયર-જેઠની તેમ,
મર્યાદા રાખી કરે, સહુ પર સરખો પ્રેમ. ૯૯
નિંદા, ચાડી-ચૂગલી, કરે ન કોઈની ક્યાંય,
મર્યાદા લોપે નહિ, સદા તૃપ્ત ઉરમાંય. ૧૦૦
મંગલમય દામ્પત્યનું, ઉજ્જ્વલ આ દૃષ્ટાંત,
અવનિ પર ઋષિ અત્રિ ને અનસૂયા સાક્ષાત્ ! ૧૦૧
તે સમે ગુજરાત વિષે ગોધરા નામે ગામ,
રહે મિત્ર જયરામના, સરપોતદાર સખારામ, ૧૦૨
આવ્યા એ દેવળેં મહીં, મિત્રને મળવા કાજ,
જોઈ વિઠ્ઠલપંતને, થયા હૃષ્ટ એ આજ. ૧૦૩
સખારામ કહે મોદથી, સૂણો જયરામ ભટ્ટ,
એક માગણી માહરી, પૂરી કરોને ઝટ. ૧૦૪
સૂત વિઠ્ઠલ આ આપનો સાત્ત્વિક, જ્ઞાની ભક્ત,
આપો મુજને આજ એ, મા થાઓ આસક્ત. ૧૦૫
મારા ઘરમાં ગોધરે, વિઠ્ઠલમંદિર કાજ,
પૂજારી મળતા નથી, સાત્ત્વિક, ભાવિક આજ. ૧૦૬
એ માટે લઈ જાઉં હું, વિઠ્ઠલને મુજ સાથ.
પૂજા કરવા દેવની, રુકિમણી વળી સાથ, ૧૦૭
હા ના કંઈ કરશો નહિ, આપો મુજને ઝટ,
મિત્ર તણાં નાતે મુને આપો આટલું 'ભટ્ટ'. ૧૦૮
મીઠી મૂંઝવણમાં પડ્યા, જયરામજી તે વાર,
દીકરા-વહુને છોડવા, મન નો'તું તૈયાર. ૧૦૯
એક તરફ પ્રિય મિત્રના, પ્રેમ તણું ખેંચાણ,
બીજી તરફ પુત્ર-સ્નુષા, કેમ ત્યજાયે જાણ ! ૧૧૦
જોઈ દ્વિધામાં તાતને, બોલ્યા વિઠ્ઠલપંત,
શાને મૂંઝાઓ છો પિતા ! તમે રહો, નિશ્ચિંત. ૧૧૧
જાવા દો મુજને પ્રભો, દો આજ્ઞા આશિષ,
વિઠોબાના ચરણમાં જઈને મૂકીશ શિષ. ૧૧૨
વિઠોબાના પૂજનનો આવો અનેરો લાભ,
ફરી ફરી મળશે નહિ, સાર્થક કરવા ગાભ. ૧૧૩
મનગમતી તક આ મળી, પ્રભુ પૂજનની આજ,
લેવા અલભ્ય લાભ એ, દો આજ્ઞા મહારાજ. ૧૧૪
વિઠ્ઠલની વાણી સૂણી, મન હરખ્યા જયરામ,
દે આજ્ઞા-આશિષ સહ, રાખી હૈયે હામ. ૧૧૫
જાઓ આશિષ માહરી, તમ સાથે હંમેશ,
રહશે જાઓ ફતેહ છે, ભલે રહો દૂરદેશ. ૧૧૬
કુળનો ધર્મ જે આપણો, કદી ન ત્યજશો વીર !
કુળદેવોની ઉપાસના, કરજો રાખી ધીર. ૧૧૭
વિદાય આપી એમ ત્યાં, ભેટ્યાં વારંવાર,
સખારામને સોંપિયા, નિજ હૈયાના હાર. ૧૧૮
માત-પિતાને વંદીને, ભેટ્યા ભાઈઓ એમ,
સ્વજન-ગ્રામજન સર્વની, લીધી વિદાય તેમ. ૧૧૯
સખારામ સહ નીકળ્યાં, વિઠ્ઠલ-રુકમા સાથ,
એક સહારો રામનો, અનાથના જે નાથ. ૧૨૦
આવી પહોંચ્યાં ગોધરા, વિઠ્ઠલ મંદિર માંહ્ય,
શિષ મૂક્યું વિઠ્ઠલજીએ, વિઠ્ઠલચરણો માંહ્ય. ૧૨૧
ગદ્‌ગદ્ કંઠ થઈ ગયો, નયન વહે જલધાર,
રુકમા સહ પ્રાર્થે પ્રભુ, વિઠ્ઠલજી નિર્ધારઃ- ૧૨૨
"આવ્યો તારા શરણમાં, સાચવજે ઓ નાથ !
અજાણ ગુર્જર દેશમાં, એક તાહરો સાથ". ૧૨૩
સૂણી ભક્તની પ્રાર્થના, થયા વિઠોબા હૃષ્ટ,
મૂર્તિના શિર પર થકી, ખર્યાં પુષ્પ ત્યાં સ્પષ્ટ. ૧૨૪
રુક્મા-વિઠ્ઠલ મસ્તકે, પડ્યાં પુષ્પ તે વાર,
મંગલ શકુન થયા અને, વર્ત્યો જયજયકાર. ૧૨૫
અલખ કહે સૂણ બાળ હે, નિજ અવતરવા કાજ,
રુક્મા-વિઠ્ઠલને પ્રભુ, લાવ્યા ગોધરા આજ. ૧૨૬

કહે નિરંજન હે ગુરો ! મનમાં શંકા થાય,
સમાધાન આપ જ કરો, ફરી ફરી વંદું પાય. ૧૨૭
નિજ અવતરવા કારણે, અવધૂત દત્ત દયાળ,
પસંદ કરે કેમ ગોધરા, સમજાવો તે કૃપાળ ! ૧૨૮
ક્યાં આવ્યું એ ગોધરા ? શો છે એનો અર્થ ?
દક્ષિણ દેશ મૂકી અને ગુર્જરમાં એ સમર્થ. ૧૨૯
શા માટે પ્રગટ્યા કહો, બન્યું ધન્ય ગુજરાત !
અન્ય દત્ત અવતાર તો, થયા મહારાષ્ટ્રે તાત ! ૧૩૦
તો પછી આ અવતારમાં, ગયા કેમ ગુજરાત ?
શંકા મારી આટલી, દૂર કરો હે નાથ ! ૧૩૧
શંકા નિરંજનની સુણી, સ્વયં અલખ ભગવાન,
આગળના અધ્યાયમાં વદે એ સમાધાન ! ૧૩૨

બલિહારી ગુરુદેવની રંગ જામશે જાણ,
આગળના અધ્યાયમાં, 'બાલક' વદશે માન ! ૧૩૩

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રી રંગલીલામૃતે અલખનિરંજનસંવાદે કથોપક્રમો નામ પ્રથમોઽધ્યાયઃ ॥ ૧ ॥ દોહરા ૧૩૩ ॥

## અધ્યાય : ૨

અલખ કહે સૂણ બાળ હે ! સ્વયં દત્ત ભગવાન,
કેમ પ્રગટિયા ગોધરે સ્થળ મૂકી ૧
ધન્ય પ્રશ્ન તારો અહા ! સૂણી ગોધરા ગામ,
થાય સ્મરણ પા'ગઢ તણું ધન્ય કાલિકા ધામ ! ૨
જય જગદંબા જય, નમું, જગજનની સાક્ષાત્,
રક્તબિંદુમર્દિની અહા ! નમું કાલિકા માત. ૩
અનાથની તું નાથ છે નબળાની તું માત,
દુર્ગુણ-દાનવનાશિની જય જય કાલિમાત ! ૪
ગદ્‌ગદ્‌ થઈ વંદન કરે માને અલખ દયાળ,
શિષ્ય નિરંજન ત્યાં વદે થઈ આતુર અપાર. ૫
નાથ તમે ગદ્‌ગદ્‌ થઈ વંદ્યા જેને આંહ્ય,
કોણ કાલિકા માત જે વસે પાવાગઢ માંહ્ય, ૬
હવે ગોધરામાહાત્મ્યની, સાથે અલખ દયાળ,
પાવાગઢ મહાકાલીની કહો કથા રસાળ. ૭
આદ્યશક્તિ મા અંબિકા આદ્યભવાની જેહ,
કાલિકા બની કયમ વસે પાવાગઢમાં એહ ? ૮
મંગલમય માની કથા સૂણતાં પાતક જાય,
દુરિત - દુષ્કૃત દૂર થઈ મંગલ વર્ષા થાય ! ૯
કહે અલખ સૂણ શિષ્ય હે ! ભલો કર્યો તેં પ્રશ્ન,
સાંભળ હવે ધ્યાન દઈ, જાશે પાતક કૃત્સ્ન ! ૧૦
આર્યાવર્તે પશ્ચિમે, ધન્ય ભૂમિ ગુજરાત,
સંત, મહંત અનંત જ્યાં પ્રગટ્યા છે સાક્ષાત્ ! ૧૧
પશ્ચિમ સાગર ઘૂઘવે સૌરાષ્ટ્રે સોમનાથ,
દ્વારકેશ ને અંબિકા કપિલ સિદ્ધ સાક્ષાત્ . ૧૨
એવા ગૂર્જર મધ્યમાં જિલ્લો પંચમહાલ,
જંગલ, ઝરણાં-પહાડની શોભા અપરંપાર ! ૧૩
સાગ સીસમ ને ખેરનાં ગાઢાં જંગલ જ્યાંય,
મહુડા લીમડા, ટીમરું અનંત વૃક્ષો ત્યાંય. ૧૪
પહાડોની ખીણો બધી વનશ્રી ભરપૂર,
જલ-ઝરણાં, નદીઓ વહે, ખળખળ મધુરા સૂર. ૧૫
પુરા પાવાગઢની પાસમાં ચાંપાનેર નગર,
વિશાળ ચૌટાં ચોકથી શોભે ભૂમિ પર. ૧૬
ભાત-ભાતના હાટ ને વિશાળ માર્ગો ત્યાંય,
મોટા મોટા મહેલ ને અનંત ગલીઓ ત્યાંય ! ૧૭
એવા સુંદર નગરમાં જયસિંહ મહારાજ,
પાળે પ્રજાને પુત્રવત્ નિષ્કંટક એ રાજ. ૧૮
પાવાગઢ પર મહેલ ને મજબૂત કિલ્લા કોટ,
ધાન્ય તણા કોઠારની જરા ન ત્યાંયે ખોટ. ૧૯
વૃક્ષો તિહાં વિધવિધ વળી ભાતભાતની વેલ,
લચી રહ્યાં ફૂલ ફલથી કરે પવન જો ગેલ ! ૨૦
નિર્મળ-મીઠાં જલભર્યાં સરવર નાનાં તેમ,
જ્યાં-ત્યાં નજરે આવતાં જલ-ઝરણાં પણ તેમ. ૨૧
સરિતા વિશ્વામિત્રીનું પ્રાગટ્ય છે જ્યાંય,
વિશ્વામિત્ર ઋષિએ કર્યું કઠણ તપ પણ ત્યાંય. ૨૨

જોઈ ભયંકર તપ અહા ! વિશ્વામિત્રનું એમ,
ભય પામ્યો દેવેન્દ્ર ને વિચારતો એ કેમ ? ૨૩
જાશે ઈંદ્રાસન અરે, વિશ્વામિત્રની પાસ,
રખડી જાશે દેવ ને, બહુ પામીશું ત્રાસ ! ૨૪
કરું ૠષિતપ ભંગ આ યોજી કોઈ ઉપાય,
જેથી ઈન્દ્રાસન બચે સ્વર્ગ અલગ ના થાય. ૨૫
સુંદર મારી અપ્સરા મેનકા જેનું નામ,
સાજ સહિત સહુ મોકલું જેથી સુધરે કામ. ૨૬
યૌવનમદ એ અપ્સરા રૂપ રૂપના અંબાર,
નયનબાણથી ૠષિમહીં કરશે સ્મરસંચાર ! ૨૭
અલખ કહે સૂણ શિષ્ય આ કેવી ભયંકર વાત !
સ્વાર્થ સાધવા નિજતણો કરે બીજાનો ઘાત . ૨૮
સત્તા, શક્તિ, સંપત્તિ હોય જેની પાસ,
સતત તે ભયમાં રહે, ચિંતાતુર ઉદાસ ! ૨૯
રખે સંપત્તિ શક્તિ ને સત્તા મારી તમામ,
સરકી જાશે તો પછી શેં જીવાશે આમ ? ૩૦
એવી ચિંતામાં જલે નિશદિન વ્યક્તિ એ જાણ,
રાત્રે નાવે નિંદ ને અન્ન ન ભાવે માન ! ૩૧
સત્તા, શક્તિ, સંપત્તિ, જો દુ:ખદાયક હોય,
એ સુખનો શો અર્થ છે ? શાને વલખે તોય ? ૩૨
અસ્તુ; મોકલે ઈન્દ્ર એ આવી મેનકા ત્યાંય.
નેત્રોન્મિલિત ધ્યાનમાં બેઠા જ્યાં ૠષિરાય. ૩૩
સન્મુખ આવી અપ્સરા સજી-કરી નિજ સાજ,
સંગીતના સૂર છેડતી વાદ્ય-તાલ પખવાજ, ૩૪
ગાય મધુરા કંઠથી તાલ માત્રા સાથ,
છુમ છુમ છુમ નાચી રહી કરી વક્ર નિજ હાથ. ૩૫
વાગે મધુરાં વાદ્ય હા ! વીણા ભેરી સિતાર,
ઝનક ઝનક બાજી રહ્યો પાયલનો ઝણકાર ! ૩૬
જલ ઝરણાનાં નાદને પક્ષીનાં કૂજન,
તાલ મિલાવી ને અહા ડોલે મુદિત મન ! ૩૭
લહેરો મંદ સમીરની જલ-શિકરની સાથ,
પુષ્પ સુગંધી લાવીને દે હૃદ્‌ને આહ્‌લાદ ! ૩૮
ચોગરદમ પ્રકૃતિ ખીલી માદક, મોહક એમ,
ઉત્તેજિત કરે વાસના, સૂતો જગાડે પ્રેમ. ૩૯
કર્ણ નેત્ર ઘ્રાણેન્દ્રિય વાસના કેરાં દ્વાર,
એ દ્વારોથી પ્રવેશીને કરે કામ ખુવાર ! ૪૦
આંખ-કાન ને નાક આ પ્રથમ બગાડે મન,
મન બગડે બગડ્યું બધું તન વર્તન, જીવન ! ૪૧
માટે કહું છું બાળ હે ! રાખી પ્રભુને સાખ,
કર્ણ, નેત્ર ઘ્રાણેન્દ્રિય સદા પવિત્ર રાખ. ૪૨
આંખો પવિત્ર રાખ ને, સદાય સાચું બોલ,
ઈશ્વર દર્શન આપશે છે સંતોનો કોલ. ૪૩
સ્વર મધુરો સુંદરી તણો ૠષિકર્ણે અથડાય,
ધીરે પહોંચે મસ્તકે નેત્રો ખુલ્લાં થાય ! ૪૪
નેત્ર ખૂલતાં નજર પડી મેનકા ઉપર જ્યાંય,
અર્ધનગ્ન એ નર્તકી જોતાં મુનિ લોભાય ! ૪૫
ભાન ભૂલ્યા મુનિવર અહા ! તૂટી સંયમપાળ,
વાતો કરતાં સાથ તે વિહ્વળ બન્યા તત્કાળ ! ૪૬
લઈ ગયા નિજ આશ્રમે શરૂ થયો સંસાર,
અદ્‌ભુત શક્તિ કામની કોઈ ન પામે પાર ! ૪૭
ભોગવિયો સંસાર ને બન્યા કન્યાના તાત,
શકુંતલાની માત એ છે જગમાં વિખ્યાત. ૪૮
છોડી કન્યા-મેનકા ! વિશ્વામિત્ર તે વાર,
આવ્યા તપ કરવા અહીં પંચમહાલ મોઝાર. ૪૯
એક મોટી ખીણની પાસે શિલા પર,
ફરી તપસ્યા આદરે વિશ્વામિત્ર મુનિવર! ૫૦
વશિષ્ઠ ૠષિની ગાય જે કામદુધા છે નામ,
તેની દીકરી નંદિની સુધરે નામે કામ. ૫૧
એક દિવસ એ નંદિની ખીણમાં ચરવા જાય,
હરિત તૃણની લાલચે ઊંડે ઊંડે ધાય. ૫૨
પેટ ભરી ચારો ચરી બહાર નીકળવા જાય,
ખીણ ગહન-ઊંડી ઘણી ધેનથી ના નીકળાય !! ૫૩
નંદિનીએ ભય પામીને કર્યો ૠષિને પોકાર,
દયા કરી ૠષિવર મને કાઢો ખીણની બહાર. ૫૪
ૠષિએ સૂણ્યું તોય પણ જાણી વશિષ્ઠની ગાય,
કાંઈ મદદ કરી નહિ ન વા કર્યો ઉપાય ! ૫૫
નંદિની ગભરાઈને રુદન કરે બેફાટ
ધ્રુસકે ધ્રુસકે રોઈને પોકારી નિજ માત ! ૫૬

નિજ કન્યાનો આર્ત એ સૂણ્યો જ્યાં પોકાર,
કામદુઘા ત્યાં દોડતી ઝટ આવી તે વાર ! ૫૭
નિજ કન્યાને ખીણમાં જોઈ પડેલી ત્યાંય,
કામદુઘા મૂંઝાઈને યોજે એક ઉપાય, ૫૮
નિજ આંચળોથી દૂધની વહાવી અખંડ ધાર,
ખીણ ઉભરાઈ દૂધથી નંદિની આવી બહાર ! ૫૯
ઋષિએ જોયું આ સ્વયં થયા હૃષ્ટ મન માંહ્ય,
ધન ધન મા ધન દીકરી વદ્યા મુખેથી ત્યાંયઃ ૬૦
માગો ઈચ્છા હોય તે પ્રસન્ન છું તમ પર,
મુજ વરદાને ના કશું અશક્ય આ ભૂ પર ! ૬૧
કહે નંદિની હે ઋષિ પ્રસન્ન થયા જો આપ,
પૂરી દો આ ખીણને ટાળી મહા સંતાપ. ૬૨
જેથી ભવિષ્યમાં કદી કોઈ પશુની આમ,
દશા થાય ના મુજ સમી માટે કરો આ કામ ! ૬૩
તેથી ઋષિએ નિજ શિષ્ય જે ત્રિશંકુને કાજ,
અદ્ધર ઉતારવા રચ્યો'તો એક પર્વતરાજ, ૬૪
તે પર્વત લાવી અહીં મૂક્યો ખીણની માંહ્ય,
ખીણ પૂરાઈ ગઈ અને નંદિની હર્ષી ત્યાંય. ૬૫
ખીણ પૂરાતાં ગિરિ તણો બહાર રહ્યો પા-ભાગ,
એજ બન્યો પા-ગઢ અગર પાવાગઢ સુભાગ ! ૬૬
પાવાગઢ પ્રાગટ્યની કહી પુરાણી વાત,
બીજી દંતકથા કહું સૂણ શિષ્ય સુજાત. ૬૭
સદ્ધર્મસ્થાપન અને અધર્મનો સંહાર,
કરવા, પરબ્રહ્મ સ્વયં ધરે રામ અવતાર ! ૬૮
રાવણ સાથે યુદ્ધમાં લક્ષ્મણને તે વાર,
તીક્ષ્ણ બાણ વાગ્યું હૃદે પડતાં રણ મોઝાર. ૬૯
રુદન કરે શ્રીરામજી વર્ત્યો હાહાકાર,
વૈદ્યરાજ સુષેણજી આવી કહે તે વાર, ૭૦
બ્રહ્મરન્ધ્રમાં પ્રાણ છે હજી બચવાની આશ,
શોક રુદન છોડી પ્રભુ ! કરો કહું તે ખાસ. ૭૧
હિમાલયે એક વનસ્પતિ મૃતસંજીવની નામ,
સૂર્યોદય પૂર્વે પ્રભુ ! લાવો થાયે કામ ! ૭૨
મહાવીર હનુમાન જે શક્તિતણા ભંડાર,
રામદૂત મહાબલિ તરત થયા તૈયાર. ૭૩

વંદન કરી શ્રીરામને ઊડ્યા અદ્ધર આકાશ,
ઉત્તર દિશામાં વેગથી આવ્યા હિમાચલ પાસ, ૭૪
હવે મૂંઝવણમાં પડ્યા, વનસ્પતિને એહ,
પોતે ઓળખતા નથી કેમ લઈ જવી તેહ ? ૭૫
સમય તો વહી જાય છે વિપદ વિલંબે થાય,
જો સમયે પહોંચાય ના, તો અનિષ્ટ દુઃખદ થાય. ૭૬
તેથી કરમાં ઊંચક્યો હિમાલયનો ભાગ
આવી લંકાગઢ વિષે અર્પે એ મહાભાગ. ૭૭
વૈદ્ય સુષેણે શોધીને સંજીવની ત્યાંય,
સિંચન કર્યું લક્ષ્મણ ઉરે ચમત્કાર ત્યાં થાય ! ૭૮
પ્રગટ થયા ફરી પ્રાણ હા ! લક્ષ્મણમાં તે વાર,
શ્રીરામચંદ્ર રાજી થયા વર્ત્યો જયજયકાર ! ૭૯
પ્રભુ કહે હનુમંતને ધન ધન પવનકુમાર,
પ્રાણ દીધો મુજ અનુજને શેં ભૂલું ઉપકાર ? ૮૦
એમ કહી ભેટ્યા પ્રભુ અંજનીસુત ત્યાંય,
ગદ્‌ગદ્ કંઠ થયા પ્રભુ આનંદ ઉર ન સમાય. ૮૧
પ્રભુ કહે હનુમાનજી હિમાચલને એમ,
પાછા મૂકી આવો જ્યાં હતો જેમની તેમ. ૮૨
રઘુવીર આજ્ઞા ત્યાં સૂણી વાયુનંદન હરખાય,
લઈ હિમાચલ હાથમાં પવન વેગથી જાય ! ૮૩
પ્રવેશ્યા પંચમહાલમાં પવન ફૂંકાયો ત્યાંય,
પવનસપાટે ગિરિતણો એક ભાગ તૂટી જાય ! ૮૪
તૂટેલો પા-ભાગ એ ચોંટ્યો પૃથ્વી પર,
હિમાચલનો પા ભાગ એ માટે એ પા-ગઢ ! ૮૫
વિધ-વિધ જડી-બુટ્ટી અહા ! હિમાચલની જેહ,
આજે પણ પાવાગઢે મળી રહે છે તેહ. ૮૬
એવા પાવાગઢ ઉપર, બિરાજે કાલિમાત,
અંબા કેમ કાલિ થયાં પૂછે નિરંજન વાત. ૮૭
વ્યાસજીએ વર્ણન કર્યું, દેવીભાગવત માંહ્ય,
અલખજી એ કહે શિષ્ય સાંભળે ત્યાંયઃ ૮૮
મહિષાસુરને મારવા મા અંબાજી જાય,
રક્તબિંદુ નામે બીજો રાક્ષસ સામો થાય ! ૮૯
મહિષાસુરનો મિત્ર એ દાનવ ઘાતકી છેક,
ઘોર તપ કરી બ્રહ્મનું માગે એ વર એક. ૯૦

યુદ્ધે લઢતાં થાય જો ઘા મુજ તન પર,
રક્ત વહે એ રક્તનાં બિંદુ પડે ભૂપર ! ૯૧
એક એક બિંદુ થકી એક એક દાનવ
પ્રગટો ભૂમિ પર, દયા ન જેમને લવ. ૯૨
રક્ષે મારી કાય ને કરે અરિગણ સંહાર,
ટીપે-ટીપે લોહીના પ્રગટો દૈત્ય અપાર ! ૯૩
તથાસ્તુ કહીને થયા વિરંચી અંતરધ્યાન,
થયું દુષ્ટનું ત્યારથી રક્તબિંદુ અભિધાન ! ૯૪
માની સામે આવીને કરવા લાગ્યો પ્રહાર !
માએ સામે ઘા કર્યો ક્ષણે ન લાગી વાર ! ૯૫
માના ઘાથી દુષ્ટના શરીરમાંથી તે વાર,
રક્તબિન્દુ સરસર વહ્યાં પડ્યાં ભૂ પર નિર્ધાર. ૯૬
જેવી ભૂમિ પર પડી રક્તબિન્દુની ધાર,
ટીપે ટીપે દૈત્ય ત્યાં પ્રગટ્યા અપરંપાર ! ૯૭
ક્રોધિત થઈ મા અંબિકા ફરી ફરી કરે પ્રહાર,
રક્તબિંદુ મરતો નથી પ્રગટે દૈત્ય અપાર ! ૯૮
ઈંદ્રે જોયું આ અને દોડી ગયો જ્યાં માત,
વિરંચીના વરદાનની કહી કાનમાં વાત ! ૯૯
મુખ મલક્યું માતા તણું સૂણી ઈન્દ્રની વાત,
હવે કંઈ યુક્તિ કરી કરું દુષ્ટનો ઘાત ! ૧૦૦
એમ કહી નિજ તન થકી માએ કાળસ્વરૂપ
પ્રગટાવ્યું અદ્‌ભુત એ કાળું રૂપ અનુપ ! ૧૦૧
કાજલ કાળું અંગ ને રાતી જીભ વિશાળ,
હાથે ખપ્પર, ખડ્‌ગ ને આંખો મોટી લાલ ! ૧૦૨
મુંડમાળ કંઠે અને કટિ-મેખલે વ્યાલ,
કકરાવે એ દંતને દૈત્યકુળનો કાળ ! ૧૦૩
અંબાને કાલિ પૂછે બતાવ ઝટ મુજ કામ,
રક્તપાન કરવું મને કર વિલંબ ન આમ ! ૧૦૪
માએ કહ્યું સામે ઊભો રક્તબિંદુ રાક્ષસ,
ટીપું એના લોહીનું ના પડવા દઈશ બસ ! ૧૦૫
કાલિ કહે ચિંતા નહિ ભલો રચ્યો તેં છંદ,
ઉષ્ણ-રક્તના પાનનો મળશે બહુ આનંદ ! ૧૦૬
વળતી ચાલી અંબિકા કરી ક્રોધ અપાર,
તૂટી પડી એ દૈત્ય પર કર્યો ખડ્‌ગપ્રહાર ! ૧૦૭
પ્રહાર થાતાં દુષ્ટના તનથી રક્તની ધાર,
ઉછળી આકાશે ઊડી ! કાલિએ તે વાર, ૧૦૮
નિજ ખપ્પર ત્યાં ધરી દીધું ભર્યું રક્તથી ત્યાંય,
ગટગટ કરી ગટકાવતી ફરી ફરી ભરતી જાય ! ૧૦૯
ખપ્પર એવાં કૈં ભર્યાં ઉષ્ણ રક્તનાં માન,
પીવા લાગી કાલિકા ન કાંઈ બીજું ભાન ! ૧૧૦
રક્તબિંદુને રક્તહીન કરીને માર્યો એમ,
તોયે ક્રોધ શમતો નથી કાલિકાનો તેમ ! ૧૧૧
લાવો લોહી અરે હજી પીવું છે અરે લાવ,
એમ કહીને કાલિકા કરવા લાગી ઘાવ ! ૧૧૨
દેવો ગભરાયા અહા ! કરવા લાગ્યા વિચાર,
રક્તપિપાસુ કાલિકા કરશે જગસંહાર ! ૧૧૩
એનો ક્રોધ શમાવવા શોધો કાંઈ ઉપાય,
નહિ તો હણશે સર્વને મરશું આપણે હાય ! ૧૧૪
કોણ કાલિને રોકશે સિવાય શંકર આંહ્ય !
માટે ચાલો દોડતા ભોળાનાથ છે જ્યાંય. ૧૧૫
દેવો આવ્યા હાંફતા ભોળાનાથની પાસ,
હાથ જોડી બોલીયા તમે અમારી આશ. ૧૧૬
તવ શરણે આવ્યા પ્રભુ રાખ અમારી લાજ,
નાશ થશે સૃષ્ટિ તણો દોડો ભોલા ! આજ. ૧૧૭
આશુતોષ ત્યાં તો વદ્યા દેવો ! શાનો ભય ?
અંબિકા તમ સાથ છે ફરો બની નિર્ભય. ૧૧૮
શેં ફરીએ નિર્ભય પ્રભુ ! નથી રાક્ષસની વાત,
આ તો કોપી કાલિકા કરે સર્વનો ઘાત. ૧૧૯
એમ કહી ઈન્દ્રે બધી કરી વાત સાદ્યન્ત,
ભોલાને કાલિતણી, જેની શક્તિ અનંત ! ૧૨૦
એમ કહી પ્રાર્થે બધા ચાલો ભોલાનાથ,
કાલિકાને રોકવા નહિ તો થશે ઉત્પાત ! ૧૨૧
ઊઠ્યા ભોલાનાથ ત્યાં કરવા જગકલ્યાણ,
આવ્યા જ્યાં છે કાલિકા કરી રહ્યાં ઘમસાણ ! ૧૨૨
રૌદ્રરૂપ કાલિતણું જોઈને શિવ ભગવાન,
મન વિચાર્યું આ નહીં કાલિ, શક્તિ મહાન ! ૧૨૩
કેમ કરીને થાય હા ! ક્રોધ કાલિનો શાન્ત ?
ક્યો ઉપાય કરવા થકી અટકે જગનો અંત ! ૧૨૪

દોડ્યા ભોલાનાથ ને શક્તિ માર્ગની માંહ્ય,
આડા થઈને સૂઈ ગયા થવાનું હોય તે થાય ! ૧૨૫
કરાલ કાલિ દોડતી માર્ગે જાવા જાય,
ઠોકર વાગી પગ તણી ભોલાનાથને ત્યાંય ! ૧૨૬
શું અથડાયું પગ મહીં ? કાલિ જોવા જાય,
ભોલાનાથને દેખતાં ચીસ પડાઈ જાય ! ૧૨૭
જીભ બહાર નીકળી ગઈ ફાટી ગઈ છે આંખ,
શિવને ઠેબો રે દીધો ફૂટી ગઈ શું આંખ ? ૧૨૮
નિજ પતિને મેં પાયથી ઠોકર મારી હાય !
ધિક્ ધિક્ મારા ક્રોધને ધિક્ મુજ જીવન હાય ! ૧૨૯
શોક થયો ને ક્રોધ તો થયો શાન્ત તત્ક્ષણ,
શિવજી ઊભા થઈ કહે ધન્ય કાલિકા ધન્ય ! ૧૩૦
દેવોના હિત કારણે ધર્યું કાલિકા રૂપ,
યુગ યુગ પૂજશે અહા ! તારું કાલિસ્વરૂપ ! ૧૩૧
એમ કહી શિવજી ગયા કૈલાસે તે વાર,
સૌમ્ય બન્યાં મા કાલિકા વર્ત્યો જયજયકાર ! ૧૩૨
પાવાગઢનો રાજવી કાલિઉપાસક જેહ,
પતાઈરાજ જયસિંહ એ રાજ્ય કરે વરદેહ ! ૧૩૩
વિશાળ એનું રાજ્ય છે ધન-ધાને ભરપૂર,
અનંત એની સંપત્તિ પોતે યોદ્ધો શૂર ! ૧૩૪
ગોભક્ત, ગોપાલ એ રાખે લાખો ગાય,
વિશાળ પટ ભૂમિ ઉપર ગાયો ચરવા જાય. ૧૩૫
ગાયોના વાડા અને ગોચર ચરવા કાજ,
ધરાભર્યા પાણીતણા પાણી પીવા કાજ. ૧૩૬
ગાયોને ધારણ કરી એ ભૂમિકા એમ,
ગોધર નામે ખ્યાત થઈ પાછળથી એ એમ. ૧૩૭
પતાઈરાજની ભૂલથી થયું એનું પતન,
પતાઈ પોતે હારીઓ જીત્યો રાજ યવન. ૧૩૮
યવનરાજની જીતથી વર્ત્યો હાહાકાર,
તોડ્યા કિલ્લા-કોટ ને વાળ્યો દાટ અપાર. ૧૩૯
આર્તનાદ સૂણી લોકનો સ્વયં કાલિકા માત,
પાવાગઢની ટોચ પર બેઠાં જઈ સાક્ષાત્ ! ૧૪૦
આજે પણ ત્યાં બેસીને કરે ભક્તનું ત્રાણ,
કાલિમાને દૂર કરે નામ કાલિ પ્રમાણ. ૧૪૧
અલખનિરંજનને કહે સાંભળ શિષ્ય સુજાણ,
આગળ અધ્યાયે કહું ગોધરા માહાત્મ્ય પ્રમાણ. ૧૪૨

કાલિમાહાત્મ્ય વર્ણવ્યું રંગ લખાવનાર,
બાલક તો બાલક રહ્યો નિમિત્ત ખેલનહાર ! ૧૪૩

ઈતિશ્રી રંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે કાલિકામાહાત્મ્યે પાવાગઢોત્પત્તિર્નામ દ્વિતીયોઽધ્યાયઃ ॥૨॥ દોહરા ૧૪૩ ॥

## અધ્યાય : ૩

ગાયોની ભૂમિ અહા ! ગોધર જે કહેવાય,
ગોમય ને ગોમૂત્રથી અતિ પવિત્ર ગણાય. ૧
એવી પવિત્ર ભૂમિ પર વસ્યું વિકસ્યું એક ધામ,
ગોધર પર વસિયું તદા પડ્યું ગોધરા નામ. ૨
નાનાવિધ લોકો વસે, ધાર્મિક આસ્તિક જાણ,
રત રહેતા નિજ ધર્મમાં, વર્ણાશ્રમ પ્રમાણ. ૩
હોલ્કરના શાસન નીચે, થયો ધર્મપ્રચાર,
દેવદેવીનાં મંદિરો, બનિયાં અહીં અપાર. ૪
રામસાગર નામનું, વિશાળ સરોવાર જયાંય,
મજબૂત કિલ્લા-કોટ ને, મહેલ-ઝરૂખા ત્યાંય. ૫
નાનકડી સરિતા વહે, મેસરી નામે એહ,
જનગણ રહે આનંદથી, રાખી પરસ્પર સ્નેહ. ૬
મૂળે પુણ્યભૂમિ અહા ! ગોરજથી પવિત્ર,
ધંધુમલ રાજા કરે, શાસન ત્યાં સુમિત્ર. ૭
ગોપાલક રાજા હતા કાલિકાના ભક્ત,
ગો-બ્રાહ્મણ પ્રતિપાલને નિજ ધર્મે આસક્ત. ૮
ગોરક્ષાને કારણે નૃપ ધંધુમલ તેમ,
ભોલા ભીમના આંગણે અર્પે પ્રાણ નિજ તેમ. ૯
એવી દિવ્ય ભૂમિતણી માટીનો કણ-કણ,
કે’ ગાથા બલિદાનની તાજું રહે સ્મરણ. ૧૦

અલખ કહે સુણ શિષ્ય હે ! જે માટીમાં એમ,
ત્યાગ અને બલિદાનની સુગંધ ફોરે તેમ. ૧૧
તે માટીમાં પ્રગટવા સ્વયં વિઠોબા આંહ્ય,
રુકુમા-વિઠ્ઠલપંતને લાવે ગોધરા માંહ્ય. ૧૨
વિઠ્ઠલજી આનંદથી કરે વિઠ્ઠલપૂજન,
શ્રદ્ધા અને ભક્તિ થકી રાખી નિર્મળ મન. ૧૩
રુકુમા - વિઠ્ઠલજી તણું દાંપત્યજીવન,
મંગલમય, આનંદમય કદી ન જુદાં મન. ૧૪
રુકુમા સદા પતિવ્રતા પતિસેવામાં લીન,
સતીધર્મે રત સર્વદા રાખે સ્વામી પ્રસન્ન. ૧૫
વ્રત, જપ, નિયમ, ઉપોષણે કરતાં શુદ્ધ નિજ મન,
રહે સેવામાં રત અહા ! અખંડ રાત્રંદિન. ૧૬
આજ્ઞા પતિની ના કદી અવગણે રુકુમા માત,
પત્યાજ્ઞા પ્રભુ આજ્ઞા સમ વર્તે માની સુજાત. ૧૭
મુખડું સદા પ્રસન્ન ને મર્યાદામય એમ,
બોલે, ચાલે ને હસે, રાખે સઘળું ક્ષેમ. ૧૮
શીલવંત ને શાંત હા ! દયાવંત દિલ માંહ્ય,
મર્યાદા લોપે નહિ નિજ કુળની એ ત્યાંય. ૧૯
મોટેરાંને માન ને નાનેરાં પર પ્રેમ,
સરખાં સાથે સ્નેહથી વર્તે રુકુમા તેમ. ૨૦
ઝઘડો, કજિયો, કલેશ ને કરે ન કોઈનો દ્વેષ,
નિંદા ચાડી, ચૂગલી કરે ન એ લવલેશ. ૨૧
પર સુખની ઈર્ષા નહિ નિજ સુખનો નહિ ગર્વ,
સદા આત્મસંતોષી એ માની પ્રભુનું સર્વ. ૨૨
વિઠ્ઠલજી મહાસુજ્ઞ ને ભક્તિ-પરાયણ એમ,
સદા રહે રત ભક્તિમાં વિઠોબા તણી તેમ. ૨૩
જ્ઞાની, દશગ્રંથી અને હતા પરમ વિદ્વાન,
તોયે વિદ્યા-જ્ઞાનનું લેશ નહિ અભિમાન. ૨૪
સાદા, સીધા, શુદ્ધ ને પવિત્ર અંતરમાંહ્ય,
નિષ્ઠા નિજ કર્મે અને કર્તવ્યરત સદાય. ૨૫
યજ્ઞ-યાગ કરાવવા બહાર કદી એ જાય,
નક્કી કરે ન દક્ષિણા નિર્લોભી એ સદાય. ૨૬
રુકુમા-વિઠ્ઠલજીતણું યુગ્મ પવિત્ર જોઈ,
ત્યાંજ જન્મ લેવા તણી ઈચ્છા પ્રભુને હોઈ. ૨૭

મંગલમય દાંપત્ય છે જ્યાં, ઓ શિષ્ય ! સુજાણ,
સ્વયં બ્રહ્મ ત્યાં અવતરે મૂકી સઘળું માન. ૨૮
રુકુમા વિઠ્ઠલજી તણો મંગલમય સંસાર,
નિર્મળ ઝરણા સમ અહા ! વહેતી સુખની ધાર. ૨૯
એક દિવસ વિઠ્ઠલ ઋષિ થયા ધ્યાનથી મુક્ત,
મંદ મંદ હસતાં તિહાં આવ્યા રુકુમા તુર્ત. ૩૦
વિઠ્ઠલજીના તન થકી નિજ તપના ફલરૂપ,
નીકળી જ્યોતિ દિવ્ય હા ! શોભા એની અનુપ. ૩૧
મા રુકુમાના મુખ થકી પ્રવેશી ઉદર માંહ્ય,
પરબ્રહ્મ સાક્ષાત્ હા ! ગર્ભ રૂપે બંધાય. ૩૨
દિવ્ય ગર્ભ ઉદર વિષે ધારી રુકુમા માય,
સેવા કરતાં પતિતણી આનંદ આનંદ થાય. ૩૩
સખારામ આ જાણીને અંતર અતિ હરખાય,
સપ્તમ માસે માતને સીમંત સંસ્કાર થાય. ૩૪
ચઢવા લાગ્યા માસ ને દોહદ સુખ ઉભરાય,
રુકુમામ્બાના મુખ ઉપર દિવ્ય તેજ લહેરાય. ૩૫
ઝળહળતું મુખડું દિસે હસતું સદા વદન,
જ્ઞાન તણી વાતો કરે, વિઠ્ઠલ થાય પ્રસન્ન. ૩૬
કોઈ દિન મધરાતે અહા ! જાગી રુકુમા માત,
જ્ઞાન-યોગ-વૈરાગ્યની વાતો કરે સાક્ષાત્. ૩૭
વિઠ્ઠલજી મૂંઝાય ને વળી પાછા હરખાય,
દિવ્ય ગર્ભ ઉદરે અહા ! નિજ સ્વરૂપ કહી જાય. ૩૮
દિવસો વહેતાં, આવિયા દિવાળીના દિન,
ગુરુદ્વાદશી ઉત્સવ કર્યો કર્યાં ભજન-પૂજન. ૩૯
ઉજવ્યું નવલું વર્ષ ને અન્નકૂટાદિ તેમ,
લોકો પરસ્પર બધા મળ્યા મંદિરે તેમ. ૪૦
દેવપ્રબોધિની આવશે ઉત્સવ માટે જન,
તૈયારી કરતાં કરે અખંડ ધૂન ભજન ! ૪૧
કાર્તિક સુદી અષ્ટમી ગોપાષ્ટમી કહેવાય.
તે ઉપર છે નવમી હા ! કુષ્માંડ નવમી આંહ્ય. ૪૨
અક્ષય નવમીનો અહા ! મંગલ દિન આ એમ,
સત્-યુગના આરંભનો અતિશય શુભ દિન તેમ. ૪૩
આજે પ્રાતઃકાલથી મા રુકુમાનું અંગ,
દિવ્ય કાન્તિથી ઝગ-મગે હૈયે વહે ઉમંગ, ૪૪

ઉત્સવની તૈયારીઓ પ્રેમે કરતાં જાય,
મુખમાં પ્રભુનું નામ ને રોમ-રોમ હરખાય. ૪૫

દિવસ વીત્યો આનંદમાં આવ્યો સંધ્યાકાળ,
આરતી-ટાણું તે સમે ફાટી નીકળી જ્વાળ. ૪૬

એકાએક ફેલાઈ ત્યાં ભીષણ આગ ચોપાસ,
ગોટે-ગોટા ધૂમ્રના ચઢ્યા અહો ! આકાશ. ૪૭

આગ-આગ દોડો અરે ! પાણી લાવો એમ,
બૂમો એવી પાડતાં દોડ્યા લોકો તેમ. ૪૮

જે આવ્યું તે હાથમાં પાત્ર લઈ તે વાર,
કૂપ ભણી દોડ્યા સહુ મચ્યો હાહાકાર. ૪૯

મા રુકુમા પણ તે સમે લઈ ઘડુલો ત્યાંય,
બેજીવી હોવા છતાં પાણી લેવા ધાય ! ૫૦

ખેંચી પાણી કૂપથી ભરી-ભરી ઘડુલા માંહ્ય,
રેડે અગ્નિમાં અરે ! પણ તે ના હોલવાય ! ૫૧

ધૂમાડાના ગોટ ને ધૂળ ડમરીઓ ત્યાંય,
ગુંગળાવી દે સર્વને સમજ ન પડતી ક્યાંય. ૫૨

થોકે થોકે ઉમટ્યા લોક કરે બહુ શોર,
લાવો પાણી અહીં અરે, લાવો આણી કોર. ૫૩

ત્યાં તો રુકમા માતને ઉપડે પ્રસૂતિપીડ,
વિઠ્ઠલ મંદિર પાસના ગયાં ઓરડે ધીર. ૫૪

નાનકડા એ ઓરડે જગઉદ્ધારક ત્યાંય,
સહજ રીતે પ્રગટ્યા અહા ! વાતાવરણ બદલાય ! ૫૫

જેવો જન્મ્યો બાળ ત્યાં આગ શાંત થઈ જાય !
રુકમાવિઠ્ઠલબાળની વધામણી સૌ ખાય ! ૫૬

આગ શમાવી જન્મતાં સૂચવે નિરંજન ! એહ,
જગના તાપ શમાવવા ધર્યો છે દેવે દેહ. ૫૭

ધન્ય દિવસ તે કહું તને, બોલ્યા અલખ દયાળ,
સંવત ઓગણીસસો અને પંચાવનની સાલ. ૫૮

શુકલ પક્ષ કાર્તિકની નવમી તિથિએ એમ,
ગોપાષ્ટમી અને વળી અક્ષય નવમી તેમ. ૫૯

સોમવાર સોહામણો મંગલમય એ વાર,
પ્રદોષ સમયે ધન્ય હા ! ધરે રંગ અવતાર ! ૬૦

ગોધરની ભૂમિ વિષે ગોપાષ્ટમીએ તેમ,
સ્વયં ગોપાલ જનમિયા ધન્ય-ધન્ય દિન એમ. ૬૧

સમાચાર શુભ સૂણતાં વિઠ્ઠલજી હરખાય,
સખારામ સહ સર્વને આનંદ ઉર ન સમાય. ૬૨

સાકર વહેંચી ગામમાં નાગવલ્લિદલ એમ,
શાંતિ પાઠ કરાવતા થવા પુત્રનું ક્ષેમ. ૬૩

વિઠ્ઠલજીના સ્મરણમાં થયો એક ચમકાર,
વિઠોબાએ સ્વપ્નમાં કહ્યું હતું ત્રણ વાર. ૬૪

'તુજ ઘર મારે આવવું માટે પાછો જા',
વિઠ્ઠલજી હરખ્યા અતિ યાદ કરી આજ્ઞા. ૬૫

કર્યા સકળ સંસ્કાર ને દાન-દક્ષિણા તેમ,
આપ્યાં વિધ-વિધ વિપ્રને, થયા હૃષ્ટ એ એમ. ૬૬

તેજસ્વી એ બાળનાં લક્ષણો શુભ જોઈ,
સખારામ કહે,'આ બાળને મનુજ ન સમજો કોઈ.' ૬૭

વિઠ્ઠલજીની ભક્તિ ને શ્રદ્ધાનું ફલ એહ,
સ્વયં પંઢરીનાથજી જન્મ્યા છે વરદેહ. ૬૮

પાંડુરંગની થઈ કૃપા છાયો બધે ઉમંગ,
તેથી રાખ્યું પુત્રનું નામ જો 'પાંડુરંગ' ! ૬૯

રુકુમા-વિઠ્ઠલજી તણા હૈયે હરખ ન માય,
ફરી-ફરી સુત નિરખતાં રોમ રોમ હરખાય ! ૭૦

બાળ અનોખું સાવ આ સદા સૌમ્ય ને શાંત,
ભૂખ-તરસ એને નહિ રડે ન કદી એકાંત. ૭૧

કદી રમકડે ના રમે, રડે ન ઢીંગલી માટ,
પુચકારીને બોલતાં હસે જો ખિલખિલાટ ! ૭૨

અલખ કહે સૂણ શિષ્ય હે ! જગત-પૂતળું જેહ,
ખૂદ નચાવે તેહને શો પૂતળાંથી નેહ ! ૭૩

ચોગમ આંખો ફેરવી ના દેખે કદી એહ,
એકીટસે નીરખ્યા કરે પ્રભુ-મૂર્તિને તેહ ! ૭૪

એમ પાંડુરંગને જન્મે નવ દિન થાય,
ત્યાં તો માત-પિતા અરે ! અરણ્યમાં લઈ જાય ! ૭૫

સુણતાં ચમક્યો એકદમ શિષ્ય નિરંજન ત્યાંય,
કેવી વાત કરો પ્રભુ ! આ તે કેમ મનાય ? ૭૬

નવ દિવસના બાળને માત-પિતા નિજ આંહ્ય,
અરણ્યમાં લઈ જાય હા ! બને ન આવું ક્યાંય. ૭૭

અલખ કહે ધીરજ ધરી સાંભળ મારી વાત,
કેમ અરણ્યે લઈ ગયા કહું સર્વ જો તાત ! ૭૮

તે સમે ગોધરા મહીં મહામારીનો રોગ,
ફાટી નીકળ્યો અતિ ઘણો લીધા કંઈકના ભોગ. ૭૯
દિવસ ઊગેથી આથમે સેંકડો નર ને નાર,
મરવા લાગ્યાં રોગથી ક્ષણ ન લાગે વાર ! ૮૦
તેથી સરકારે કર્યો હુકમ એક તત્કાળ,
ગોધરા છોડી સહુ જનો જાઓ અરણ્ય મોઝાર. ૮૧
ખાલી કરીને ગોધરા નગરજનો સહુ એમ,
નજીકના જંગલ મહીં જાતાં રહેવા તેમ. ૮૨
‘કંકુથાભલા’ ને વળી ‘ગોવિંદી’ બે ગામ,
સખારામ તણી હતી જાગીરી એ ઠામ. ૮૩
સખારામના કુટુંબ સહ રુકુમા-વિઠ્ઠલ તેમ,
ઉપરોક્ત ગામો તણા જંગલમાંહી એમ. ૮૪
ગયાં રહેવા જે થકી રોગે રક્ષણ થાય,
આમ માતપિતા રંગને અરણ્યમાં લઈ જાય. ૮૫
અલખ નિરંજનને કહે કેવો આ સંજોગ,
નવ દિવસના બાળને થાય વનવાસ-યોગ ! ૮૬
સમજાવે છે કે અરે ! ભવિષ્યમાં મારે એમ,
અરણ્યમાં વસવાટ હા ! કરવાનો છે તેમ. ૮૭
નગર-બંગલા-બાગથી મારે નહિ કંઈ કામ,
જંગલ,ઝાડી, ઝરણ એ મારાં છે વિશ્રામ. ૮૮
માટે તૈયારી કરી અત્યારથી જ એમ,
ભવિષ્યમાં જેથી કરી રહે રંજ ના તેમ. ૮૯
અલખ કહે કંઈ સમય રહ્યા વિઠ્ઠલજી વન માંહ્ય,
દૂર થતા મહારોગ ત્યાં ફરી ગોધરા માંહ્ય. ૯૦
પાછા ફરિયા સહુ અને રહ્યા મોદથી ઘેર,
પાંડુરંગ મોટા થવા લાગ્યા આણી પેર. ૯૧
નવ માસના જ્યાં થયા બાળક પાંડુરંગ,
સ્પષ્ટ શબ્દથી બોલવા લાગ્યા ધરી ઉમંગ. ૯૨
ચંદ્ર સમું મુખડું અને દિવ્ય ગૌર છે અંગ,
સુદૃઢ, કોમલ અવયવો જોતાં થવાય દંગ. ૯૩
નાનકડો નવ માસનો સ્પષ્ટ કરે ઉચ્ચાર,
સાંભળનારો ચકિત થઈ જોઈ રહે ક્ષણવાર. ૯૪
જે તે આવે રમાડવા જોઈ આ સુંદર બાળ,
મંત્રમુગ્ધ સૌ નિરખતાં એકીટસ બહુકાળ ! ૯૫
નાખી નજર હઠે નહિ એવું એનું રૂપ,
વારંવાર નીરખ્યા કરે જે તે રૂપ અનુપ. ૯૬
મા રુકુમાએ જોયું આ, પડી પેટમાં ફાળ,
અરે ! નજર કો લાગીને માંદો પડશે બાળ ! ૯૭
માટે ત્રોફાવું અહા છુંદણું ભ્રૂકુટીમાંહ્ય,
જેથી જોનારા તણી દૃષ્ટિ ત્યાં સ્થિર થાય. ૯૮
બોલાવ્યો તુરત માજીએ છુંદણાનો છુંદનાર,
ત્રોફાવ્યું છુંદણું નીલું ભ્રૂકુટિ પર તે વાર. ૯૯
અલખ કહે મુજ વાત તું સૂણ નિરંજન બાળ !
ધ્યાનમુદ્રા તણું અહા ! ભ્રૂકુટિ સ્થાન નિહાળ ! ૧૦૦
અતિ પ્રયત્ને યોગીઓ કરે કેન્દ્રિત નિજ ધ્યાન,
ચિત્તનિરોધ કરવા ખરે, અગત્યનું આ સ્થાન. ૧૦૧
યોગીઓ નિજ શિષ્યને બતાવવા એ સ્થાન,
અણિયાળું ઘોંચી કરે સાધકને સાવધાન. ૧૦૨
મા રુકુમાએ અહીં અહા ! વાત્સલ્યભાવે એમ,
અનાયાસે નિજ લાલને યોગી માન્યો તેમ. ૧૦૩
કેવી ઈશ્વરની લીલા ! પાંડુરંગને એમ,
યોગતણી દીક્ષા મળી મા પાસેથી તેમ ! ૧૦૪
ખળ-ખળ વહેતા ઝરણ શા દિવસો વહેતા જાય,
દિવસે દિવસે પાંડુરંગ વયમાં વધતા જાય. ૧૦૫
એક વર્ષ પૂરૂં થયું પાંડુરંગને એમ,
ઉજવે જન્મ દિવસ અહા ! માત-પિતા સપ્રેમ ! ૧૦૬
પૂજન વિઠોબા તણું ભજન, બ્રહ્મભોજન,
યથાશક્તિ દીનને દીધાં પાત્ર, વસ્ત્ર ને અન્ન. ૧૦૭
બાળલીલા વિધવિધ કરી રીઝવે માત-પિતાય,
કાલા-કાલા બોલથી મા રુકુમા હરખાય. ૧૦૮
પા-પા-પગલી ચાલથી બહાર નીકળી જાય,
છાનો-માનો, ત્યાં અહા ! દોડે રુકુમા માય. ૧૦૯
માને જોતાંમાં અહા ! હડુડુડુ દોડવા જાય,
ભૂમિ પર પટકાય ને ધૂળથી તન ખરડાય. ૧૧૦
મા રુકુમામ્બા મોદથી ઘરમાં લઈને જાય,
નવડાવે ચોખ્ખો કરે ત્યાં તો ફરી ખરડાય. ૧૧૧
રુકુમા-વિઠ્ઠલજી તણા પુણ્યતણો નહિ પાર,
અલખ કહે ધન ધન અહા! સફળ થયો અવતાર. ૧૧૨

બાળક નોખો સાવ આ અનોખી એની રીત,
ખિલોણે ખેલે નહિ, નહિ રમકડે પ્રીત. ૧૧૩
એકલો જ ખેલ્યા કરે નહિ મિત્રો નહિ સાથ,
ગંદું-એઠું કોઈનું કદી ન ધરતો હાથ, ૧૧૪
મેલું વસ્ત્ર ગમે નહિ, ગમે ન ગંદકી ક્યાંય,
સ્વચ્છ, સુઘડ પોતે અહા ! રહે નિજ મસ્તી માંય, ૧૧૫
ભૂખ તરસની ના પડી, નહિ મિષ્ટાને નેહ;
બાલસહજ જે વૃત્તિઓ એનાથી પર એહ, ૧૧૬
નાના પાંડુરંગને લાડથી માત ને તાત,
'બાબુ' કહી બોલાવતાં, એ નામે કરતાં સાદ. ૧૧૭
તેથી ઘરમાં સહુ અને ફળિયામાં સહુ જન,
'બાબુ' કહી બોલાવતાં, પાંડુરંગને ધન્ય ! ૧૧૮
અલખ કહે સુણ શિષ્ય હે ! હવે આપણે પણ,
પાંડુરંગને બાબુનું કરશું સંબોધન. ૧૧૯
એક દિવસ વિઠ્ઠલ અહા ! બાબુને લઈ એમ,
બેઠા'તા નિજ ઓટલે, કહું બન્યું શું તેમઃ ૧૨૦
તે સમે મૃતદેહની, લઈ નનામી એમ,
ડાઘુઓ જાતા હતા, રડતા રડતા તેમ. ૧૨૧
કરવા અંતિમ દહન એ, જાતા'તા સ્મશાન,
માથે વીટ્યાં શોકિયાં, ક્રંદન કરતા જાણ. ૧૨૨
બાબુએ આ જોયું ને, આશ્ચર્ય થયું અપાર,
વહેલા વહેલા તાતને, કર્યો પ્રશ્ન તે વારઃ ૧૨૩
તાત બાંધ્યું શું ખાટમાં ? એને ક્યાં લઈ જાય ?
શા માટે લઈ જાય ને, શું કરશે એ ત્યાંય ? ૧૨૪
પિતા કહે મૃતદેહને, સ્મશાનમાં લઈ જાય,
ચિતા મહીં એ શરીરને, બાળી દેશે ત્યાંય. ૧૨૫
બાબુ કહે જો બાળશે તો, દાઝે નહિ એ કાય ?
ધગધગતો અગ્નિ અહા ! કેમ કરી સહેવાય ? ૧૨૬
પિતા કહે એ મરી ગયો, જીવ નીકળ્યો જ્યાંય,
ગયો જીવ પછી દેહને, કાંઈ અસર નવ થાય. ૧૨૭
એમ કહી વિઠ્ઠલજીએ, ટૂંકાવી એ વાત,
કુમળા મન પર બાળના, થાએ ન આઘાત. ૧૨૮
ત્યાં તો બીજા દિન વિષે, બન્યું એમનું એમ,
બીજું મડદું જોઈને, બાબુ પૂછે તેમ. ૧૨૯
પિતાજી આજે જુઓ, બીજો થયો નિષ્પ્રાણ,
શું આમ ને આમ હા ! જશે બધાંના પ્રાણ ? ૧૩૦
કહે પિતાજી હા ભાઈ ! સર્વે પ્રાણી માત્ર,
મૃત્યુને આધીન છે, બચે ન કો તલમાત્ર. ૧૩૧
ખીલ્યું ફૂલ કરમાય છે, પડ્યું જલ વહી જાય,
તેમ જગતમાં જાણ તું, જે આવે તે જાય. ૧૩૨
પંડિત મૂરખ રાય કે રંક બધાયે જાણ,
કાયમ કો રહેશે નહિ, તજવા પડશે પ્રાણ. ૧૩૩
સૂણી વાત પિતા તણી, નવાઈ પામી મન,
બાબુ ફરી પૂછી રહ્યો, પહોળાં કરી નયન. ૧૩૪
બાબુ કહે શું સર્વને, મૃત્યુ છે અનિવાર્ય ?
તો મારે તમારે માજીને પણ, મરવાનું આંહ્ય ? ૧૩૫
મારા તમારા માજીનાં, શરીરને પણ એમ,
શું લઈ જઈ સ્મશાનમાં, બાળી દેશે તેમ ? ૧૩૬
પિતા અકળાયા અને બોલ્યા ઊંચે સાદ,
હા ભાઈ હા ! અમ સર્વનાં તન થઈ જાશે રાખ ! ૧૩૭
બાબુ મૂંઝાયો, થયો બાળસહજ ઉત્સુક,
પ્રશ્ન પૂછે તાતને, અંતિમ અને અચૂક ! ૧૩૮
કહો પિતાજી ! મૃત્યુથી બચી કેમ શકાય ?
એવું છે કાંઈ જગ વિષે, જનમ મરણ ન થાય ? ૧૩૯
પ્રશ્ન સૂણી બાબુ તણો, વિઠ્ઠલજી મૂંઝાય,
દોઢ વરસનો દીકરો, ઉત્તર કેમ અપાય ? ૧૪૦
શી રીતે સમજાવવો, આ તો અઘરું કામ,
બાબુ તરફ નિહાળતાં, આવી હૈયે હામ. ૧૪૧
બોલ્યા વિઠ્ઠલ પ્રેમથી, સૂણ તું બાબુ આમ,
બધાં દુઃખની દવા કહું, લેવું રામનું નામ. ૧૪૨
રામ રામ રટો સદા, તદા મૃત્યુ જીતાય,
જેના મુખમાં રામ છે તે ન કદી ગભરાય. ૧૪૩
માટે રટવું રામનું, નામ પવિત્ર સદાય,
એ રટતા માનવતણા, મૃત્યુનો ભય જાય ! ૧૪૪
નાનકડા આ બાળને, મળ્યો મંત્ર અણમોલ,
રામનામનો જેહનું, કદી ન થાએ તોલ. ૧૪૫
તે દિનથી બાબુ અહા ! રટવા લાગ્યો રામ,
રામનામની ધૂનમાં મસ્ત, ન લે આરામ ! ૧૪૬

કદી કદી એકાંતમાં, રામ જપનમાં મસ્ત,
બની જાય એવો અહા ! થાતો એ ધ્યાનસ્થ. ૧૪૭
દોઢ વરસના બાબુનું જોઈ આ વર્તન,
માતા-પિતા આશ્ચર્યથી, રાજી થાએ મન. ૧૪૮
પ્રભુભજનમાં મસ્તીથી દિવસો વીતતા જાય,
પાંડુરંગ હવે અહા ! બે વર્ષના થાય. ૧૪૯
ત્યાં તો મા રુકુમાઈએ, પ્રસવ્યો બીજો બાળ,
સખારામ સહ સહુ જનો, હરખે કરીને વ્હાલ ! ૧૫૦
જોડી થઈ બે પુત્રની, રામ-લખણની જેમ,
વિઠ્ઠલ-રુકુમાને તદા, અભિનંદે સૌ તેમ. ૧૫૧
કુળની સહુ વિધિઓ કરી, કર્યું ત્યાં નામકરણ,
સખારામ ત્યાં રાખતા, નામ જો 'નારાયણ'. ૧૫૨
શિષ્ય નિરંજનને કહે, પ્રેમે અલખ દયાળ,
કથા કહી મેં પ્રભુતણાં જન્મતણી, હે બાળ ! ૧૫૩
વળી પ્રભુનું બાળપણ, કહ્યું યથામતિ એમ,
હું વાજું સદ્‌ગુરુતણું, બજું બજાવે તેમ. ૧૫૪
પાવન આ સદ્‌ગુરુકથા, સર્વસૌખ્ય દેનાર,
પઢતાં ગાતાં ના રહે, દૈન્ય દુઃખ લગાર. ૧૫૫
નરનારાયણ સમ આ કથા જન્મતણી જો જાણ,
રંગે બાલકને કર્યો, નિમિત્ત હા સુજાણ ! ૧૫૬

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાયરચિતે
શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે પાંડુરંગનારાયણજનિર્નામ તૃતીયોઽધ્યાયઃ ॥ ૩ ॥ દોહરા ૧૫૬ ॥

## અધ્યાય : ૪

અલખ કહે આગળ સુણો, સદ્‌ગુરુ લીલા ગાન,
ગાતાં સૂણતાં ભાગશે, પાપતાપ અભિમાન. ૧
રુકુમા વિઠ્ઠલ ગોધરા, બે બાલુડા સાથ,
વ્યતિત કરે દિન મોદમાં, ભજે પંઢરીનાથ. ૨
દિવસો કંઈ જાતાં અરે ! ફરી ગોધરા માંહ્ય,
મહામારીનો રોગ એ પ્રગટ થયો હત હાય ! ૩
ભરડામાં એ રોગના, ભરખાયા બહુ જન,
વૃદ્ધો, બાળ-યુવાનનાં, પડવા લાગ્યાં તન ! ૪
હુકમ થયો સરકારનો ખાલી કરી નગર,
જાઓ જંગલ-ઝાડીમાં; વાસ કરો તત્‌સ્થળ. ૫
સખારામ કુટુંબ સહ, 'ગોવિંદી' માં જાય,
રહ્યા દિવસ ત્યાં કંઈક ને ફરી ગોધરા માંહ્ય, ૬
પાછા આવીને રહ્યા, વિઠ્ઠલ રુકમા સાથ;
દિવસો વીત્યા કંઈક ને આવ્યો મહિનો માઘ. ૭
ખડ્‌ગેશ્વર મહાદેવ જે વિઠ્ઠલના કુળદેવ,
વિઠ્ઠલજી બહુ પ્રેમથી, નિત પૂજે મહાદેવ. ૮
શિવાર્ચન કીધા વિના, કદી ન લેતાં અન્ન,
કાયમ શિવ પૂજા કરી, પછી જ કરે ભોજન. ૯
વિઠ્ઠલજીનો નિયમ એ બાળપણથી છેક,
હજુ સુધી ચાલુ રહ્યો, નથી પડ્યો દિન એક. ૧૦
મહા માસમાં આવતો શિવરાત્રી ઉત્સવ,
તૈયારી તેની કરે વિઠ્ઠલજી વિણ રવ. ૧૧
મહા વદી દસમ તણો, બન્યો ગોઝારો દિન,
પ્રાતઃકાળે તાવમાં પટકાયા તે દિન ! ૧૨
તાવ તણા ફફડાટથી ધ્રૂજે નિજ તન માન,
તોયે વિઠ્ઠલજી કરે, નિયમ પ્રમાણે સ્નાન ! ૧૩
તાવે તનડું ધ્રૂજતું, તોયે પૂજા થાળ,
લઈને શિવમંદિર ગયા વિઠ્ઠલજી તત્કાળ ! ૧૪
ધ્રૂજતા હાથે પૂજિયા પ્રેમે ભોળાનાથ,
મંત્રોચ્ચાર કરી અને જોડ્યા બન્ને હાથ. ૧૫
ગંધાક્ષત પુષ્પે વળી, કરી નિરાજન તેમ,
પુષ્પાંજલિ અરપી તિહાં, મંત્રોચ્ચારે એમ. ૧૬
પુષ્પો શિવનાં બાણ પર, યત્ને મૂક્યાં જ્યાંય,
ત્યાં તો પુષ્પો સરી પડ્યાં, સરસર ભૂપર ત્યાંય. ૧૭
ધ્રૂજતે હાથે ફરી ફરી યત્ને મૂકવા જાય,
ફરી ફરી તે પુષ્પો અરે ! ભોંય પડી હા ! જાય. ૧૮
વિઠ્ઠલ સમજ્યા મન વિષે, ટકશે નહિ આ કાય,
શિવજી સૂચવે એ નક્કી, નહિ તો આમ ન થાય. ૧૯
ગદ્‌ગદ્ કંઠે વિઠ્ઠલે પ્રાર્થ્યા ભોળાનાથ,
ક્ષમા કરો અપરાધ મમ અનાથના ઓ નાથ! ૨૦

ત્યાં તો વધિયો રોગ ને પીડા અતિશે થાય,
ઝટ-પટ આવ્યા ઘેર ને, પડ્યા પથારી માંય. ૨૧
વિપત સમયની વ્હાર જે સમર્યા પંઢરીનાથ,
બલ નિર્બળતણું શ્રી હરિ, અનાથનો જે નાથ. ૨૨
જ્યારે જ્યારે અનિષ્ટ કંઈ આવે વિઠ્ઠલ માથ,
ત્યારે તુર્ત સ્મરે અહા ! વિઠ્ઠલ પંઢરીનાથ ! ૨૩
વિઠોબા પણ તુર્ત ત્યાં આવી પોતે એમ,
દૂર કરે અનિષ્ટને અર્પે સઘળું ક્ષેમ ! ૨૪
આજે મોટું અનિષ્ટ આ જડબાં ફાડી એમ,
મૃત્યુ સામે ખડું રહ્યું, ત્યારે સ્મરે એ તેમ, ૨૫
આર્તનાદ વિઠ્ઠલતણો, સૂણી વિઠોબા ત્યાંય,
આવ્યા પણ ધિક્ ! ભાગ્ય આ ! પીઠ ફેરવી જાય ! ૨૬
આજ સુધી વિઠ્ઠલ તણો, સૂણી આર્ત પુકાર,
સ્મિત વેરતા આવતા, સામા દીનદયાળ ! ૨૭
આજે આવ્યા પણ, પ્રભુ સન્મુખ થયા ન તેમ,
પીઠ ફેરવીને ઊભા, મુખ ન બતાવ્યું એમ. ૨૮
નિરંજન પૂછે અહા ! પ્રભુ થયા કેમ ક્રૂર ?
ભક્તવત્સલ આજ કાં ? કર્યો ભક્તને દૂર ? ૨૯
ભક્તોને જે રક્ષતો બિરુદ "ભક્તપ્રતિપાલ" !
જોવા છતાં નિજ ભક્તનું, અરિષ્ટ મોટું કરાલ, ૩૦
કેમ ઊભો પૂંઠ ફેરવી ? મુજને ના સમજાય,
દયાસિંધુની એ દયા, આજ કેમ સૂકાય ? ૩૧
આજ સુધી સન્મુખ જઈ, કરતા અરિષ્ટ દૂર,
તે આજે પીઠ ફેરવી, ઊભા બનીને ક્રૂર ! ૩૨
સમજાતી મુજને નથી, લીલા એની અગમ્ય,
દયા કરીને અલખજી, કરો વાત એ ગમ્ય. ૩૩
મુખ મલકાવી અલખજી, બોલ્યા મધુરી વાણ,
ધન્ય પ્રશ્ન તારો અહા ! ધન્ય શિષ્ય તું જાણ ! ૩૪
શંકાઓ નિજ મન તણી, સદ્‌ગુરુ સન્મુખ જાણ,
નિસ્સંકોચે મૂકીએ, તોજ મળે કંઈ જ્ઞાન. ૩૫
તારી શંકા છે, અહીં, કેમ ક્રૂર બન્યા ભગવાન ?
સમાધાન કહું છું તને, સાંભળ થઈ સાવધાન. ૩૬
પ્રભુ ક્રૂર કદી ના બને, બને ન કદી નિર્દય,
ટૂંકી દૃષ્ટિ છે આપણી, તેથી લાગે ભય. ૩૭
પ્રભુ બગાડે ના કદી, પ્રભુ ન દેતા દુઃખ,
પ્રભુ સર્વ સારુ કરે એવી શ્રદ્ધામાં સુખ ! ૩૮
દૃષ્ટિ ટૂંકી આપણી, પ્રભુની દૃષ્ટિ વિશાળ,
સમજ્યા વિણ કરીએ, અરે ! ખોટો લોહીઉકાળ. ૩૯
કડવું ઔષધ બાળને, રોગ ટાળવા માટ,
પીવડાવે જ્યમ માત હા ! થઈને નિર્દય તાત ! ૪૦
માના નિર્મળ પ્રેમને, સમજ્યા વિણ એ બાળ,
ન પીવા એ ઔષધી, કરે પ્રબળ પ્રતિકાર. ૪૧
કરે વિવિધ તોફાન ને કરતો લાતંલાત,
નિર્દય કહી માને લઢે રડે કરે પ્રતિઘાત ! ૪૨
પણ માતા છોડે નહિ, ગમે તેમ કરી એમ,
ઔષધ પીવડાવ્યા વિના, જંપે ના કદી તેમ. ૪૩
બાળક એ અજ્ઞાનની ટૂંકી દૃષ્ટિ જાણ,
માના વિશુદ્ધ પ્રેમને, સમજે ના એ અજાણ. ૪૪
તેમ આપણે બાળ સમ, પ્રભુની દૃષ્ટિ વિશાલ,
સમજ્યા વિણ, ખોટું અહા ! કૂટી રહ્યા કપાળ ! ૪૫
પૂંઠ પ્રભુએ નિજ ફેરવી, વિઠ્ઠલજીથી કેમ ?
તેનો ભાવ કહું તને, સાંભળ શિષ્ય તું તેમ. ૪૬
પૂંઠ ફેરવીને પ્રભુ, વિઠ્ઠલજીને જાણ,
સમજાવે છે ભક્ત તું, મારી પૂંઠે માન, ૪૭
ચાલ્યો આવ અરે હવે, અહિંયા તારું કામ,
પૂર્ણ થયું છે માટે તું છોડ હવે આ ઠામ ! ૪૮
પત્ની ને પુત્રદ્વયને, છોડી એકલાં આમ,
ઝઝૂમવા દે જગ્તમાં, કરશે રૂડાં કામ ! ૪૯
અલખ કહે સૂણ શિષ્ય જો, વિઠ્ઠલ જીવતા હોત,
તો પ્રવાહ પાંડુરંગનો, બીજે વળિયો હોત. ૫૦
સિંહણ સમ માતા તણા, સંસ્કારે એ પુત્ર,
સિંહ સમાન બન્યા અહા ! સ્વયં રંગ અવધૂત ! ૫૧
સૂણી નિરંજન બાળ એ, મનમાં થયો પ્રસન્ન,
ધન્ય ધન્ય ગુરુવર કહી, પકડ્યા અલખ ચરણ ! ૫૨
ચરણ પખાળ્યાં અશ્રુથી, અલખ પ્રભુના એમ,
વદ્યો શિષ્ય ગદ્‌ગદ્ થઈ, ધન્ય અલખ પ્રભુ તેમ. ૫૩
આગળ વિસ્તારો પ્રભુ, કથા પુનિત આ વાર,
સૂણતાં સંશય જાય ને રહે ન ક્લેશ લગાર. ૫૪

અલખ કહે આગળ સુણો, અહીં પથારી માંહ્ય,
સૂતાં, સૂતાં વિઠ્ઠલે, વિઠોબાની ત્યાંય, ૫૫
પીઠ જોઈ સમજી લીધું, પૂંઠે જવાનું એમ,
વહેલા વહેલા રુકુમાને કહ્યું ટૂંકમાં તેમ. ૫૬
બે દીકરા બે રત્ન છે, આંખની કીકી સમાન,
સાચવજો જતને કરી, દુભવશો ન આન. ૫૭
હિંમતથી જીવજો અને, ના બનશો લાચાર,
તમ માથે ગર્જી રહ્યો, જગનો પાલનહાર ! ૫૮
પુત્ર બંનેને અર્પજો, વિદ્યા ને સંસ્કાર,
પ્રેમ થકી પાલન કરો, પ્રભુજી કરશે વ્હાર ! ૫૯
મૂડી મારી આ જ છે, પુત્ર દ્વય બે રત્ન,
તમને સોંપી જાઉં છું, સાચવજો કરી યત્ન. ૬૦
એમ કહી વિઠ્ઠલજીએ સમર્યા પંઢરીનાથ,
સ્વયં ગયા સ્વધામમાં, પ્રભુની સાથોસાથ. ૬૧
આંખ મીંચાતાં, બાવરાં થઈ ગયાં રુકુમા માત,
જાણે આભ તૂટી પડ્યું, થયો વજ્રનો ઘાત. ૬૨
પડ્યા થઈ બેભાન ને રુદન કરી સહુ લોક,
સખારામસહ સહુ જનો, રડતાં પોકેપોક. ૬૩
કોઈ કહે હમણાં હજુ, શિવમંદિરથી આંહ્ય,
પૂજા કરીને આવતા, જોયા છે મેં ત્યાંય. ૬૪
એમ દુઃખ - આશ્ચર્યથી, વદતા સર્વે લોક,
વિઠ્ઠલજીને બારણે ઉમટ્યાં થોકેથોક. ૬૫
રુકુમામ્બાના શોકને, કેમ કરી વર્ણાય ?
છાતીફાટ રુદન કરે, શોકાર્ણવ રેલાય ! ૬૬
માંડ ચોવીસ વર્ષનાં, ભર યુવાની માંય,
ના દીઠી સંસારની, લીલી - સૂકી - ક્યાંય. ૬૭
માત-પિતા-ઘર-ગામથી, સાસુ-શ્વસુરથી તેમ,
વિખૂટાં પડીને આવિયાં, સ્વામી સહ અહીં એમ. ૬૮
દૂર દેશ ગુજરાતમાં, એક સ્વામીનો સાથ,
હતો તે ય આજે ગયો, રુકુમા બન્યાં અનાથ ! ૬૯
કોણ હતું નિજનું અહીં બે દીકરા વિણ આન ?
પાંચ વર્ષનો બાબુ ને ત્રણેકનો નારણ ! ૭૦
ગભરુ નાનાં બાલુડાં, માને રડતાં જોઈ,
વિસ્મિત થઈ વણ સમજણે, બન્ને ઊઠ્યાં રોઈ ! ૭૧

મા રુકુમા બે બાળને, બાથમાં લઈ તે વાર,
વિઠ્ઠલજીના શબ કને, જઈને કરે પુકાર ! ૭૨
નાથ તમે ક્યાં ચાલિયા, ત્યજીને અધવચ સ્વધામ,
ક્યો અપરાધ મુજથી થયો, કેમ રિસાયા આમ ? ૭૩
શું મારી સેવા મહીં, ખામી લાગી નાથ ?
કે મુજથી કંઈ ભૂલ થઈ ? કેમ તજો છો સાથ ? ૭૪
આજ સુધી તમે કોઈ દિ,' કરી નથી ફરિયાદ,
કોઈ દિન મને લઢ્યા નથી, નથી કર્યો કોઈ વાદ ! ૭૫
કટુ-મીઠું ના તમે, કહ્યું કદી કોઈ વાર,
જે મૂક્યું તે પ્રેમથી, આરોગ્યું નિર્ધાર ! ૭૬
નથી ઝઘડ્યા, નથી બાખડ્યા, નથી કર્યો વિવાદ,
હું અબળાની ભૂલની, ક્યારેય ન ફરિયાદ ! ૭૭
દેવ-મંદિરે દર્શને, સેવા પૂજન કાજ,
સાંસારિક સહુ કામમાં, સાચું કહું મહારાજ, ૭૮
મને મૂકીને ન ગયા, કદી એકલા ક્યાંય,
આજે ગયા કેમ એકલા ? મને મૂકીને આંહ્ય ! ૭૯
જુઓ તમારો લાડલો, બાબુ અહીં મૂંઝાય,
વહાલો તમને પ્રાણ સમ, બોલાવે છે આંહ્ય. ૮૦
પહેલા સુણતાં બાબુના, કાલા કાલા બોલ,
ત્વરિત તમે દોડી જતા, આજે કેમ અબોલ ? ૮૧
જુઓ જુઓ આ બાબુડો, તમારી સામે એમ,
આવીને ઊભો રહ્યો, નથી બોલતા કેમ ? ૮૨
સ્વામી તમને શું થયું ? પડ્યા નિંદમાં ઘોર,
સુણો-સુણો આ બાબુ ને નારણ કરતા શોર ! ૮૩
નાનો નારાયણ અરે ! જમવાને તમ સાથ,
બોલાવે છે ફરી ફરી, બોલોને ઓ નાથ ! ૮૪
તમ સાથે જમવા તણી, એને પડી છે ટેવ,
તમ વિણ ખાતો નથી, જાગોને તતખેવ. ૮૫
છાતી કૂટે જોરથી, વહે આંસુની ધાર,
તમ વિણ સ્વામી ! ના હવે, જીવું હું ક્ષણવાર ! ૮૬
નથી જવાનું એકલા, આવું હું તમ સાથ,
મુજ વિણ તમ સેવા પ્રભુ ! કરશે કો ત્યાં નાથ ? ૮૭
સેવા કરવા દાસીને, સાથે રાખો દેવ,
સ્વર્ગે તમ સાથે રહી, કરશે દાસી સેવ. ૮૮

આગળ જાઓ ભલે પ્રભુ ! પણ દરવાજા આગળ,
સ્વર્ગતણા, રહેજો ખડા, આવું છું પાછળ. ૮૯
એમ વિવિધ વિલાપથી, રુકુમા કરે રુદન,
શોક છવાયો ત્યાં બધે, કો દે આશ્વાસન ? ૯૦
સુણી રુદન રુકુમાતણું, પથ્થર પીગળી જાય,
કોણ બિચારો માનવી ? દ્રવી-દ્રવી બસ જાય! ૯૧
સખારામના ઘરતણો, સઘળો સ્ત્રીસમુદાય,
આશ્વાસન આપે બહુ પણ સ્હેજ અસર ન થાય. ૯૨
ત્યાં તો સામે માતની, એક તેજવર્તુલ,
એકાએક રચાયું ને, તે મધ્યે અણમૂલ, ૯૩
સ્વરૂપ વિઠોબાતણું, જોયું માએ ત્યાંય,
પાસે વિઠ્ઠલજી ઊભા, સેવામાં રત ત્યાંય ! ૯૪
મંદ મંદ હસતાં તિહાં, બોલ્યા પંઢરીનાથ,
જો તુજ પતિ મુજ પાસ હા ! સેવામાં મુજ સાથ. ૯૫
તારો ધર્મ બજાવ તું, પુત્રોને બે આમ,
ઉછેરી મોટા કરો, ધારી હૈયે હામ. ૯૬
તુજ કુખે હું અવતર્યો માની લે તું સત્ય,
શોક તજી વિઠ્ઠલતણો, રાખી ધર્મે પ્રીત્ય. ૯૭
વૈધવ્યે છે વિમળતા, માટે નિર્મળ મન,
રાખી રુકુમા ! પ્રેમથી કરો પુત્ર-પાલન. ૯૮
એવું કહીને મૂર્તિ એ, થઈ ત્યાં અંતર્ધાન,
મા રુકુમાના શોકને, કરે દૂર ભગવાન. ૯૯
આવી હિંમત માતમાં, સહન કરવા ઘાત,
પથ્થર મૂક્યો હૃદય પર, બન્યાં વજ્ર શાં માત. ૧૦૦
સર્વ વિધિ પતિની કરી, રાખી હૈયે ધીર,
પુત્રદ્વયના પ્રેમમાં, કર્યું મનને સ્થિર. ૧૦૧
વિઠ્ઠલજીના મૃત્યુથી, સખારામને હાય,
દુ:ખ થયું મનમાં અતિ, બની ગયા નિઃસહાય. ૧૦૨
અન્ન ઉદક લેતા નથી, નહિ રાત્રે શયન,
વિઠ્ઠલજીના શોકથી ઊઠી ગયું છે મન ! ૧૦૩
ત્રણ દિવસ સુધી અહો ! સખારામે એમ,
ખાધું-પીધું ના કશું, ના ઊંઘ્યા પણ તેમ. ૧૦૪
વિઠ્ઠલજીના ગમનને, દિવસ થયા જ્યાં ત્રણ,
ત્યાં તો સખારામ પણ, થયા પ્રભુશરણ ! ૧૦૫

સખારામનો પ્રેમ હા !, વિઠ્ઠલ પ્રત્યે એહ,
કેટકેટલો ઉદાત્ત કે, પાડ્યો પોતે દેહ ! ૧૦૬
સખારામના પુત્ર જે, વિશ્વનાથ છે નામ,
બન્ને કુટુંબો તણી, રાખે ભાળ તમામ. ૧૦૭
સહનશીલતાતણી મૂર્તિ રુકુમા માત,
નાનકડા એહ ઘર મહીં, રહે બાલુડાં સાથ. ૧૦૮
સિંહણ સમ નિર્ભય થઈ, જીવન વિતાવે માત,
શિક્ષણ ને સંસ્કારનું, સિંચન કરે વરજાત. ૧૦૯
નાનો નારાયણ અને મોટો બાબુ એમ,
વિધ-વિધ ચેષ્ટાઓ કરી, રીઝવે માને તેમ. ૧૧૦
એક વખત પડોશમાં, કોઈ કારણસર,
આવવાના હતા અરે ! અંગ્રેજ કલેક્ટર, ૧૧૧
તે સમ બાબુ તિહાં, નાગો-પૂગો એમ,
રમતો'તો શેરી મહીં, માએ જોયો તેમ, ૧૧૨
ઊંચા સાદે બાબુને, મા રુકુમાએ ત્યાંય,
અરે બાબુડા કાં રમે, વસ્ત્રહીન તું આંહ્ય ? ૧૧૩
હમણાં આપણી પડોશમાં અંગ્રેજ વડા હાકેમ,
આવી રહ્યા છે માટે તું, જલ્દી કર કહું તેમ, ૧૧૪
ચડ્ડી-ખમીશ પહેરી લે, રમત ઘડીક તું રોક,
શરમ નથી શું આવતી ? નગ્ન ખેલતાં ચોક ! ૧૧૫
ત્યાં તો બાબુ બોલિયો, થઈને કંઈક ગરમ,
નગ્ન ખેલતાં માવડી ! શાની મને શરમ ? ૧૧૬
શરમાશે હાકેમ જો, જોઈ નગ્ન મુજ કાય,
તો આપી વસ્ત્રો ઢાંકશે, ધીરજ રાખ તું માય ! ૧૧૭
આખાબોલો બાબુડો, કોઈથી ના ગભરાય,
શરમ-શેહ રાખ્યા વિના, કહી દે સત્ય સદાય. ૧૧૮
સિંહણ માતા એહની, રુકુમા જાજ્જ્વલ્યમાન,
તેનો દીકરો સિંહ સમ, રાખે સદા સ્વમાન. ૧૧૯
ધનથી ભલે ગરીબ પણ, તનમન ગૌરવવંત,
ખુમારીથી જીવતાં, સદા સ્મરી ભગવંત. ૧૨૦
દિવસો વીતતા જાય ને, દીકરા મોટા થાય,
નીરખી નીરખી તેમને, માતા મન હરખાય. ૧૨૧
પૂર્વે માતા જાનકી, વાલ્મિકી આશ્રમ માંહ્ય,
લવ-કુશને દેતાં હતાં, અનુપમ શિક્ષા ત્યાંય; ૧૨૨

તેમ અહીં રુકુમા અહા ! દીકરા બેયને એમ,
વિધ-વિધ શિક્ષા આપતાં; ધર્મ-કર્મની તેમ. ૧૨૩
સમયને સરતાં વાર શી ? સરસર સરક્યો જાય,
બાબુ ને નારણ હવે વયમાં વધતા જાય. ૧૨૪
આઠ વર્ષનો ત્યાં થયો, બાબુ મોટો એમ,
નારાયણ છ વર્ષનો, થયો હવે તો તેમ. ૧૨૫
મા રુકુમામ્બા મોદથી, કરે મન વિચાર,
પુત્રોને ઉપનયનનો દેવાને સંસ્કાર ! ૧૨૬
વિશ્વનાથને વાત આ, કરી માતાએ તત્ર,
રાજી થયાં ઘરનાં બધાં, લખ્યો દેવળે પત્ર. ૧૨૭
તે દિવસોમાં ના હતા રસ્તા ધોરી જાણ,
રત્નાગિરી જાવા અરે ! બેસવું પડતું વહાણ. ૧૨૮
લઈ નાના બે દીકરા મા રુકુમામ્બા આમ,
હિંમતથી વહાણે ચઢી પહોંચ્યાં દેવળે ગામ. ૧૨૯
ગામ પહોંચતાંમાં મળ્યા સર્વે કુટુમ્બીજન,
રત્ન સમા બે દીકરા જોઈ થયા પ્રસન્ન ! ૧૩૦
આપ્તજનોને દેખતાં મા રુકુમાનું તેમ,
નિજ સ્વામીની યાદથી ભરાયું હૃદય એમ ! ૧૩૧
ગદ્ગદ્ કંઠ થઈ ગયાં, નયને જલની ધાર,
આજે સ્વામી હોત તો થાત આનંદ અપાર ! ૧૩૨

પણ આ તો સિંહણ હતાં તરત સંભાળી લીધ,
નિજ જાતને હૃદય પર પથ્થર મૂકી દીધ ! ૧૩૩
સગાં-સહોદર સહુ મળ્યાં થયો આનંદ અપાર,
યજ્ઞોપવીત આપવા કર્યો દિવસ નિર્ધાર. ૧૩૪
શુભદિન, શુભ મુહૂર્ત વિષે બન્ને સુતને ત્યાંય,
ઉપવીત આપ્યાં પ્રેમથી આનંદિત સૌ થાય ! ૧૩૫
ઉત્સવ ઉજવ્યો મોદથી ધામધૂમથી તેમ,
ખોટ ન સાલે રુકુમાને વિઠ્ઠલજીની એમ. ૧૩૬
સગાંસહોદર ને વળી મિત્રો, જ્ઞાતિજન,
આપ્યાં ભોજન મિષ્ટ ને રીઝ્યાં સર્વે મન ! ૧૩૭
એમ પાંડુરંગ ને નાનો નારાયણ,
બટુક હતા તે દ્વિજ બન્યા, રુકુમા હરખ્યાં મન ! ૧૩૮
કંઈ દિન એમ રહ્યાં સગાંસહોદર સાથ,
પછી ગોધરા આવવા નીકળ્યાં રુકુમા માત. ૧૩૯
માએ મન વિચારિયું લઈ બટુકોને એમ,
વાડી ઔદુંબર તથા ગાણગાપુર તેમ; ૧૪૦
કરાવી દર્શન દેવનાં પછી જઈશ ગુજરાત;
એમ કહી નિજ બેનની સાથે રુકુમા માત, ૧૪૧
આવી પહોંચ્યાં વાડીએ; ત્યાં તો કૌતુક થાય !
આગળ અધ્યાયે કથા વદાવશે ગુરુરાય ! ૧૪૨

'બાલક' તો નિમિત્ત છે, રંગ પ્રેરક જાણ,
અલૌકિક રસ જામશે, શંકા લેશ ન માન. ૧૪૩

ઈતિશ્રીરંગપાદારવિંદમિલિન્દયુનિલાલબાલગોવિન્દોપાધ્યાયરચિતે
શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે શ્રીવિઠ્ઠલપંત સ્વધામગમનં નામ ચતુર્થોઽધ્યાય : ॥ ૪ ॥ દોહરા ૧૪૩ ॥

## અધ્યાય : ૫

પૂછે નિરંજન પ્રેમથી, કહો કહો ગુરુરાય,
રુકુમામ્બાને વાડીમાં, કેવું કૌતુક થાય ? ૧
ધન્ય કથા આ ગુરુ તણી, સૂણતાં મન હરખાય;
જ્યમ જ્યમ પાન કરું પ્રભુ, પિપાસા વધતી જાય! ૨
ધન્ય ભાગ્ય મારાં પ્રભુ ! મળ્યા આપ ભગવાન,
રંગકથામૃત પાઈને, કરો જ્ઞાનનું દાન. ૩
હસી વદ્યા ત્યાં અલખજી, ધન્ય શિષ્ય સુજાણ,
તુજ નિમિત્તે આજ હું, પાવન કરું મુજ વાણ. ૪

પુનિત કથા ગુરુદેવની, દૈન્યહારિણી જાણ,
સદા સૌખ્યકર જાણ તું, કરે દુઃખથી ત્રાણ. ૫
સાંભળ આગળ તું હવે, મા રુકુમામ્બા એમ,
નિજ ભગિની ને બટુક સહ, આવ્યા વાડી તેમ. ૬
વાડી - ઔદુંબર વિષે, નૃસિંહસરસ્વતીનાથ,
બિરાજે લીલા કરી, સ્વયં દત્ત સાક્ષાત્. ૭
તે સમે વાડી મહીં, દત્તતણા અવતાર,
ટેંબે સ્વામીજી અહા ! આવ્યા'તા નિર્ધાર. ૮

મા રુકુમાને જાણ થઈ, અંતરમાં હરખાય,
બે બટુકોને લઈ, દર્શન કરવા જાય. ૯

મનમાં અતિ આનંદ કે, આપ્યા પછી ઉપવીત,
દર્શન થાયે સંતનાં, એ તો અતિ પુનિત ! ૧૦

ભાગ્યશાળી બટુકો અહા ! ઘણા ઘટે ધન્યવાદ,
ઉપવીત પહેરી મેળવે, સંતના આશીર્વાદ. ૧૧

ફળ-ફૂલ લઈ મા નીકળ્યાં, દર્શન કરવા માટ,
ત્યાં તો સ્વામી જાણે કે, જોઈ રહ્યા હોઈ વાટ. ૧૨

શિષ્યરત્નની એમ ત્યાં; બેઠા એ અસ્વસ્થ,
જોતાં પાંડુરંગને, બન્યા સ્વામીજી સ્વસ્થ. ૧૩

દૂરથી જોતાં સ્વામીને, દોડ્યા પાંડુરંગ,
વહેલા વહેલા પહોંચીને, મસ્તક મૂકવા અંક. ૧૪

પરસ્પર જાગૃત થયો, પૂર્વજન્મનો યોગ,
એક-બીજાને ભેટવા, ભલો થયો સંજોગ. ૧૫

માસીએ પકડી લીધા, અધવચ દોડતાં એમ,
કપડાં સહ સ્વામીજીને, ના સ્પર્શાયે તેમ. ૧૬

જોયું આ સ્વામીજીએ તુરત બોલ્યા એહ,
દે તું એને આવવા, મારું બાળક એહ. ૧૭

આહે મુલગા આમચા, કહી સ્વામિમહારાજ;
પાંડુરંગને પ્રેમથી પૂછવા લાગ્યા રાજઃ ૧૮

કહે રે બાળક તું અરે, કોનો છે તું બાળ
'આપ તણો' કહે બાબુ એ, ઉત્તર જો તત્કાળ. ૧૯

પાંડુરંગ ત્યાં દોડિયા, ખોળે મૂકવા શિર,
અટકાવ્યા મા-માસીએ, થઈશ ન આમ અધીર. ૨૦

થોભ્યા પાંડુરંગ ને, નિશ્ચય કર્યો મનમાંહ્ય,
સદાને માટે આજથી, સ્વામી ખોળા માંહ્ય; ૨૧

મસ્તક મેં મૂકી દીધું, ભલે થવાનું થાય,
નિશ્ચય મનનો માહરા, કદી ન નિષ્ફળ જાય. ૨૨

પાછળથી અવધૂતજી, કહેતા વારંવાર,
'હું છું માથા વગરનો' સાચું કહું નિર્ધાર. ૨૩

મુજ ધડ પર દેખાય છે, માથું તમને જેહ,
વાસ્તવિક માથું નથી, ભ્રમ તમારો એહ. ૨૪

મુજ માથું તો ક્યારનું, સદ્ગુરુ ખોળા માંહ્ય;
મૂક્યું છે મેં તે હજુ, નથી ઊઠાવ્યું ક્યાંય. ૨૫

આમ સ્વામી મહારાજના, પલભરનાં દર્શન,
થાતાં પ્રીતિ પૂર્વની, જાગી બન્યા એ ધન્ય. ૨૬

ત્યારપછી સદ્ગુરુ તણા, શરીરનાં દર્શન,
પાંડુરંગે નથી કર્યાં, સાચું કહું છું સુણ. ૨૭

સદ્ગુરુ પદપંકજ વિષે, રાખે શ્રદ્ધા અનન્ય,
તેને સદ્ગુરુ નિજ સમો, ખરે ! બનાવે ધન્ય. ૨૮

દર્શન વાસુદેવનાં, કરી રુકુમામ્બા માય,
ત્યાંથી નીકળી આવીયાં, કોલ્હાપુરની માંહ્ય. ૨૯

ભિક્ષા લેવા રોજ જ્યાં સ્વયં દત્ત ભગવાન,
આવે કોલ્હાપુર વિષે, ધન્ય ધન્ય એ સ્થાન. ૩૦

કોલ્હાપુરમાં માતના, સગા એક નિર્ધાર
રહેતા તે પોતે હતા, ત્યાંના મામલતદાર. ૩૧

મા બટુકો સહ ત્યાં ગયાં, રહ્યાં એમને ઘેર,
પુત્રદ્વય જોઈ સૌ સગાં, આનંદ્યાં બહુ પેર. ૩૨

દર્શન વાસુદેવનાં, કર્યા પછીથી એમ,
નાનકડા બાબુ તણી, થઈ સ્થિતિ કહું કેમ ? ૩૩

ચિત્ત એનું ચોંટી ગયું, સદ્ગુરુચરણમાંહ્ય,
શ્વાસે શ્વાસે શરુ થયા, સદ્ગુરુના જપ ત્યાંય. ૩૪

જ્યાં જ્યાં નાખે નજર ત્યાં, સદ્ગુરુદર્શન થાય,
સ્મરી-સ્મરી ગુરુચરણને, રોમ હર્ષ થઈ જાય. ૩૫

ખાવું પીવું ના ગમે, ઠરે ન ક્યાંયે મન,
તલશે નયનો બાવરાં, કરવા પ્રભુદર્શન. ૩૬

જેમ તેમ ભોજન કરી, સૂતો પથારી માંહ્ય,
ગુરુદર્શનની બાબુને, ઉત્કટ ઈચ્છા થાય. ૩૭

ગદ્ ગદ્ ચિત્ત થયું અને, નેન અશ્રુ ઉભરાય,
સૂતો-સૂતો બાબુ એ, કરે પ્રાર્થના ત્યાંય. ૩૮

પ્રભુ આજે મુજને કહ્યો, તમે તમારો બાળ,
તો દર્શન નિજ બાળને, દો ગુરુદેવ દયાળ. ૩૯

ખાન-પાન ભાવે નહિ, વસ્ત્ર વિભૂષણ નાથ !
પ્રેત સમા લાગે મને, તમ વિણ હે ગુરુનાથ ! ૪૦

દો દર્શન આ બાળને ના તલસાવો નાથ;
એકવાર આવી પ્રભો ! ઝાલો મારો હાથ. ૪૧

એમ બોલતાં નયનથી, વહી અશ્રુની ધાર,
પલળી ગઈ પથારી ને ધ્રૂસકાં વહે અપાર. ૪૨

નાનકડા આ બાબુની, સૂણી પ્રાર્થના ત્યાંય,
દ્રવ્યા દત્ત દયાળ ને, સ્વપ્ને પ્રગટ ત્યાં થાય. ૪૩
પ્રકાશના વર્તુળ વિષે, એક દિવ્ય સ્વરૂપ,
દિવ્ય તેજથી ઝગમગે, પ્રગટ થયું અનુપ. ૪૪
મુખ પર મધુરુ હાસ્ય ને, દયા વરસતાં નેણ,
કૃપાદૃષ્ટિથી ભાળતા, બોલ્યા મધુરાં વેણઃ ૪૫
'પોથી વાંચ' તું બાળ હે ! 'પોથી વાંચ' તું એમ,
'પોથી વાંચ' તું, ફરી ફરી, બોલ્યા ત્રિવાર તેમ ! ૪૬
એમ કહી બાબુ પીઠે, દિવ્યમૂર્તિએ એમ,
ફેરવિયો નિજ હસ્ત હા ! ખૂબ પ્રેમથી તેમ. ૪૭
દિવ્ય એ વિભૂતિતણો, થયો સ્પર્શ હા ! જ્યાંય,
અકથ્ય આનંદ બાબુએ, અનુભવ્યો હા ! ત્યાંય. ૪૮
અગાધ શાંતિ પામીને, ઊંઘી ગયો તે વાર,
પ્રાતઃકાળે જાગતાં, થયું આશ્ચર્ય અપાર. ૪૯
પલળેલી પથારી ને, હૈયું હળવું અપાર,
જોઈ યત્ને કરી રહ્યો, યાદ સ્વપ્ન તે વાર. ૫૦
દિવ્ય વિભૂતિ કોણ એ ! હતી અરે આ હંત !
સ્વામી અક્કલકોટ કે, શિરડીવાલા સંત ? ૫૧
ગયું બધું વિસરાઈ પણ, યાદ રહી એક વાત,
'પોથી વાંચ' જે સ્વપ્નમાં, કહ્યું હતું સાક્ષાત્. ૫૨
ત્યાંથી આવ્યા ગોધરે, રુકુમામ્બાની સાથ,
ભણવામાં ચિત્ત ચોંટિયું, ભૂલી ગયા સહુ વાત. ૫૩
મળ્યો હતો જે તાતથી, રામનામનો મંત્ર,
પાંડુરંગ ભૂલ્યા ન'તા, સદા રામ સ્મરંત. ૫૪
મોટા કદના પત્ર પર, લખી રામના જાપ,
દર શનિવારે અર્પતા, હનુમાનને આપ. ૫૫
આમ જપલેખન થકી, કરી શુદ્ધ નિજ મન,
જ્યોતિ શ્રદ્ધા-ભકિતની, અખંડ જલે પાવન; ૫૬
ધર્મ સનાતનની અહા ! બાહ્ય પરીક્ષા જેહ,
ધર્મગ્રંથવાચન કરી, આપે સઘળી તેહ. ૫૭
આમ નાનપણથી કર્યો, ધર્મગ્રંથ અભ્યાસ,
ધર્મતણું ગૌરવ અહા ! કરવા લાગ્યા ખાસ. ૫૮
તેજસ્વી વ્યકિતત્વ ને, પ્રભાવશાળી વાણ,
મૂક થાય ત્યાં ભલ-ભલા, એવા પ્રતિભાવાન. ૫૯

શિક્ષકોના માનીતા, દોસ્તોના દિલદાર,
અશક્તની મદદે સદા, ખડા પગે તૈયાર. ૬૦
સાંભળ એક પ્રસંગ તું, શિષ્ય નિરંજન આંહ્ય,
સુણતાં નિર્ભય બાબુની, આથી ઝાંખી થાય. ૬૧
હતો પાંડુરંગતણો, વર્ગમિત્ર જો દાન્ત,
ગભરુ નાગર વિપ્ર એક, હરિપ્રસાદ સુશાંત. ૬૨
પુત્ર એક શ્રીમંતનો, હરિપ્રસાદને એમ,
રોજ સતાવે વર્ગમાં, આપે ધમકી તેમ. ૬૩
પૈસાના જોરે અરે ! બનાવી ટોળી એક,
ધમકી આપે રોજ રોજ, મારી નાખવા છેક. ૬૪
એક દિવસ એ છોકરે, કરી ખૂબ ખૂંખાર,
હરિપ્રસાદને ગર્વથી, ફેંક્યો હા ! પડકાર. ૬૫
હિંમત તારી હોય તો, લઈને તારો સાથ,
નદીરેતમાં આવજે, લઢવાને મુજ સાથ. ૬૬
આવતી કાલે સાંજરે, હું આવીશ ત્યાં જાણ,
તુજ મિત્રો સહ તાહરો, વાળીશ કચ્ચરઘાણ ! ૬૭
ભીરુ, ગભરુ બાળ આ બ્રાહ્મણનો તે વાર,
ગભરાયો બહુ મન વિષે, સૂઝે ન કૈં વિચાર. ૬૮
ત્યાં તો એના મગજમાં, ચમક્યો એક ઝબકાર,
મિત્ર વળામે માહરો, અશક્તનો આધાર. ૬૯
વાત કરું એને જઈ, શોધશે એ જ ઉપાય,
જેથી દાદાગીરી દુષ્ટની, દૂર થાય સદાય. ૭૦
હરિપ્રસાદ તુર્ત જ તિહાં, આવ્યા વળામે પાસ,
કહ્યું મિત્રને દુઃખથી, બન્યું હતું તે ખાસ. ૭૧
વાત સુણી નિજ મિત્રના, દુઃખતણી તે વાર,
દ્રવિયા પાંડુરંગ ને, તુર્ત થયા તૈયાર. ૭૨
પછી કહે છે તેમને, વળામે તે વાર,
એક વાત કહું તને, સાંભળ તે તું યાર. ૭૩
તારા ઘરમાં છે પડી, એકાદુ તલવાર ?
જુની પુરાણી કે અરે ! કાષ્ટ તણી આ વાર ! ૭૪
જેવું તેવું ઠૂંઠું પણ, ચાલશે મારા મિત્ર,
ઘરમાં કયાંક પડ્યું હશે, શોધી લાવજે તત્ર. ૭૫
હરિપ્રસાદે ઘેર જઈ, ખૂબ કરીને યત્ન,
શોધી કાઢ્યું કાષ્ટનું, ઠૂંઠું ખડ્ગ એક ભગ્ન ! ૭૬

આપ્યું પાંડુરંગને, પૂછે "ચાલશે કે કેમ ?"
પાંડુરંગ કહે ઘણું સરસ, આ તો ચાલશે એમ. ૭૭
બીજે દિવસે સાંજરે, નીકળ્યા બન્ને વીર,
લઈ તલવાર કાષ્ટની, જાવા નદીને તીર. ૭૮
દુશ્મનો પણ તે સમે, સજી વિવિધ હથિયાર,
વ્યૂહ રચી ઊભા હતા, સંખ્યામાં દસ-બાર. ૭૯
બે જ જણાને જોઈને, દુશ્મનો તે વાર,
'મારો-મારો' બોલતાં, તૂટી પડ્યા તે વાર. ૮૦
ત્યાં તો પાંડુરંગ હા ! ફેંકીને પડકાર,
'ખબરદાર' જો આવ્યા તો, મરી જશો આ વાર. ૮૧
એમ કહીને વીંઝતા, કાષ્ટતણી તલવાર,
ઘૂમવા લાગ્યા સુભટ સમ, યુદ્ધ ક્ષેત્ર મોઝાર. ૮૨
ઘૂમતાં ઘૂમતાં બોલતા, ભાગો અહીંથી ઝટ,
નહિ તો એકે એક ને કાપી નાંખીશ પટ. ૮૩
સૂણી પાંડુરંગની, ત્યાં તો ભયંકર ત્રાડ,
નાઠા મૂઠી વાળીને, અરિગણ પાડી રાડ. ૮૪
જાણ્યું કાપી નાંખશે, આ તલવારે આમ,
ભાગ્યા ઊભી પૂંછડીએ, ભય પામીને તમામ ! ૮૫
પેલો ધનિકનો છોકરો, દુશ્મન નંબર એક,
સહુથી પહેલો ભાગિયો, પાછું ન જોયું છેક. ૮૬
બીજાઓએ વિચારિયું, આ તો કાયર ખાસ,
ભય જોતાં ભાગી ગયો, ન રહ્યો આપણી પાસ. ૮૭
આ તો છે લ્યા ! બાયલો, કાયર, બીકણ એમ,
કાયરના પક્ષે રહ્યે, શું મળવાનું તેમ ? ૮૮
મર્દ તો પાંડુરંગ છે, ચાલો એની પાસ,
મર્દની સાથે મર્દની, દોસ્તી જામે ખાસ. ૮૯
સર્વે રાત્રે આવીયા, પાંડુરંગની પાસ,
દોસ્ત અમે તૈયાર છીએ, સંધિ કરવા ખાસ. ૯૦
સાંજે નદીની રેતમાં, જોઈ તારું બળ,
તારા પક્ષે આવવા, અમે થયા તત્પર. ૯૧
એક થઈને આપણે, સર્વે આવતીકાલ,
પેલા ધનિક કાયરતણા, કરીએ બુરા હાલ. ૯૨
મીઠું હાસ્ય કરી અહા ! વળામે બોલ્યા ત્યાંય,
મારે કોઈ દુશ્મન નથી, બધા મિત્ર છે આંહ્ય. ૯૩

પેલો દીકરો ધનિકનો, ઉદ્ધત ને ઉન્મત્ત,
સતાવે મમ મિત્રને, થાઉં કેમ ન સખ્ત ? ૯૪
મારી એક જ વાતને, સમજી લેજો મન,
નિર્બલને જે સતાવશે, તે જ મારો દુશ્મન. ૯૫
નિર્બલ ગરીબ લાચારને સદાયે મારો સાથ,
જે કો' એને સતાવશે, તેને બતાવીશ હાથ. ૯૬
શરીર કે ધનના બળે, જે કરશે અન્યાય,
સાંખી તે હું નહિ લઉં ! સાચું કહું છું આંહ્ય. ૯૭
આમ જૂઠ અન્યાયનો, સદા કરે પ્રતિકાર,
શેહ-શરમ રાખે નહિ, સદા સત્ય વદનાર. ૯૮
શિષ્ય નિરંજન ત્યાં પૂછે, અલખ પ્રભુને એમ,
શંકા એક થઈ પ્રભુ ! કરો સ્પષ્ટતા તેમ. ૯૯
કઈ શકિતના જોર પર, એકલા પાંડુરંગ;
કાષ્ટતણી તલવારથી, ખૂબ ઝઝૂમ્યા જંગ ? ૧૦૦
ફક્ત બે જ જણ આ હતા, હતા પેલા દસ-બાર,
હતું કાષ્ટ ઠૂંઠું અહીં, ત્યાં સહુ સહ હથિયાર. ૧૦૧
તોયે નાઠા તેહ ને, જીત્યા પાંડુરંગ;
એવી કઈ શકિત હતી, કે જેથી રાખ્યો રંગ ? ૧૦૨
મંદ હાસ્ય કરી કહે, ત્યાં તો અલખ દયાળ,
સાંભળઃ એ શકિત કહું, ધીરજ ધર તું બાળ. ૧૦૩
એ શકિત તે એ જ છે, પ્રબળ આત્મવિશ્વાસ,
શ્રદ્ધા સદ્‌ગુરુ પર અહા ! કદી ન થાય નિરાશ. ૧૦૪
નિષ્ઠા સદ્‌ગુરુચરણની, ઈશનિષ્ઠા પણ તેમ,
આત્મનિષ્ઠાની જાણ તું, છે એ જનની એમ. ૧૦૫
જેને સદ્‌ગુરુ પર અહા ! છે અટલ વિશ્વાસ,
તેને હૈયે હામ છે, કદી ન થાય નિરાશ. ૧૦૬
માટે સાંભળ શિષ્ય હે ! સદ્‌ગુરુ પર વિશ્વાસ,
દૃઢ રાખીને વિચરે, સફળ થશે સૌ આશ. ૧૦૭
લીધું શરણું સમર્થનું શાને હવે ધાક ?
ચિંતા, દૈન્ય, ઉપાધિઓ, નાસે સૂણતાં હાંક. ૧૦૮
મારે માથે ગર્જતો, સમર્થ દેવ દયાળ,
ના કો' જગમાં કરી શકે, વાંકો મારો વાળ. ૧૦૯
એવી શ્રદ્ધા સહ અહા ! રાખી ખુમારી એમ,
રાખી મસ્તક ઊંચું ને, જીવવું જગમાં તેમ. ૧૧૦

હવે પાંડુરંગના, છાત્રકાળની એક,
વાત કહું કેવા હતા, સત્યાગ્રહી એ છેક. ૧૧૧
એક દિ' ચાલુ વર્ગમાં, બીજા છાત્રે એક,
શિક્ષક સામે ભૂલથી, કંઈક કર્યો અવિવેક. ૧૧૨
શિક્ષકે જાણ્યા વિના, રૉફ પાડવા જાણ,
પ્રથમ પંક્તિના છાત્ર જે, વળામેને માન. ૧૧૩
હુકમ કર્યો કે "થા ઊભો" પાટલી ઉપર આંહ્ય,
વિનયથી બોલ્યા અહા ! છાત્ર વળામે ત્યાંયઃ ૧૧૪
"સાહેબ, મેં ભૂલ ન કરી, ન કર્યો અપરાધ,
તોયે હું નિર્દોષને, શેં શિક્ષા દો તાત?" ૧૧૫
શિક્ષકે ન સાંભળ્યું, ક્રોધ કરી તે વાર,
ફરીથી હુકમ આપિયો, ઊભો થા એકવાર. ૧૧૬
આજ્ઞા ગુરુની માનીને, રાખી વિનય અપાર,
પાટલી પર ઊભા થયા, ક્ષણેય ન લાગી વાર. ૧૧૭
પાંડુરંગ તો છે ઊભા, પાટલી ઉપર જ્યાંય,
ત્યાં તો એ શાળાતણા, મુખ્ય શિક્ષક ત્યાંય. ૧૧૮
પસાર ત્યાંથી જેવા થતાં, જોયું એમણે એહ,
ઊભા પાંડુરંગ કે ? પડ્યો જોઈ સંદેહ. ૧૧૯
વહેલા-વહેલા વર્ગમાં, આવી વદતાં વાણ,
"અરે ! વળામે, શું તમે, કર્યું આજ તોફાન ?" ૧૨૦
કહે વળામે વિનયથી, પૂછો સા'બને આમ,
કેમ મને ઊભો કર્યો ? એ કહેશે તમામ ! ૧૨૧
મુખ્ય શિક્ષકે વર્ગના, શિક્ષક સામે જોઈ,
પૂછ્યું કયા અપરાધથી, આને શિક્ષા થઈ ? ૧૨૨
શું જવાબ આપે અહા ! નીચું ભાળી એમ,
નિજ ભૂલથી પસ્તાઈને, રહ્યા મૌન એ તેમ ! ૧૨૩
મુખ્ય શિક્ષકે મીઠાશથી, વર્ગશિક્ષકને આમ,
ઠપકો આપીને કહ્યું, બૂરું કર્યું આ કામ ! ૧૨૪
પ્રથમ પંક્તિના છાત્રનું, રાખવું જોઈએ માન,
હવે ફરીથી કોઈ દિ', કરશો ન અપમાન. ૧૨૫
સત્યાગ્રહીના સત્યનો, વિજય થયો તે વાર,
વધ્યું માન શાળા મહીં, વળામેનું અપાર. ૧૨૬
શાળામાંહી એ રીતે, નૌતમ લીલા થાય,
અભ્યાસે રત પાંડુરંગ, આગળ વધતા જાય. ૧૨૭
ડહાપણના ભંડાર પણ, ટીખળી હતા અપાર,
મિત્રો ને ગુરુજનતણી, કરે ટીખળ કોઈ વાર. ૧૨૮
શિક્ષક પાંડુરંગના, હતા એક એ ઠામ,
છાત્રો પાસે રોજ એ, ઘણું કરાવે કામ ! ૧૨૯
શાક-ભાજી દૂધ-દહીં અને, કોલસા લેવા કાજ,
શિષ્યોને નિત મોકલે, છાત્રો આવ્યા વાજ ! ૧૩૦
એમાં પાંડુરંગ તો, આજ્ઞાંકિત અપાર,
તેથી એમને સોંપતા, કામો વારંવાર ! ૧૩૧
શાક-ભાજી દૂધ લાવતા, પાંડુરંગ નિત એમ,
તે ઉપરાંત વિધ-વિધ, બીજાં કામો કરતા તેમ. ૧૩૨
ગુરુની સેવા માનીને, જ્યમ જ્યમ ધક્કા ખાય,
ત્યમ ત્યમ પાંડુરંગને, નવાં કામ સોંપાય ! ૧૩૩
ના દે ઠરીને વાંચવા, કાઢે કંઈ કંઈ કામ,
થાક્યા પાંડુરંગ ને, મન વિચાર્યું આમ. ૧૩૪
આપણે ગુરુજી માનીને, કરીએ એમનાં કામ,
આ તો નોકર ધારીને, સોંપે કામ તમામ. ૧૩૫
માટે આનો કંઈક હા ! કરવો પડે ઉપાય,
ગરજુને ડફણાં વિના, ભાન કદી ના થાય ! ૧૩૬
એક દિવસ એ શિક્ષકે, પાંડુરંગને એમ,
રૂપિયો આપી હાથમાં, કહ્યું કરો કહું તેમ. ૧૩૭
બે પૈસાના શેર છે, રીંગણ બજાર માંહ્ય,
એક શેર રીંગણ લઈ, વધેલા પૈસા ત્યાંય; ૧૩૮
મારે ઘેર લઈ જઈ, આપી આવો ઝટ,
ગણજો પરચુરણ યથા, આવે ના કંઈ ઘટ ! ૧૩૯
પાંડુરંગ ચાલ્યા અહા ! રીંગણ લેવા માટ,
વિચાર્યું મનમાં કે હા ! આજે ઘડવો ઘાટ. ૧૪૦
જઈ દુકાને શાકની, પાંડુરંગજી એમ,
શાકવાળાને કહે, કરો કહું હું તેમ. ૧૪૧
આખા બજારમાં ફરી, કોહ્યલાં વાસી તેમ,
સડેલાં જે રીંગણા, લઈ આવો અહીં તેમ. ૧૪૨
પંદર આનાના ભરો, રીંગણ કોથળા માંહ્ય,
મજુરીનો એક આનો પણ, આપી દો તમ ત્યાંય. ૧૪૩
સડેલા વંતાકનો, ભરી કોથળો એમ,
મજુર માથે મુકાવીને, લાવ્યા ગુરુઘર તેમ ! ૧૪૪

આખો કોથળો જોઈને, ગુરુનાં પત્ની ત્યાંય,
પૂછે એકદમ વિસ્મયે, આ શું લાવ્યાં આંહ્ય ? ૧૪૫
પાંડુરંગ કહે 'રાખી લો, કોથળો તમ આવાસ,
સાહેબે છે મોકલ્યો, તમ કાજે એ ખાસ !' ૧૪૬
વિસ્મય થઈ ગુરુપત્ની જ્યાં,આગળ બોલવા જાય,
'ચૂપ રહો' ની સાન કરી, વળામે થાય વિદાય. ૧૪૭
ત્યારબાદ કંઈ દિન પછી, એક દિન રસ્તા માંય,
વળામેને શિક્ષક મળ્યા, હસ્યા પરસ્પર ત્યાંય ! ૧૪૮
ખરી કરી તેં તો અલ્યા ! ભલો કર્યો તેં ઘાટ,
લાવી રીંગણાં કોહ્યલાં, ભલો ભણાવ્યો પાઠ. ૧૪૯
ખેલદિલ શિક્ષક હતા, તુરત કર્યો નિર્ધાર,
"હવેથી કો' છાત્રને, સોંપું ન કામ લગાર" ! ૧૫૦
છાત્ર અવસ્થામાં અહા ! કંઈક લીલાઓ એમ,
પાંડુરંગે છે કરી, કળી શકે કો' કેમ ? ૧૫૧
અલખ નિરંજનને કહે, લીલા અનુપમ આમ,
સૂણતાં-ગાતાં ભકતના, ટળે તાપ તમામ. ૧૫૨
સંજીવની જડી-બુટ્ટી આ, રંગકથામૃત્ એહ,
શ્રદ્ધાથી સેવન કરો, થાશે અમૃત દેહ. ૧૫૩
એમ કહી શ્રી અલખજી, થઈ ભાવમાં મસ્ત,
બંધ કરી નિજ વાણને, થયા ધ્યાનપરસ્ત. ૧૫૪

આગળની લીલા બધી, વદાવશે ગુરુ રંગ,
'બાલક' તો લહિયો રહ્યો, સદ્ભાગી અડબંગ ! ૧૫૫

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિંદોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે બાલલીલાદિકથનં નામ પંચમોડધ્યાયઃ ॥ ૫ ॥ દોહરા-૧૫૫ ॥

## અધ્યાય : ૬

થયા મૌન જ્યાં અલખજી, જાગ્યો નિરંજન તુર્ત,
અરે ! વરસતું બંધ થયું, કેમ વાણી-અમૃત ? ૧
જોયું ત્યાં તો અલખજી, દીઠા જો ધ્યાનસ્થ,
ગદ્ગદ્ કંઠે બોલિયો, શિષ્ય થઈ અસ્વસ્થ. ૨
અમૃતનાં ઝરણાં પ્રભુ ! વહેતાં થયાં કાં બંધ ?
અનંત વહેતાં ઝરણનો, કાં આણો છો અંત ? ૩
ફરી વહાવો હે પ્રભો ! લીલામૃતતણો પ્રવાહ,
હેલી અમૃતની કરી, શાંત કરો મમ દાહ. ૪
ત્યાં તો જાગ્યા અલખજી મુખ મલકાવી એમ,
બોલ્યા સાંભળ ગુરુકથા, આગળ કહું હું તેમ. ૫
રંગકથામૃતગાનથી, ભાવસમાધિ થાય,
ભાવાવેશે આવતાં, રોમ-રોમ હરખાય. ૬
ભાન રહે ના તન તણું, મન વળી મુરઝાય,
તન ને મન ગુરુગાનમાં, અહા ! લીન થઈ જાય. ૭
ચરમ સીમા આનંદની, મુખથી વરણી ન જાય,
તેથી તો ગાનારને મૂક સમાધિ થાય. ૮
ભલું થયું કે તેં મને, પ્રશ્ન પૂછીને એમ,
જગાડિયો નહિ તો હું, રહેત તેમનો તેમ. ૯
આગળ કહેઃ તું સુણ અરે, એક દિવસે આમ,
મામા પાંડુરંગના, મોંઘે છે ઉપનામ. ૧૦
આવ્યા પોતે ગોધરા, બહેનને મળવા કાજ,
ભગિની-ભાણાને મળ્યા, થયા હૃષ્ટ મન આજ. ૧૧
વાતો કરતા બેનશું, બોલ્યા મોંઘે એમ,
એક જ ચિંતા બેનડી ! મને રહે છે તેમ. ૧૨
વિસ્ફારિત નયનો કરી, પૂછે રુકુમાબાઈ,
શી છે ચિંતા આપની, કહો મને હે ભાઈ ! ૧૩
ભાઈ કહે સુણ બેનડી ! 'પોથી' છે મુજ પાસ,
પવિત્રતા એ 'પોથી'ની, જાળવવાની ખાસ. ૧૪
મારે ફરવાનું રહ્યું, જંગલ ઝાડી માંહ્ય,
પવિત્રતાના નિયમમાં, કંઈક દોષ થઈ જાય. ૧૫
'પોથી' પ્રસાદી સંતની, જ્યમ-ત્યમ ન એ રખાય,
રહે મર્યાદા ન યદિ, પાપ પંકે પડાય. ૧૬
માટે જો કોઈ નિયમ હા ! પવિત્રતાના જેહ,
પાળે 'પોથી' અંગેના, આપું તેને તેહ. ૧૭
પાંડુરંગ આઘા ઊભા, છાનામાના એમ,
સાંભળતા'તા ધ્યાનથી, માતુલ-વાતો તેમ. ૧૮

'પોથી' શબ્દ સુણ્યો અને, થયો મનમાં ચમકાર,
સ્મૃતિ પાછલી સળવળી, ઝબક્યો એક વિચાર. ૧૯

પૂર્વે કોલ્હાપુર વિષે, રાત્રે સ્વપ્ન મોઝાર,
એક સંતે આવી કહ્યું 'પોથી વાંચ' ત્રણ વાર. ૨૦

અતીતમાં ઉતર્યા અને, યાદ કર્યો ભૂતકાળ,
'પોથી' શબ્દે ચમકિયો, પ્રસંગ એ તત્કાળ. ૨૧

એ જ આ પોથી હશે, સ્વપ્ને કહેલી જેહ,
માગી લઉં એ મોદથી, માતુલ પાસે એહ. ૨૨

એમ વિચારી બોલિયા, પાંડુરંગ તત્ક્ષણ,
'મામા ! મુજને આપી દો, એ 'પોથી' આ ક્ષણ.' ૨૩

નિયમ બધા પાળીશ હું, પવિત્રતાના એહ,
આપો મુજને 'પોથી' એ, ના કરશો સંદેહ. ૨૪

મામા કહે પાળીશ તું, નિયમ આકરા સર્વ,
આ તો સંતપ્રસાદી છે, રખે રાખતો ગર્વ. ૨૫

માટે હું દેતો નથી, ગમે તેહને હસ્ત,
મર્યાદા 'પોથી' તણી, જાળવવી જો પ્રશસ્ત ! ૨૬

પાંડુરંગે માતને, કરી વિનંતી ત્યાંય,
માજી ! મામાને કહો, દે 'પોથી' એ આંહ્ય. ૨૭

દો પ્રતીતિ માજી ! કે, એ રાખે વિશ્વાસ,
મર્યાદા 'પોથી' તણી, સદાય રાખીશ ખાસ. ૨૮

સ્નાને-ધ્યાને શુદ્ધ થઈ, વાંચીશ નિત્યે એહ,
'ચા' પણ ત્યાર પછી જ હું, પીશ સાચું કહું તેહ. ૨૯

માએ ખાતરી આપી ત્યાં, નિજ ભ્રાતને સગર્વ,
આપો ભાઈ ! એ પાળશે, નિયમો તારા સર્વ. ૩૦

મામા થયા પ્રસન્ન ને, પાંડુરંગને ત્યાંય,
આપે 'પોથી' પ્રેમથી, અંતર અતિ હરખાય. ૩૧

'પોથી' મળતાં પાંડુરંગ, હૈયે પુલકિત થાય,
નિર્ધનને જ્યમ ધન મળે, એવો આનંદ થાય. ૩૨

આંખ મળે જ્યમ અંધને, ભક્તને જ્યમ ભગવાન,
તરસ્યાને જ્યમ જલ મળે, મુડદાને જ્યમ પ્રાણ. ૩૩

એવો આનંદ આજ ત્યાં, પાંડુરંગને થાય,
ફરી ફરી વંદન કરે, 'પોથી'ને વરકાય. ૩૪

આમ 'પોથી' મેળવી, પાંડુરંગ પ્રસન્ન,
નિત્યે વાંચે 'પોથી' એ, રાખી નિર્મલ મન. ૩૫

શિષ્ય નિરંજન ત્યાં પૂછે, કહો..કહો...ગુરુરાય,
એ 'પોથી' તે કઈ અને, એનો શો મહિમાય ? ૩૬

મોંઘે મામાએ કહ્યુંઃ 'સંતપ્રસાદી એહ;'
'ક્યા સંતનો પ્રસાદ એ,' કહો વિગતે પ્રભુ ! તેહ. ૩૭

"પોથી-પોથી' તો તમે, કહો છો વારંવાર,
પણ 'પોથી' નો ભેદ ન, કહ્યો હજીએ લગાર. ૩૮

દયા કરીને હે પ્રભો ! 'પોથી' રહસ્ય આ વાર,
સમજાવો આ બાળને, કરી જરા વિસ્તાર." ૩૯

જિજ્ઞાસા જોઈ શિષ્યની, દ્રવ્યા અલખ દયાળ,
ધન્ય પ્રશ્ન છે તાહરો, સાંભળ રહસ્ય રસાળ. ૪૦

એમ કહી આગળ વધ્યા, સ્વયં અલખ ભગવાન,
સાંભળ શિષ્ય કહું તને, રહસ્ય 'પોથી'નું જાણ. ૪૧

પૂર્વે અહીં પ્રગટ થયા, સ્વયં દત્ત સાક્ષાત્,
મહારાષ્ટ્રે કારંજમાં, નૃસિંહસરસ્વતી નાથ. ૪૨

કરી લીલાઓ વાડી ને ગાણગાપુર મોઝાર,
'ગુરુચરિત્ર' નામે ગ્રંથમાં, ગ્રથિત કરી અપાર. ૪૩

સ્વામીના એક શિષ્ય જે સિદ્ધ સરસ્વતી જાણ,
સરસ્વતી ગંગાધરને વદે લીલા અમાન. ૪૪

ઓંવીબદ્ધ મરાઠીમાં, રચના કરી રસાળ,
અખિલ લીલા ગ્રથિત કરે, સરસ્વતી એ બાળ. ૪૫

'પોથી' નામે ગુરુચરિત, છે જગમાં વિખ્યાત,
મહારાષ્ટ્રે જનપ્રિય અતિ, વરદ ગ્રંથ સાક્ષાત્. ૪૬

એકનાથી, જ્ઞાનેશ્વરી, 'દાસબોધ' વળી એમ,
વેદો સમ પ્રિય લોકમાં, તારે પાને તેમ. ૪૭

મહારાષ્ટ્રે 'ગુરુચરિત' ની 'પોથી' સઘળે એમ,
પારાયણ કરતાં જેહનું, કરત સૌનું ક્ષેમ. ૪૮

આ 'પોથી' પઢવાતણું કોહ્લાપુરની માંહ્ય,
સ્વપ્ને પાંડુરંગને, પ્રભુએ કહ્યું'તું ત્યાંય. ૪૯

સંતપ્રસાદી કેમ એ ! સાંભળ કહું એ વાત,
સુણતાં-ગાતાં ભાગશે, ભવ-ભયનો ઉચાટ. ૫૦

મોંઘે મામા પાલીમાં, રહેતા'તા તે વાર,
દૈવે સંતતિમાં હતી, કન્યાઓ ત્રણ ચાર. ૫૧

પુત્રરત્ન નહોતું અહા ! તેથી રહે ઉદાસ,
પિંડ કોણ પધરાવશે ? નાખે મન નિઃશ્વાસ. ૫૨

'પુ' નામના નર્કથી, તારે પિતૃ જેહ,
પિંડ પ્રદાન કરી અહા ! સાચે પુત્ર જ તેહ. ૫૩
આમ વિચારી પુત્રની, પ્રાપ્તિ માટે આમ,
અનુષ્ઠાન, વ્રત-જપતણા, કર્યા ઉપાય તમામ. ૫૪
તોયે પુત્ર થયો નહિ, કંટાળ્યા તત્કાળ,
'નસીબની બલિહારી' કહી, મોંઘે કૂટે કપાળ. ૫૫
ત્યાં તો એક દિન કોઈએ, આવી મોંઘે પાસ,
કહ્યું તમે કોઈ સંતને, શરણે જાઓ ખાસ. ૫૬
સંતો આ સૃષ્ટિ તણા હરતા-ફરતા દેવ,
સંત પરમ હિતકારી છે, કરો સંતની સેવ. ૫૭
પુત્રતણી તમ કામના, પૂરણ કરશે સંત,
માટે સેવો સંતને, રાખી હૈયે ખંત. ૫૮
સંતશરણનો છાંયડો, સહુને શાંતિ દેત,
સહુને આપે આશરો, સહુ પર સરખું હેત. ૫૯
મોંઘે મનમાં હરખિયા, પછી વિચાર્યું ખાસ,
ક્યા સંતને સેવું તો, પૂર્ણ કરે મમ આશ ? ૬૦
વિદ્યુલ્લેખાસમ અહા ! થયો મનમાં ચમકાર,
શિરડીવાલા સાંઈનો, આવ્યો તુર્ત વિચાર. ૬૧
તે સમયે સ્થૂલ દેહથી વસતા શિરડી માંહ્ય,
સાક્ષાત્ દત્તાવતાર એ સમર્થ બાબા સાંઈ ! ૬૨
સિદ્ધ-સંત, સિદ્ધ-વાક્ એ છે સામર્થ્ય અપાર,
નિરાડંબરી ઓલિયા નતજનતારણહાર ! ૬૩
દૃષ્ટિમાત્રથી બાળતા નતજનનાં સૌ પાપ,
શરણાગતવત્સલ અહા ! ટાળે સહુ સંતાપ. ૬૪
મોંઘે ત્યાંથી દોડીયા આવ્યા શિરડી માંહ્ય,
ગદ્ગદ્ થઈ માથું મૂક્યું સાંઈચરણની માંહ્ય ! ૬૫
મોંઘે પ્રાર્થે સાંઈને જય જય સાંઈ નાથ,
આવ્યો તારા શરણમાં ઝાલો મારો હાથ ! ૬૬
તું માતા, તું તાત છે, ભ્રાત સખા પણ તું જ,
તું વિણ મારું કોઈ ના, દુઃખ મહારું બુઝ. ૬૭
ભટકી-ભટકી જગતમાં થાકયાં મારાં ચર્ણ,
ક્યાંય ન શાંતિ પામિયો આવ્યો તારે શર્ણ! ૬૮
આર્તપ્રાર્થના ભક્તની સુણી સાંઈ દયાળ -
રીઝયા, બોલ્યા મોદથી માગ માગ તું તત્કાળ ! ૬૯

શું દુઃખ તુજને બોલ તું ? શાને કરતો રુદન ?
ઈપ્સિત વર આપું તને, છું તુજ પર હું પ્રસન્ન ! ૭૦
મોંઘે બોલ્યાઃ હે પ્રભો ! છે તુજથી શું અજાણ ?
ઘટ-ઘટનું તું જાણતો અંતર્યામી, મહાન ! ૭૧
તોયે મુજને તું પૂછે અજાણ થઈને નાથ !
લીલા તારી અગમ્ય એ ના સમજાએ તાત ! ૭૨
જ્યારે આપ પૂછો જ છો તો સુણો, કહું નાથ !
મારે ત્યાં સંતાનમાં પુત્ર નથી, હે તાત ! ૭૩
કન્યાઓ ત્રણ-ચાર છે, છે દીકરાની ખોટ,
પિંડ કોણ પધારાવશે દિલમાં તેની ચોટ ! ૭૪
તેથી તારે બારણે દોડી આવ્યો આજ,
દયા કરી આ દીન પર, દો દીકરો, મહારાજ ! ૭૫
મોંઘેની વિનંતી સૂણી થયા સાંઈ પ્રસન્ન,
મંદ મંદ હસ્યા અને ઊઠ્યા એ તત્ક્ષણ. ૭૬
લઈ આવ્યા ગ્રંથ જો 'ગુરુચરિત' એ વાર,
મૂકી મોંઘેહસ્તમાં બોલ્યા જગદાધારઃ ૭૭
"લઈ જા 'પોથી' ઘેર ને કરી શુદ્ધ તન-મન,
પ્રાતઃકાળે રોજ તું રાખી ચિત્ત પ્રસન્ન; ૭૮
એક એક અધ્યાયનું વાચન કરજે આમ,
શ્રદ્ધા રાખીને હૃદે સફળ થશે તુજ કામ !" ૭૯
મોંઘે 'પોથી' પામતાં થયા મુદિત તત્કાળ,
વારંવાર વંદન કરે રાખી એને ભાલ ! ૮૦
આનંદ ઉર સમાય ના લળી-લળી લાગે પાય,
તન ને મન નાચી રહ્યું હૈયે હરખ ભરાય. ૮૧
આનંદાશ્રુ જલ થકી સાંઈચરણને ત્યાંય,
પખાળીને, ગદ્ગદ્ થઈ પ્રાર્થે મોંઘે ત્યાંય ! ૮૨
જય જય સાંઈ દયાળુ હે ! જય શિરડીના સંત,
જય જય ગરીબનવાજ હે ! લીલા તારી અનંત ! ૮૩
તુજ વરદાને ન કશું દુર્લભ જગની માંહ્ય,
તેં જ વિશ્વને આપીયાં શ્રદ્ધા ને સબુરાઈ ! ૮૪
એમ સાંઈને પ્રાર્થીને વંદી વારંવાર,
પોથીસહ લઈને દૂઆ સાંઈ તણી તે વાર, ૮૫
આવ્યા પાલી ગામમાં નિત નિયમે રત એમ
રહીને વાંચે 'પોથી' એ, રાખી શ્રદ્ધા તેમ ! ૮૬

સમય જતાં મોંઘેઘરે જન્મ પુત્રનો થાય,
સંતવચન શું ના કરે ? જલસ્થાને સ્થલ થાય ! ૮૭

ભક્તતણી શ્રદ્ધા અને સંતના આશીર્વાદ,
શક્ય કરે અશક્યને મા કર વ્યર્થ વિવાદ ! ૮૮

પુત્રરત્નપ્રાપ્તિ પછી મોંઘેજીએ નિયમ,
રોજ ‘પોથી’ પઢવા તણો રાખ્યો, તો કાયમ ! ૮૯

સ્નાન કરી, આહ્નિક કરી વાંચી પોથી તેમ,
પછી અજ્ઞોદક કશું મૂકે મુખમાં તેમ ! ૯૦

આજ સુધી તો પાળિયા કઠણ નિયમ સહુ એહ,
પણ હવે અઘરું હતું વૃદ્ધ થયો ’તો દેહ. ૯૧

જ્યાં-ત્યાં ફરવાનું હતું પવિત્રતા જે એહ,
‘પોથી’ની જળવાય ના, ખૂંચે અંતર તેહ. ૯૨

તેથી તે શોધી રહ્યા હતા કોઈ સજ્જન ,
જે ‘પોથી’ને સાચવે નિયમથી નિર્મળ મન ! ૯૩

ત્યાં તો માગી ‘પોથી’ને પાંડુરંગે એમ,
માજીના કહેવા થકી દીધી માતુલે તેમ. ૯૪

‘પોથી’ મળતાં પાંડુના હૈયે હર્ષ ન માય
આ બાજુ મામાતણું હૈયું હળવું થાય. ૯૫

સાંઈપ્રસાદી ‘પોથી’ આ, મળી પાંડુને જાણ,
પૂર્વે સ્વપ્ને કહ્યું હતું તેનું એ જ પ્રમાણ ! ૯૬

તે દિનથી નિત પાંડુએ કરી શુદ્ધ તન-મન,
વાંચે ‘પોથી’ પ્રેમથી રાખી ચિત્ત પ્રસન્ન ! ૯૭

‘પોથી’ના વાંચન થકી ધીમે-ધીમે એમ,
સાધના પથપર પાંડુરંગ આગળ વધિયા તેમ. ૯૮

બહારથી જોનારને ખબર ન પડતી ક્યાંય,
પણ ભીતરમાં પાંડુરંગ તદાકાર થઈ જાય ! ૯૯

મામાને આત્મજ મળ્યો, ‘પોથી’ વાંચતાં જાણ;
આત્મપંથ બાબુને સાધનફળ સમ માન ! ૧૦૦

કિશોર વયનો બાળ પણ કેસરી જેવી ફાળ,
દિવ્ય તેજ મુખપર લસે કંપે જોતાં કાળ ! ૧૦૧

મેધાવી અતિશય અને બુદ્ધિના ભંડાર,
કવિત્વ ને વક્તૃત્વની શક્તિ અપરંપાર ! ૧૦૨

એક દિવસ શાળા મહીં હતો કોઈ પ્રસંગ,
મહેમાનોના મનતણું રંજન કરવા ઉમંગ ૧૦૩

છાત્રોને ત્યારે હતો, ભજવી નાટક એક,
સંસ્કૃત ભાષામાં અહા ! અવનવું એ છેક. ૧૦૪

મુખ્ય પાત્ર તેમાં હતું પાંડુરંગનું એમ,
સંવાદો ગોખ્યા અને કર્યો મહાવરો તેમ. ૧૦૫

આવ્યો દિન નાટકતણો ભજવવાનો આમ,
પ્રેક્ષકગણ આવ્યા અને બેઠા નિજ-નિજ ઠામ. ૧૦૬

પરદો ખસિયો શરૂ થયું પ્રથમ દૃશ્ય જ્યાં એમ,
પાંડુરંગ પ્રવેશિયા રંગમંચ પર તેમ ! ૧૦૭

સામે પ્રેક્ષકો જોઈને ભૂલી ગયા સંવાદ !
યત્ન કર્યો ફરી ફરી પણ કશું ન આવ્યું યાદ ! ૧૦૮

સામેવાળું પાત્ર જે થઈ મૂઢ ક્ષણવાર,
બાઘા સમ થઈ જોઈ રહ્યું થઈ શૂન્ય વિચાર ! ૧૦૯

પણ આ તો પાંડુરંગ હતા શીઘ્ર કાવ્ય કરનાર,
રચી-રચી નૂતન શ્લોક તે બોલ્યા ત્યાં તત્કાળ. ૧૧૦

સામેવાળા પાત્રના અનુસંધાને એમ,
નવા-નવા શ્લોકો રચી બોલ્યા ફટ-ફટ તેમ. ૧૧૧

ધન્ય છટા છે એહની, ધન્ય સ્પષ્ટ ઉચ્ચાર,
હાવભાવ પણ ધન્ય છે, ક્યાંય ન ક્ષતિ લગાર. ૧૧૨

એમ આફરિન સૌ થયા પ્રેક્ષક સર્વ તે વાર;
તાલીનાદે વધાવયિા કરી હર્ષ - ઉદ્‌ગાર. ૧૧૩

પ્રેક્ષકો તો ખુશ થયા પણ પડદા પાછળ આંહ્ય,
દિગ્‌દર્શક-લેખક બધા પડ્યા વિમાસણ માંહ્ય. ૧૧૪

ક્યાંથી લાવ્યો આ બધા નવા નવા સંવાદ ?
આના સમ લખ્યાતણું નથી અમોને યાદ ! ૧૧૫

ઘરનું એણે ગોઠવ્યું તો પણ કેવું સરસ !
નાટક દીપાવ્યું અહા ! પ્રેક્ષકો પામ્યા હર્ષ ! ૧૧૬

આવા મેધાવી હતા કિશોર પાંડુરંગ,
હસે, હસાવે સર્વને પ્રગટાવે ઉમંગ ! ૧૧૭

અલખ કહે સૂણ શિષ્ય હે ! પાંડુરંગમાં આમ,
ક્યાંથી આવી શક્તિઓ ? ક્યાંથી આવી હામ ? ૧૧૮

મૂળે હરિનો અંશ ને સદ્‌ગુરુ પર વિશ્વાસ,
તેથી સદ્‌ગુરુની કૃપા સદા વરસતી ખાસ. ૧૧૯

અંતરના અંધારમાં ધખવી ધૂણી જેહ,
તેનો આવિષ્કાર આ સાચું કહું છું તેહ ! ૧૨૦

શુદ્ધ સાધને સાધના સાત્ત્વિક કરતા જેહ,
તેને બાહ્ય ઉપાધિઓ કદી ન દેતી છેહ. ૧૨૧

માટે સાધનશુદ્ધિને રાખી સામે આમ,
કરે સાધના તેહ નર થાય ખચિત નિષ્કામ. ૧૨૨

કિશોર પાંડુરંગ હા ! શુદ્ધ સાધને આંહ્ય,
પગદંડી પરબ્રહ્મની આગળ વધતા જાય ! ૧૨૩

બાહ્યદૃષ્ટિથી લોકમાં કરતા કાર્ય તમામ,
પણ અંતરમાં ધગધગે જ્ઞાનાગ્નિ અવિરામ ! ૧૨૪

એવા પાંડુરંગનો નિર્મલ જીવનપ્રવાહ,
કલ-કલ શબ્દે વહી રહ્યો નહિ આંધી, નહિ આહ ! ૧૨૫

કિશોર પાંડુરંગને સંગીતપર બહુ પ્રેમ,
શાસ્ત્રીય સંગીત પર હતી સવિશેષ રુચિ એમ ! ૧૨૬

સિતાર, તાલ મૃદંગ ને બંસીનું વાદન,
સૂણતાં પાંડુરંગનું રહે ન ઝાલ્યું મન ! ૧૨૭

તેમાંયે બંસી ઉપર એમને જબરો સ્નેહ,
કાષ્ઠ બંસરી રાખતા નિત્ય બજાવે તેહ. ૧૨૮

હોય પળો નવરાશની સ્વાંતઃ સુખને કાજ,
રોજ બજાવે બંસરી મળ્યું જાણે રાજ ! ૧૨૯

ગોધરની ભૂમિ વિષે સ્વયં જન્મી ગોપાલ,
રોજ બજાવે બંસરી કેવો મધુરો ખ્યાલ ! ૧૩૦

જ્યારે બંસી બજાવતા પાંડુરંગ ઘર માંહ્ય,
આજુબાજુના લોક સહુ પ્રેમે સૂણતાં ત્યાંય. ૧૩૧

એક સમે કંઈ કામમાં રોકાયા શ્રીરંગ,
બંસીવાદન ના થયું પડ્યો ક્રમ મહીં ભંગ ! ૧૩૨

સામેના ઘરમાં હતી રહેતી મુગ્ધા એક,
સૂણતી બંસીનાદ એ બની બાવરી છેક ! ૧૩૩

છાનીમાની મુગ્ધ થઈ સૂણતી બંસી એહ,
મોદ પામતી અતિ ઘણો, ધરે પાંડુ પર સ્નેહ. ૧૩૪

બંસીનાદ સુણ્યા વિના ચેન ન આવે લગાર,
આકુળ-વ્યાકુળ થઈ ગઈ મનમાં દુઃખ અપાર ! ૧૩૫

વહેલી વહેલી આવીને કહે પાંડુને એમ,
બંસીવાદન બાબુભાઈ ! કર્યું કહો બંધ કેમ ? ૧૩૬

તવ બંસી સુણ્યા વિના ચેન ન પડતું ક્યાંય!
મનને કંઈ ગોઠે નહિ, આકુળ-વ્યાકુળ થાય ! ૧૩૭

ફરી બજાવો બંસરી તમ બંસીનું આમ,
વ્યસન મને પડી ગયું ગમે ન બીજું કામ ! ૧૩૮

સુણતાં શબ્દો બાઈના પાંડુહૈયે હાય !
ચરર ચિરાડો, હા! પડ્યો, દિલમાં દુઃખ ઉભરાય! ૧૩૯

ધિક્-ધિક્ મારા શોખને ધિક્ બંસીવાદન,
ચેન લૂંટી લે અન્યનું, હરતું સાથે મન ! ૧૪૦

મન બગાડે અન્યનું ! ખરે ! કળા એ વ્યર્થ,
બીજાને વ્યાકુળ કરે એનો શો છે અર્થ ? ૧૪૧

મારા બંસીવાદને અન્ય જો મોહિત થાય,
તો એ વાદન જરૂર મને ઊંડે ગર્ત લઈ જાય ! ૧૪૨

એમ વિચારી પાંડુરંગ દોડ્યા ઘર મોઝાર
બંસી લીધી હાથમાં કર્યા ટૂકડા બે-ચાર ! ૧૪૩

ફેંકી દીધા બહાર ને કર્યું હૃદયને શાંત,
ત્યાર પછી બંસી કદી લીધી નથી નિતાંત ! ૧૪૪

અલખ નિરંજનને કહે સાચો સાધક જેહ,
સદા રહે છે જાગતો નિજ પથ પર વરદેહ ! ૧૪૫

જરાક પણ જો ભૂલ કરે જરાયે થાયે લુબ્ધ,
તો નિશ્ચે થાયે પતન ને થાય સાધના ક્ષુબ્ધ ! ૧૪૬

ખાંડા કેરી ધાર પર ચાલવું અઘરું જેમ,
સાધનાપથ પર અઘરૂં ચાલવું એવું તેમ ! ૧૪૭

પાંડુરંગની સાધના આવી વિકટ તું જાણ,
માથે સદ્‌ગુરુ ગર્જતો સદા કરે છે ત્રાણ ! ૧૪૮

જેના પર સદ્‌ગુરુ કૃપા તેને શાનો ભય ?
ચિંતા સદ્‌ગુરુચરણમાં નાખી, બનો અભય ! ૧૪૯

'બાલક'ની લે કાળજી રંગ સદ્‌ગુરુ સદાય,
લીલા તેની ગાતાં અહા ! દિવ્ય રંગ રેલાય ! ૧૫૦

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિંદોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે પોથીપ્રાપ્ત્યાદિસાધનામાર્ગકથનં નામ ષષ્ઠોઽધ્યાય : ॥ ૬ ॥ દોહરા ૧૫૦ ॥

## અધ્યાય : ૭

અલખ નિરંજનને કહે રંગકથા વિસ્તાર,
છાત્રાવસ્થામાં કીધી લીલા અપરંપાર ! ૧
મોંઘેમામા એક દિન પાંડુરંગની પાસ,
આવી બોલ્યા એક તું કામ મારું કર ખાસ. ૨
બોલ્યા પાંડુરંગ ત્યાં મુજથી થાયે એમ,
હશે તો હું જરૂર એ કરીશ મામા ! તેમ. ૩
મામા કહે એક ગૃહસ્થને ત્યાં છે વિષ્ણુયાગ,
વિષ્ણુસહસ્રના પાઠમાં મેં લીધો છે ભાગ, ૪
સોપારી વરુણીતણી મેં સ્વીકારી આમ,
આજ અચાનક નીકળ્યું નોકરીકેરું કામ ! ૫
જાવું મારું છે અતિ જરૂરી નોકરી પર,
ના જાઉં તો અગત્યનું કામ રહે અદ્ધર ! ૬
આ બાજુ અહીં યજ્ઞમાં જો મુજથી ન જવાય,
થાય પાઠમાં ન્યૂનતા યજ્ઞાચાર્ય મૂંઝાય ! ૭
માટે મારા સ્થાન પર બેસી યજ્ઞે જાણ,
પાઠ કરજે યજમાનનું કરવા તું કલ્યાણ ! ૮
જરૂર મામા ! હું જઈ કરીશ યજ્ઞે પાઠ,
જરાયે ખામી નહિ રહે મા કરશો ઉચાટ ! ૯
નિશ્ચિંત થઈ મામા ગયા, અહિંયા પાંડુરંગ,
બીજે દિવસે યજ્ઞમાં હૈયે હતો ઉમંગ. ૧૦
સ્પષ્ટોચ્ચારે ભાવથી કરે પાઠ એ ત્યાંય,
મુગ્ધ થઈ શ્રોતા સહુ મનમાં અતિ હરખાય ! ૧૧
ત્યાં તો વિપ્ર એક વૃદ્ધ જે પાંડુરંગની પાસ,
આવી વિનમ્ર વદનથી કહેવા લાગ્યો ખાસઃ ૧૨
દીકરા ! તું બહુ સરળ છે વાત મારી એક માન,
તારે સ્થાને હું રહું તું મારું લે સ્થાન. ૧૩
હું હોતા છું યજ્ઞમાં પણ મારી આંખ અશક્ત,
તાપ સહી શકતી નથી દુઃખે થાયે રક્ત ! ૧૪
માટે તું હોતા બની બીજા બ્રાહ્મણો સાથ,
દ્રવ્ય હોમ અગ્નિ મહીં કરું અહીં હું પાઠ ! ૧૫
પાંડુરંગ દ્રવ્યા અહા ! સૂણી વૃદ્ધની વાત,
પોતે બેઠા હોમવા સરળ હૃદય સાક્ષાત્. ૧૬

ત્યાં તો બીજો વિપ્ર જે પાંડુરંગને એમ
કહેવા લાગ્યો કાનમાં સ્થાન તેં બદલ્યું કેમ ? ૧૭
પાંડુરંગ કહે વૃદ્ધને દેવું જોઈએ માન,
સહાય કરવા વૃદ્ધને મેં લીધું આ સ્થાન ! ૧૮
મંદ મંદ લુચ્ચું હસી બોલ્યા બ્રાહ્મણ વાણ,
સાવ સરળ તું ભોળિયો તને છેતર્યો જાણ ! ૧૯
વિસ્મિત પાંડુરંગ થયા સમજ્યા નહિ કંઈ વાત,
કોણે કોને છેતર્યો શી છે તમારી વાત ? ૨૦
બ્રાહ્મણ કહે, એ ડોસલે સાધ્યું એનું કામ,
નવો, સવો તું ભોળિયો, તને છેતર્યો આમ ! ૨૧
યજ્ઞતણા એ નિયમથી તું છે સાવ અજાણ,
પાઠકને વધુ દક્ષિણા હોતા કરતાં જાણ ! ૨૨
અહીં મળે તે કાજ હા ! લીધું તારું સ્થાન !
તને હોતા બનાવીને, સાચું મારું માન ! ૨૩
પાંડુરંગ કહે હું નાવ્યો દખણા કાજ,
મામાને બદલે હું તો આવ્યો બેસવા આજ. ૨૪
મુજને સોપ્યું કામ જે નિષ્ઠાપૂર્વક તેહ,
પૂરું કરવું પ્રેમથી ધર્મ માહરો એહ ! ૨૫
ઓછી-વધતી દક્ષિણા એથી ના કંઈ કામ,
મને મોદ કર્તવ્યમાં શું કરવા છે દામ ! ૨૬
બ્રાહ્મણ ચૂપ થઈ ગયો સૂણી આવી વાણ !
એના હૈયે ઉગિયો નિષ્ઠા કેરો ભાણ ! ૨૭
ધર્મકાર્ય જો આમ હા ! નિષ્ઠાપૂર્વક થાય,
સાચું કહું છું : શિષ્ય ! એ કદી ન નિષ્ફળ જાય ! ૨૮
કિશોર પાંડુરંગ ત્યાં એક દિવસની વાત,
સાંજે ફરવા નીકળ્યા હરિપ્રસાદની સાથ. ૨૯
એક બીજાની ખાંધ પર એક બીજાનો હાથ,
મૂકી ચાલે મોદથી કરતા વાતો સાથ. ૩૦
ઊડે ફુવારા હાસ્યના વાત-વાતમાં ત્યાંય,
એક બીજાને તાલીયો આપે ને હરખાય ! ૩૧
આમ મોજથી ચાલતાં રસ્તા વચ્ચે છેક,
હરિપ્રસાદે જોઈ ત્યાં પડેલી સોટી એક. ૩૨

સુંદર નેતરની અને રજત જડેલી મૂઠ
જોતાં મન લોભાય જે મોંઘી ને મજબૂત ! ૩૩
કોની આ અહીં પડી હશે ? મિત્ર વિચારે મન,
લેવી કે ના લેવી આ ? મનમાં થઈ મૂંઝવણ ! ૩૪
પૂછે પાંડુરંગને શું કરીશું મિત્ર ?
લઈ લઈએ ? કે ભલે રહેવા દઈએ અત્ર ? ૩૫
લઈ લે લેવી હોય તો આપી દઈશું એહ,
આવશે શોધતો તેહને એમાં નહિ સંદેહ. ૩૬
માટે ખુલ્લા હાથમાં રાખી સોટી તેમ,
હવામાં વીંઝતા ચાલીએ સૌ જોશે એમ. ૩૭
માલિક એનો શોધતો આવશે આપણી પાસ,
તો આપી દઈશું પ્રેમથી નહિ કરીએ નિરાશ. ૩૮
સોટી હવામાં વીંઝતા ચાલે કરતા વાત,
ચાલ્યા મિત્રો મોદથી ત્યાં સામેથી તાત ! ૩૯
કરતો આવ્યો સાદ ત્યાં પટાવાળો એક,
નેક કલેક્ટર સા'બનો પાસે આવ્યો છેક ! ૪૦
જોઈ સોટી સા'બની આ મિત્રને હાથ,
ચમક્યો બોલ્યો જોરથી કરતો લાંબા હાથઃ ૪૧
ચોટ્ટાઓ ઊભા રહો, સોટી ચોરી આમ,
કલેક્ટર સા'બની અહા ! ભાગો છો ક્યાં આમ ? ૪૨
સૂણતાં શબ્દો એહના ખીઝ્યા પાંડુરંગ !
પડકાર્યો ઊંચા સ્વરે મા ભસ તું અડબંગ ! ૪૩
કોને કહે છે ચોર તું ? શું ચોર્યું છે બોલ ?
નાહકનો ભસ ભસ કરી શિદ પીટે છે ઢોલ ? ૪૪
પટાવાળો બોલિયો સોટી છે તુજ હાથ,
એ છે કલેક્ટર સા'બની જાણે છે કંઈ વાત ? ૪૫
શોધી રહ્યા સોટી એ ચીડાય છે મુજ પર !
મુજને દોડતો મોકલ્યો શોધવા રસ્તા પર ! ૪૬
સ્વભાવના બહુ કડક છે અંગ્રેજી હાકેમ એહ,
માટે ઝટ દઈ દો મને સોટી એ સસ્નેહ ! ૪૭
ક્યાંથી ચોરી લાવિયા ઝટ કહી દો આમ,
નહિ તો આ અંગ્રેજ છે, છે સરકારી કામ ! ૪૮
પાંડુરંગ વદ્યા અરે થા તું ભસતો બંધ !
અમે તને શું ચોર શા દેખાયા ઓ અંધ ? ૪૯
માર્ગે જાતાં આ મળી લીધી વિચારી એમ,
શોધતો આવશે તેહને, દઈ દઈશું આ તેમ. ૫૦
હશે જેહની તેહને આપી દઈશું આમ,
અમને બિનઉપયોગી એ શું છે એનું કામ ? ૫૧
ચોરી કરીને એહને લીધી જો રે હોત,
તો ખુલ્લી રીતે વીંઝતા આમ ન જાતા હોત ! ૫૨
માટે જોઈ વિચારીને બોલ તું મૂઢ, ગમાર !
કૂતરા સમ ભસ ભસ કર્યે ખાય લાઠીનો માર ! ૫૩
પટાવાળો ક્રોધથી બોલ્યો, પામી હ્રાસ,
સોટી દઈ દે ઝટ અને ચાલ સા'બની પાસ. ૫૪
સાહેબ પાસે લઈ જઈ કહીશ ચોરીની વાત,
એવી શિક્ષા કરાવું કે ભૂલી જાય આ વાટ. ૫૫
તુમાખી તારી આ બધી ઉતરાવું ક્ષણ માંહ્ય,
ચાલ તું સાહેબ પાસ ને વલે કરાવું ત્યાંય ! ૫૬
પાંડુરંગ વદ્યા તિહાં ચાલ હમણાં ને હાલ,
નથી ધાક સાહેબની, એ વાતમાં શું માલ ? ૫૭
આમ ઝઘડતા ત્રણેય ત્યાં આવ્યા બંગલા દ્વાર,
ત્યાં તો જોયું કલેકટરે આણીગમ તે વાર. ૫૮
એક કિશોરના હાથમાં નિજ સોટીને જોઈ,
દોડ્યો વહેલો દ્વાર પર હૈયે હર્ષિત હોઈ. ૫૯
પાંડુરંગના હાથથી વેગે સોટી લઈ,
ધન્ય ધન્ય કુમાર તું, બોલ્યો અતિ ખુશ થઈ ! ૬૦
આ સોટી મુજ સાસુએ મુજ લગ્ન પ્રસંગે આમ,
ભેટ મને આપી હતી ઈચ્છીને શુભ કામ ! ૬૧
આ તો મીઠી યાદ છે મુજ સાસુની ખાસ,
એ ખોવાતાં આજ હું ખૂબ થયો'તો ઉદાસ ! ૬૨
દોસ્ત તેં સોટી લાવીને કર્યો મહદ્ ઉપકાર,
એમ કહીને કલેક્ટરે વ્યક્ત કર્યો આભાર ! ૬૩
દર્શિત કરવા લાગણી કલેક્ટરે તે વાર,
બન્નેના કરમાં મૂકયા તુર્ત આના ચાર ! ૬૪
પટાવાળો બાપડો સાહેબનો વ્યવહાર,
જોઈ ચાટ બની ઊભો થઈ ઝાંખો તે વાર ! ૬૫
અલખ નિરંજનને કહે પાંડુરંગની આમ,
આટલી નાની ઉંમરે કેવી જબરી હામ ! ૬૬

ક્યાંથી આવી હામ આ ? કેમ બન્યા નિર્ભય ?
વિચારી જો શિષ્ય તું, વખત કરીશ ના વ્યય. ૬૭

સદ્‌ગુરુચરણે જેહનું ચોંટેલું છે ચિત્ત,
તેને કોઈ દિન ના નડે, વ્યાવહારિક વિપત્ત ! ૬૮

પાંડુરંગની સાધના, સદ્‌ગુરુચરણે પ્રીત,
સ્મરણ સદા ગુરુતણું રાખે નિર્મળ ચિત્ત. ૬૯

ચિત્તશુદ્ધિથી ભાગતા ભયકારક કુવિચાર,
હૈયું હળવું થાય ને જાગે શુદ્ધ વિચાર ! ૭૦

હૈયે શુદ્ધ વિચાર ને મૂળમાં હરિનું નામ,
નિર્ભય તે વિચરે સદા, થાતાં મન નિષ્કામ. ૭૧

માટે કરવું ભાવથી, સદા સદ્‌ગુરુસ્મરણ,
સ્મરણે વિપદા જાય ને, મુખડું રહે પ્રસન્ન. ૭૨

જોતાં આર્થિક દૃષ્ટિથી, મા રુકુમાની પાસ,
દ્રવ્ય મૂડી નહોતી કંઈ, નહોતી આવક ખાસ. ૭૩

તોયે બે દીકરાતણું, લાલન-પાલન આમ,
કરી કસર પ્રેમે કરે, રાખી હૈયે હામ. ૭૪

દીકરાઓને તાતની, ખોટ ન વરતાય,
એવી રીતે માત હા ! પાળે પુત્રો સદાય. ૭૫

કોઈની આગળ ના કદી, કરે એ લાંબો હાથ,
ગરીબાઈ, લાચારીની કરે ન કોઈ દિ' વાત. ૭૬

સિંહણ સમ મહાશક્તિ એ, બને ન કદી લાચાર,
રેંજી-પેંજી ના કરે, સદા શુદ્ધ વ્યવહાર. ૭૭

ઉછી-ઉધારે કોઈથી, લાવે ના કદી એમ,
કદી ન માગે કોઈથી, લાચારીથી તેમ. ૭૮

ઘરમાં જે કંઈ હોય હા ! તેમાં લે આનંદ,
માગી ભીખી ના કરે, કદી એ ખોટા છંદ. ૭૯

સાત્ત્વિક, શુદ્ધ સરળ અને સ્વચ્છ, સુઘડ વર્તન,
નાનકડું ઘર પણ અહા ! જાણે વિષ્ણુસદન. ૮૦

એવી સિંહણ માતના, શુભ સંસ્કારો આમ,
સિંચાયા પુત્રો ઉપર, ધન્ય બન્યા શુભ કામ. ૮૧

એક દિવસ મા રુકુમાએ, બનાવીયું ભોજન,
પણ શાક કશું ઘરમાં ન'તું તેથી મૂંઝાયા મન ! ૮૨

લુખી એકલી ભાખરી, વિના શાક વ્યંજન,
દીકરાઓને પીરસતાં, માનું દુભાયું મન ! ૮૩

લાડીલા બે દીકરા, નિજ હૈયાના હાર,
અરેરે ! લુખી ભાખરી, શેં ખાશે આ વાર ? ૮૪

ઘરમાં દામ મળે નહિ, શાક લાવવા કાજ,
ઉધાર-માગી લાવતાં, માને આવે લાજ. ૮૫

રત્ન સમા બે દીકરા, લૂખું ખાશે હાય !
એ જ વિચારે માતનું, કાળજડું કોરાય ! ૮૬

ત્યાં તો પાડોશણ અહા ! સહજ રીતે આમ,
આવી પૂછે માતને, કહો કંઈ છે કામ ? ૮૭

રસોઈમાં શું બનાવીયું ? શેનું બનાવ્યું શાક ?
એમ કહી દૃષ્ટિ કરી, રસોડામાં દ્રાક્. ૮૮

જોયું ત્યાં તો એકલો, ભાખરિયોનો થાળ,
શાક-પાન જોયું નહિ પડી પેટમાં ફાળ ! ૮૯

આજે નથી કર્યું ? શાક-બાક કંઈ આન ?
સદા આ પ્રસન્નવદના, મુખડું શાને મ્લાન ? ૯૦

વિણ કહે સમજી ગઈ, રીંગણ ઘરથી ચાર,
લાવી માતા પાસ એ મૂક્યાં ન લાગી વાર. ૯૧

લો માજી આ રીંગણાં, બનાવી દો વ્યંજન,
પાંડુરંગને ભાવશે, દુભાશો ના મન. ૯૨

જરાયે ઈચ્છા ના હતી, રીંગણ લેવા આમ,
પણ માનું દિલ દ્રવી ગયું, સૂણી પાંડુરંગ નામ. ૯૩

દિલમાં ધોધ વહી રહ્યો, પુત્રપ્રેમનો જેહ,
તેમાં ટેક વહી ગયો, હતો માતનો તેહ. ૯૪

ધન-ધન એ વાત્સલ્યને, ધન-ધન રુકુમા માત !
વણ માગ્યાં આ રીંગણાં, સ્વીકાર્યાં આ સાક્ષાત્ ! ૯૫

માએ શાક બનાવિયું, પણ હૈયામાં ધ્રાક,
જો પાંડુરંગ જાણશે, ખાશે નહિ આ શાક ! ૯૬

ત્યાં તો બહારથી આવિયા, માજી તણા બે બાળ,
બન્ને માટે પીરસિયા, પ્રેમથી બે થાળ. ૯૭

બેઠા બન્ને ભાઈઓ, સાથે જમવા કાજ,
ચકોર પાંડુરંગને, વહેમ પડ્યો કંઈ આજ. ૯૮

પૂછે પ્રેમે માજીને, પાંડુરંગ સાક્ષાત્,
"ક્યાંથી લાવ્યાં રીંગણાં ?" સાચું કહોને માત. ૯૯

વાસી સાવ દીસે અને મારે છે દુર્ગંધ,
કોણે તમને છેતર્યાં ? માત કહો સાદ્યંત. ૧૦૦

ભોળા માજી બોલિયાં, ના મેં ખર્ચ્યાં દામ,
પાડોશણ આપી ગઈ કરવા વ્યંજન આમ ! ૧૦૧
ખીઝ્યા પાંડુરંગ ને લઈને શાકનું પાત્ર,
બહાર જઈ ફેંકી દીધું, શાક બધું એ તત્ર. ૧૦૨
ઘરમાં આવી માજીને કહેવા લાગ્યા એમ,
આવી ભૂલ ભવિષ્યમાં, કરશો ના કદી તેમ. ૧૦૩
કદી ન કો'થી માંગવું, એવો તમારો ટેક,
કેમ આજ ભૂલી ગયાં ? કેમ કર્યો અવિવેક ? ૧૦૪
માગી-ભીખી કોઈથી, ભવિષ્યમાં કોઈવાર,
માજી!જો તમે લાવશો,તો હું નહિ લઈશ લગાર. ૧૦૫
તેજસ્વી ને ટેકીલા, આવા જોઈ સપૂત,
જગદંબા રુકુમાતણું, મન બન્યું મજબૂત. ૧૦૬
આમ અકિંચનતા મહીં, ખરી ખુમારી વાહ !
રાખી જીવે તે ખરે ! સાત શાહનો શાહ. ૧૦૭
વર્ષો વીતતાં પાંડુરંગ, માધ્યમિકના એમ,
છેલ્લા વર્ષમાં આવીયા, અભ્યાસે રત તેમ. ૧૦૮
તે સમે 'મેટ્રિક' મહીં, અંગ્રેજીની એમ,
મૌખિક લેવાતી અહા ! કઠણ પરીક્ષા તેમ. ૧૦૯
અંગ્રેજીમાં પૂછતા, કઠણ પ્રશ્ન પરીક્ષક,
ઉત્તરો અંગ્રેજીમાં, આપે એ નિઃશંક ! ૧૧૦
ઝટ-પટ ઉત્તર આપવા, પડતા વિના વિલંબ,
બોલે પટપટ અંગ્રેજી લીધા વિના આલંબ ! ૧૧૧
મોટે ભાગે તે સમે, પરીક્ષા લેનાર,
નિમાતા અંગ્રેજ જે વાણીમાં હોશિયાર. ૧૧૨
પરીક્ષા પાંડુરંગની મૌખિક લેવા કાજ,
'પ્રિન્સીપાલ' ગુજરાતની કૉલેજ કેરા આજ. ૧૧૩
રોબર્ટસન સાહેબ જે, અતિ કડક સ્વભાવ,
શેહ-શરમ રાખે નહિ, સદા સ્પષ્ટ પ્રસ્તાવ. ૧૧૪
પરીક્ષાર્થીઓ આ જાણીને, કંઈક ગભરાયા મન,
રોબર્ટસન બહુ કડક છે, પૂછશે પ્રશ્ન ગહન. ૧૧૫
કો' જાણે શું પૂછશે ? નથી અરે ! કંઈ ખ્યાલ,
માટે સાવધ નહિ રહો, તો થાશે બેહાલ. ૧૧૬
પાંડુરંગને એક ત્યાં, મિત્રે કરી ટકોર,
અલ્યા વળામે ! તું હવે થઈ જા સીધો દોર ! ૧૧૭
બટક-બોલકો તું ઘણો, ટીખળી વૃત્તિ ખાસ,
વિચિત્ર કંઈ વદીશ તો, થઈ જઈશ નાપાસ. ૧૧૮

ઠંડે કલેજે બોલિયા, ત્યાં તો પાંડુરંગ,
જ્યાં જેવું મેદાન ભાઈ, ખેલીશ તેવો જંગ. ૧૧૯
જેવા પ્રશ્નો પૂછશે તેવા ઉત્તર દઈશ,
'બોલે તેવું સાંભળે,' એ ભૂલી નિયમ ન જઈશ ! ૧૨૦
ત્યાં તો બોલાયું અહા ! પી.વી. વળામે નામ,
પાંડુરંગ અંદર ગયા, છે હૈયે અતિ હામ. ૧૨૧
બેઠા ચીરુટ ફૂંકી રહ્યા ગોરાસાહેબ આમ,
સામે ઊભા રહી કરી પાંડુરંગે સલામ. ૧૨૨
શુદ્ધ હિન્દુ પોષાક ને કપાળમાં ચંદન,
ઉપવીત માથે સહશિખા, શોભે શિર મુંડન. ૧૨૩
સૂર્ય-ચંદ્ર સમ ચમકતાં, શોભે નેત્ર વિશાળ,
દિવ્ય તેજ મુખ પર લસે, કંઠે અક્ષની માળ. ૧૨૪
જોતાં દિવ્ય વિભૂતિ આ, ચમક્યા સાહેબ ત્યાંય,
છાત્ર નો'ય સામાન્ય આ વિચાર્યું મન માંહ્ય. ૧૨૫
પાંડુરંગનું જોઈને, વ્યક્તિત્વ અદ્ભુત,
ગોરા સાહેબ થઈ ગયા, પલભર તો દિઙ્મૂઢ. ૧૨૬
મુખપરની કડકાઈ જે, હતી તે થઈ દૂર,
મરક-મરક મુખડે અહા ! પૂછે પ્રશ્ન પ્રચૂરઃ ૧૨૭
આપ શું નાતે બ્રાહ્મણ ? પૂછે સાહેબ એમ;
'હા જી' આપ્યો પાંડુએ, વિનમ્ર ઉત્તર તેમ. ૧૨૮
તમે બ્રાહ્મણો ખાંધ પર, રાખો ઉપવીત કેમ ?
પાંડુ કહે તમ પ્રશ્નનો, જવાબ પ્રશ્ને એમ ? ૧૨૯
આપું કે જવાબથી ? કરું કહો તમે તેમ,
સાહેબ કે' આપો જવાબ, તમને ફાવે તેમ ! ૧૩૦
પાંડુરંગ સાહેબને, પૂછે સામે એમ.
સાહેબ કૉલર-ટાઈ આ, તમે ધારિયાં કેમ ? ૧૩૧
સાહેબ કે' મુજ ધર્મનાં, ઉત્તમ ચિહ્નો એહ,
ખ્રિસ્તી છું હું એમ મને, યાદ અપાવે તેહ. ૧૩૨
પાંડુરંગ કહે મારું આ ઉપવીત મુજને એમ,
'હું હિન્દુ બ્રાહ્મણ છું' યાદ અપાવે તેમ ! ૧૩૩
વળતાં સાહેબે પૂછ્યું, કરી વક્ર નિજ વાણ,
"શું ઉપવીત નહિ ધારો તો, મટી જશો બ્રાહ્મણ?" ૧૩૪
પૂછે પાંડુરંગ ત્યાં, મક્કમ સ્વરથી આમ,
શું કૉલર ને ટાઈ વિણ, જશે ખ્રિસ્તનું નામ ! ? ૧૩૫
"ના ના એવું કંઈ નથી" બોલ્યા સાહેબ વાણ,
કૉલર ટાઈ માહરું કરે પાપથી ત્રાણ ! ૧૩૬

મારા કૉલર ટાઈ આ, સદા મને દે યાદ,
કે સાચા ખ્રિસ્તી બની, મારે રહેવું નિતાંત ! ૧૩૭
મારે મારા ધર્મની, વિરુદ્ધનું આચરણ,
કદીએ કરવાનું નહિ, સમજાવે આ ચિહ્ન ! ૧૩૮
ગળે લટકતી ટાઈ આ, સદા કરે છે સાન,
યાદ કરો પ્રભુ ઈશુનાં, ત્યાગ અને બલિદાન ! ૧૩૯
પાંડુરંગ વદ્યા હસી, એમ મુજ ઉપવીત,
યાદ કરાવે છે મને, 'જીવો જીવન પવિત્ર' ! ૧૪૦
અટકાવે છે અમને, કરતાં ખોટાં કામ,
પવિત્રતા બ્રાહ્મણ તણી, યાદ કરાવે આમ ! ૧૪૧
માથે મુંડન જોઈને, સાહેબ પૂછે ત્યાંય,
સફાચટ માથું કરી, કેમ ફરો છો આંહ્ય ? ૧૪૨
હસતા હસતા બોલિયા, ત્યાં તો પાંડુરંગ,
મસ્તક પર કર ફેરવી, જોવા જેવો ઢંગ ! ૧૪૩
પાંડુરંગ કહે સૂણો, દેશ અમારો દીન,
મોંઘું કર્તન કેશનું, ના પોષાયે ક્ષણ ! ૧૪૪
સાદું મુંડન માહરું, એક આને જે થાય,
આપ સમાન કરાવતાં, આના ચાર થઈ જાય. ૧૪૫
કિંમત આવી આકરી, ગરીબ દેશને હાય !
આપ જ કહો સાહેબ એ, કેમ કરી પોષાય ? ૧૪૬
સાહેબને ગમ્મત પડી, સૂણી આવો જવાબ,
એટલે આગળ પૂછિયું, કે મુંડનથી લાભ, ૧૪૭
કંઈ થાયે જો અન્ય તો, સંભળાવોને અદ્ય,
સાંભળવા આતુર હું, માટે બોલો સદ્ય. ૧૪૮
વદ્યા વળામે વેગથી, સૂણજો સાહેબ ઝટ,
મુંડનનો અન્ય લાભ જે કહું તમોને સ્પષ્ટ. ૧૪૯
મુંડનથી માથું રહે, સદાયે ઠંડુંગાર,
ઠંડા મસ્તિકમાં સ્ફુરે, સદાયે સદ્વિચાર. ૧૫૦
વિસ્મિત થઈ સાહેબ વદ્યા, સાચું કહો છો એમ !
પાંડુરંગ કહે સાચું છે, રખે રાખતા વહેમ. ૧૫૧
પતીજ ન પડતી હોય તો, કરો કહું હું તેમ,
સમાધાન થાશે અને, નીકળી જાશે વહેમ. ૧૫૨

બોલાવો વાળંદને, કરાવો શિરમુંડન,
કરી જુઓ એ અખતરો, લાભ થશે તત્ક્ષણ. ૧૫૩
આ મારો પડકાર છે, સૂણજો સાહેબ ખાસ,
જો ના થાએ ફાયદો, તો કરજો મને નપાસ ! ૧૫૪
ધર્મતણી નિજ ભાવના, નિર્ભયતાથી આમ,
શુદ્ધ અંગ્રેજી મહીં, રજુ કરી તે ઠામ. ૧૫૫
સાહેબ ખુશ થયા અતિ, થયા અતિ પ્રસન્ન,
ખડખડાટ હસી પડ્યા, કરી યાદ એ વચન ! ૧૫૬
બહાર નીકળતાં પાંડુને, મિત્રો સઘળા એમ,
ચોગરદમ વીંટાઈને, ફરી ફરી પૂછે તેમ : ૧૫૭
શું પૂછ્યું ? તેં શું કહ્યું ? કહે વળામે સર્વ,
કરી તૈયારી ઉત્તરો, દઈએ પછી સગર્વ. ૧૫૮
પાંડુરંગ કહે તમે, ક્યાંથી કરશો તેહ ?
મોંઢેથી ઉત્તર દીધા, પૂછ્યા મૂજને જેહ. ૧૫૯
ત્યાંથી આવ્યા ગોધરે તેલંગ હાઈસ્કૂલ માંહ્ય,
મહેતા સાહેબને કહી, બની બિના જે ત્યાંય. ૧૬૦
તેલંગ હાઈસ્કૂલના હતા, પ્રિન્સીપાલ જે તેહ,
સુણી ખુશ થયા અને, કહેવા લાગ્યા એહ. ૧૬૧
રત્ન અમ શાળાતણું, ધન્ય વળામે ધન્ય,
અમ શાળાનું નામ તેં, રોશન કર્યું વદાન્ય. ૧૬૨
આપ્યાં અભિનંદન અહા ! પાંડુને બહુ પેર,
વાતો કરતા મોદથી, ગયા સહુ નિજ ઘેર. ૧૬૩
કહે નિરંજનને અહા ! પ્રેમે અલખ દયાળ,
સૂણ, આ પાંડુરંગનો, હતો સાધનાકાળ. ૧૬૪
સાધનશુદ્ધિ રાખીને, પાંડુરંગ નિત એમ,
કરે સાધના જેહથી, મેધાશક્તિ તેમ ! ૧૬૫
તેજસ્વી ખૂબ થઈ અને, જાગ્યો આત્મવિશ્વાસ,
શ્રદ્ધા સદ્ગુરુશરણની, એના મૂળમાં ખાસ. ૧૬૬
માટે શ્રદ્ધા રાખીને, થઈ સદા નિમગ્ન,
પ્રેમે સદ્ગુરુ ભજે, કદી ન થાયે ભગ્ન. ૧૬૭
કલ્પદ્રુમ સમ ગુરુકથા, આપે ફલ સત્વર,
સૂણતાં-ગાતાં ભાગશે, ભવભય આ દુષ્કર. ! ૧૬૮

આ અધ્યાયે વર્ણવી, નિર્ભય રંગ કથાય,
'બાલક' સુણતાં સર્વ એ, ના રહે કશા કષાય. ૧૬૯

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે વિદ્યાર્થીકાલપ્રસંગવર્ણનં નામ સપ્તમોઽધ્યાય : ॥ ૭ ॥ દોહરા ૧૬૯ ॥

## અધ્યાય : ૮

અલખ કહે સૂણ બાળ હે ! પાંડુરંગ આ વાર,
હતા સાધનાકાળમાં તેનો આવિષ્કાર ! ૧

થાયે નિત્યે અવનવા અલૌકિક અણસાર,
અજ્ઞાની આશ્ચર્યથી માને ચમત્કાર ! ૨

માધ્યમિક શિક્ષણતણી છેલ્લી પરીક્ષા એમ,
પ્રથમ પંક્તિમાં આવીને કરી પસાર જ તેમ ! ૩

પછી ઉચ્ચશિક્ષણ મિષે જઈને અમદાવાદ,
પ્રવેશ મહાવિદ્યાલયે મેળવ્યો ત્યાં સાક્ષાત્ ! ૪

એક સત્ર પૂરું કરી અમદાવાદે એમ,
બીજા સત્રમાં આવિયા સ્વયં વડોદરામાં તેમ ! ૫

બીજું સત્ર પૂરૂં કર્યું વડોદરામાં આમ.
પ્રથમ વર્ષ ઉત્તીર્ણ કરિયું ધારી હામ ! ૬

બીજા વર્ષમાં આવિયા ઈન્ટર જે કહેવાય,
એની પરીક્ષા તે સમે અમદાવાદે થાય ! ૭

આવી પરીક્ષા નજીક ત્યાં પાંડુરંગને હાય !
ક્યાંથી આવી માંદગી પડ્યા પથારી માંહ્ય ! ૮

વડોદરાના વૈદ્યનાં ઔષધ લીધાં તોય,
જરાયે દર્દ ઘટે નહિ ચેન ન પડતું ક્યાંય ! ૯

તેથી આવ્યા ગોધરા માની છાયા માંહ્ય,
શુશ્રૂષા મા-ભ્રાતની આપે શાતા ત્યાંય ! ૧૦

દવા અને સેવા થકી રોગ તો મટતો જાય,
પણ અશક્તિ એવી આવી કે પથારી ના છોડાય ! ૧૧

શરીર તો ક્ષીણ થઈ ગયું મુખથી ના બોલાય !
ધીમે ધીમેય બોલતાં કષ્ટ અતિશય થાય ! ૧૨

હાથપગ નિર્બળ અને બેઠું ના રહેવાય,
ખાતાં પીતાં બોલતાં થરથર ધ્રૂજે કાય ! ૧૩

આમ ક્ષીણ શરીરથી કામ કશું ના થાય,
વીતે દિન ને પરીક્ષા નજીક આવતી જાય ! ૧૪

અડ્ડો નાખીને પડી આમ બિમારી આંહ્ય !
ધસમસતી આવી રહી અરે ! પરીક્ષા ત્યાંય ! ૧૫

પાંડુરંગે મન વિષે કરીયો નિશ્ચય એહ,
પરીક્ષા તો આપવી ભલે પડે આ દેહ ! ૧૬

સગાં-સ્નેહીઓ આપતાં સલાહ વારંવાર,
ના આપીશ હે ભાઈ તું પરીક્ષા આ વાર ! ૧૭

શરીર તારું ક્ષીણ છે, છે અશક્તિ અપાર,
ધ્રૂજતે હાથે શી રીતે લખાશે તેણી વાર ? ૧૮

માટે સાહસ ના કરો, આવતા વર્ષે એમ,
સારું વાંચી આપજો પરીક્ષા તમે તેમ ! ૧૯

પણ પાંડુ માને નહિ નિશ્ચય એનો એક,
નિશ્ચય દઢ છે મન વિષે રાખશે સદ્ગુરુ ટેક ! ૨૦

માત-ભ્રાત પણ વિનવે ના આપો તો ઠીક,
આ વર્ષે પરીક્ષા લાગે અમને બીક ! ૨૧

કદાચ જો નિષ્ફળ જશો તો જાશે તમારી લાજ,
કલંક લાગશે કીર્તિને માનો અમારું આજ ! ૨૨

પાંડુરંગ કહે માવડી ! તું ચિંતા ના કર,
નિષ્ફળ જાઉં ના કદી નિશ્ચય મારો અફર ! ૨૩

ત્યાં તો આવી પહોંચીયા પાંડુરંગના મિત્ર,
બંગાલી, સ્વામી અહા ! સંન્યાસી પવિત્ર ! ૨૪

જ્યોતિષમાં નિષ્ણાત ને અંકશાસ્ત્રમાં સિદ્ધ,
કુંડલી જોઈ ભાવિને ભાખવામાં પ્રસિદ્ધ ! ૨૫

મૂકી કુંડલી એમણે પાંડુરંગની તુર્ત,
કરી ગણતરી ગ્રહતણી ગોચરની તે મુહૂર્ત ! ૨૬

કરી અધોમુખ સ્વામીએ મુખ પર લાવી વિષાદ,
માથું ધૂણાવી દુઃખથી બોલ્યા ધીમે સાદ ! ૨૭

હમણાં ગ્રહ સારા નથી નિષ્ફળ થાશો ખચિત,
માટે પરીક્ષા આપવા ના જાશો હે મિત્ર ! ૨૮

પણ જેને વિશ્વાસ છે અટલ સદ્ગુરુ માંહ્ય,
ગ્રહ તેને શું કરી શકે ? સમર્થની છે સહાય ! ૨૯

જેના પર સદ્ગુરુકૃપા ગ્રહો બાપડા કોણ ?,
અશુભ પણ શુભ થાય જ્યાં કરતા સદ્ગુરુ ત્રાણ ! ૩૦

સગાં-સંબધી વૈદ્ય ને સૌનો વિરોધ થાય,
તોયે પાંડુરંગતણો નિશ્ચય ચલિત ન થાય ! ૩૧

સહુને કહેતા પ્રેમથી નહિ થાઉં નિષ્ફળ,
વિનમ્ર પણ મક્કમ સ્વરે પાંડુરંગ અચલ ! ૩૨

હું તો પરીક્ષા આપવા જઈશ નિશ્ચય અચૂક,
સમર્થ ગુરુ કૃપાશિષથી ગ્રહો થશે જ મૂક ! ૩૩
જેનો નિશ્ચય અફર છે સૂણ નિરંજન બાળ,
ધાર્યું સર્વ કરી શકે જોતાં કંપે કાળ ! ૩૪
ત્યાં તો આવી પહોંચ્યો દિવસ જવાનો જાણ,
સાવધ પાંડુરંગ હા ! તત્પર થયા તત્ક્ષણ ! ૩૫
કહ્યું વૈદ્યને પ્રેમથી દો ઔષધ આ વાર,
સમયે-સમયે લઈશ હું ખંડ મધ્ય નિર્ધાર ! ૩૬
ઔષધની શીશી લીધી ભાથું બિસ્તર તેમ,
સાથે લઈને નીકળ્યા પાંડુરંગ સપ્રેમ ! ૩૭
માજીએ નિજ લાલની લેવાને સંભાળ,
વિશ્વનાથને મોકલ્યા એ સાથે તત્કાળ ! ૩૮
ઘોડાગાડી આવતાં પાંડુરંગને એમ,
જયમ-ત્યમ ઝાલી ચઢાવિયા બેઠક ઉપર તેમ, ૩૯
વિશ્વનાથ બેઠા અને ગાડીવાને જ્યાંય
ઘોડાને હંકારીયો અરર ત્યાં તો હાય ! ૪૦
સામેથી આવી પડ્યા સંન્યાસીજી ત્યાંય,
પડી ફાળ માજી હૃદે અપશુકન થયા હાય ! ૪૧
યતિવર બોલ્યા વ્યંગમાં શું કરવા તું જાય ?
નિષ્ફળતા નક્કી તને મળવાની છે ત્યાંય ! ૪૨
પાંડુરંગ વદ્યા હસી મારે માથે સમર્થ,
સદ્‌ગુરુ જો ગાજી રહ્યો વાણી તમારી વ્યર્થ ! ૪૩
એમ કહી આગળ વધ્યા આવ્યા અમદાવાદ,
ગયા પરીક્ષાખંડમાં સમર્થનો છે સાથ ! ૪૪
ઔષધશીશી સાથ છે નિયમિત લેતા એહ,
બગડી તબિયત તોય હા ! ધ્રૂજવા લાગ્યો દેહ ! ૪૫
હાથ ધ્રૂજે કંઈ લખાય ના ક્ષણ ક્ષણ વીતતી જાય,
વિનતી નિરીક્ષકને કરી માગી પોતે સહાય. ૪૬
એક સહાયક આપીયો ઉત્તર લખવા કાજ,
પાંડુરંગ લખાવે ને લખે સહાયક ત્યાં જ ! ૪૭
જોડણી વિરામ ચિહ્નની ભૂલ સહાયકથી થાય,
તે પણ પોતે પ્રેમથી સુધરાવે સૌ ત્યાંય ! ૪૮
આમ પરીક્ષા આપીને, આવ્યા પોતે ઘેર,
માતભ્રાત ને સ્નેહીઓ હૃદ્‌હરખ્યાં બહુ પેર ! ૪૯

પાંડુરંગ સહુને કહે નિશ્ચિત રહેજો મન,
સારા ગુણાંકે હું નકી થવાનો છું ઉત્તીર્ણ ! ૫૦
જો છાપામાં ના કદી છપાય મારું નામ,
તો સમજવું ભૂલ નકી છાપનારની આમ ! ૫૧
દિવસો કંઈક ગયા અને બહાર પડ્યું પરિણામ,
બીજા વર્ગમાં પાંડુરંગ સફળ થયા તે ઠામ ! ૫૨
જાણી સઘળા સ્નેહીઓ પામ્યા હર્ષ અપાર !
ધન્યવાદ દેવા સહુ દોડ્યા તેણી વાર ! ૫૩
વર્ષા અભિનંદનતણી વરસી રહી છે જ્યાંય,
ત્યાં તો પેલા સ્વામી પણ આવ્યા હસતા ત્યાંય ! ૫૪
આપ્યા પાંડુરંગ ને સ્વામીએ ધન્યવાદ,
નમન કરીને પાંડુરંગ બોલ્યા વિનમ્ર સાદઃ ૫૫
સ્વામી તમારું ટીપણું ખોટું પડિયું આજ,
માટે એને ફાડીને ફેંકી દો હમણાં જ ! ૫૬
ટીપણું જોઈ કહ્યું હતું થાવાનો નિષ્ફલ,
પણ ગુરુકૃપાથી આજ હું જુઓ થયો સફલ ! ૫૭
સ્વામી કહે હું શું કહું ! કલિયુગ આવ્યો આજ,
શાસ્ત્રો પણ ખોટાં પડે ગઈ જ્યોતિષની લાજ ! ૫૮
પાંડુરંગ કહે તમે જ્યારે જોયુ'તું એમ,
ત્યારે શું કલિયુગ ન' તો? અને આજે આવ્યો એમ! ૫૯
સ્વામી હસતાં વદ્યા બડો બન્યો તું ભાઈ !
આજ મને પડકારતો લાગે મને નવાઈ ! ૬૦
આમ પરસ્પર સૌ કરી વિનોદ-વાર્તાલાપ,
ચા-પાણી પીને ગયા સ્વસ્થાને સૌ આપ ! ૬૧
આ આખી ઘટનાતણો સાંભળ શિષ્ય તું સાર,
સદ્‌ગુરુચરણે રાખવી અચલ શ્રદ્ધા અપાર ! ૬૨
પાંડુરંગનો દેહ તો હતો અશક્ત એમ
બીજા પાસે લખાવીને થયા ઉત્તીર્ણ કેમ ? ૬૩
હતી બિમારી ક્યારની નો'તું વંચાયું ખાસ !
તોયે પાંડુરંગ થયા બીજા વર્ગમાં પાસ ! ૬૪
આમાં કંઈ જાદુ ન'તો, ન'તો કંઈ ચમત્કાર,
પણ શ્રદ્ધા નિજ ગુરુચરણની તેનો આવિષ્કાર ! ૬૫
શ્રદ્ધાથી પર્વત ચળે, તરે સમુદ્ર અગાધ,
શ્રદ્ધાથી જડ-પથ્થરો બને દેવ સાક્ષાત્ ! ૬૬

માટે શ્રદ્ધા રાખીને કરવાં સઘળાં કામ,
શ્રદ્ધા આપે શક્તિ ને શ્રદ્ધા આપે હામ ! ૬૭

શ્રદ્ધાની જ્યોતિ તણો પડે અખંડ પ્રકાશ,
અહંકાર અંધકારનો કરે સદાયે નાશ ! ૬૮

સાંભળ પાંડુરંગને સદ્‌ગુરુ પર વિશ્વાસ,
હતો કેટલો બધો અહા ! તેનો કહું ઈતિહાસઃ ૬૯

આર્થિક રીતે એમની સ્થિતિનો કંઈ ખ્યાલ,
પહેલેથી મેં તને આપ્યો'તો હે બાળ ! ૭૦

વિઠ્ઠલપંત નભાવતા ટૂંકા વેતન માંહ્ય
કરી કસર ને જે કંઈ બચાવતા'તા ત્યાંય ! ૭૧

તે મોકલતા દેવળેં માત-પિતાને કાજ,
પોતે મૂડી એકઠી કરી ન ભાવિ કાજ ! ૭૨

જીવ્યા વિરતિવૃત્તિથી રહેતા સદા પ્રસન્ન,
તેથી ભાવિ કાજ હા ! કર્યું ન ભેગું ધન ! ૭૩

ત્યાં તો કરાલ-કાળે અરે, ભરખી લીધો દેહ,
પાછળ કુટુંબ કારણે ના રાખ્યું કંઈ તેહ ! ૭૪

પણ રુકુમામ્બા સિંહણ હતાં, સિંહણ સમ નિજ બાળ,
ઉછેરી મોટા કીધા પ્રેમે કરી પ્રતિપાળ ! ૭૫

કો પાસે કો કારણે કદી ન ધરતાં હાથ,
વણહકનું ના લે કદી, કદી ન બને અનાથ ! ૭૬

તેથી એમની પાસ કંઈ રકમ ન ભેગી થાય,
આછું પાતળું આવે તે ઘરમાં વપરાઈ જાય ! ૭૭

તોયે પાંડુ વડોદરા આવ્યા ભણવા માટ,
પ્રથમ સત્રના શુલ્કનો કેવો કરવો ઘાટ ? ૭૮

ઘરમાં દામ મળે નહિ, ન ધરવો કોથી હાથ !
શુલ્ક ભરાયે શી રીતે સમર્થ સદ્‌ગુરુ નાથ ! ૭૯

છાત્રાલયના ઓરડે મિત્રો સાથે એમ,
વાતો કરતા વિચારતાં શુલ્ક ભરીશું કેમ ? ૮૦

કોઈકે સલાહ આપી કે શિષ્યવૃત્તિને કાજ,
અરજી કરો બે-ત્રણ સ્થળે સફળ બને તમ કાજ ! ૮૧

રુચે ન પાંડુરંગને માગવું કો'થી આમ,
માગી ભીખી મેળવે કદી ન સરશે કામ ! ૮૨

મિત્રો મૂંઝવણમાં પડ્યા બતાવે કંઈક ઉપાય,
દાન,ફાળા-ફંડમાં માગો તમે સહાય ! ૮૩

શુલ્ક ભરવા કાજ જો, કાલે છેલ્લો દિવસ,
પૈસા આજે ના ભરે બગડે આખું વરસ ! ૮૪

જોઈ મૂંઝવણ મિત્રની પાંડુરંગ તત્કાળ,
વદ્યા હસી ખડખડ અહા ! તું આણીગમ ભાળ! ૮૫

જો પ્રભુની ઈચ્છા હશે ભણાવવાની એમ
મુજને, તો એ શુલ્કની કરશે વ્યવસ્થા તેમ ! ૮૬

જો કાલ સુધીમાં શુલ્કની, વ્યવસ્થા નહિ થાય,
તો સમજીશ કે પ્રભુતણી ઈચ્છા નથી કંઈ આંહ્ય ! ૮૭

મસ્ત રહો, આનંદમાં છોડી ચિંતા આન,
ઈશ્વરઈચ્છા માનવી એ જ એક બળવાન ! ૮૮

મલકત મુખડે મિત્રને એવું કહેતામાં જ,
બંને મિત્રોના તિહાં કાને પડ્યો અવાજ :- ૮૯

પી. વી. વળામે ક્યાં રહે ? ક્યાં છે એમનું સ્થાન ?
એક અજાણ્યો આદમી આવ્યો પૂછતો જાણ. ૯૦

પાંડુરંગે પૂછિયું આગતુંકને આમ,
ક્યાંથી આવ્યા છો તમે ? શું છે તમારે કામ ? ૯૧

આગંતુક કહે માહરે વળામે તણું કામ;
ગોધરાથી આવિયો દેવા એમને દામ ! ૯૨

પાંડુરંગ કહે, તમે ભૂલ્યા ભાઈ ! નામ,
વળામે નથી માગતો કોઈની પાસે દામ ! ૯૩

આગંતુકને મિત્ર ત્યાં સમજાવે કરી સાન,
પી.વી. વળામે એ જ છે, બીજો ન સમજો આન ! ૯૪

આગંતુક અંદર જઈ બેઠો ખુરશી માંહ્ય,
ખિસ્સામાંથી કાઢિયા ચલણી રૂપિયા ત્યાંય ! ૯૫

પુરા ગણીને દોઢસો પાંડુરંગને હાથ,
આપી બોલ્યો ભાવથી ગણજો થઈને સ્વસ્થ ! ૯૬

હજુ બાકી છે દોઢસો, ત્રણસોનું વળી વ્યાજ,
તમને મારે આપવા બાકીના સહ વ્યાજ ! ૯૭

ધીમે ધીમે તે બધા તમને આપી દઈશ,
મુજ પિતાનું ઋણ હું અચૂક ચૂકવી દઈશ ! ૯૮

મિત્રો આભા થઈ ગયા, થયું આશ્ચર્ય અપાર,
વણમાગ્યા રૂપિયા મળ્યા થયો શો ચમત્કાર ! ૯૯

ખરી અણીના સમયમાં આકસ્મિક આ સહાય,
સ્વયં ચાલીને આવી જો આને શું કહેવાય ! ૧૦૦

આગંતુકને પાંડુરંગ વિનમ્ર ભાવે એમ,
કહેવા લાગ્યા પ્રેમથી ખરી કરી તમે તેમ ! ૧૦૧
શુલ્ક ભરવા કારણે દોઢસો રૂપિયા આજ,
આપી સાચે ભાઈ ! તમે રાખી મારી લાજ ! ૧૦૨
વ્યાજ ન મારે જોઈએ, મુદ્દલ રકમ પણ એમ,
આપવી હોય તો આપજો, તમ પર છોડું તેમ ! ૧૦૩
એમ કહી રૂપિયાતણી પહોંચ્યા કેરી પહોંચ,
તુરત લખી આપી અહા ! જેથી ન આવે આંચ ! ૧૦૪
આગંતુક ગયો અને સર્વે મિત્રો આંહ્ય,
સાનંદ-આશ્ચર્યથી હરખ્યા હૈયા માંહ્ય ! ૧૦૫
શિષ્ય નિરંજન આ સૂણી થઈ આશ્ચર્યમુગ્ધ
પૂછે પ્રેમે અલખને સમજાવો હે પ્રબુદ્ધ ! ૧૦૬
આગંતુક શા કારણે પાંડુરંગને ત્યાંય,
સ્વયં શોધતો આવીને રૂપિયા આપી જાય ? ૧૦૭
વ્યાજ અને મુદ્દલતણી કરી એમણે વાત,
મુજને ના સમજાયું એ સમજાવો હે તાત ! ૧૦૮
પ્રશ્ન નિરંજનનો સુણી હરખ્યા અલખ દયાળ,
આગંતુકની વાત તું સાંભળ હેતે બાળ ! ૧૦૯
વર્ષો પહેલાં ગોધરે હતા એક સજ્જન,
સરપોતદાર વંશમાં ભાવિક નિર્મળ મન. ૧૧૦
માનવી મધ્યમ વર્ગના ખાનદાન ખર્ચાળ,
આર્થિક ભીંસમાં એ અહા ! મૂકાયા તત્કાળ ! ૧૧૧
વ્યાજે મેળવવા અહા, કોઈ પાસેથી ધન,
સરપોતદારે ખૂબ કર્યો ચારે કોર પ્રયત્ન ! ૧૧૨
પ્રયત્ન સહુ નિષ્ફળ ગયા ત્યારે થઈને ખિન્ન,
રુકુમામ્બાની પાસ એ આવ્યા મ્લાન વદન ! ૧૧૩
વાત કરી નિજ દુઃખતણી રુકુમામ્બાને એમ,
જોઈ દુઃખડું એમનું દ્રવિયાં માજી તેમ ! ૧૧૪
વિઠ્ઠલજીના સમયથી કરી કસર ધરખમ,
માએ ભેગી કરી હતી નાની સરખી રકમ ! ૧૧૫
રૂપિયા ત્રણસોની હતી માની મૂડી એહ,
સરપોતદારને માજીએ વ્યાજે આપી તેહ ! ૧૧૬
આર્દ્ર અંતરના હતાં મા રુકુમા પ્રસન્ન,
પીડા જોઈ પારકી માજી થાતાં કિલન્ન ! ૧૧૭
પોતાનું સર્વસ્વ જે ભેગું કરેલું એમ,
આપી દીધું પ્રેમથી હૈયામાં શુભ નેમ ! ૧૧૮
વર્ષો વીત્યાં વાતને પણ તે સરપોતદાર,
પાછી આપવા રકમ એ કરતો નથી વિચાર ! ૧૧૯
ત્યાર પછી માજીતણો આવ્યો કપરો કાળ,
તોયે ‘મા’ માગે નહિ ધન્ય ધીરજ તત્કાળ ! ૧૨૦
મધ્યસ્થી એક ભાઈ જે આપે સલાહ એમ,
કરો કોર્ટમાં કેસ તો ઝટ દઈ જાશે તેમ ! ૧૨૧
પાંડુરંગ કહે ના કદી કરવો મારે કેસ,
પૈસા માટે શીદ અહા ! નાહક કરવો કલેશ ! ૧૨૨
પૂર્વજન્મનું એમનું હશે લ્હેણું મુજ પાસ,
આજે એ હું ચૂકવી થયો ઋણમુક્ત ખાસ ! ૧૨૩
મારે જોવી ના કદી બતાવવી ના એમ,
કોર્ટ કચેરી કોઈને, એ છે મારી નેમ ! ૧૨૪
જૂઠા માટે કાયદા, કચેરી કાયર માટ,
મારે એ કંઈ ના ખપે, મારી અવળી વાટ ! ૧૨૫
માટે મારે ના કદી કરવી છે ફરિયાદ,
ઋણમુક્ત હું થઈ ગયો તેનો છે આહ્‌લાદ ! ૧૨૬
આવી નિઃસ્પૃહતા અને જોઈ ઉદાર મન,
મધ્યસ્થી બોલી ઊઠ્યા મા દીકરાને ધન્ય ! ૧૨૭
વીસરાઈ આ વાત ને વીતી ગયા બહુ દિન,
અભ્યાસે રત પાંડુરંગ રહેવા લાગ્યા પ્રસન્ન ! ૧૨૮
પાંડુરંગ વડોદરે આવ્યા ભણવા એમ,
આ બાજુ અહીં ગોધરે કહું થયું કેમ ! ૧૨૯
અંતકાળ આવ્યો અહા ! સરપોતદારનો જ્યાંય,
છેલ્લા શ્વાસ લઈ રહ્યા પડી પથારી માંહ્ય ! ૧૩૦
જીવ અતિ ગૂંચવાય ને પીડા થાય અપાર,
પાસે બેઠો દીકરો પૂછે વારંવાર ! ૧૩૧
કહો પિતાજી શું તમે કહેવા માગો આંહ્ય,
શી ઈચ્છા છે કહો કહો, શાને જીવ ગૂંચવાય ? ૧૩૨
ઈચ્છા તમારી જરૂર હું પૂર્ણ કરીશ હે તાત !
માટે સ્પષ્ટ કહો મને શી છે તમારી વાત. ૧૩૩
શ્વાસ ઘૂંટી મહાકષ્ટથી બોલ્યા સરપોતદાર,
ક્ષીણ સ્વરે ધીરે ધીરે અટકીને તે .વાર ! ૧૩૪

સુણ દીકરા, મા રુકુમા અનસૂયા સાક્ષાત્ !
એમનું ઋણ છે મુજ શિરે બહુ દિનની છે વાત ! ૧૩૫
એક દિવસ મુશ્કેલીમાં જઈ મા રુકુમા પાસ,
વ્યાજે રૂપિયા ત્રણસો લઈ આવ્યો'તો ખાસ ! ૧૩૬
આજ સુધી એ રૂપિયા આપી શક્યો ના હન્ત !
એમણે પણ માગ્યા નથી ઔદાર્ય એ અનંત ! ૧૩૭
ઋણ એ મા રુકુમાતણું દુભવે મારું મન,
અંતર વલોવાય ને થાય અતિ મૂંઝવણ ! ૧૩૮
માટે મારા દીકરા સાંભળ મારી વાણ,
વચન મારું રાખ તો જાયે સુખે પ્રાણ ! ૧૩૯
રૂપિયા ભેગા થાય જો જ્યારે તારી પાસ,
ત્રણસો રૂપિયા વ્યાજ સહ મા રુકુમાના ખાસ ! ૧૪૦
પહેલો આપી આવજે પછી જ બીજું કામ,
કરજે દીકરા આટલું, રાખ બાપનું નામ ! ૧૪૧
દીકરો માનો દોહ્યલો પી. વી. વળામે નામ,
એને જઈ પહોંચાડજે કરજે આટલું કામ ! ૧૪૨
દીકરાએ નિજ હાથને મૂક્યો પિતાને હાથ,
ગદ્ગદ્ વાણીથી વધ્યો સાચું કહું છું તાત ! ૧૪૩
જેવું મારા હાથમાં બચશે કંઈક સ્વધન,
પી.વી. વળામે પાસ હું પહોંચાડીશ તત્ક્ષણ ! ૧૪૪
વચન સૂણી નિજ પુત્રનું સરપોતદાર હાશ !
કહી સ્મરી શ્રીરામને લીધો છેલ્લો શ્વાસ ! ૧૪૫
ત્યારબાદ કંઈ દિન પછી એ દીકરાની પાસ,
આવ્યા રૂપિયા દોઢસો તે લઈને નીકળ્યો ખાસ ! ૧૪૬
આવ્યો સીધો વડોદરે છાત્રાલયમાં એમ,
શોધી પાંડુરંગને આપ્યા રૂપિયા તેમ ! ૧૪૭
આમ અણીના સમયે શુલ્ક ભરવા કાજ,
આકસ્મિક આવી ગયા કેવા રૂપિયા આજ ! ૧૪૮
અલખ કહે સૂણ શિષ્ય હે ! પાંડુરંગની આમ,
શ્રદ્ધાએ કેવું કર્યું ચમત્કારિક કામ ! ૧૪૯
કેવી જબરી એમની ! ઈશપરસ્તી વાહ,
શ્રદ્ધાજોરે વિચરે સદાય બેપરવાહ ! ૧૫૦
જે મારું છે તે કદી નહિ બીજાનું થાય,
ત્રિકાલાબાધિત સત્ય એ કદી ન મિથ્યા થાય ! ૧૫૧
ભલે ભોગળ ભીડીને ભાગ્યતણાં એ દ્વાર,
બંધ કરે સજ્જડ અરે તાળાં મારી હજાર ! ૧૫૨
શ્રદ્ધાના સામર્થ્યથી તોયે ભાગ્યનાં દ્વાર,
પટપટ ખૂલી જાય છે ક્ષણે ન લાગે વાર ! ૧૫૩
સાંભળ શિષ્ય કહું તને સાધક માટે એમ,
એક વાત બહુ ધ્યાનમાં રાખવા જેવી તેમ ! ૧૫૪
સાધક જો લોભી બને રાખે ધન પર પ્રીત,
પડે ગહન એ ગર્તમાં, સ્થિર ન થાયે ચિત્ત ! ૧૫૫
સાધનપંથે જાય જે પહેલું એ સોપાન,
ધનલોલુપતાનાશ છે કહેવું મારું માન ! ૧૫૬
સાધક પાંડુએ તિહાં સાધનકાળે જાણ,
ધનલોલુપતાનાશનું સર કરીયું સોપાન ! ૧૫૭
મિત્રો સૌ રાજી થયા ખુલ્યાં જ્ઞાનનાં દ્વાર,
શુલ્ક ભરાતાં ત્યાં વળી થાતો હર્ષ અપાર ! ૧૫૮
અલખ કહે અતિ હરખથી સુણ નિરંજન બાળ,
નાનકડો આ પ્રસંગ પણ શીખવે વાત રસાળ ! ૧૫૯
અનન્યનિષ્ઠા ઈશ પર રાખી સાધક વીર,
નિજ સિદ્ધાંતે નેહથી રાખે નિષ્ઠા ધીર ! ૧૬૦
પ્રારબ્ધે આવી મળે સુખ દુઃખ કપરો કાળ,
સ્મિતવદને આગળ વધે કદી ન કૂટે કપાળ ! ૧૬૧
સુખ-દુઃખ મનનાં સોણલાં માની અંતર માંહ્ય,
સાધનાપથ પર પ્રેમથી આગળ વધતો જાય ! ૧૬૨
જે આશાથી બદ્ધ ના, કદી ન થાય નિરાશ,
જે આશાનો દાસ છે તે છે જગનો દાસ ! ૧૬૩
જેણે આશાપાશને તોડી નાખી આમ,
મુક્ત થયો તે જગત્પતિ સદાયે આપ્ત-કામ ! ૧૬૪
એવા સાધકની અહા ! વાતો કેમ કળાય ?
સુણતાં ગાતાં સંત જન દુઃખમુક્ત થઈ જાય ! ૧૬૫
ના પરવા નિજ દેહની જગની ક્યાંથી હોય ?
ફરે મસ્ત નિજ મસ્તીમાં સમજી શકતું ન કોય ! ૧૬૬
પાંડુરંગની સાધના આગળ એ વિસ્તાર,
અલખ નિરંજનને કહે કરવા ભવ-જલ પાર ! ૧૬૭
'બાલક' તો સ્મૃતિ થકી લખે જે સંભળાય,
બેસે રંગ કલમ પર અક્ષર પડતા જાય ! ૧૬૮

ઈતિશ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે અલખનિરંજન સંવાદે ત્રીશનિષ્ઠાવર્ણનં નામ અષ્ટમોઽધ્યાયઃ ॥ ૮ ॥ દોહરા ૧૬૮ ॥

## અધ્યાય : ૯

વંદી સદ્‌ગુરુચરણમાં કહે નિરંજન બાળ,
આગળ વિસ્તારો પ્રભુ કથા રંગતણી રસાળ ! ૧
જ્ઞાન પરબ માંડી તમે હું પ્યાસો અજ્ઞાન,
ખોબે ખોબે પ્રેમથી કરાવો અમૃત-પાન ! ૨
સુણી બોલ્યા અલખજી હરખી હૈયે અપાર,
આગળ સાંભળ બાળ ! હે રંગકથામૃત સાર. ૩
હતો સાધનાકાળ આ પાંડુરંગનો જાણ,
તેથી રોજ નવા નવા બને પ્રસંગો માન ! ૪
પાંડુરંગને ના ગમે પ્રસિદ્ધ થાવું જરાય,
પડદા પાછળ રહી અરે ! કરે કાર્ય સદાય ! ૫
એક સમે કોલેજના છાત્રો કેટલા એમ,
કોલેજના મેદાન પર રમતા ક્રિકેટ તેમ. ૬
ત્યારે બનિયું એમ કે લશ્કરનો હાકેમ,
ગર્વથી સોટી વીંઝતો જાતો ત્યાંથી એમ. ૭
અક્કડ થઈ અભિમાનથી સોટી વીંઝતો જાય,
બે-ત્રણ છાત્રોને અરે ! વાગી સોટી ત્યાંય. ૮
ઊંચે સાદે બોલીયા છાત્રો ક્રોધે ત્યાંય,
બંધ કરો વીંઝવું અરે ! વાગે અમને આંહ્ય ! ૯
સુણી વાત છાત્રો તણી ક્રોધે ભરાયો એહ,
સટાસટ સહુ છાત્રને પીટવા માંડ્યો તેહ ! ૧૦
રમત બંધ થઈ ગઈ વર્ત્યો હાહાકાર,
રોષિત થઈને છાત્ર સૌ કરવા લાગ્યા પુકાર ! ૧૧
અધ્યાપકની પાસ જઈ નોંધાવી ફરિયાદ,
પણ સામે થવા હાકેમની કોની છે તાકાત ? ! ૧૨
કોઈએ દાદ દીધી નહિ છાત્રોને તે વાર,
સામે થવા એ જુલ્મીની કોઈ ન'તું તૈયાર ! ૧૩
એટલે છાત્રો આવીયા પાંડુરંગની પાસ,
હવે તો દોસ્ત વળામે તું જ અમારી આશ ! ૧૪
બન્યું હતું જે કંઈ તિહાં તેની વિગતે વાત,
દોસ્ત વળામેને કરી છાત્રોએ સાક્ષાત્ ! ૧૫
પાંડુરંગનો સ્વભાવ એ સાંખે નહિ અન્યાય !
ચમરબંધી મોટો ભલે ! વળામે ના અચકાય ! ૧૬
લશ્કરનો હાકેમ જો મિજાજ ગુમાવે આમ,
ચલાવી લેવાય ના આ તો અવળું કામ ! ૧૭
તુંડ મિજાજીને હવે ભણાવવો છે પાઠ !
માટે મક્કમ થઈ બધા ઘડીએ એનો ઘાટ ! ૧૮
ભેગા કરી સહુ છાત્રને વળામે આપે ખ્યાલ,
આવતી કાલથી આપણે પાડવી છે હડતાલ ! ૧૯
ભાંગવું તોડવું ના કશું, ના કરવું નુકશાન;
શાંત લડત છે આપણી, નહિ કરવું તોફાન. ૨૦
રાતો-રાત લખાઈ ગયાં શહેરમાં જ્યાં-ત્યાં સૂત્ર !
હાકેમ તુંડમિજાજીનાં કેવાં છે કરતૂત ! ૨૧
બીજે દિને છાત્રોતણું લઈને નેતૃત્વ,
મળિયા પ્રિન્સિપાલને સમજાવ્યું મહત્ત્વ, ૨૨
શું છે આ હડતાલનું ? પ્રિન્સીપાલને એમ;
સાહેબે છાત્રોતણી સમજી લાગણી તેમ. ૨૩
પેલો તુંડમિજાજી જે હાકેમ પાસે એમ,
માફી લખાવી પાટિયે મૂકતાં સઘળું ક્ષેમ ! ૨૪
તે દિનથી કોલેજમાં પી.વી. વળામે નામ,
ખૂબ પ્રખ્યાત થઈ ગયું આપે માન તમામ ! ૨૫
આમ સાધનાપથ ઉપર આગળ ધપવા કાજ,
સાધકના મૂળભૂત જે ગુણ ગણાવું આજ. ૨૬
સરળતા ને સત્યતા ન સાંખે અન્યાય,
તેને પ્રાપ્ત કર્યા પછી આગળ પ્રગતિ થાય. ૨૭
પાંડુરંગ પણ બહારથી કોઈથી ન પરખાય !
કિંતુ અંદર અધ્યાત્મનો ઝરો અખંડ વહી જાય ! ૨૮
જેના હૈયે તીવ્ર છે પ્રભુમિલનની પ્યાસ,
તેને સહાય કરે પ્રભુ કરે ન કદી નિરાશ. ૨૯
પાંડુરંગની સાધના ને આધ્યાત્મિક ભૂખ,
સંતોષાવા કારણે પ્રભુ થયા સન્મુખ ! ૩૦
વડોદરામાં તે સમે હતા ગૃહસ્થ સંત
જાણે પાંડુ-કારણે પ્રભુ-પ્રેરિત રહંત ! ૩૧
દત્તોપંત કરી હતા પાંડુરંગના મિત્ર,
જ્ઞાની સદ્‌ગુરુ એમના, વળી નમ્ર પવિત્ર ! ૩૨

પોતે થયા નિવૃત્ત ને નિવૃત્તિવેતન
જે કંઈ મળતું તે થકી ગુજારતા જીવન ! ૩૩
સંસારી હોવા છતાં રહેતા સાધુ જેમ,
રહેતા નિમગ્ન સર્વદા બ્રહ્મચિંતને એમ ! ૩૪
વિષયવાત રુચે નહિ સદાયે નિર્મળ મન,
આધ્યાત્મિક વાતો કરે મળે જિજ્ઞાસુજન. ૩૫
દત્તોપંતના એ ગુરુ ન યાચે કદી આન,
ભક્તો શિષ્યો એમને કહેતા :- 'શ્રીભગવાન' ! ૩૬
પાંડુરંગ પણ આ સમે દત્તોપંતની સાથ,
આવી શ્રીભગવાનની ભાવે સુણતા વાત ! ૩૭
કોઈ દિન પ્રશ્ન કરે નહિ, ના કરે શંકા ક્યાંય,
મૂકભાવે ભગવાનને સૂણતા પ્રેમે ત્યાંય. ૩૮
એક સમે કો છાત્રજન યુવાન સાધક એક
નામે નંદકિશોર ત્યાં આવ્યો ધરી વિવેક. ૩૯
આપણા પાંડુરંગ પણ બેઠા'તા જો ત્યાંય !
વાતો આ બન્ને તણી સાંભળતા વરકાય. ૪૦
બોલ્યા શ્રીભગવાન ત્યાં નંદકિશોરને એમ,
આવતી કાલે મળસ્કે ચાર વાગે તેમ, ૪૧
તમે બધા આવી જજો પછી કરાવીશ ધ્યાન !
જો જો નિર્મિત સમયમાં ચૂક ન આવે આન ! ૪૨
બીજે દિવસે પાંડુરંગ કરી સંધ્યા ને સ્નાન,
નિર્મિત સમયે આવિયા થયા પ્રસન્ન ભગવાન ! ૪૩
પણ પેલો સાધક અહા નંદકિશોર છે નામ,
સાડાચાર થયા છતાં ના આવ્યો એ ઠામ ! ૪૪
તેથી સહજ ભાવથી બોલ્યા શ્રીભગવાન,
જે વહેલો ઊઠી ના શકે તે શું કરે ધ્યાન ? ૪૫
સાધનાપંથ અતિ કઠણ છે અસિધારાવત્ જાણ,
જે આટલું પણ ના કરી શકે કરશે કેમ પ્રયાણ ? ૪૬
સાધનાપંથજનારથી કદી ન થાય પ્રમાદ,
પતન થાય પ્રમાદથી પડે ગર્ત અગાધ ! ૪૭
માટે જ સાધક-શિષ્યે રહેવું સદા સજાગ,
પ્રમાદ જો પેસી ગયો, કદી ન મળશે લાગ ! ૪૮
તેથી સાચા સાધકે સદા રહી સાવધાન,
પ્રવેશવા દેવો નહિ પ્રમાદને કદી આન ! ૪૯

વાણી આ ભગવાનની, વરસ્યા અમૃત-મેહ !
પાંડુરંગ તે પી રહ્યા, રાખી હૈયે સ્નેહ ! ૫૦
અમૃતની ધારા સમો વાણીતણો પ્રવાહ,
ભગવાનના મુખથી અહા ! વહેવા લાગ્યો વાહ ! ૫૧
કોને રાજી રાખશું ? જગત કે જગદીશ ?
પસંદગીની વાતમાં જોજે ના ભૂલીશ. ૫૨
રાજી કરવા જગતને જો કરશું વિચાર,
તો દૂર થશે જગદીશ ને વ્યર્થ જશે વ્યવહાર ! ૫૩
પણ રાજી કરવા ઈશને જો કરશું પ્રયત્ન,
તો જગત દોડતું આવશે આપણી પૂંઠે અયત્ન ! ૫૪
એમ કહી ભગવાન ત્યાં બેઠેલામાં એક,
વ્યક્તિ તરફ ભાળીને બોલ્યા વાત-વિવેકઃ ૫૫
મૂંડાવી મસ્તક તમે બે બાજુએ એમ,
કાળું-ધોળું રંગીને મૂછ કપાવી તેમ ! ૫૬
એક બાજુની અને આવો કાલે આંહ્ય,
પેલો તો આ સાંભળી બન્યો દિઙ્મૂઢ ત્યાંય ! ૫૭
ગભરાયો બહુ મન વિષે અરે કરું શું ? હાય !
માથું મૂંછ મુંડાવીને કેમ અવાશે આંહ્ય ? ૫૮
લોકો શું કહેશે મને ? પાગલ-ગાંડો એમ,
મોકલો એને પાગલતણી ઈસ્પિતાલે એમ ! ૫૯
ના-ના આવું ના બને જગમાં હાંસી થાય,
જગની હાંસી વિચારતાં તન પરસેવો થાય ! ૬૦
પેલા ભાઈ મૂંગા રહ્યા બોલ્યા ન અક્ષર એક,
ત્યાં બેઠેલા પાંડુરંગ બોલ્યા એકાએકઃ ૬૧
આપ કહો તો અબઘડી મૂંડાવી મસ્તક,
મૂંછ રંગાવી તમ પાસ હું આવી જાઉં અચૂક. ૬૨
વળામેની વાત આ સૂણી વધ્યા ભગવાન !
તારે એવું કંઈ નથી કરવાનું રે ! માન. ૬૩
તું તો તારા સ્વરૂપમાં, આવી ગયો છું આમ,
પ્રથમ દૃષ્ટિએ મેં અરે ! જાણી લીધું તમામ ! ૬૪
પાંડુરંગની એમ ત્યાં, સફળ સાધના થાય,
બાહ્ય દૃષ્ટિથી નીરખતાં, કશું ન એ સમજાય. ૬૫
આધ્યાત્મિક સાધનતણાં, સોપાન જો અનેક,
સર કરવાના હોય તો, તેમાં પહેલું એકઃ ૬૬

'નાહં દેહઃ' સૂત્ર છે અતિ મહત્ત્વનું જાણ,
એને સિદ્ધ કર્યા વિના, ના થાએ ઉત્થાન. ૬૭
હું કેવો દેખાઉં છું ? એ જે મનનો ભાવ,
અતિ કઠણ છે કાઢવો, ન્હોય સાધારણ તાવ. ૬૮
દુનિયા શું કહેશે મને ? એવો દેહવિચાર,
જેના મનમાંથી ગયો, તે મુક્ત થયો નિર્ધાર. ૬૯
"જગને હું ગમીશ કે ?" એવો ક્ષુદ્ર વિચાર,
સાચો સાધક ના કરે, ડગે ન એ તલભાર. ૭૦
"હું પ્રભુને ગમીશ કે ?" એવો ઉચ્ચ વિચાર,
સાચો સાધક જો કરે, થાય દેહથી પાર ! ૭૧
શરીર આ મારું નથી, ક્યાંથી એને કષ્ટ ?
એ વિચારે દેહકષ્ટ, દૂર થાયે સ્પષ્ટ. ૭૨
એમ એ સત્પુરુષતણી, કસોટી મહીં આમ,
થયા ઉત્તીર્ણ આપણા, પાંડુરંગ શુભ નામ. ૭૩
શ્રી ભગવાને એક દિન, પાંડુરંગને એમ,
પૂછ્યું, "પ્રાકૃત ગ્રંથ કોઈ, વાંચ્યા છે કે કેમ ?" ૭૪
યૌવન સહજ અભિમાનથી બોલ્યા પાંડુ તે વાર,
આપ્યો લહેકો તાણીને, ઉત્તર તેણી વાર ! ૭૫
"ના જે સંસ્કૃત જાણતા, તે વાંચે પ્રાકૃત,
હું પંડિત ગીર્વાણનો, સદા વાંચું સંસ્કૃત. ૭૬
શું ઓછું છે સંસ્કૃતે ? પ્રાકૃત જોવા જાઉં !
મૂળ મૂકીને ડાળીએ, શા માટે અથડાઉં ? ૭૭
આવો ઉત્તર સાંભળી, કોપ્યા ન ગુરુદેવ,
શાંત ચિત્તે સ્નેહથી, બોલ્યા એ તતખેવ : ૭૮
"સંસ્કૃત હું જાણું છું, હું પંડિત મહાન,
એવું હૈયે વિચારવું, એ પણ છે અભિમાન. ૭૯
સંસ્કૃત સારું આવડે, એ મિથ્યાઅભિમાન,
ટાળવા માટે પણ તમે, વાંચો પ્રાકૃત આન." ૮૦
હૈયાના ઊંડાણથી, નીકળેલી આ વાણ,
સોંસરી પેસી ગઈ અહા ! વળામે-હૈયે જાણ. ૮૧
તુર્ત જ ત્યાં નિશ્ચય કર્યો, વળામેએ મન માંહ્ય,
હવે પાંચ વર્ષ સુધી, ન બોલું સંસ્કૃત ક્યાંય. ૮૨
ગ્રંથ પણ સંસ્કૃત તણો, વાંચીશ નહિ લગાર,
જાણ્યું પ્રાકૃતે પણ ભર્યો, નર્યો વેદ ભંડાર ! ૮૩
નિજ સંસ્કૃતના જ્ઞાનનું, ટાળ્યું હા ! અભિમાન,
એવી રીતે પાંડુને, ભણાવતા ભગવાન ! ૮૪
બહારથી પોતે કરે, સઘળો જગવ્યવહાર,
ભીતર સ્રોત વહી રહ્યો, સાધના કેરો અપાર ! ૮૫
રાત્રિના બે વાગતાં, દરરોજ જાગી જાય,
સ્નાનાદિક પરવારતાં, ધ્યાને બેસી જાય. ૮૬
આસન પ્રાણાયામ ને, નિયમ થકી વ્યાયામ,
નિત્ય મળસ્કે એ કરે, ત્યજી આળસ તમામ. ૮૭
દંડ-બેઠક ને વળી, મલખમ લાઠી તેમ,
સર્વ પ્રકારના પેંતરા, સાધ્ય કર્યા'તા એમ. ૮૮
અરુણોદય પહેલાં અહા ! પરવારી સહુ કામ,
થાયે રત અભ્યાસમાં, મિત્રો સાથે આમ. ૮૯
બહાર જગતને આ બધી, ખબર ન પડતી ક્યાંય,
પાંડુરંગની સાધના, ભીતરમાં જો થાય ! ૯૦
આસન-પ્રાણાયામ ને, નિત્ય કરે વ્યાયામ,
તોયે સ્વાસ્થ્ય ન આવતું, પાંડુરંગને ધામ ! ૯૧
વૈદ્ય અનુભવીને મળ્યા, સ્હેજે એક દિન જાણ,
કીધી સઘળી વાત ને, રંગ વદ્યા છે વાણ. ૯૨
"આસન પ્રાણાયામ ને, વળી કરું વ્યાયામ,
તોયે તબિયત માહરી, કેમ બગડતી આમ ?" ૯૩
વૈદ્ય કહે આસન અને, પ્રાણાયામની સાથ,
તમે કરો વ્યાયામ જે, એ તો વિપરીત વાત ! ૯૪
માટે તમે કાં તો કરો, આસનપ્રાણાયામ,
અથવા તો નિત્યે કરો, એકમેવ વ્યાયામ ! ૯૫
તે દિનથી છોડી દીધો, વળામેએ વ્યાયામ,
આસન-પ્રાણાયામમાં, ચોંટ્યું ચિત્ત તમામ. ૯૬
આસન સિદ્ધ એવાં કર્યાં, કલાકો લગી માન,
એક આસન પર અહા ! રહેતા સ્થિત તે ઠામ. ૯૭
ચાલે અંદર-બહારની, પ્રવૃત્તિ જો તે વાર,
દિવસો સર સર સરી રહ્યા, ના કોઈને અણસાર. ૯૮
અંતિમ વર્ષ અભ્યાસનું પાંડુરંગનું જાણ,
તે સમે ભારત ભૂમિ પર, મચી રહ્યું ઘમસાણ. ૯૯
આઝાદીની લડતના, મંડાયા શ્રીગણેશ,
માતૃભૂમિની મુક્તિનો, અપાયો'તો આદેશ ! ૧૦૦

લાલ-પાલ ને બાલની, ત્રિપુટીએ તે વાર,
ભારતના યુવકો વિષે, કર્યો પ્રાણસંચાર. ૧૦૧
"સ્વરાજ મારો જન્મનો, સિદ્ધ હક્ક છે" એ વાત,
લોકમાન્ય તિલકજીએ, કહી ગર્જી સાક્ષાત્. ૧૦૨
યૌવનશક્તિ દેશની, પડી હતી સુષુપ્ત,
તેમાં ફૂંકી પ્રાણને, કરી દીધી જાગૃત ! ૧૦૩
જલિયાંવાલા બાગનો, પ્રચંડ હત્યાકાંડ,
સુણતાં જાગ્યા દેશના, યુવાનો પાડી ત્રાડ ! ૧૦૪
રાજકીય ક્ષિતિજે હતો, અગન ભરેલો જેહ,
ઊઠ્યો ભભૂકી એકદમ, પ્રલયઅગ્નિ સમ તેહ ! ૧૦૫
એક સિતારો ચમકિયો, ગાંધી મહાત્મા નામ,
એના નેતૃત્વ નીચે, એક થયા સહુ આમ. ૧૦૬
રણશિંગાં રણયુદ્ધનાં, ફૂંકાયાં જોરદાર,
'મા' ની મુક્તિ કાજ સૌ, સજ્જ થયા તે વાર. ૧૦૭
અંગ્રેજની હકૂમતને, દીધો ત્યાં પડકાર,
સવિનય કાનૂન ભંગ ને, સાથે અસહકાર. ૧૦૮
યુવાનોને આપિયું, ગાંધીએ એલાન,
ત્યાગ કરી સરકારનો, કરી નાંખો હેરાન. ૧૦૯
ન્યાયખાતું ને વળી, શિક્ષણ-ખાતું એમ,
આંખો બે સરકારની, ફોડી નાંખો તેમ ! ૧૧૦
આંખો ફૂટતાં થઈ જશે, અંગ્રેજ સરકાર અંધ,
દઈ દેવા આઝાદી એ, કરશે તુરત પ્રબંધ. ૧૧૧
માટે મારા દેશના, યુવાન છાત્રો આમ,
સુણજો મારી વાત આ, રાખી હૈયે હામ. ૧૧૨
સરકારી શાળા અને, મહાશાળા તમામ,
છોડી દો આજે તમે, કરો દેશનું કામ. ૧૧૩
વળી વકીલો કોર્ટના, છોડી દો વકીલાત,
મુક્તિકાજે માતની, મારો એને લાત. ૧૧૪
ગાંધીની વાણી સૂણી, દેશદાઝથી ખાસ,
કંઈક યુવાનો જો તિહાં, છોડી દે અભ્યાસ ! ૧૧૫
આપણા પાંડુરંગ પણ, અભ્યાસે રત જેહ,
સુણી ગાંધી-વાણીને, મન વિચારે એહ. ૧૧૬
દેશ બધો ઘોરી રહ્યો, ઘોર ઊંઘમાં હાય !
તેની મુક્તિ કાજ હા ! કરવું જોઈએ કાર્ય. ૧૧૭
યૌવનની ખુમારી ને જ્વલંત દેશની દાઝ,
જલતી જે હૈયા મહીં, તેથી એમણે આજ; ૧૧૮
રાષ્ટ્રદેવના યજ્ઞની, જ્વલંત વેદી પર,
બલિદાન આપી અને, છોડ્યું નિજ ભણતર ! ૧૧૯
અલખ કહે સૂણ શિષ્ય તું, પાંડુરંગનો ત્યાગ,
નાનો-સૂનો ન હતો, હૈયે દાઝ અતાગ ! ૧૨૦
નાનકડો એક ભાઈ ને, વિધવા માતા ઘેર,
બન્નેના આધાર આ, હતા જાણ સુપેર. ૧૨૧
દેશદાઝના અગ્નિમાં, કુટુંબનો એ સ્નેહ,
બળી ખાખ થયો ખરે ! એમાં ન સંદેહ. ૧૨૨
વડોદરા કોલેજથી, નીકળ્યો છાત્ર આ એક,
અંતિમ વર્ષ અભ્યાસનું છોડી દીધું છેક ! ૧૨૩
દેશદાઝતણું અહા ! જ્વલંત આ દૃષ્ટાંત,
બીજે જોવા નહિ મળે, સાચું કહું નિતાંત. ૧૨૪
ભણવાનું છોડી દીધું, માતૃભૂમિને કાજ,
સેનાની મા ભોમના, બન્યા પાંડુ જો આજ ! ૧૨૫
સાદ વતનનો સૂણતાં, પહોંચી ગયા પંચમહાલ,
ઘુમવા લાગ્યા ગામડાં, આપ્યો પ્રજાને ખ્યાલ. ૧૨૬
ખૂંદી વળ્યા નિજ ભોમને, કીધાં રૂડાં કાજ,
જાગૃત જનતાને કરી, જન્મભૂમિની આજ. ૧૨૭
મામા ફડકે ને વળી, મારુતિભાઈ સાથ,
જનજાગૃતિને કારણે, કામ કર્યાં અથાગ. ૧૨૮
તે સમે ગાંધીજીએ અમદાવાદે એમ,
'ગુજરાત વિદ્યાપીઠ' ની કરી સ્થાપના તેમ. ૧૨૯
દેશદાઝથી સભર જે, છાત્રો ઉત્તમ જેહ,
દાખલ થયા ગુજરાતની વિદ્યાપીઠમાં તેહ. ૧૩૦
આપણા પાંડુરંગ પણ, વિદ્યાપીઠમાં એમ,
દાખલ થઈ પોતે થયા, અભ્યાસે રત તેમ. ૧૩૧
છાત્રાલયમાં ત્યાં રહ્યા, 'સ્વરાજ આશ્રમ' માંહ્ય,
વ્યાસ અંબાલાલ વળી, મોદી મળિયા ત્યાંય. ૧૩૨
ગોધરા ગામના વ્યાસ તો, બાળપણાના મિત્ર,
મોદી અમૃતલાલથી, નવી બંધાણી પ્રીત. ૧૩૩
નાનકડી એક ખોલીમાં, ત્રણે મિત્રો આમ,
સાથે રહી નિજ નિજ તણાં, હાથે કરતાં કામ. ૧૩૪

હાથે વાસણ માંજતા, હાથે કરતા રસોઈ !
હાથે ધોતા વસ્ત્ર ને હાથે કરતા સફાઈ ! ૧૩૫
સ્વાશ્રય થકી ત્યાં અહા ! બુનિયાદી શિક્ષણ,
ત્રણે મિત્રો સાથે રહી, મેળવતા તત્ક્ષણ. ૧૩૬
તે સમે છાત્રાલયે, છાત્રો સાથે ખાસ,
રહેવા લાગ્યા ગાંધીજી, દેવાને સહવાસ. ૧૩૭
તે પહેલાં શ્રીપાંડુને, ગાંધીજીની સાથ,
પ્રસંગવશાત્ થયો હતો, નિકટ પરિચય તાત ! ૧૩૮
પૂછે પ્રેમે અલખને, શિષ્ય નિરંજન એમ,
ગાંધીજીના સંબંધનો, કહો પ્રસંગ એ તેમ. ૧૩૯
અલખ કહે સૂણ શિષ્ય હે ! ધારી ઉર ઉમંગ,
કહું ગાંધીજી સાથનો, વળામેનો પ્રસંગ. ૧૪૦
પાંડુરંગ ભણતા હતા, જ્યારે વટપુર માંહ્ય,
ત્યારે એ કૉલેજના, થઈ પ્રતિનિધિ ત્યાંય. ૧૪૧
ગાંધીજીની એમણે, લીધી મુલાકાત,
બન્ને વચ્ચે ત્યાં અહા ! થઈ મઝાની વાત. ૧૪૨
પૂછ્યું ગાંધીએ 'તમે, ક્યાંથી આવો છો, આમ' !
"વડોદરાથી આવું છું, પી.વી. વળામે નામ." ૧૪૩
વડોદરા કૉલેજના, છાત્રો કેરો આમ,
છું હું પ્રતિનિધિ બાપુ હે, આવ્યો છું હું ઠામ. ૧૪૪
નીરખી નખથી શિખ સુધી, આ યુવાનને એમ,
આંખમાં આંખ પરોવીને, પૂછે બાપુ તેમઃ ૧૪૫
"વડોદરા કૉલેજના છાત્રતણા સૌ એમ,
પ્રતિનિધિ છો તમે અરે ! હું તે માનું કેમ ? ૧૪૬
માટે એની ખાતરી, કરી બતાવો આજ,
તો જ હું માની શકું, નહિ તો વ્યર્થ અવાજ. ૧૪૭
યુવા સહજ નિર્દોષતા, સરળતાથી એમ,
નિર્ભય સ્વરથી બોલિયા, પાંડુરંગ સપ્રેમઃ ૧૪૮
"શંકા બાપુ આપની, અસ્થાને છે અત્ર,
જ્યાં સુધી કોઈએ આપને, અહીં મારી વિરુદ્ધ, ૧૪૯
નથી કરી ફરિયાદ તો શાને શંકા સ્થાન ?
વિસ્ફારિત નેત્રો કરી, બોલ્યા આગળ વાણઃ ૧૫૦
"બાપુ વનના સિંહને, બનાવવા વનરાજ,
કોણે રાજ્યાભિષેક હા ! કર્યો, કહોને આજ ?" ૧૫૧
મંત્રમુગ્ધ થઈ ગયા, સૂણી બાપુ જવાબ,
એકીટશે જોઈ રહ્યા, પલભર એનો રૂઆબ ! ૧૫૨
ખડખડ હસી ઊભા થઈ, વાંસો થાબડે ધબ,
ધન્યવાદ આપ્યા અને, બોલ્યા બાપુ શબ્દઃ ૧૫૩
"આવા તેજસ્વી મળે, મને યદિ શત યુવાન,
તો સ્વરાજ છે હાથવેંતમાં, સાચું કહું હું જાણ." ૧૫૪
આમ પ્રથમ પરિચયે, ગાંધીજી પણ ત્યાંય,
નીરખી પાંડુરંગને, હરખ્યા હૈયા માંહ્ય. ૧૫૫
આમ સ્વરાજ આશ્રમ મહીં, ત્રણે મિત્રો સાથ,
બુનિયાદી તાલીમને લેતા'તા સાક્ષાત્. ૧૫૬
સૂતર રેંટિયો કાંતતા, હાથે વણેલાં વસ્ત્ર,
શુદ્ધ ખાદીનાં શુભ્ર એ, ધારણ કરે સમસ્ત. ૧૫૭
સાદું ભોજન ને વળી, સાદાં વસ્ત્ર પણ એમ,
ધારણ કરી સાદાઈથી, રહેતા સર્વે એમ. ૧૫૮
એમ વળામે પર ચઢ્યો દેશભક્તિનો રંગ,
ભીતર આધ્યાત્મિકતણું ઝરણું વહે અભંગ ! ૧૫૯
લીલાઓ આશ્રમ મહીં, નિત નિત નૌતમ થાય,
સુણતાં ભાવિક ભક્તની, ભવની ભીતિ જાય ! ૧૬૦

કથે બાલક શું રાંકડો ? રંગ પાર કો પાય !
ગુરુકૃપાથી સઘળું બને, મૂક બોલતો થાય ! ૧૬૧

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે દેશભક્ત્યાદિગુણકથનં નામ નવમોઽધ્યાયઃ ॥૯॥ દોહરા ૧૬૧ ॥

## અધ્યાય : ૧૦

અલખ કહે અવધૂતની, લીલા અગમ્ય એહ,
સૂણતાં ગાતાં થાય જો, ભક્તો નિઃસંદેહ ! ૧
સૂણ નિરંજન એક દિન, પાંડુરંગ તે વાર,
રણછોડજીનાં દર્શને, ગયા ડાકોરદ્વાર. ૨
દર્શન કરી તિહાં પછી, આવ્યા અમદાવાદ,
ત્યાં તો મળિયા ગાંધીજી, થયો અજબ સંવાદ. ૩
ગાંધીજીએ પૂછીયું, અરે વળામે ! આમ,
હમણાં ક્યાંથી આવીયા ? શું ચાલે છે કામ ? ૪

વધ્યા વળામે વિનયથી, બાપુ હમણાં અઘ,
દર્શન કરી ડાકોરથી, ચાલ્યો આવ્યો સદ્ય ! ૫
મર્માળું કરી હાસ્ય ને, પૂછે બાપુ ફરીવાર,
અરે ! ડાકોરમાં જોઈ તમે, ગંદકી અપરંપાર ! ૬
વિપ્રોની લોલુપતા, કેવો આપે ત્રાસ?
ભક્તોની શ્રદ્ધાતણો, કેવો થાયે હ્રાસ! ૭
ઊંચી ડોક કરી અને, મુખ પર ભાવ ગંભીર,
પાંડુરંગ ત્યાં બાપુને, આપે ઉત્તર ધીરઃ ૮
“બાપુ ! હું ડાકોરની ગંદકી જોવા કાજ,
ન’તો ગયો ડાકોરમાં, સાચું કહું છું આજ. ૯
ગયો હતો ડાકોર હું, પ્રભુદર્શનને કાજ,
નીરખવા નયનો થકી, રણછોડરાય મહારાજ ! ૧૦
નયન મનોહર મૂર્તિ એ, નીરખી-નીરખી એમ,
ભાવ-વિભોર બની ગયાં, છલક્યાં નયનો તેમ ! ૧૧
દર્શન કરવા ગયો હતો, તેથી મુજને ત્યાંય,
રણછોડરાય વિણ આન, દેખાયું ના ક્યાંય ! ૧૨
મનમોહની મૂર્તિ એ, મુજ મનચક્ષુ માંહ્ય,
એવી તે સમાઈ કે, બીજું ન જોયું ક્યાંય ! ૧૩
ડાકોરની એ ગંદકી, બ્રાહ્મણોનો વા લોભ,
ના દેખાયાં મને કદી, મારે શેનો ક્ષોભ ? ૧૪
ઉત્તર એવો સાંભળી, બાપુ થયા પ્રસન્ન,
થયા પ્રભાવિત અતિ અને, આપ્યાં અભિનંદન. ૧૫
અલખ નિરંજનને કહે, સાંભળ શિષ્ય પવિત્ર,
પાંડુરંગે અહીં અહા ! કહ્યું સત્ય એક ચિત્ર ! ૧૬
જે સમયે જે કામ હા ! કરવું હોયે સિદ્ધ,
તે સમયે તે કામમાં, મન કરવું કેન્દ્રિત. ૧૭
તો જ મળે છે સફળતા નહિ તો ઈત-ઉત આમ,
મનને જો ભટકાવ્યું તો, વણસી જાશે કામ ! ૧૮
યાત્રાએ જાનારને, તીર્થતણા જે દેવ,
તેમાં મન પરોવવું, તો જ ફળે તતખેવ. ૧૯
નથી આવ્યા અહીં તીર્થમાં, ગંદકી જોવા આજ,
લોલુપતા વા વિપ્રની દોષો જોવા કાજ. ૨૦
દોષદષ્ટિ સારી નથી, એવું નક્કર સત્ય,
પાંડુરંગે સર્વને બોધ્યું કરતાં કૃત્ય. ૨૧

તે સમે ગાંધીજીએ, પોતાના વિચાર,
સત્ય અને અહિંસા વિષે, કરવા કાજ પ્રચાર; ૨૨
સામયિક સ્થાપ્યું હતું, નામે ‘નવજીવન’,
જેમાં ગાંધી-વિચારનું, પ્રગટ થતું દર્શન. ૨૩
દેશભક્ત ને ત્યાગી હા ! જે સ્વામીઆનંદ,
‘નવજીવન’નો તે સમે, કરતા હતા પ્રબંધ. ૨૪
વળામેની વાણીથી, થઈ પ્રભાવિત આમ,
ગાંધીજી ખુદ એમને, લઈ આવ્યા આ ઠામ. ૨૫
આમ સ્વામીઆનંદની, સાથે કરવા કામ,
પાંડુરંગને તક મળી, હૈયે હરખ્યા આમ. ૨૬
લેખન, લેખસુધારણા, કરતા તદ્ઉપરાંત,
નકલો ‘નવજીવન’ તણી, ફેરિયાઓને નિતાંત; ૨૭
જેટલી માંગે તેટલી, ગણી આપવી એમ,
અને તેટલા પૈસા, ગણી લેવા પણ તેમ. ૨૮
ફેરિયાઓ પર એમણે, મૂકીને વિશ્વાસ,
કહે “તમારે જેટલી, જોઈએ તેટલી ખાસ” ૨૯
નકલો લઈ જાઓ ગણી, એના પૈસા જેહ,
થાય તે મૂકો ગણી, બાજુ પર અહીં એહ. ૩૦
આવો નિત્ય ચાલતો, વિશ્વાસે વ્યવહાર,
નકલ કે પૈસા કદી, ખૂટે ના કો’વાર ! ૩૧
એક દિવસે સ્વામીએ, પૂછ્યું, વળામે ! કેમ ?
પૈસા ને નકલોતણો, હિસાબ બરાબર એમ ! ૩૨
રાખો છોને ? કે કદી, ઓછી વધતી થાય,
જોજે ફેરિયાઓ તને, છેતરીને ન જાય ! ૩૩
પાંડુરંગ કહે હું કદી, મારી જાતે એમ,
નથી ગણીને આપતો, કે પૈસા લેતો તેમ ! ૩૪
ફેરિયાઓ જ અહીં બધું, લઈને આપી જાય,
પૈસા કે નકલો અરે ! કદી ન ખૂટી આંહ્ય. ૩૫
સૂણતાં સ્વામી ચમકિયા, વધ્યા હલાવી ડોક,
અરે આમ કરીશ તો, મૂકવી પડશે પોક ! ૩૬
તારે ગણીને આપવી, ગણીને લેવી ખાસ,
જોજે હવેથી મૂકતો, ફેરિયા પર વિશ્વાસ ! ૩૭
ફેરિયાના વિશ્વાસ પર, ન ચાલે વ્યવહાર,
પૈસાનું આ કામ છે, કોદિ’ ખવાડે માર ! ૩૮

માટે કાલથી તાહરે, સ્વયં ગણીને આમ,
આપવું-લેવું આ બધું, જાતે કરવું કામ. ૩૯
પાંડુરંગ પૂછીને રહ્યા, પામીને આશ્ચર્ય,
"શું કહો છો આપ હા ! સમજું ના ગુરુવર્ય! " ૪૦
સત્ય અને અહિંસાતણી, ગાંધી-વિચારધાર
'નવજીવન' દ્વારા અરે ! કરવાની છે પ્રચાર ! ૪૧
એ જ 'નવજીવન' તણા, કાર્યાલયમાં એમ,
અવિશ્વાસે અન્યોન્યને, જોવાય કહો કેમ ? ૪૨
સત્ય કેરું પ્રતિપાદન, જે છાપું કરનાર,
'નવજીવન' એ છાપુનો, અરે એક વેચનાર ! ૪૩
અસત્યનું આચરણ કરે, એવો ક્ષુદ્ર વિચાર,
કરવો એ પણ કેટલું, છે બેહુદું આ વાર ?! ૪૪
ધીમે સ્વરે સમજાવતાં, બોલ્યાં સ્વામી એમ,
"અરે ! જગત સીધું નથી, તું માને છે તેમ"! ૪૫
આ સંસ્થાના કામમાં, રાખવી પડે ચોકસાઈ,
વિશ્વાસે તો વહાણ અહીં, ડૂબી જાશે ભાઈ ! ૪૬
પાંડુરંગ કહે તો પછી, સત્યતણો પયગામ,
વણવિશ્વાસે શી રીતે, પહોંચાડીશું આમ ? ૪૭
અરધી રાતના ઠંડીમાં, ધ્રૂજતા આવી જાય !
નકલો 'નવજીવન' તણી, મેળવવાને આંહ્ય ! ૪૮
રાહ જોતા તપ ધરી, બેસી રહેતા જેહ,
એવા મહેનતકશ અને નિર્દોષ ફેરિયા એહ. ૪૯
એમાં નહિ મૂકીએ અરે ! જો આપણે વિશ્વાસ,
તો સત્યતણા પયગામનો, જરૂર થાશે હ્રાસ ! ૫૦
પગ તોડીને જે અરે ! વેચે 'નવજીવન',
તેને જો ના થાય અહીં, સત્યતણું દર્શન ! ૫૧
સંચાલક, પ્રચારક, ને પ્રસારનાં સાધન,
પ્રત્યે જો વિશ્વાસ ના, હોય તો વ્યર્થ પ્રયત્ન ! ૫૨
કોણ ઝીલશે તો પછી, સત્યતણો પ્રકાશ,
માટે રાખવો જો ઘટે, ફેરિયા પર વિશ્વાસ ! ૫૩
વણવિશ્વાસે આપણે, થાવું પડશે નિરાશ,
સ્વામી કહે તારી અહીં, દલીલ સાચી હાશ. ૫૪
પ્રશંસનીય તુજ વાત ને, છે અતિ ઉત્તમ,
પણ કોઈ ફિરશ્તા કાજ એ, છે એ સુંદરતમ ! ૫૫

જગને માટે એ નથી, જગને માટે જાણ,
કહેવાનું કંઈ ઓર ને, કરવાનું કંઈ આન ! ૫૬
વાત સૂણી સ્વામીતણી, વિમાસે પાંડુરંગ,
અરે ! આ તો બદલે બધા, કાંચીડા શા રંગ ! ૫૭
મનમાં કંઈ ને બહાર કંઈ, આ તો વિચિત્ર વાત,
વાણી વર્તન બે જુદાં, એ તો લાવે ઘાત ! ૫૮
પાંડુરંગના અંતરે, ધખતી ધૂણી જેહ,
સત્યતણા પયગામની, પ્રજળી ઊઠી તેહ. ૫૯
જેના પાયામાં પૂર્યા, અસત્ય, અવિશ્વાસ,
ચણતર તે પર સત્યનું, કેમ ટકે રે ખાસ ? ! ૬૦
સત્ય અને અહિંસા તણી, ચાદર ઓઢી આમ,
ખેંચી લેવા લાભ સૌ, એ તો કામ હરામ ! ૬૧
પાંડુરંગને ન ગમ્યું, કરવાનું અહીં કામ,
તેથી વિનમ્ર ભાવથી, તરત છોડ્યું એ ઠામ ! ૬૨
'નવજીવન'માં જે બન્યું, તે સત્યતણું દર્શન,
દુનિયાને કરાવવા, પોતે વિચાર્યું મન. ૬૩
ચીરી પડદો દંભનો, બતાવવાને સત્ય,
'ન્યાયદર્શક' છાપા મહીં, લખવા લાગ્યા લેખ્ય. ૬૪
'ભાંગનો લોટો' નામથી, વ્યંગ કરતી કટાર,
ભભકતી ભાષા મહીં, લખવા લાગ્યા સાર. ૬૫
મોટા ચમરબંધીઓ, ભાષણમાં હુશિયાર,
વાંચી 'લોટો ભાંગનો' દિલે ઊઠી ચિત્કાર ! ૬૬
કહેવાનું કશું અને, કરવાનું કંઈ આન,
વાણીશૂરા, દંભીઓ ! ખૂબ થયા હેરાન. ૬૭
કોણ લખે છે રે ! અરે ! 'ભાંગનો લોટો' આંહ્ય,
પકડી પાડો એહને, તોડો પગ ને બાંહ્ય ! ૬૮
પણ કો' પકડે એહને, જેને સત્ય સહાય,
નિર્ભય છે જે સત્યપર, તે ભયહીન સદાય. ૬૯
વામનરાવ મુકાદમ, ગાંધીવિચારક જેહ,
ભટક્યા ગામડે ગામડે, તેમની સાથે એહ. ૭૦
એવા કોક પ્રચારકો, ગાંધીવિચારધાર,
પ્રચારના ઓઠા નીચે, પોષે દંભ અપાર. ૭૧
પત્રકારત્વમાં વળી, પ્રચારકોમાં તેમ,
કેવું જૂઠ ચાલી રહ્યું, જુએ પાંડુ કેમ ! ૭૨

કાળજું પાંડુરંગનું કોરાયું બહુ પેર,
દંભે દાટ જ વાળિયો, ચારે કોર સુપેર ! ૭૩
તેથી પાંડુરંગના અંતરમાં વૈરાગ,
સુપ્ત અવસ્થામાં હતો, થયો તુર્ત સજાગ. ૭૪
માન્યું શિક્ષણક્ષેત્રમાં, નથી પ્રવેશ્યો દંભ,
શિક્ષક થઈ છાત્રોતણી, સેવા કરું અદંભ ! ૭૫
તે સમે ગુજરાતમાં વિદ્યાપીઠ પશ્ચાત્,
રાષ્ટ્રિય વિદ્યાની ખૂલી, શાળાઓ બહુ તાત ! ૭૬
અમદાવાદ વિષે થયું, નામ વિનય મંદિર,
તે શાળામાં પાંડુરંગ, જોડાય રાષ્ટ્રહીર ! ૭૭
શિક્ષક સંસ્કૃતના બન્યા, પાંડુરંગ ત્યાં આમ,
'છાત્ર-દેવો ભવ' લહી, કરવા લાગ્યા કામ ! ૭૮
અલખ નિરંજનને કહે, વાત કહું એક ખાસ,
અહિંયા પાંડુરંગનો, આધ્યાત્મિક પ્રવાસ, ૭૯
આગળ ખૂબ વધી ગયો, સફળ થયો પ્રયાસ,
મળ્યો ચિંતન-પ્રવાહને, વહેવાનો અવકાશ. ૮૦
મધરાતે બે વાગતાં, કરે પથારી ત્યાગ,
સ્નાન, ધ્યાન ને ધારણા, કરવા લાગ્યા અથાગ ! ૮૧
સંસ્કૃતના શિક્ષક અને, સંસ્કૃત પર બહુ પ્રીત,
તેથી ભણાવવાતણી, શોધી નવી રીત ! ૮૨
એ નોંધો ભેગી કરી, આપ્યો પુસ્તકવેશ,
એમ છાત્રોને મળ્યું, 'ગીવાર્ણભાષાપ્રવેશ' ! ૮૩
રાષ્ટ્રિય શાળાઓ મહીં, સંસ્કૃત વિષયે એહ,
પાઠ્યપુસ્તકના રૂપે, ચાલવા લાગી તેહ ! ૮૪
તે સમે સંસ્કૃતના, પંડિતવર્યો જેહ,
આ પુસ્તિકા જોઈને, મુગ્ધ બન્યા'તા તેહ. ૮૫
પાંડુરંગના અંતરે, જલતા ત્યાગનો અંગાર,
નીચે પંક્તિમાં તેહનો, થયો છે આવિષ્કાર. ૮૬
सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते, इति मूर्खाः वदन्ति ।
सर्वे गुणाः शीलमाश्रयन्ते, इति बुधाः वदन्ति ।।
આવી અનેક પંક્તિઓ, આ પુસ્તિકા માંહ્ય,
રત્નસમી ચળકી રહી, જોતાં હૃદય હરખાય. ૮૭
તે સમે ગુજરાતની વિદ્યાપીઠના આમ,
મહામાત્ર પોતે હતા, કિશોરલાલ સુનામ. ૮૮

મશરૂવાળા એમનું, હતું જાણ ઉપનામ,
સંસ્કૃતના વિદ્વાન એ, હતું અતિ ખ્યાત નામ. ૮૯
શંકાઓ કંઈ તેમણે આ પુસ્તિકા ઉપર,
કરી હતી, તેનો અહા ! આપ્યો પ્રત્યુત્તર. ૯૦
પાંડુરંગે પ્રેમથી તે કાળે વરદેહ,
સમાધાન શંકાતણું કરીયું નિઃસંદેહ ! ૯૧
રાષ્ટ્રીય શાળાની મહીં શિક્ષક તરીકે આમ,
પ્રીતિ મેળવી છાત્રની કરિયાં રૂડાં કામ ! ૯૨
એક દિ' શાળામહીં કરવા નિરીક્ષણ,
નિરીક્ષક સાહેબ જે, પધાર્યા'તા તત્ક્ષણ. ૯૩
મહામાત્ર સાથે હતા વળી હતા આચાર્ય;
વર્ગે વર્ગે ફરી રહ્યા, થાએ કેવું કાર્ય ? ૯૪
ફરતા-ફરતા આવીયા જિહાં વળામેવર્ગ,
આશ્ચર્ય વિલોકે તિહાં ગુરુ વગર એ વર્ગ ! ૯૫
છાત્રો શાન્તમને બધા કરે નિજ નિજ વાચન,
શિસ્તબદ્ધ ને સ્વસ્થ સૌ, જરાયે નહિ ગુંજન ! ૯૬
છાત્રો સ્વચ્છ સુઘડ અને નિજ અભ્યાસે રત !
નીરવ શાન્ત આ વર્ગનું જોઈ આવું શિસ્ત. ૯૭
પૂછે આચાર્યને ત્યાં નિરીક્ષક થઈને મુગ્ધ,
ગયા ક્યાં આ વર્ગના શિક્ષક ? કહો પ્રબુદ્ધ ! ૯૮
રામશંકર નામ હતું આચાર્યતણું જાણ,
ગયા ભોજન કાજ એ, વદે આચાર્ય વાણ ! ૯૯
નિરીક્ષક આશ્ચર્યથી પહોળાં કરી મુખ-આંખ,
બોલ્યા વહેલા આટલા સવારમાં શું દ્રાક્ ! ૧૦૦
હશે કોઈ જમતું અરે ! આ તો અતિ વિચિત્ર,
તે પણ છોડી વર્ગને ચાલુ વર્ગે ચિત્ર ! ૧૦૧
એમ કહી નિરીક્ષકે વર્ગમાં કર્યો પ્રવેશ,
ત્યાં તો છાત્રો વિનયથી ડર્યા વિના લવલેશ ! ૧૦૨
સ્વસ્થાને ઊભા થઈ કર્યા નમસ્તે એમ,
શિક્ષકની ગેરહાજરી જરા ન સાલી તેમ ! ૧૦૩
મૂક ભાવે નિરીક્ષણ કરી નીકળ્યા એ બહાર,
શિસ્ત-વિનય નીરખી તિહાં, મન હરખ્યા અપાર ! ૧૦૪
પૂછ્યું શ્રીઆચાર્યને ચાલુ વર્ગે એમ,
એ શિક્ષકને જવાતણી છુટ્ટી આપો કેમ ? ૧૦૫

કહે આચાર્યશ્રી એમને રોક્યા પહેલાં આમ,
આ જ શરતથી એ થયા કબૂલ કરવા કામ ! ૧૦૬
ત્યાં તો આવી પહોંચીયા સ્વયં વળામે ત્યાંય,
જમી-કરીને આવતા સ્વસ્થ ચિત્તે જ્યાંય. ૧૦૭
જોઈ વળામે આવતા આચાર્ય મુખે મલકાય !
લ્યો સાહેબ, આવી ગયા વળામે શ્રીવરકાય ! ૧૦૮
જોઈ પાંડુરંગને પૂછે નિરીક્ષક ત્યાં,
આટલા વહેલા ભૂખથી વ્યાકુળ થયા છો ક્યાં ?! ૧૦૯
પાંડુરંગ કહે ના રે ના ! વહેલી કેમ કહેવાય ?
કલાક એક મોડો જમું તમ સૌ કરતાં આંહ્ય ! ૧૧૦
તમ સૌનો સૂરજ ઊગે છ વાગે જ્યાંય,
તેથી અગિયાર વાગતાં ભૂખ લાગે ત્યાંય ! ૧૧૧
સર્વ લોક ઊઠ્યા પછી પાંચ કલાકે આમ,
કરતાં ભોજન નિત્ય જો જાણો આપ તમામ. ૧૧૨
મારો સૂરજ રોજ જો ! બે વાગતાં ઊગતો !
તેથી આઠ જ વાગતાં દરરોજ હું જમતો ! ૧૧૩
આમ તમારા સૌ થકી દરરોજ એક કલાક,
મોડો જમું છું કે નહિ ? આપ જ કહોને દ્રાક્ ! ૧૧૪
ખડખડાટ હસી પડ્યા નિરીક્ષક સહ સર્વ,
વાણી ને વ્યક્તિત્વથી થયા પ્રભાવિત ખર્વ ! ૧૧૫
વધ્યા વળામે વિનયથી સાહેબ, આપ તમામ,
ચાલો મુજ વર્ગે અને કરો નિરીક્ષણ આમ. ૧૧૬
જ્યારે શિક્ષક વર્ગમાં જો હાજર ના હોય,
ત્યારે જ સાચું નિરીક્ષણ, સાચું કહું છું, થાય ! ૧૧૭
આજ પધારી વર્ગમાં મારું શિક્ષણ - કાર્ય,
આપ નિહાળો ને મને દો સૂચન અનિવાર્ય ! ૧૧૮
હસતા હસતા તે બધા ત્યાંથી તેણી વાર,
શાળા છોડીને ગયા પામી હર્ષ અપાર. ૧૧૯
અલખ કહે સૂણ શિષ્ય હે ! અનન્યભાવે આમ,
નિષ્ઠા પ્રભુ પર રાખતાં તેનાં સઘળાં કામ ૧૨૦
થાય પ્રભુ પ્રસાદથી, ક્ષણે ન લાગે વાર,
શ્રદ્ધાળુને પળે પળે થાયે ચમત્કાર ! ૧૨૧
'યોગક્ષેમં વહામ્યહમ્' ! પ્રભુનું અભય વચન,
શ્રદ્ધાળુને ક્ષણે ક્ષણે થાયે છે દર્શન ! ૧૨૨
શાળાના નિરીક્ષણદિને વર્ગ છોડીને આમ,
જમવા માટે જાય જે ધનધન તેની હામ ! ૧૨૩
અનન્યનિષ્ઠા હોય જો ઈશ પરત્વે આમ,
તેનામાં જ હોઈ શકે આવી જબરી હામ ! ૧૨૪
સાંભળ આગળ કહું તને બીજો એક પ્રસંગ,
રાષ્ટ્રીય શાળામાં હતા જ્યારે પાંડુરંગ; ૧૨૫
ત્યારે ગુરુવારે કરે કાયમ એ ઉપવાસ,
અન્નાદિક કંઈ લે નહિ માત્ર બપોરે ખાસ, ૧૨૬
પેંડા પાશેર-દોઢ એ એક છાત્રની પાસ,
મંગાવીને ખાઈ લે કાયમ યદિ ઉપવાસ ! ૧૨૭
નક્કી કરેલો છાત્ર ને નક્કી કરેલી દુકાન,
નક્કી કરેલ વજનમાં કાયમ લાવે જાણ ! ૧૨૮
એક રૂપિયો આપે ને પેંડા દોઢ પાશેર !
મંગાવે ને જે વધે પરચુરણ તે પેર. ૧૨૯
જે આવે તે વણગણ્યે નાખે ખિસ્સા માંહ્ય,
ભાવ-તોલ કદી છાત્રને ન પૂછે એ ક્યાંય ! ૧૩૦
વળામેસાહેબની આવી સરળતા જોઈ,
વૃત્તિ એ વિદ્યાર્થીની બગડી ખોટી હોઈ ! ૧૩૧
પેંડા ઓછા લાવે ને પરચુરણમાં વણહક,
આનો - બે આના અરે કાઢી લે બેધડક ! ૧૩૨
કોઈ દિન પેંડા છ અને કોઈ દિન આવે ચાર,
તોયે પાંડુરંગ હા ! કરે ન એ વિચાર ! ૧૩૩
જેટલા પેંડા છાત્ર એ લાવે, પોતે ખાય,
પરચુરણ પણ વિણ ગણ્યે ખિસ્સે પધરાઈ જાય ! ૧૩૪
ઓછા-વધતાનો અરે કદી કરે ન પ્રશ્ન,
તેથી એ વિદ્યાર્થીને મઝા પડી ગઈ કૃત્સ્ન ! ૧૩૫
એમ વખત કંઈ ગયો અને આવી એ શુભ ક્ષણ,
પેલા વિદ્યાર્થીતણું ડંખ્યું અંતઃકરણ ! ૧૩૬
અરે ! અરે ! મેં આ કર્યું કેવું અવળું કામ ?
શિક્ષક સજ્જન સરળ આ છેતર્યા જે નિષ્કામ ! ૧૩૭
આપ્યું જે તે લઈ લીધું રાખીને વિશ્વાસ,
મુજ પરના વિશ્વાસનો કેવો કર્યો મેં હ્રાસ ! ૧૩૮
મેં પાપીએ છેતર્યા મારા ગુરુને હાય !
ચેન પડે ના ક્યાંય ને દિલડું ખૂબ મૂંઝાય ! ૧૩૯

તેથી એક દિન દોડતો પાંડુરંગની પાસ,
આવી પકડી ચરણ ને બેઠો મુખ ઉદાસ ! ૧૪૦
ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યો નયન વહે જલધાર,
ક્ષમા કરો સાહેબ હે ! હું છું પાપી અપાર. ૧૪૧
આજ સુધી મેં આપનો કર્યો મહદ્ અપરાધ !
દિલ મારું ડંખી રહ્યું દંડ કરો એકાધ ! ૧૪૨
એમ કહીને ચરણમાં પાંડુરંગના ત્યાંય,
માથું મૂકી રડી રહ્યો પશ્ચાત્તાપે હાય ! ૧૪૩
ખૂબ રડ્યો એ છોકરો રડવા દીધો આમ,
ધીમે ધીમે રુદન એ હળવું થયું એ ઠામ. ૧૪૪
ત્યારે એને પ્રેમથી પૂછે પાંડુરંગ !
શાને ભાઈ રડી રહ્યો આટલું બધું અભંગ ? ૧૪૫
સ્વસ્થ થા અને કહે મને શું છે તારું દુઃખ ?
પાણી પીને શાન્ત થા લૂછ તુજ અશ્રુમુખ. ૧૪૬
એમ કહી એ છાત્રના વાંસા પર નિજ હાથ,
ધીમે ધીમે ફેરવી પંપાળ્યો, દઈ સાથ ! ૧૪૭
સ્વસ્થ થયો એ બાળ કંઈ ત્યારે પૂછે એમઃ
અરે ભાઈ તું આટલું રુદન કરે છે કેમ ? ૧૪૮
નિઃસંકોચે તું કહે તારી વિગતે વાત,
શેં કારણ તુજને કહે થયો આ જ ઉત્પાત ? ૧૪૯
ધીમે ધીમે બાળ એ ડુસકાં ભરતો એમ,
બોલ્યો આંસુ સારતાં અરે ! કહું હું કેમ ? ૧૫૦
કહેતાં જીભ અચકાય છે, દુઃખ થાય અપાર,
સાહેબ તમારો ચોર હું મેં ચોરી કરી અપાર ! ૧૫૧
મુજ પાસે મંગાવતા પેંડા વારંવાર,
હું અપરાધી ચોરટો ચોરી કરતો સાર ! ૧૫૨
પેંડા ઓછા લાવતો વળી ખાતો કોઈ વાર,
આપે એ વધ-ઘટતણો કદી ન કર્યો વિચાર ! ૧૫૩
પરચુરણમાંથી વળી આનો-બે ્આના આમ,
કાયમ હું ઉઠાવતો ધારી હૈયે હામ ! ૧૫૪
આપ કદી ગણતા નહિ રાખીને વિશ્વાસ,
દુષ્ટ હા ઘાતી બન્યો, બળું પાપથી ખાસ ! ૧૫૫
માફ કરો મુજને પ્રભુ ! મને બચાવો આજ,
હવેથી હું કોઈ દિ' કરું ન આવું કાજ ! ૧૫૬

આમ કહી એ છોકરો કરવા લાગ્યો રુદન,
પ્રેમે પાંડુરંગ ત્યાં બોલે જો મુદિત મન ! ૧૫૭
છાનો રહે ઓ બાળ તું, મા કર હવે રુદન,
પ્રથમથી જ તેં કેમ ના વિચાર્યું આવું મન ? ૧૫૮
મુજને ભણાવનાર જે મુજથી બુદ્ધિમાંય,
કંઈક વધારે તો હશે, સમજી જાશે ત્યાંય ! ૧૫૯
કાયમ એ જ વજનના કાયમ એજ દુકાન,
તોયે કોઈ દિન પાંચ ને કોઈ દિન આવે ત્રણ ! ૧૬૦
શિક્ષકમાં અરે એટલી શું સમજણ નહિ હોય ?
કે ઓછા-વધતા માપનો ખ્યાલ ન આવે ક્યાંય ! ૧૬૧
પણ હું તો જોતો હતો નાટક તારું તમામ !
મેં તો મારા મનને સમજાવ્યું'તું ્આમ ! ૧૬૧
કે ધક્કો ખાનારને મહેનતાણું કંઈ આમ,
આપવું જોઈએ માહરે મફત ન લેવું કામ ! ૧૬૨
કિન્તુ મારા આપવા પૂર્વે તું તો આમ,
લેવા લાગ્યો જાતથી તુંજ ધક્કાના દામ ! ૧૬૩
એટલે તો મેં ના કદી કહ્યું તને કે થોભ,
લે એકાદુ પેંડો ખા જરા ન રાખીશ ક્ષોભ ! ૧૬૪
તું ચોરીને ખાય છે એવો ક્ષુદ્ર વિચાર,
મારા મનમાં કોઈ દિ' આવ્યો નથી લગાર ! ૧૬૫
માટે મારા મન વિષે જરા ન મળે દુઃખ,
તું તેથી આનંદથી હસતું કરને મુખ ! ૧૬૭
મધુરા શબ્દો સાંભળી પાંડુરંગના આમ,
તે વિદ્યાર્થી બોલિયો ધારી હૈયે હામઃ ૧૬૮
"હૈયું મુજ ડંખી રહ્યું ચેન ન પડે લગાર,
મુક્ત કરો સાહેબ મને હૈયે ફરે કટાર !" ૧૬૯
એના વાંસા પર અહા ! ફેરવતાં નિજ હાથ,
પ્રેમમધુરા વચનથી બોલ્યા સદ્ગુરુ નાથઃ ૧૭૦
સાંભળ આ જગમાં નથી એકેય એવું પાપ,
બળી ભસ્મ જે થાય ના કરતાં પશ્ચાત્તાપ ! ૧૭૧
પસ્તાવાનું પુનિત આ ઝરણું વહેતું જાય !
તેમાં ડૂબકી દઈ અને પાપી પાવન થાય ! ૧૭૨
તુજને બચાવનાર હા ! હું કે બીજો કોણ ?
તારે તારી જાતને બચાવવાની જાણ ! ૧૭૩

તું છે તારો મિત્ર ને શત્રુ તારો પણ તું જ !
સજાગ રાખી જાતને દુઃખ તાહરું બૂજ ! ૧૭૪

પસ્તાવાનાં આસું હા ! વહાવ્યાં તેં જે જાણ,
તેમાં તારાં પાપ સૌ ધોવાયાં તું માન ! ૧૭૫

મેં તો તારો કોઈ દિ' દીઠો નથી અપરાધ,
પછી માફ કરવા તણી ક્યાં રહેતી કો વાત ? ૧૭૬

તારા એ અપરાધની તારી આ કબુલાત,
તુજને મુક્ત કરી અને દે છે સુખ સાક્ષાત્ ! ૧૭૭

માટે તું તો મુક્ત છે જા મોજ કર મસ્ત,
સરળ હૃદયનો થઈ સદા રહેજે જગમાં સ્વસ્થ ! ૧૭૮

આમ કહી તે છાત્રને આપી બહુ સાંત્વન,
સાચો રાહ બતાવીને બનાવ્યો નિર્મળ મન ! ૧૭૯

સુણ નિરંજન બાળ તું બોલ્યા અલખ દયાળ,
પાંડુરંગની વૃત્તિનો હતો કસોટી કાળ ! ૧૮૦

છાત્રતણી ચોરી બધી જાણતા હતા તોય,
પાંડુરંગની વૃત્તિમાં ફેર ન પડિયો ક્યાંય ! ૧૮૧

દેવું જોઈએ માહરે એને મહેનતાણું,
એવે વિચારે ક્રોધ ન થાવા દીધો અણુ ! ૧૮૨

પથિક સાધનાપંથનો તેને માટે બોધ
આપે છે આ પ્રસંગ કે ન કરવો કદી ક્રોધ ! ૧૮૩

આવીને આવેશમાં મનોવૃત્તિને એમ,
ન ચળવા દેવી કદી પ્રભુપથ પરથી તેમ. ૧૮૪

એવી એવી ગુણલીલા કરતા વળામે ખૂબ,
સમુંદર શા ગુણાબ્ધિમાં 'બાળક' ગળાડૂબ ! ૧૮૫

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રી રંગલીલામૃતે
અલખનિરંજનસંવાદે શિક્ષકલીલાવર્ણનં નામ દશમોડધ્યાયઃ ॥ ૧૦ ॥ દોહરા ૧૮૫ ॥

## અધ્યાય : ૧૧

અલખ નિરંજનને કહે, સદ્‌ગુરુ કથા રસાળ,
સુણતાં-ગાતાં ભક્તને, નડે ન આ કળિકાળ ! ૧

સ્વરાજ આશ્રમમાં રહી, મિત્રો સાથે એમ,
પાંડુરંગ આગળ વધે, સાધના-પંથે તેમ. ૨

તે સમે ગાંધીજીએ, પારખી દેશની નાડ,
સર્વ અનર્થનું મૂળ છે, દારૂ-દૈત્ય કરાળ ! ૩

અંગ્રેજોના રાજ્યમાં, શહેર કે ગામડાં માંહ્ય,
ઠેર ઠેર દારૂ તણાં, પીઠાં ઊઘડ્યે જાય ! ૪

મદ્યપાનથી માનવી, બની જાય હેવાન !
તનમનધનનો નાશ એ, કરે ભૂલીને ભાન ! ૫

દાનવ-દારૂએ કર્યો, દેશ બધો બરબાદ !
એનો નાશ કર્યા વિના, થવાય ન આબાદ. ૬

માટે પીઠાં દારૂનાં, યદિ બંધ કરી દેવાય,
દારૂકેરા દૈત્યથી, તો જ દેશ બચાવાય. ૭

પરવાનો લઈ રાજ્યનો, વેચે દારૂ જેહ,
તેને બંધ કરાવવું, અશક્ય નિઃસંદેહ. ૮

તેથી શોધ્યું ગાંધીએ, દારૂ પીવા જાય,
જે જે દેશી બાંધવો, તેને અટકાવાય ! ૯

તો દારૂ પીવા, પછી આમ ન જો કો જાય,
વણઘરાકે એ પીઠાં, સ્વયં બંધ થઈ જાય. ૧૦

એમ વિચારી ગાંધીએ, આપ્યું એ એલાન,
'અટકાવો દારૂ પીતાં', જાગો હે ! યુવાન ! ૧૧

દારૂના પીઠે જઈ, ઊભા રહી તે ઠામ,
દારૂ પીવા જનારને, સમજાવો કંઈ આમઃ ૧૨

'દારૂ એ તો દૈત્ય છે, કરે સર્વ એ નાશ,
માટે દારૂ ન પીશો, કંઈક વિચારો ખાસ. ૧૩

દારૂ શત્રુ દેશનો, દારૂ છે શેતાન,
પડે પેટમાં માનવી, બની જાય હેવાન !" ૧૪

રોકો મદ્ય પીનારને, સમજાવીને આમ,
દેશદાઝ જો હોય તો, કરો આટલું કામ ! ૧૫

કંઈક યુવાનો દોડિયા, સૂણી એ પડકાર,
દારૂ-પીઠે જઈ ખડા, અટકાવે તે વાર. ૧૬

આપણા પાંડુરંગને દેશદાઝથી રત,
વચન સુણી ગાંધી તણું, દોડ્યા પોતે તુર્ત. ૧૭

રીચીરોડ પર ત્યાં હતું, દારૂ - પીઠું એક,
ત્યાં આવી ઊભા રહ્યા, પ્રાતઃકાળથી છેક. ૧૮

જે કો' શરાબી આવતો, દારૂ પીવા જ્યાંય,
તેને પાછો કાઢતા, સમજાવીને ત્યાંય. ૧૯
યૌવનસહજ નિર્દોષતા ને તેજસ્વી જબાન,
ભલ-ભલા દારૂડિયા, પાછા વળતા જાણ. ૨૦
આમ કંઈક દારૂડિયા, પીધા વિણ જો મદ્ય,
પાંડુરંગના પ્રેમથી, પાછા વળિયા સદ્ય. ૨૧
ત્યાં તો આવી બાઈ એક, દારૂ પીવા કાજ,
સાવ સ્વચ્છન્દી, છાકટી, નહિ શરમ, નહિ લાજ ! ૨૨
દારૂના પીઠામહીં, જેવી પેસવા જાય,
ત્યાં તો પાંડુરંગ હા ! સામે આવી ત્યાંય; ૨૩
મરકત મુખડે બોલિયા, જોડી બન્ને હાથ,
" મા શા માટે જાય તું, થાવાને બરબાદ ? ૨૪
દારૂ દૈત્ય કરાળ છે, અતિ ભયંકર જાણ,
સર્વનાશ કરશે અરે ! માડી ! મારું માન." ૨૫
પણ તે સ્ત્રી માની નહિ, મૂકી ત્યાંથી દોટ,
ચાલી ગઈ પીઠા મહીં, રહી ભોટની ભોટ ! ૨૬
વિસ્મય પામી પાંડુરંગ, વિચારતા નિજ મન,
વ્યસનથી આ સ્ત્રીતણું, કેવું થયું પતન ! ૨૭
ફાટ્યાં-મેલાં વસ્ત્ર ને મળે ન પૂરતું અન્ન,
તો યે મદિરા-પાનમાં, ખરચે છે હા ! ધન ! ૨૮
મારી ભારતમાતનો, કેવો વરવો વેશ !
અરર ક્યારે વાગશે, આ લોકોને ઠેશ ?! ૨૯
હવે બસ આ સ્ત્રીતણો, છોડાવું હું મદ્ય,
તો જ ભારતમાતનો, સાચો સેવક અદ્ય. ૩૦
આવતીકાલે હું હવે, અહીં જ ઊભો રહીશ,
જો આ સ્ત્રી આવશે, તો તુર્ત અટકાવીશ. ૩૧
ઘેર ગયા શ્રીપાંડુરંગ, કરી એવો નિર્ધાર,
સૂતાં રાત્રે પથારીમાં, ખૂબ કર્યો વિચારઃ ૩૨
શું શું કહેવું એહને, કેવી વાત વિવેક,
જેથી પીતી બંધ થાય, બાઈ છાકટી, છેક ! ૩૩
પ્રાતઃકાળ થયો અને, આપણા પાંડુરંગ,
પીઠે જઈ ઊભા રહ્યા, ધારી મન ઉમંગ. ૩૪
જોઈ એમને ત્યાં ખડા, દારૂડિયા શરમાળ,
નીચું મુખ નિજનું કરી, વળ્યા પાછા તત્કાળ. ૩૫

ત્યાં તો પેલી બાઈ જે, પીનારી અદ્દલ,
વરવા વેષે મદ્યપી, આવી ગઈ તે સ્થલ. ૩૬
જોઈ પાંડુરંગને, જરા ન અટકી એહ,
મક્કમ પગલે ચાલી એ, નફ્ફટ નારી તેહ. ૩૭
એની સામે આવીને, જોડી બન્ને હાથ,
બોલ્યા પાંડુરંગ કે, "માન મારું તું માત ! ૩૮
શા માટે દારૂ પીવે, વેડફે છે તું ધન ?
એટલા દ્રવ્યનું લાવ તું, વસ્ત્ર-પાત્ર કે અન્ન". ૩૯
ત્યાં તો ખાંસી ખાઈને, થૂંકી ગળફો બહાર,
ખેં...ખેં કરતી તોછડી, વાણી બોલી નારઃ ૪૦
"કોણ મને કે'નાર તું ? તારે શી પંચાત ?
મારા નિજના શોખમાં, શીદ તું નાખે હાથ ? ૪૧
પાંડુરંગ કહે માવડી ! તારું આ અજ્ઞાન,
તુજને રહેંસી નાંખશે, ભૂલાવીને ભાન. ૪૨
વ્યસને તુજને વશ કરી, કીધી છે ખુવાર,
માટે દારૂ છોડી દે, માડી ! તું આ વાર. ૪૩
ધક્કો ત્યાં તો મારતી, પાંડુરંગને એમ,
સત્વર ચાલી ગઈ અહા ! પીઠામાં એ તેમ. ૪૪
અંદર ઢીંચી ખૂબ જો બની મદ્યચકચૂર,
થોડીવારે નીકળી, દુર્ગંધે ભરપૂર. ૪૫
જોઈ લથડતે ટાંટિયે, જાતી એને ત્યાંય,
ઘૃણા થઈ શ્રીરંગને, વિચારતા મન માંહ્યઃ- ૪૬
"અરે ! મૂર્ખ, અજ્ઞાન આ ! વેડફે યૌવન-ધન,
ગમે તેમ કરી આમનું છોડાવવું વ્યસન." ૪૭
એવો નિશ્ચય મન કરી, પાંડુરંગ પ્રતિદિન,
આવી પીઠે વિનવતા બોલી મધુર વચન. ૪૮
દિવસો વીત્યા એમ કંઈ, બેમાંથી એકેય,
હાર કબૂલ કરતા નથી, જીદ્દી છે બન્નેય. ૪૯
મદ્યથી મુક્ત કરાવવા, આ સ્ત્રીને તે વાર,
પાંડુરંગનો મન વિષે, પાકો છે નિર્ધાર. ૫૦
આ બાજુ આ બાઈ પણ, વ્યસનતણી ગુલામ,
હઠ રાખી પીધા કરે, મચક ન આપે આમ ! ૫૧
આમ વીત્યા કંઈક દિ,' સુણ નિરંજન બાળ,
એક દિવસ તે બાઈને, પાંડુરંગ તત્કાળ; ૫૨

કહેવા કંઈ જ્યાં જાય છે, ત્યાં તો પેલી બાઈ,
બોલી સન્મુખ આવીને, વ્યર્થ વદે તું ભાઈ ! ૫૩
પહેલાં મારા પ્રશ્નનો, જવાબ આપી દે,
પછી તારે જે મુજને, કહેવું હોય તે કે' ! ૫૪
બોલ, રોજ સવારમાં, ચા પીવાની એમ,
ટેવ તને છે કે નહિ ? સાચું કહેજે એમ ! ૫૫
પાંડુરંગ વિસ્મય થઈ, બોલ્યા પોતે ત્યાંય,
રોજ સવારમાં માહરે, જોઈએ બે કપ ચાય ! ૫૬
મર્મ હસી, મક્કમ સ્વરે, પૂછે પેલી બાઈ,
"શા માટે દરરોજ તું, ચા પીએ છે ભાઈ ?" ૫૭
પાંડુરંગ કહે 'ચા વિના, ચાલે ના એક દન,
સાચું કહું એ ચાતણું, પડી ગયું વ્યસન ! ૫૮
ખળ-ખળ હાસ્ય કરી તિહાં, બોલી બાઈ વચન,
"તારી પેઠે છે મને, દારૂ કેરું વ્યસન" ૫૯
ચાલે ન તારે ચા વિના, મારે દારૂ વિણ,
ન ચાલે ઓ ભાઈલા ! એ વિણ થાઉં ક્ષીણ ! ૬૦
તારા મારામાં કહે, ક્યાં રહ્યો કોઈ ભેદ ?
સરખાં વ્યસની આપણે, શાને કરવો ખેદ ? ૬૧
વ્યસન તને છે ચા તણું, મુજને મદ્યનું એમ,
આપણ બન્ને ગુલામ છીએ, વ્યસનતણાં હા ! તેમ." ૬૨
ટકોરબંધ બાઈતણા, શબ્દો જાણે બાણ !
ઉરમાં જો પેસી ગયા, પાંડુરંગના જાણ ! ૬૩
શબ્દ-બાણ ઉર વાગિયાં, ઊઠ્યો એક વિચાર,
"છે ખરો શું આ બાઈને, કહેવા મુજ અધિકાર ? ૬૪
હું પોતે જ ચાતણો, વ્યસની ને ગુલામ,
ન મુજને અધિકાર છે, કહેવાનો કંઈ આમ. ૬૫
જે પોતે જ બની ગયો, ચાના વ્યસને બદ્ધ,
બીજાને છોડાવવા, તે શેં થાય, પ્રવૃત્ત ?" ૬૬
એમ વિચારી પાંડુરંગ, તે સ્ત્રીને તત્ક્ષણ,
કહેવા લાગ્યા પ્રેમથી, વાત મારી તું સુણઃ ૬૭
"જો હું ચા પીવાતણું, દઉં છોડી અદ્ય,
તું શું છોડી દઈશ કહે, પીવાનું એ મદ્ય?" ૬૮
હૈયાના ઊંડાણથી, નીકળેલા એ શબ્દ,
સુણી બાઈ બની ગઈ, પલભર ત્યાં તો સ્તબ્ધ ! ૬૯

જોઈ આ યુવાનની, આંખથકી નીતરતી,
નરી એ નિર્દોષતા ! હૈયું ભીંજવતી ! ૭૦
ભાવોદ્રેકે ભાંગી ગઈ, ભોગળ ભય ભ્રમની,
સ્નેહ સરિતમાં વહી ગઈ, વ્યથા બધી મનની ! ૭૧
તૂટ્યાં બંધન મનતણાં, અખંડ સ્નેહ પ્રવાહ,
નયનો દ્વારા વહી રહ્યા; રહી ના હૈયે આહ ! ૭૨
આવી ભાવાવેશમાં, બોલી બાઈ સપ્રેમ,
"જો તું છોડે ચાય તો, દારૂ છોડું એમ !" ૭૩
સુણી શબ્દો બાઈનાં, થઈ મનમાં પ્રસન્ન,
વધ્યા વળામે પ્રેમથી, ધન્ય માતા સંપન્ન. ૭૪
ચા છોડીને જરૂર હું, આવીશ અહીં એક દન,
આપણ બન્ને વ્યસનનાં, તોડીશું બંધન ! ૭૫
એમ કહીને પાંડુરંગ, સુખે ગયા નિજ ઘેર !
તે દિનથી ચાપાનને, વર્જ્ય ગણ્યું સુપેર ! ૭૬
એમ આઠ દિવસ સુધી, લેતા ન ચા લગાર,
આઠ દિવસમાં ન કદી, કર્યો ચાનો વિચાર. ૭૭
નવમે દિને પાંડુરંગ થઈ વહેલા તૈયાર,
આવીને ઊભા રહ્યા, પીઠા કેરે દ્વાર. ૭૮
રાહ જોતાં બાઈની, રાખી નયન અધીર,
ઊભા જાણે સજ્જ થઈ, ઊભો કો' ભડવીર. ૭૯
ત્યાં તો સામે આવતી, દેખાઈ એ બાઈ,
પાંડુરંગની આંખમાં, ચમક અનેરી છાઈ ! ૮૦
ત્યાં તો આવી બાઈ એ, પાંડુરંગની પાસ,
સન્મુખ આવીને ઊભી, કરતી મધુર હાસ ! ૮૧
બોલ્યા પાંડુરંગ ત્યાં, ત્યજી દીધી મેં ચા !
છોડ માત હે ! દારૂ તું, અહીંથી પાછી જા ! ૮૨
હૈયા કેરા હેતથી, બોલાયેલી વાણ,
એ સ્ત્રીના હૈયા મહીં, સોંસરી ઉતરી જાણ. ૮૩
થોભી એ ક્ષણેક ને, કરી કંઈક વિચાર,
બોલી બાઈ હૃદયથી, કરી એક નિર્ધાર :- ૮૪
"હું પણ છોડી જાઉં છું, દારૂ હવે હરામ,
તારી શુભ નિષ્ઠા થકી, જિતાઈ ગઈ હું આમ !" ૮૫
એમ કહી પાછી વળી, ક્ષણેય ન લાગી વાર,
અહોભાવથી વંદતા, પીઠ પાંડુ તે વાર ! ૮૬

હાથ જોડી ઊભા રહ્યા, નેત્રે છલકાયાં જલ,
જ્યાં સુધી બાઈ દેખાઈ હા ! જોતા એ પળોપળ. ૮૭
ત્યાં તો વિસ્મય પામીને, પૂછે નિરંજન બાળ,
“અરે ! આ તો વિપરીત કંઈ, વાત કરી દયાળ, ! ૮૮
ખૂબ ભણેલ-ગણેલ ને સાધક, સાત્ત્વિક જેહ,
શા માટે વંદન કરે, નફ્ફટ સ્ત્રીને એહ ? ૮૯
સુણી પ્રશ્ન નિજ શિષ્યનો, હસ્યા અલખ તત્કાળ !
આપે ઉત્તર પ્રેમથી, સાંભળ તું મુજ બાળઃ ૯૦
“પાંડુરંગને ઉપજ્યો, અહોભાવ સ્ત્રી પર,
તેથી તેને વંદતા, માની નિજ ગુરુવર” ૯૧
ત્યાં તો અતિ આશ્ચર્યથી, વિસ્ફારિત કરી નેન,
પૂછવા લાગ્યો શિષ્ય ત્યાં, બની જરા અચેનઃ ૯૨
“કેવી વાત કરો પ્રભો ! મદ્ય પીનારી નાર,
કેવી રીતે ગુરુ બની, રંગતણી આ વાર ?” ૯૩
વળતી વદતા અલખજી, કરી હાસ્ય ગભીર,
થોભ હમણાં હું કહું તને, ધર જરા તું ધીર. ૯૪
પાંડુરંગ તો છે સ્વયં, દત્ત દિગંબર દેવ,
પરંપરા શ્રીદત્તની, રાખી અહીં તતખેવ ! ૯૫
પૂર્વે શ્રીદત્તાત્રેયે, રાજા યદુને એમ,
ચોવીસ ગુરુ પોતાતણા, કહી સંભળાવ્યા તેમ. ૯૬
તેમાં વેશ્યા એક હતી, પિંગળા નામે જાણ,
દત્ત પ્રભુએ ગુરુ ગણી, આપ્યું’તું બહુમાન ! ૯૭
ક્ષુદ્ર વસ્તુ પણ દે અરે ! બહુ મોટો ઉપદેશ,
દત્તદૃષ્ટિની આ ખૂબી, કાં’ ભૂલ્યો ? વરવેશ ! ૯૮
પ્રકૃતિનાં સહુ તત્ત્વથી, પામી વિધવિધ જ્ઞાન,
ગુરુ માની વંદી રહ્યા, સ્વયં દત્ત ભગવાન ! ૯૯
માટે તુચ્છ ન માનવું, કોઈને આ જગ માંહ્ય,
સહુમાં પ્રભુને પેખીને, ફરવું મસ્ત સદાય. ૧૦૦
મદ્ય પીનારી બાઈએ, પાંડુરંગને એમ,
નક્કર સત્ય જે વિશ્વનું, સમજાવ્યું હા ! તેમ. ૧૦૧
આચરણમાં મૂક્યા વિના, વ્યર્થ બધો ઉપદેશ,
કુતરા સમ ભસ-ભસ કરે, પરિણામ ન લવલેશ ! ૧૦૨
પાંડુરંગને એ સ્ત્રીએ, સ્પષ્ટ કહ્યું’તું એમઃ
‘તને વ્યસન છે ચાતણું, મને દારૂનું તેમ.’ ! ૧૦૩
એક વ્યસનથી બદ્ધ જે, અન્ય વ્યસનીને કેમ,
છોડાવે શી રીતથી ? બદ્ધ બદ્ધને જેમ ? ૧૦૪
મદ્ય પીનારી બાઈનાં, આવાં સૂણી વચન,
પાંડુરંગની આંખમાં, આંજ્યું જાણ અંજન ! ૧૦૫
સુધારું હું એ બાઈને, હતું અહં-અજ્ઞાન,
નસાડ્યું એ બાઈએ આંજી નયને જ્ઞાન ! ૧૦૬
જ્યાંસુધી ન મૂકી શકું, મુજ આચરણની માંહ્ય,
ત્યાંસુધી ના આપી શકું, બોધ અન્યને ક્યાંય ! ૧૦૭
પોતે ચા છોડ્યા વિના, પેલી બાઈને એમ,
વિનવી દારૂ છોડવા તોય ન માની તેમ ! ૧૦૮
પોતે ચા છોડી દીધી, કહ્યું બાઈને એમ;
તુર્ત જ બાઈએ અહા ! દારૂ છોડ્યો તેમ ! ૧૦૯
કઈ શક્તિના જોરથી થયો આ ચમત્કાર ?
કોણે નફ્ફટ નારીમાં કર્યો અહા ! ફેરફાર ? ૧૧૦
પાંડુરંગે મન વિષે ઘણો કર્યો વિચાર,
લાધ્યું આખર સત્ય કે એ શક્તિ તે આચાર ! ૧૧૧
આમ મંત્ર ‘આચાર’ નો મળિયો એમને આમ,
મદ્ય પીનારી બાઈની પાસેથી એ ઠામ. ૧૧૨
પાંડુરંગે તે થકી માની નિજ ગુરુ મન !
મદ્ય પીનારી બાઈને કર્યાં હતાં વંદન ! ૧૧૩
પ્રથમ ધર્મ આચાર છે, આચરણથી ઉપદેશ,
જે કરે તે સત્ય છે બીજા વધારે કલેશ. ૧૧૪
જાતે આચરણ ના કરે, કરે માત્ર ઉપદેશ,
વાણીશૂરા વામણા ધિક્ ! લજાવે વેશ. ૧૧૫
ધર્મ એ તો આચારની વસ્તુ મોટી જાણ,
વિણ આચરે ધર્મ પણ થાય અરે ! નિષ્પ્રાણ. ૧૧૬
પાંડુરંગે કોઈ દિન પ્રચાર મુખથી એમ,
નથી કર્યો, પણ આચરી બતાવ્યું જગને તેમ ! ૧૧૭
તે દિનોમાં પાંડુરંગ રાખતા પંચકેશ,
દાઢી મૂછ જટા થકી લાગે સાધુ-વેશ ! ૧૧૮
હતો સાધનાકાળ આ સ્વયં દેહનું ભાન
ધીમે-ધીમે લુપ્ત હા ! થતું હતું તું જાણ. ૧૧૯
એક વખત શ્રી પાંડુરંગ અમદાવાદના એમ,
રીચી-રોડ ઉપર થઈ જતા હતા એ તેમ. ૧૨૦

લાંબા-કાળા વાળ ઠેઠ કેડ સુધીના જોઈ,
કેટલાક ટીખળી મશ્કરી કરતા ભેગા થઈ ! ૧૨૧
તાલી પાડી બોલતા ફરી વળ્યા ચોપાસ !
નાટકની આ બાયડી જુઓ-જુઓ ભાઈ ! ખાસ ! ૧૨૨
'નાટકની આ બાયડી' મોટેથી ઉચ્ચાર
કરતા ટીખળી છોકરા ફરી વળ્યા તે વાર ! ૧૨૩
જરાય ક્રોધ કર્યા વિના ચીડાયા વિણ એમ,
તેમની સાથે પાંડુરંગ હસતા હસતા તેમ ! ૧૨૪
સૂર નિજનો પૂરાવીને તેમના સૂરની માંહ્ય,
'નાટકની આ બાયડી' બોલવા લાગ્યા ત્યાંય ! ૧૨૫
બાળકો સાથે એમ ત્યાં દઈ ચપટી ને તાલ,
હસતા-કૂદતા પાંડુરંગ ગાઈ રહ્યા તત્કાળ ! ૧૨૬
ટીખળી ને તોફાની એ છોરાઓ આ જોઈ,
શરમાયા મનમાં અતિ આ તો જબરો કોઈ ! ૧૨૭
માફી માગી એમની ભાગ્યા ત્યાંથી તમામ,
હસતા-હસતા પાંડુરંગ ઊભા રહ્યા તે ઠામ ! ૧૨૮
ભરચક રસ્તો શહેરનો રીચી રોડનો જાણ,
તે પર ઉભરાતો રહે માનવ - મહેરામણ ! ૧૨૯
તે રસ્તા પર રે અરે ! ટીખળી છોરાં સાથ ?
તાલ-મીલાવી નાચવું તાલી પાડી હાથ, ૧૩૦
એ શું સહેલું કામ છે ? બોલ નિરંજન બાળ,
ભલભલા યોગીતણી તૂટે સંયમપાળ ! ૧૩૧
'દેહ નથી હું' એહવું કહેવું છે બહુ સહેલ,
પણ છે એનું આચરણ કરવું બહુ મુશ્કેલ ! ૧૩૨
જતા-આવતા લોક સૌ રસ્તા પરના આમ,
આભા બની જોઈ રહ્યા ધનધન આની હામ ! ૧૩૩
'નાટકની આ બાયડી' કહી છોરાંએ એમ
ચીડવવા એને કર્યો ઘણો પ્રયત્ન તેમ. ૧૩૪
ના ચીડાયો એ અરે ! ના કરી કંઈ ફરિયાદ !
ક્રોધ કરીને ના અરે બોલ્યો ઊંચે સાદ ! ૧૩૫
રાખી મન સમતોલ ને માથું ઠંડુંગાર !
રાખી છોરાં સાથ હા ! કર્યો ધન્ય વ્યવહાર ! ૧૩૬
પાંડુરંગના તે સમે મનમાં કયો વિચાર ?
હતો ચાલતો કહું તને સાંભળ શિષ્ય તું સારઃ ૧૩૭
પાંડુરંગે વિચારિયું, ક્ષણભંગુર શરીર,
બીજાને ક્ષણભર અરે ! આપે આનંદ ધીર ! ૧૩૮
શું બગડે છે માહરું ? હું તો છું નિર્લેપ,
મારા આત્માનંદમાં ના પડતો વિક્ષેપ ! ૧૩૯
હું તો આત્મા નિત્ય છું 'અજર, અમર,' અકબંધ,
મારે ને મુજ દેહને ક્યાં છે કૈં સંબંધ ? ૧૪૦
તોફાની આ છોકરાં જોઈને મારો વેશ,
આનંદે તો ભલે-ભલે, મારે શેનો કલેશ ?'' ૧૪૧
આવી રીતે પાંડુરંગ હરતા દેહાધ્યાસ,
સાધના-પથ પર સ્થિર મને આગળ કરતા પ્રવાસ! ૧૪૨
એક દિવસની વાત છે સ્વરાજ આશ્રમ માંહ્ય,
ત્રિપુટી-ત્રણ મિત્રની સાથે રહેતી ત્યાંય. ૧૪૩
સ્વાશ્રય ને સહકારથી એક બીજાના એમ,
ગાંધી - ચીંધી સુઘડતા સ્વચ્છતા રાખી તેમ ! ૧૪૪
ત્રણે રહેતા મોદથી ત્યાં તો ક્યાંથી કેમ ?
પાંડુરંગના વાળમાં જૂ પડી ઘણી એમ. ૧૪૫
પાંડુરંગ તો તે સમે દેહ ભાનથી પર !
રહેતા'તા તેથી કંઈ અરે ! ના પડી ખબર ! ૧૪૬
વાળ ઓળવા ના કદી રાખતા કાંસકો એહ,
'નાહં દેહઃ' માં રમી રહેતા સદા વિદેહ ! ૧૪૭
મોદીજીએ એક દિન જોયું મસ્તક પર,
ખદબદતી જુ-લીખ ત્યાં થાતી'તી તરવર ! ૧૪૮
મોદી મન વિચારતા નવાઈ પામી ત્યાંય,
બ્રહ્મચારીના મસ્તકે આવું શેંને થાય ? ૧૪૯
બીજાના આસન ઉપર ના બેસે કદી એહ !
અન્યની શય્યામાં કદી ના મૂકે નિજ દેહ ! ૧૫૦
દિનમાં બે-ત્રણ વાર એ કરતા નિત્યે સ્નાન,
લૂછી ભીના વાળને કોરા કરે નિદાન, ૧૫૧
લીંબુ કે અરીઠાં થકી સપ્તાહમાં બે વાર,
માથું ધોઈ સાફ કરે રહે ન મેલ લગાર. ૧૫૨
તોયે ક્યાંથી આવી આ જૂ લીખ અપરંપાર ?
કાંઈ કશું સમજાય ના અચરજ પામ્યા અપાર ! ૧૫૩
મોદીજી તો તે ક્ષણે ઉપડ્યા બજાર માંહ્ય,
સૂક્ષ્મ દાંતની કાંસકી ખરીદી લાવ્યા ત્યાંય ! ૧૫૪

કાંસકી એ ઝીણી થકી દિનમાં ત્રણ-ત્રણ વાર,
માથા ઉપર ફેરવી કાઢે જૂ-લીખ બહાર ! ૧૫૫
મોદીજીએ એમ ત્યાં કરી મહેનત દિન ચાર,
જૂ-ફોજ એ શિરતણી હાંકી કાઢી બહાર ! ૧૫૬
જૂ કાઢતાં કાઢતાં મોદીમનની વાત !
જાણી જઈને પાંડુરંગ છેડી રહ્યા એ વાત ! ૧૫૭
"સૂણો મોદીજી આ રીતે સ્વયં દત્ત ભગવાન,
મારા દેહાધ્યાસની કરે કસોટી જાણ". ૧૫૮
પાંડુરંગ રહેતા સદા અતિ સુઘડ ને સ્વચ્છ,
એમને મન તો સર્વદા ફૂવડપણું રે તુચ્છ ! ૧૫૯
સ્વચ્છ, શુદ્ધ ખાદીતણો ધારણ કરે પોષાક,
ગંદું ગોબરું ક્યાંય પણ ના થવા દે દ્રાક્. ૧૬૦
ધોબીને ત્યાં ધોએલાં અક્કડ વિધવિધ રંગ,
ઈસ્ત્રીદાર કે ભભકતાં વસ્ત્ર ન ધારે અંગ. ૧૬૧
શુદ્ધ ખાદીનાં સ્વચ્છ ને ધવલ બગલા પાંખ,
પાંડુરંગની સુઘડતા ઊડીને વળગે આંખ ! ૧૬૨
એવા પાંડુરંગની સાધનાકાળે એમ,
નિત-નિત નવા પ્રસંગથી થાય કસોટી તેમ ! ૧૬૩
નિત નિત નૌતમ રંગ ને નિત નિત નવો પ્રસંગ,
જીવન-ઝરણ શ્રીરગંનું વહેતું આમ અભંગ. ૧૬૪
આગળના અધ્યાયમાં સ્વયં અલખ દયાળ !
આગળ ઝરણ વહાવશે તોડી મૌનની પાળ ! ૧૬૫
બાલક તો બાલક રહ્યો રંગ સ્વયં ભગવાન,
એની લીલા એ લહે, લહે કેમ નાદાન ? ૧૬૬

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે
અલખનિરંજનસંવાદે સાધનાકાલવર્ણનં નામ એકાદશોઽધ્યાયઃ ॥ ૧૧॥ દોહરા ૧૬૬ ॥

## અધ્યાય : ૧૨

અલખ કહે આગળ સૂણો રંગકથામૃત સાર,
જેથી ભવ-ભય ભાગશે, ટળે મોહ-અંધકાર ! ૧
પાવનકારી આ કથા દોષહારિણી જાણ !
સૂણતાં ગાતાં ભક્તનું કરે પાપથી ત્રાણ ! ૨
ઉપરથી જોનારને વળામે શિક્ષક એમ,
લાગે જન સામાન્ય સમ કદી કળાય ન તેમ ! ૩
પણ ભીતર ધીખી રહ્યો સાધનાગ્નિ પ્રચંડ !
ક્વચિત્ બહાર ઝબકે અહા ! અંદર જલે અખંડ ! ૪
ઉચ્ચ કોટીનો હોય કો સાધક વીરલો જેહ,
તે જ ઝવેરી પારખે રત્ન અનુપમ એહ ! ૫
સંન્યાસી કો તે સમે આવી પહોંચ્યા ત્યાંય,
સાચા સાધક જ્ઞાની ને રત સમાધિ માંહ્ય. ૬
જોતાં પાંડુરંગને પ્રથમ દષ્ટિએ એહ,
થયા પ્રભાવિત અતિ ઘણા હર્ષે પુલકિત દેહ ! ૭
થયો પરિચય કંઈક ને કંઈ થઈ થોડી વાત,
ત્યાં તો એ સંન્યાસીએ જાણ્યું ત્યાં સાક્ષાત્. ૮
આ સાધક કોઈ ઉચ્ચ છે નથી કોઈ સામાન્ય,
એના આશીર્વાદથી મળશે ફળ વદાન્ય ! ૯
તેથી રહીને નિકટમાં કર્યો ઘણો સત્સંગ,
જ્યમ જ્યમ આવ્યા નિકટમાં ત્યમ ત્યમ વધ્યો ઉમંગ ! ૧૦
એક દિન સ્વામી આવિયા પાંડુરંગની પાસ,
હસતા મુખડે વિનયથી બોલ્યા સ્વામી ખાસઃ ૧૧
વળામેજી ! સૂણો તમે ધારો જો મન માંહ્ય,
આકાંક્ષા એક માહરી પૂર્ણ થાય ક્ષણ માંહ્ય ! ૧૨
સુણતાં શબ્દો સ્વામીના પાંડુરંગ તત્ક્ષણ,
તાજુબી પામ્યા અતિ ને બોલ્યા મધુર વચનઃ ૧૩
કેવી વાત કરો અરે ! સ્વામી આદરપાત્ર !
ઈચ્છાપૂર્તિ આપની કરવા યોગ્ય હું પાત્ર ? ૧૪
તમ ચરણોમાં બેસવા લાયક હું છું છાત્ર,
આકાંક્ષા પૂરવા આપની ખરે નથી હું પાત્ર ! ૧૫
ક્યાંથી હું લાયક પ્રભુ ! હું તો સાવ જઘન્ય !
મા શરમાવો મને પ્રભુ ! કરો વાત કંઈ અન્ય ! ૧૬
સ્વામી કહે મેં જે દિને પ્રથમ નિહાળ્યા આપ,
તે જ દિને મેં આપનું કાઢ્યું'તું હા ! માપ. ૧૭
હીરો કો દિ' ના કહે, હું હીરો અણમોલ,
કોઈ ઝવેરી પારખી કરે મોલ ને તોલ ! ૧૮

સજ્જનસહજ ક્ષોભથી બોલ્યા પાંડુરંગઃ
કહો કાક્ષાં શી ધરો સ્વામી હે ! નિઃસંગ ! ૧૯
વિનમ્ર ભાવે સ્વામીજી બોલ્યા રાખી ધીરઃ
મારા મનની કામના સૂણો વળામે વીર ! ૨૦
અરે ! દ્વારકાપીઠની ઉત્તમ ગાદી જેહ,
આદિ શંકરાચાર્યની તેનો મુજને નેહ ! ૨૧
પીઠાધીશ્વર થાઉં ને ધર્મધુરંધર એમ !
મહેચ્છા જાગી ઉર વિષે કહું થાય પૂર્ણ કેમ ? ૨૨
જો તમે મુજ વાત પર થોડું આપો ધ્યાન,
તો ચોક્કસ પૂરી થશે ઈચ્છા મારી મહાન ! ૨૩
પાંડુરંગ વિસ્મિત થઈ બોલ્યા તેણી વારઃ
શી રીતે હું આપને કહો થાઉં મદદગાર ? ૨૪
સ્વામીજી કહેઃ 'આપના હસ્તાક્ષરમાં એમ,
જટાધરાદિ-સ્તવન જે રચ્યું નારદે તેમ, ૨૫
દત્તાત્રેયનું સ્તોત્ર એ લખીને કાગળ પર,
આશિષસહ આપો મને, ઉપકાર થશે મુજ પર ! ૨૬
શ્રદ્ધાસહ એ સ્તોત્રના ભાવે દશ હજાર,
પાઠ કરીશ હું પ્રેમથી છોડી સહુ વ્યવહાર ! ૨૭
પૂર્ણ થશે મુજ કામના ફળશે મારી આશ,
આપના આશીર્વાદ પર મુજને છે વિશ્વાસ. ૨૮
પાંડુરંગે તત્ક્ષણ લીધો કાગળ એક,
લખ્યું સ્તોત્ર નિજ અક્ષરે દિલમાં ધારી વિવેક ! ૨૯
આપ્યું કરમાં સ્વામીના હૃદય - આશિષ સાથ;
સ્વામીજીના અંતરે ઉમટ્યો હર્ષ અગાધ ! ૩૦
શિરસા વંદન કરી અહા ! સ્વામીજીએ ત્યાંય,
અહોભાવથી સ્તોત્ર એ સ્વીકાર્યું કર માંહ્ય ! ૩૧
નિષ્ઠાથી સ્વામીજીએ એના દશ હજાર,
પાઠ કર્યા ત્યાં તો અહા ! થયો જો ચમત્કાર ! ૩૨
દ્વારિકાની પીઠના થયા પીઠાધીશ્વર !
નામ ચંદ્રશેખરાશ્રમ ધરે સ્વામી સત્વર ! ૩૩
થયા પીઠાધીશ્વર અહો ! હૈયે હર્ષ અપાર,
સ્વામીની શ્રદ્ધાતણો ગર્જ્યો જયજયકાર ! ૩૪
સ્વામીજીની શ્રદ્ધાતણો આ નાનો પ્રસંગ,
સમજાવે છે ઘણું ઘણું સાંભળ ધારી ઉમંગ ! ૩૫
સાધક પાંડુરંગનું સાધન કેવું જાણ !
ભીતર કેવો વહી રહ્યો પ્રવાહ જો અણજાણ ! ૩૬
એક-એક કરી સર કર્યાં સાધનાનાં શ્રૃંગ,
તેનું પ્રગટીકરણ હા ! કરાવે પાંડુરંગ ! ૩૭
સાધના કેરી સિદ્ધિઓ કરાવી ચમત્કાર,
સાધકને નિજ મોહમાં નાખી કરે ખુવાર ! ૩૮
માટે સાધક સાચો જે રહેતો સિદ્ધિઓથી દૂર,
ગર્વ વધારે સિદ્ધિઓ કરે સાધના ચૂર ! ૩૯
સાચા સાધક પાંડુરંગ રહે સદા સજાગ,
સિદ્ધિ કેરા રસાયણે રાખે ના કદી રાગ ! ૪૦
પાંડુરંગે તે સમે કર્યો મનથી નિશ્ચય,
શોધી સ્થળ એકાંત કો ધ્યાઉં થઈ નિર્ભય ! ૪૧
તેથી સાહસ-પ્રવાસ એ યોજે મિત્રો સાથ,
જેથી કોઈ એકાંત સ્થળ લાગી જાયે હાથ ! ૪૨
ઉત્કંઠેશ્વર ને વળી કેદારેશ્વર એમ,
મિત્રો સાથે એક દિ' જાય પ્રવાસે તેમ ! ૪૩
કેદારેશ્વરના અહા ! નિબિડ અરણ્ય માંહ્ય,
ધર્મશાળા નાનડી મુકામ કીધો ત્યાંય ! ૪૪
રાત ગાળવા અરણ્યમાં એક જ હતું આ ઠામ,
તેથી મિત્રો સહ તિહાં રાતે કર્યો મુકામ ! ૪૫
ઘોર વિકટ અરણ્ય ને ઘોર નિશા શૂનકાર !
વૃક્ષોને ડોલાવતો પવન કરે સૂસકાર ! ૪૬
ચોગમ હિંસક પ્રાણીઓ ગર્જે વારંવાર,
થથરાવી દે હૃદયને ભયંકર અંધકાર ! ૪૭
ચેતવણી અપાઈ હતી આ મિત્રોને ત્યાંય,
વાઘ ભયંકર રાત્રીએ આવે છે નિત આંહ્ય ! ૪૮
તોયે સાહસપ્રેમી આ મિત્રો સાહસવીર !
સૂતા બંધ દ્વાર કરી રાખી હૈયે ધીર ! ૪૯
સરસર રાત્રિ સરી જતાં થઈ ઘોર મધરાત,
થાકયા મિત્રો ઊંઘતા ભૂલી પોતાની જાત ! ૫૦
ઘોર અરણ્યે એકલા નિદ્રા-માને અંક !
સૂતા તાણી સોડ સૌ નિર્ભય ને નિઃશંક ! ૫૧
ત્યાં તો સૂણી બહારથી વાઘની એક ત્રાડ !
જાગી ઊઠ્યા સર્વ જન, થરથર કાંપે હાડ ! ૫૨

પોતે અંદર સળિયા મહીં, તોયે ધ્રૂજે કાય !
ભયથી મૂક બન્યા બધા, અંતર અતિ ગભરાય ! ૫૩

વારંવાર કરી રહ્યો, વાઘ ગર્જના બહાર,
અંદર ભયથી ધ્રૂજતા, મિત્રો સૌ તે વાર ! ૫૪

ભયથી પરસેવે થયા, રેબ-ઝેબ ક્ષણ માંહ્ય,
જોતાં એક-બીજા ભણી, આંખ ચકળવકળ થાય ! ૫૫

જોઈ ભય મિત્રોતણો, તુર્ત જ પાંડુરંગ,
ખોલી દ્વાર બહાર ગયા, દંડ કર ધરી અભંગ ! ૫૬

દ્વાર ખુલતાં મિત્ર સૌ, ભયના માર્યા એમ,
કિકિયારી પાડી ઊઠ્યા, વાઘે માર્યા જેમ ! ૫૭

પણ અહીં પાંડુરંગ તો, બહાર જઈને ત્યાંય,
નિર્ભયતાથી દંડને, ઠોકે ભૂ પર જ્યાંય ! ૫૮

'ગુરુદેવદત્ત' તણી, કરી ગર્જના ઘોર,
ઊંચે સાદે જોરથી, કર્યો તિહાં કલશોર ! ૫૯

પ્રતિઘોષ વીર હાક શો, શબ્દ ગુરુદેવદત્ત,
સૂણી પશુરૂપ દત્ત એ ચાલ્યા ત્યાંથી તુર્ત ! ૬૦

ઊભી પૂંછડીએ ભાગતો, જોયો વાઘને જ્યાંય,
જીવ આવ્યો મિત્રો મહીં, થયા દિઙ્મૂઢ ત્યાંય ! ૬૧

ચમત્કાર કેવો થયો, કેવું થયું આશ્ચર્ય,
પાંડુરંગની ગર્જના, લાગ્યો વાઘને ભય ! ૬૨

વાઘ ભયંકર આ અતિ, કરે ગર્જના જ્યાંય,
સાંભળી ભલભલા તણા, છક્કા છૂટી જાય ! ૬૩

મિત્રો કહે, "આ પાંડુરંગ હોત ન જો અમ સાથ,
તો ભયના માર્યા અમે સહુ, મરી જાત સાક્ષાત્." ૬૪

એ નિર્ભયતા અહા ! પાંડુરંગમાં આમ,
ક્યાંથી આવી ? કહું તને, સૂણ તું ધારી હામ ! ૬૫

નિર્ભયતાનો આ પ્રસંગ, સમજાવે છે એમ,
સામર્થ્ય છે કેટલું, ઉપાસનામાં તેમ ! ૬૬

સાધકને નિજ સાધના, ધીમે ધીમે આમ,
કેટલા ઊંચા સ્થાન પર, લઈ જાયે અવિરામ ! ૬૭

ઉપાસનાનો અર્થ કે, જે નિજ ઉપાસ્ય દેવ,
તે સમ થાવાની ક્રિયા કરે જેહ તતખેવ ! ૬૮

તે જ ઉપાસક છે ખરો, સાચો સાધક એહ,
નિજ ઓગાળી ઉપાસ્યમાં, વિલીન થાય વરદેહ. ૬૯

ઉપ એટલે નજીક ને, આસન એટલે સ્થાન,
જે ઉપાસ્યની સમ કરે, તે જ ઉપાસન જાણ. ૭૦

સાધક પાંડુરંગની, ઉપાસનાએ એમ,
નિર્ભયતા પ્રેરી હતી, પાંડુરંગમાં તેમ ! ૭૧

નિર્ભય ઉપાસક જ્યાં થયો, મારગ આગળ થાય,
સામર્થ્ય એવું તો વધે, વાઘ દત્ત થઈ જાય ! ૭૨

ઉપાસનાની આહવી, ચરમ સીમા તું જાણ,
તેથી પાંડુરંગ હા ! ભગાડે ભય બલવાન ! ૭૩

શોધે એની રીતથી સ્થાન કોઈ એકાંત,
વસીને જ્યાં કરી શકે, સાધના થઈ પ્રશાંત ! ૭૪

આબુ-અંબાજીતણા, જંગલ-પહાડો માંહ્ય,
મિત્રો સહ ઘૂમી વળ્યા, સ્થાન ન ગમતું ક્યાંય ! ૭૫

એક સમે નાતાલમાં, રેવાતીર પ્રવાસ,
યોજ્યો સ્થળની શોધમાં, પાંડુરંગે ખાસ ! ૭૬

મિત્રો સાથે ઘૂમતા, રેવાતીરે આમ,
મિત્રો સહ આવી ગયા, 'ઈન્દ્રવરણા' ગામ. ૭૭

નિજ હૈયાના હાર જે, વાસુદેવ ગુરુવર !
સ્થાન તેમનું ત્યાં હતું, સામે ગરુડેશ્વર ! ૭૮

પાતકહારી સ્થાન એ, જોતાં મન હરખાય !
પાંડુરંગ હર્ષિત થઈ, લળી-લળી લાગે પાય ! ૭૯

આર્દ્ર હૃદયથી પ્રાર્થતા, નયન ભરાયાં નીર !
રોમ હર્ષ અંગે થયાં, કરે પ્રાર્થના ધીર! ૮૦

"શ્રી ગુરુનાથ, સદ્ગુરુનાથ,મી અપરાધી ધ્યા પદરાંત,
તૂ માય મી લેકરું, ગુરુજી નકો વિસરું રે નકો વિસરું."!

કરી ભાવથી પ્રાર્થના, થયા ભાવમાં લીન,
ત્યાં તો રાત પડી અને થયા નિદ્રાધીન ! ૮૧

છેલ્લા પ્રહરે રાતના, પાંડુરંગને એમ,
સ્વયં સ્વામી મહારાજ ત્યાં, આવી સ્વપ્ને તેમ ! ૮૨

સામે આવીને ખડા, કરતા હાસ્ય ગભીર,
દંડ-કમંડલ હસ્ત ને, ભસ્માંકિત શરીર ! ૮૩

મુખ-દ્રુમથી જાણે ખર્યાં, વાણી પુષ્પ ઉત્તમ,
વાણીસુધા સમ સ્વામીની, ઝરી ત્યાં મધુ-ઉત્તમ ! ૮૪

જપસહિત અષ્ટોત્તરશત, કર ભાવે તું જાણ,
'દત્ત-પુરાણ' પારાયણ, થાશે તુજ કલ્યાણ ! ૮૫

આમ કહીને સ્વામીરૂપ, સ્વયં દત્તભગવાન !
આપીને આદેશ એ, થાતા અંતર્ધાન ! ૮૬
જેવા અંતર્ધાન ત્યાં થયા, સ્વામી મહારાજ,
ત્યાં તો પૂર્વે પ્રગટ થઈ, ઉષા સજીને સાજ ! ૮૭
કલરવ કરતાં પક્ષીઓ, ગાતાં મધુરાં ગીત,
શીતલ મંદ સમીર સહ, રેલાવે સંગીત ! ૮૮
જાગ્યા પાંડુરંગજી, થાતાં મધુર પ્રભાત,
સ્વપ્ને કહેલા સ્વામીએ, શબ્દો કરતા યાદ ! ૮૯
અંતર અતિ હરખાય ને, મુખ પર વહેતું સ્મિત,
સ્વપ્નાના દૃષ્ટાંતથી, હર્ષિત થાએ ચિત્ત ! ૯૦
કિન્તુ મૂંઝવણ મન મહીં, થાતી એક સુજાણ !
ક્યારે મળે ક્યાંથી એ, વરદ 'દત્તપુરાણ' ? ૯૧
નામ 'દત્તપુરાણ'નું, આજે પહેલી વાર,
સુણ્યું તો પછી ક્યાં રે અરે ! શોધવું એ આ વાર? ૯૨
છતાં કોઈ પંડિત કે સંસ્કૃતના વિદ્વાન,
મળી જાય તો તેહને, પૂછી લેવું જાણ. ૯૩
એમ વિચારીને બધા, આવ્યા અમદાવાદ.
રોજિંદા નિજ કાર્યમાં, ખૂંપ્યા છોડી વાદ ! ૯૪
તોય 'દત્તપુરાણ'ની, ભૂલ્યા નથી જો વાત,
છાની શોધ કર્યા કરે, સદા દિવસ ને રાત ! ૯૫
"પૂછે કો' વિદ્વાનને, સહજભાવથી પ્રશ્ન,
'દત્તપુરાણ' ના વિષયે, કીધા વિના નિજ સ્વપ્ન ! ૯૬
તો તે પંડિત હાસ્યથી, વદે વ્યંગમાં વાણ,
"ક્યાંથી લાવ્યા આ તમે, નવલું 'દત્તપુરાણ' ? ૯૭
પાંડુરંગ મૂંઝાઈને, વિચારતા નિજ મન,
"શું મારા ગુરુદેવનું, જાશે વ્યર્થ વચન ?" ૯૮
પૃથ્વી પર જો હોય ના, ક્યાંયે 'દત્તપુરાણ',
તો શા માટે દે મને, આજ્ઞા એવી જાણ ? ૯૯
મીઠી મૂંઝવણ મહીં પડ્યા, પાંડુરંગ તે વાર,
મેળવવા એ ગ્રંથને, રોજ કરે વિચાર ! ૧૦૦
ત્યાં તો એક દિ' મગજમાં, થયો એક ચમકાર,
વિચાર ચમકારો થતાં, હળવો થયો સૌ ભાર ! ૧૦૧
"શાને ચિંતા હું કરું ? શાને વેઠું ભાર ?
જેણે આદેશ આપીઓ, કરશે એ જ વિચાર ! ૧૦૨
ગુરુમહારાજે આપીઓ, સ્વપ્નમહીં આદેશ,
એ જ પૂર્ણ કરાવશે, શાને કરવો કલેશ ? ૧૦૩
એણે આજ્ઞા આપી છે, પારાયણની જાણ,
એ જ શોધીને આપશે, મુજને 'દત્તપુરાણ' !" ૧૦૪
ઝબક્યો આ વિચાર જ્યાં, પાંડુરંગને મન,
હૈયું હળવું થઈ ગયું, જાણે શિરીષ સુમન ! ૧૦૫
અલખ કહે સુણ શિષ્ય હે ! શ્રદ્ધા સદ્ગુરુ પર,
આવી હોયે તેહને, ના રહે દુઃખ પલભર ! ૧૦૬
જેને માથે ગર્જતો, સમર્થ સદ્ગુરુ નાથ,
તેને ચિંતાભાર ન, ન એ બને અનાથ ! ૧૦૭
નિશ્ચિત થઈને પાંડુરંગ, સદ્ગુરુચરણે રત,
રહે સદા નિજ મસ્તીમાં, સ્મરતાં પ્રેમે દત્ત. ૧૦૮
આમ વહ્યો કંઈ કાળ ને, બનાવ બનિયો એકઃ
રતનલાલ ત્રિપાઠી જે, જૂના સ્નેહી છેક ! ૧૦૯
રતનલાલનો ઘણો હતો, વળામે પ્રત્યે પ્રેમ,
પૂજ્યભાવ-ભક્તિ વળી, વરણી શકે કો કેમ ? ૧૧૦
ધાર્મિક, સાત્ત્વિક વિપ્ર એ, સદા કરે સત્સંગ,
પવિત્ર કર્મકાંડી ને સારસ્વત અઠંગ. ૧૧૧
નિર્લોભી, નિઃસ્વાર્થી ને નિર્માની નિર્દંભ,
સાદા-સીધા વિપ્ર એ, સદ્ગુરુનો આલંબ. ૧૧૨
પ્રથમ દષ્ટિએ પારખે, રતનલાલ આ રત્ન,
પૂજ્યભાવ હૈયે ધરી, કરતા સેવા કૃત્સ્ન ! ૧૧૩
એવા રતનલાલનો, દીકરો નામ પ્રબોધ,
નાસી છૂટ્યો ઘેરથી, કરી નકામો ક્રોધ. ૧૧૪
નીકળ્યા તેને શોધવા, રતનલાલની સંગ,
ભરૂચતણા રસ્તે પડ્યા, પોતે પાંડુરંગ. ૧૧૫
અંકલેશ્વરથી ચાલતાં, ભરૂચ જતા'તા ત્યાંય,
નર્મદાજીના પુલ ઉપર, ચમત્કાર એક થાય. ૧૧૬
હૈયે પાંડુરંગના આનંદ અતિ ઉભરાય,
જમણો હસ્ત ને ચક્ષુ હા ! લાગ્યાં ફરકવા ત્યાંય ! ૧૧૭
સ્પંદન જાગ્યાં અંગમાં, ફરક્યું જમણું અંગ,
આંનદાર્ણવમાં અહા ! ડૂબ્યા પાંડુરંગ ! ૧૧૮
પુલકિત અંતરમાં થયા મલક-મલક મુખ થાય,
નખ-શિખ મોજું મોદનું, ફરી વળ્યું રે ત્યાંય ! ૧૧૯

હૈયામાં ટાઢક વળી, અકથ્ય શાંતિ થાય,
પાંડુરંગની પ્રસન્નતા, વરણી વરણી ન જાય ! ૧૨૦
અત્યાનંદની છોળમાં, ભીંજવીને નિજ મન,
પાંડુરંગ વધ્યા તિહાં, થઈ પ્રસન્ન-પ્રસન્ન ! ૧૨૧
"રતનલાલ ! રવિયો હવે, મળશે ચોક્કસ જાણ,
તેથી પણ અદકો કંઈ, થાશે લાભ મહાન." ૧૨૨
વાતો કરતા બેય જણ, આવ્યા ભરૂચ મોઝાર,
આવી ઊભા સ્નેહીશ્રી, મોહનલાલને દ્વાર. ૧૨૩
મોહનલાલને ત્યાં હતો, રતનલાલનો તન,
રવિશંકર ત્યાં મળી ગયો, સહુનાં હરખ્યાં મન. ૧૨૪
આનંદે ભેગા મળી, સહુએ કર્યું ભોજન,
વાતે વળગ્યાં સૌ પછી, થઈને નિશ્ચિંત મન. ૧૨૫
વાત-વાતમાં પાંડુરંગ, મોહનલાલને એમ,
પૂછે 'દત્તપુરાણ'નું, જાણો છો કંઈ કેમ ? ૧૨૬
સૂણતાં મોહનલાલજી, બોલી ઊઠ્યા તુર્ત,
છે મુજ પાસે સ્વામીના, ઘણા ગ્રંથ અદ્‌ભુત ! ૧૨૭
તેમાં 'દત્તપુરાણ' નો છે મને કંઈક ખ્યાલ,
થોભો, તમને લાવીને, તુર્ત બતાવું હાલ ! ૧૨૮
ભક્તહૃદય સદ્‌વિપ્ર એ, દોડ્યા ઘરની માંહ્ય,
પૂજામાંથી પુસ્તકો, લાવી મૂક્યાં ત્યાંય. ૧૨૯
જોતાં ગ્રંથો સ્વામીનાં, પાંડુરંગ હરખાય,
નયને નવલું તેજ ને, મુખપર સ્મિત રેલાય ! ૧૩૦
અંગ-અંગ પુલકિત થયું, વરસ્યા અમૃત મેહ !
રોમ-રોમ ખીલી રહ્યું,ધન્ય હતી પળ એહ ! ૧૩૧
જોતાં સ્વામીજીતણો, સુંદર અક્ષરદેહ,
તન-મન પાંડુરંગનાં, નાચી રહ્યાં સસ્નેહ ! ૧૩૨
નત મસ્તકે ભાવ થકી, જેવા પાંડુરંગ,
સ્પર્શ કરે જ્યાં ગ્રંથને, થયાં રોમાંચ અંગ ! ૧૩૩
સ્વામીના સહુ ગ્રંથની, એક એક હતી નકલ,
મોહનલાલે પ્રેમથી, રાખી'તી તે સ્થલ. ૧૩૪
નયન અધીરાંથી અહા !, પાંડુરંગ એક-એક,
ગ્રંથને જોતા હતા, હૈયે ધારી વિવેક. ૧૩૫
નયન બાવરાં ફરી રહ્યાં, ગ્રંથ શીર્ષકે જાણ,
ત્યાં તો વાંચ્યું એકદમ, સામે "દત્તપુરાણ" ! ૧૩૬
વાંચ્યું શીર્ષક તે સમે, આનંદાબ્ધિ માંહ્ય,
પાંડુરંગ ડૂબી ગયા, તન-મન ભાન ન ક્યાંય ! ૧૩૭
ક્ષણ-બે ક્ષણ વીત્યા પછી, ભાનમાં આવી એમ,
પાંડુરંગજી વિનવે, મોહનલાલને તેમ ! ૧૩૮
"દત્તપુરાણ" તણો અહા ! ગ્રંથ આ અણમૂલ,
આપો મુજને ભાવથી, અર્પું માગ્યાં મૂલ. ૧૩૯
મોહનલાલ વધ્યા પછી, કરી મુખ લાચાર,
"મુજ પૂજનનો ગ્રંથ આ, કદી ન આપું બહાર"! ૧૪૦
વાંચવો હોય જો આપને, રહો બે-ચાર દિન,
નિરાંતે રહો વાંચવા, મારે મન એ સુદિન ! ૧૪૧
શ્રીસ્વામી મહારાજના, અદ્‌ભુત ગ્રંથ તમામ,
નિજ પૂજનમાં રાખીને કરું પૂજા આ ઠામ ! ૧૪૨
બહાર લઈ જવા કદી, કોઈને ન અપાય,
જો આપું તો નિયમમાં, મારા વિક્ષેપ થાય ! ૧૪૩
સૂણી મોહનલાલનાં, લાચારીનાં વચન,
પલભર પાંડુરંગ તો, મૂંઝાયા જો નિજ મન ! ૧૪૪
તો પણ સંતોષ એક ત્યાં, થાતો મનની માંહ્ય,
'દત્તપુરાણ' ગ્રંથની, છે હસ્તી જગમાંહ્ય ! ૧૪૫
પછી વળામે વધ્યા, મોહનલાલને આનઃ
મારે દત્તપુરાણનું, કરવું છે અનુષ્ઠાન. ૧૪૬
શોધી સાત્ત્વિક સ્થાન કો', એકાંત હોયે પૂર્ણ,
અનુષ્ઠાન દસ માસ ત્યાં, કરવું મારે પૂર્ણ. ૧૪૭
ઈચ્છા ગુરુ મહારાજની, હશે કરાવવા એહ,
ગ્રંથતણી પણ પ્રાપ્તિ જો, કરાવી આપશે તેહ. ૧૪૮
તમ ઘેર નીરખી ગ્રંથ આ, મને થયો આનંદ,
એક દિ' મળતાં ગ્રંથ આ, દેશે બ્રહ્માનંદ !" ૧૪૯
વદી એમ મૂંગા થયા, પાંડુરંગ તે વાર,
ત્યાં તો મોહનલાલના, મનમાં થયો વિચાર. ૧૫૦
વિસ્ફારિત નયનો કરી, બોલ્યા મોહનલાલ,
'સ્વામીજીના ભક્ત એક, રહે છે અહિંયા હાલ.' ૧૫૧
પરમ ભક્ત સ્વામીતણા, કલ્યાણજી છે નામ,
યોગાનંદ ગુરુ-શિષ્ય જે, કરતા ત્યાં મુકામ. ૧૫૨
ઘણા ગ્રંથ સ્વામીતણા, એમની પાસે ખાસ,
હોવા જોઈએ જરૂર હા ! છે મુજને એ આશ. ૧૫૩

પાંડુરંગ તુરત વધ્યા, રાખી મન વિશ્વાસઃ
“ચાલો ત્યારે અબઘડી, જઈને કરીએ તપાસ.” ૧૫૪
સર્વે ચાલી આવીયા, કલ્યાણજીને ઘેર,
કલ્યાણજીએ પ્રેમથી, આવકાર્યા બહુ પેર. ૧૫૫
માંડી બધી વાત કરી, કલ્યાણજીને એમ,
કલ્યાણજી કહે અબઘડી, બતાવું ગ્રંથો તેમ. ૧૫૬
સ્વામીના ગ્રંથોતણી, દરેકની પ્રત એક,
રાખી પૂજા કારણે, કરું પૂજા ધરી ટેક. ૧૫૭
બહાર ના આપી શકું, માફ કરો મહારાજ,
દરેકની પ્રત એક મેં, રાખી પૂજા કાજ.” ૧૫૮
કહે વળામે, “ભલે તમે, ના આપો તો પણ,”
દર્શન સદ્‌ગ્રંથોતણું, કરાવો આ શુભ ક્ષણ. ૧૫૯
‘ભલે લાવું હું’ એમ કહી, કલ્યાણજી ઘરમાંહ્ય,
જઈને ઊંચકી લાવીયા, એક પેટિકા ત્યાંય. ૧૬૦
પેટી ઉઘાડી ને પછી, એક પછી એક ઝટ,
શીર્ષક વાંચી બાજુ પર, મૂકવા લાગ્યા ફટ ! ૧૬૧
ત્યાં તો આવ્યો દિવ્ય એ, ગ્રંથ ‘દત્તપુરાણ’,
મૂકી એ બાજુ પરે, બીજો ઊંચકે જાણ. ૧૬૨
ત્યાં તો શીર્ષક વાંચતાં, થયા દિઙ્મૂઢ જાણ,
વાંચી રહ્યા એ ગ્રંથનું, શીર્ષક ‘દત્તપુરાણ’ ! ૧૬૩
અવધિ થઈ આશ્ચર્યની, પહોળાં કરી મુખ-નૈન,
વદી રહ્યા કલ્યાણજી, વિસ્મિત થઈને વેણ :- ૧૬૪
“જુઓ...જુઓ સદ્‌ગુરુ કૃપા, ઉતરી તમ પર આજ,
‘દત્તપુરાણ’ ની બે પ્રતો, નીકળી છે તમ કાજ.” ૧૬૫
આનંદ પાંડુરંગનો કથી શકે કો કેમ !
જાણે આજે સ્વર્ગથી, વરસી રહ્યું છે હેમ ! ૧૬૬
કલ્યાણજીએ ભાવથી, ‘દત્તપુરાણ’ની પ્રત,
આપી પાંડુરંગને, સ્મરી સદ્‌ગુરુ દત્ત ! ૧૬૭
‘દત્તપુરાણ’ નો ગ્રંથ જ્યાં, પાંડુરંગને હસ્ત,
આપ્યો ત્યાં તો પાંડુરંગ, થયા નંદમાં મસ્ત ! ૧૬૮
છાતી સરસો ચાંપિયો, ગ્રંથને વારંવાર,
શીષ ઉપર ચઢાવીઓ, આંખે અશ્રુધાર ! ૧૬૯
આમ પાંડુરંગને અહા ! મળિયું ‘દત્તપુરાણ’ !
સદ્‌ગુરુ વાસુદેવની, પ્રેમપ્રસાદી જાણ ! ૧૭૦
જેના પર સદ્‌ગુરુ કૃપા, તેને શાની ખોટ ?
અશક્ય વસ્તુ શક્ય થઈ, આવે મૂકી દોટ ! ૧૭૧
અકળ કળા ગુરુદેવની, કળી શકે ના કોઈ,
શ્રદ્ધા-ભક્તિ હોય તો, પળ-પળ પ્રતીતિ હોઈ ! ૧૭૨
માતા જ્યમ નિજ બાળનું, રાખે પ્રતિ પળ ધ્યાન,
તેમ સદ્‌ગુરુ શિષ્યને, થવા ન દે હેરાન ! ૧૭૩
પાંડુરંગને સ્વપ્નમાં, સ્વામીજીએ એમ,
આપ્યું’તું દૃષ્ટાંત જે, પૂર્ણ કર્યું હા ! તેમ. ૧૭૪
જેણે જગમાં રાખીઓ, સદ્‌ગુરુ પર વિશ્વાસ,
તેને નડે ના સંકટો, કદી ન થાય નિરાશ ! ૧૭૫
માટે શ્રદ્ધાથી ભજો, સમર્થ સદ્‌ગુરુ દેવ,
જગનાં બંધન તોડીને, થશો મુક્ત તતખેવ ! ૧૭૬
‘દત્તપુરાણ’ મળી ગયું, કરવાને અનુષ્ઠાન,
પાંડુરંગ શોધી રહ્યા, હાવાં સાત્ત્વિક સ્થાન ! ૧૭૭
તાલાવેલી છે અતિ, પાળવાને ગુર્વાદેશ,
ક્યારે એ શુભ પળ મળે? ક્યારે મળે પ્રદેશ ? ૧૭૮
અંદર તો મન તડપતું, સદ્‌ગુરુ-દર્શન કાજ,
બાહિર નયનો બાવરાં, શોધે સ્વામીરાજ. ૧૭૯
સાધકની આ સાધના, કેવી ભીતર-બહાર,
સ્વયં સદ્‌ગુરુ સંચરી, કરે નિત્ય ચમત્કાર. ૧૮૦
અલખ નિરંજનને કહે, સાંભળ શિષ્ય સુધીર,
સદ્‌ગુરુની અમૃત કથા, ટાળે ભવભયપીર ! ૧૮૧
પાંડુરંગની સાધના, કેરો દિવ્ય પ્રભાવ,
સ્વયં અલખજી વહાવતા, હૃદયે રાખી ભાવ ! ૧૮૨
નામ માત્ર ‘બાલક’ તણું, વદાવનારો એહ,
રંગ ધરી ગુરુશિષ્યનો, અભિન્ન એ વરદેહ ! ૧૮૩

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે
અલખનિરંજનસંવાદે દત્તપુરાણગ્રંથપ્રાપ્તિર્નામ દ્વાદશોઽધ્યાયઃ ॥ ૧૨ ॥ દોહરા ૧૮૩ ॥

## અધ્યાય : ૧૩

નત મસ્તક કરી પ્રેમથી વદે નિરંજન બાળ,
ધન્ય કથા ગુરુ રંગની ધન-ધન અલખ દયાળ ! ૧
જ્ઞાનતણી ચાલુ કરી આપે પરબ મહાન,
જ્ઞાન-તૃષાતુર ચિત્રસમ થાય શાન્ત કરી પાન ! ૨
જનમ જનમના રોગનું આ તો ભેષજ એક !
સેવે તેના હૃદયમાં પ્રગટે જ્ઞાન-વિવેક ! ૩
શીતલ નિર્મલ નીરનું વહેતું ઝરણું જેમ,
પાપ-તાપ ને ટાળીને આપે શાંતિ તેમ ! ૪
નિર્મલ પાંડુરંગનો સાધના કેરો પ્રવાહ !
શ્રોતાજનનાં ટાળતો પાપ, તાપ ને આહ ! ૫
એવા જ્ઞાનપ્રવાહને વહાવો આગળ નાથ !
વ્યક્ત કરું શું કૃતજ્ઞતા ! જોડું બન્ને હાથ ! ૬
એમ કહી મૂગો થઈ શિષ્ય નિરંજન ત્યાંય,
જિજ્ઞાસાવૃત્તિ થકી ઊભો જોડી બાંહ્ય ! ૭
જોઈ વૃત્તિ શિષ્યની, દ્રવ્યા અલખ દયાળ;
અર્ધોન્મીલિત નેત્રથી બોલ્યા ભક્તપ્રતિપાળ ! ૮
ધન્ય નિરંજન બાળ તું ! ધન્ય વૃત્તિ તુજ ખાસ !
તુજ સમ શ્રોતા જોઈને વધતો મુજ ઉલ્લાસ ! ૯
તુજ નિમિત્તે માહરાં વાણી બુદ્ધિ ને મન,
રંગકથામૃત ગાઈને આજ થયાં પાવન ! ૧૦
વખતવહેણ વહી જાય છે પાણીપ્રવાહ જેમ,
અંતરમુખ બનતા રહ્યા પાંડુરંગ પણ તેમ. ૧૧
તાલાવેલી તીવ્ર હા કરવાને અનુષ્ઠાન,
લાગી પાંડુરંગને મળે ન ગમતું સ્થાન ! ૧૨
તે સમે શાળાતણા ભાગીદારો માંહ્ય,
ભિન્ન મનોવૃત્તિ થતાં પડ્યો મતભેદ ત્યાંય ! ૧૩
સંચાલક મંડળમહીં વિચારભેદે આમ,
પડ્યા ભાગલા બે પછી ઝઘડ્યા સામે સામ. ૧૪
પાંડુરંગને ના ગમ્યું કરવાનું તહીં કામ,
રાજીનામું આપીને છોડી દીધું ઠામ ! ૧૫
છોડી દીધી નોકરી આવ્યા પોતે ઘેર,
માજીને વંદન કરી કહી સંભળાવી પેર ! ૧૬
માજી પણ સિંહણ હતાં જરા ન દુભાવ્યું મન,
ઊલટાં પાંડુરંગને આપ્યાં અભિનંદનઃ ૧૭
"જ્યાં જ્યાં વૃત્તિ ચોર ને જ્યાં જ્યાં ભ્રષ્ટાચાર,
ત્યાં ત્યાં મારા દીકરા ! રહીએ ના પલવાર ! ૧૮
ખોટી ખુશામત કોઈની, કરીએ ના કદી આમ;
સ્પષ્ટ, સત્યવક્તા બની કરીએ કામ તમામ ! ૧૯
ભલે ગઈ નોકરી, મને નથી કંઈ રંજ;
વળગી રહ્યો તું સત્યને એજ ધનનો ગંજ ! ૨૦
ધન ધન મારા દીકરા ! ઉજ્જવલ કરી મુજ કૂખ,
ગૌરવ મને અપાવિયું તેં જગની સન્મુખ !" ૨૧
માએ પાંડુરંગને આપી આશિષ એમ,
વળતી પાંડુરંગ ત્યાં શિશ નમાવે તેમ ! ૨૨
ત્યાર પછી મા-દીકરે નાના નારણ સાથ,
પ્રેમ ધરી ભોજન કર્યું સ્મરતાં જગનો નાથ ! ૨૩
સુણતાં વિસ્મય પામીને વદે નિરંજન બાળ,
ખરી વાત આપે કરી આ તો અલખ દયાળ ! ૨૪
પાંડુરંગની નોકરી એ જ એક આધાર,
પોષણ કેરો કુટુંબનો ખોવાયો આ વાર ! ૨૫
તોયે રુકુમા માત હા ! કરે ન રંજ લગાર !
અર્પે સાશિષ, ધન્યવાદ આનંદ કરે અપાર ! ૨૬
બીજી માતા હોય તો નિજ દીકરાની એમ,
નોકરી જાતાં શોક વા કરે આક્રોશ તેમ ! ૨૭
અહીં તો હરખ્યાં માત ને દે સુતને ધન્યવાદ !
આવ્યો ત્યજીને જે નોકરી આ તો વિષમવાદ ! ૨૮
વર્તન રુકુમામ્બાતણું મુજને ન સમજાય,
અકળ કળા જગદંબની મુજથી કેમ કળાય ?! ૨૯
માટે સમજાવો પ્રભુ ! વિનવું જોડી હાથ,
જગદમ્બા રુકુમાતણા રહસ્યની એ વાત ! ૩૦
આછું હાસ્ય કરી વદ્યા ત્યાં તો અલખ દયાળ,
શંકા તારી ધન્ય છે સૂણ નિરંજન બાળ. ૩૧
સિંહણ સમ સ્વમાની એ હતાં રુકુમા માત,
નિજ દીકરા પણ સિંહ સમ બનાવવા સાક્ષાત્. ૩૨

માજી રાખે કાળજી પ્રહરી બની સુજાણ !
સુત બે ભૌતિક સુખ મહીં થાય ન ચલાયમાન ! ૩૩

બની બિચારા-બાપડા કે થઈને લાચાર,
ફરે જગતમાં દીકરા માને ન ગમે લગાર ! ૩૪

સિંહણના એ દીકરા ઘૂમે સિંહ સમાન,
છાતી કાઢી જગતમાં ફરે રાખી સ્વમાન. ૩૫

ગળથૂંથીમાંથી જ એ સ્વમાન કેરાં પાન,
મા નિત હતી કરાવતી નિજ ગૌરવનું જ્ઞાન ! ૩૬

મારો દીકરો ન બને કદી દીન લાચાર,
સત્ય નીતિ ને ધર્મનો સદા કરે આચાર; ૩૭

વિહ્વળ ના જે વિપદમાં, છકે ન સંપદ માંહ્ય,
ક્ષણિક-ભભકતા તેજથી ન એ કદી અંજાય ! ૩૮

એવી માની ભાવના પાંડુરંગે અદ્ય,
છોડી દઈને નોકરી પૂર્ણ કરી'તી સદ્ય ! ૩૯

તેથી મા રુકુમાતણા હૈયે આનંદ થાય,
હિંમત જોઈ પુત્રની માનું મન હરખાય ! ૪૦

તેથી પાંડુરંગને મા રુકુમાએ એમ,
ધન્યવાદ આપ્યા હતા હૈયે હરખી તેમ ! ૪૧

સૂણી વચન શ્રી અલખનાં શિષ્ય નિરંજન ત્યાંય,
રુકુમામ્બાને સ્મરી સ્મરી હૈયે પુલકિત થાય ! ૪૨

હૈયું ગદ્‌ગદ્‌ થાય ને નયને નીર ઉભરાય,
સ્તુતિ કરતાં માતને લળી-લળી લાગે પાય ! ૪૩

ધન ધન મા આનંદમયી ધન ધન રુકુમા માત,
મંગલકારિણી માત તું અનસૂયા સાક્ષાત્‌ ! ૪૪

ત્યાગમયી જગદંબા તું ધન ધન તારો ત્યાગ,
પરબ્રહ્મ પ્રગટાવિયા, લગે ન તારો તાગ ! ૪૫

ભાવસભર હૈયા થકી કરી પ્રાર્થના એમ,
શિષ્ય નિરંજન અલખને વિનવે ફરીથી તેમ. ૪૬

રંગકથામૃત-ઝરણ ત્યાં વહાવો આગળ નાથ,
ધોવાયે મળ જે થકી અંતરના હે નાથ ! ૪૭

હૈયે હરખ્યા અલખજી ગાતાં ગુરુગુણગાન,
સાંભળ ભાવે પાંડુરંગ વિચારે આમ મનઃ- ૪૮

નાના નારાયણ તણો ચાલુ વિદ્યાભ્યાસ,
તે માટેના ખર્ચની કરવી વ્યવસ્થા ખાસ. ૪૯

સાથે કંઈક કરવું ઘટે ચલાવવા વ્યવહાર,
જેથી ઘરમાં માજીને રહે ન ચિંત લગાર ! ૫૦

અમદાવાદે તે સમે શ્રીમાન સારાભાઈ,
હતા માલિક બહુ મિલના શ્રી રહે ઉભરાઈ ! ૫૧

સુપુત્રી એક તેમનાં શ્રી અનસૂયાબેન,
સંસ્કૃત કાવ્યો શીખવા બન્યાં હતાં બેચેન ! ૫૨

તે સમયના શ્રેષ્ઠી જે શંકરલાલ બેંકર,
એમની પણ પ્રીતિ હતી અધિક સંસ્કૃત પર ! ૫૩

તેથી કો સંસ્કૃતતણા પંડિત સાથીદાર,
શિક્ષક કેરી શોધમાં હતાં બેઉ તે વાર ! ૫૪

પહોંચ્યું કો' દ્વારા તિહાં વળામે કેરું નામ,
બોલાવી વિનંતી થતાં તુરત સ્વીકારે કામ ! ૫૫

નારાયણ ભણતરતણો, ઘરનો વળી તમામ,
આ વેતનથી ખર્ચ સૌ નીકળે સાથ જો આમ ! ૫૬

અહીં પણ પાંડુરંગનો નિઃસ્પૃહી વ્યવહાર,
શ્રીમંતોની સાથ પણ ચમકે વારંવાર ! ૫૭

જાહેર સેવાક્ષેત્રમાં શ્રીઅનસૂયાબેન,
રહે સતત રત જે થકી જુએ ન દિવસ રૈન ! ૫૮

દિવસોનાદિવસો સુધી બહાર જવાનું થાય,
અહીયાં શિક્ષક પાંડુરંગ આવી પાછા જાય ! ૫૯

ભલે એમ બેસાય ન કરવાને અભ્યાસ,
પણ વેતન નિયમિત મોકલે યાદ રાખીને ખાસ ! ૬૦

વણમહેનતનું ન ખપે પાંડુરંગને ક્યાંય,
તેથી એક દિન બેનને કહેવા લાગ્યા ત્યાંયઃ ૬૧

જુઓ બેન ! એક માસમાં અર્ધા દિવસો આમ,
વગર ભણાવ્યે વહી જતા કર્યા વિના કંઈ કામઃ ૬૨

તોયે વેતન પૂરેપુરું આપ મોકલો આમ,
વણમહેનતનું ધન એ મારે છે હરામ ! ૬૩

તેથી જેટલા દિન મેં કર્યું હોય અહીં કામ,
દેજો એટલા દિનના આપ ગણીને દામ ! ૬૪

શબ્દો શિક્ષકના સૂણી શ્રીઅનસૂયાબેન,
વિસ્મય પામીને અતિ વદ્યાં વિવેકવેણઃ ૬૫

સેવાના વ્યાસંગમાં રહેવા લાગી રત,
તેથી અધ્યયન કારણે ન બેસાય સતત ! ૬૬

એમાં વાંક છે માહરો આપ તો પ્રતિદિન આમ,
નિયમિત આવીને જતા છોડી બીજું કામ ! ૬૭
મ્હાટે આપે સ્વીકારવું વેતન નિ:સંકોચ !
બદલો લેતાં શ્રમતણો શાને કરવો શોચ ? ૬૮
શ્રમ વિના વેતન કદી ના લે પાંડુરંગ,
તેથી બીજું કામ કંઈ માગ્યું ધરી ઉમંગ ! ૬૯
વિધ-વિધ સારા ગ્રંથ જે નવલ પ્રકાશન યોગ્ય
પ્રકાશનસંસ્થા એક ત્યાં બની'તી લોકભાગ્ય ! ૭૦
'ભગવાનદાસસ્મારક' ગ્રંથમાળાનું નામ,
સોંપાયું એમાં અહીં પાંડુરંગને કામ ! ૭૧
પાંડુરંગે આપણા તે શ્રેણીમાં આમ,
લખ્યા કેટલા ગ્રંથ ને કર્યા પ્રગટ તમામ ! ૭૨
રચના ઋષિ-મુનિઓતણી ઉપનિષદો કહેવાય,
ચૂંટી-ચૂંટી તે તણી, સુંદર વાતો લખાય ! ૭૩
રોચક સાદી શૈલીમાં, બોધદાયક સાર,
'ઉપનિષદોની વાતો'માં કરી પ્રગટ તે વાર ! ૭૪
લેખક રશિયા દેશના ટોલ્સ્ટોય શુભ ચિંતક,
'ટોલ્સયટોય અને શિક્ષણ' તેનું કર્યું પ્રગટ પુસ્તક ! ૭૫
એજ મહાત્માતણો વળી ગ્રંથ અન્ય વિખ્યાત,
'વ્હોટ શેલ વી ડુ ધેન?' થી થઈ પ્રભાવિત તાત ! ૭૬
અનુવાદ ગુજરાતીમાં 'ત્યારે કરીશું શું ?'
શીર્ષકથી એ પ્રગટ કરે, અઘરું રંગને શું ? ૭૭
'ધમ્મપદ' પણ પ્રગટ થયું બીજા ગ્રંથ અનેક,
આ સંસ્થા દ્વારા અહા ! પ્રગટ કર્યા ધરી ટેક ! ૭૮
આજે પણ આ પુસ્તકો પાંડુરંગનાં જેહ,
નવજીવન કાર્યાલયે સુખે મળે છે તેહ. ૭૯
આમ પોતે શ્રમ લઈ કરે ઉપાર્જિત ધન,
માત-ભ્રાત ને સ્વતણું કરે ઉદરપોષણ ! ૮૦
એક દિન અધ્યયન પછી બેંકર સાહેબ સાથ,
પાંડુરંગ બેઠા હતા કરતા વિધ-વિધ વાત ! ૮૧
વાત વાતમાં તે સમે બેંકર સાહેબ એમ,
પૂછે પાંડુરંગને આતુરતાથી તેમ: ૮૨
અરે ! વળામે આપની નજરે પડી કે કેમ ?
'ગીતા' એની બીસેંટની અંગ્રેજીમાં એમ ? ૮૩

પાંડુરંગ કહે ના કદી વાંચી છે મેં એહ !
છે કંઈ એમાં વિશેષતા ? કહો હોય તો તેહ ! ૮૪
બેંકર કહે વિશેષતા એ પુસ્તકની એક,
અંગ્રેજી બહુ સારું છે વાંચવા જેવું છેક ! ૮૫
પાંડુરંગ વદ્યા હસી બેંકરજીને ત્યાંય,
લાવો એની વિશેષતા જોઈ લઉં જરા આંહ્ય ! ૮૬
અંગ્રેજી છે એમનું ઘણું સારું એમ,
માટે 'ગીતા' છે એમની સારી કહેવાય કેમ ? ૮૭
પાંડુરંગ એમ કહી કરી સદ્‌ગુરુસ્મરણ !
એ પુસ્તક ઉઘાડીને ફેરવ્યું પાન તત્ક્ષણ ! ૮૮
અગિયારમાં અધ્યાયનો બત્રીસમો એ શ્લોક,
'ઋતેડપિ ત્વાં' ત્યાં નીકળ્યો જોને એકાએક ! ૮૯
ભાષાંતર વાંચી એહનું 'તારા વિના' ત્યાં એમ,
બીસેન્ટજીનો અર્થ એ ખૂંચ્યો હૈયે તેમ ! ૯૦
પછી શ્લોક સમજાવતાં બેંકરજીને આપ !
જુઓ એની બીસેંટજી ખાઈ ગયાં અહીં થાપ ! ૯૧
પરભાષાના હાર્દને સમજતાં લાગે વાર,
માટે ભાષાંતર વિષે થાએ ભૂલ અપાર ! ૯૨
જુઓ જુઓ આ શ્લોકમાં ગીતાકારનો આમ,
આશય કંઈ જુદો જ ને કરે અર્થ અહીં તેમ ! ૯૩
ગીતાકાર અર્જુનને કહે છે મારું માન,
તું હોય કે ન હોય પણ સૌ હણાયેલા જ જાણ ! ૯૪
મારી અચિન્ત્ય શક્તિ કો કરી રહી છે કામ !
હણવાનું આ સર્વને મૂકી અહં તમામ ! ૯૫
માર બધાંને અધ તું બની કેવળ નિમિત્ત,
છે આ સર્વ હણાએલા માટે થા નિશ્ચિંત ! ૯૬
મુદ્દો ગીતાકારનો કે તું વિણ આ સર્વ,
મરાએલા જાણ તું, કર ના માટે ગર્વ ! ૯૭
'ઋતેડપિ ત્વાં'નો અર્થ તો અર્જુન વિણ પણ જાણ !
આ સર્વે મરનાર છે માટે મારું માન ! ૯૮
માટે આ ભાષાંતરે એની બીસંટે આપ !
હાર્દ અહીં સમજ્યા વિના ખાધી મોટી થાપ ! ૯૯
વિદૂષી એ બાઈને મારા નમ્ર પ્રણામ,
નથી આશય અન્ય મુજ કહેવામાં જો આમ ! ૧૦૦

વિશ્લેષણ આવું સૂણી શંકરલાલ બેંકર,
દિઙ્મૂઢ થઈ આશ્ચર્યમાં ડૂબી ગયા ક્ષણભર ! ૧૦૧
વિષયતણા એ હાર્દની આવી મજબૂત પકડ,
હતી જો પાંડુરંગનાં એ સદ્‌ગુરુકૃપાનું ફળ ! ૧૦૨
મા રુકુમાના હૃદય વિષે એક જ ઈચ્છા થાય,
ક્યારે પાંડુરંગનાં લગ્ન હવે થઈ જાય ? ! ૧૦૩
આમ તો કોલેજમાં હતા ત્યારથી લગ્નની વાત !
જુદાં-જુદાં સ્થળ થકી આવતી દિન ને રાત ! ૧૦૪
પણ ભણતર દીકરાતણું પૂર્ણ ન જ્યાં સુધી થાય,
ત્યાં સુધી લગ્નતણી અરે ! વાત કદી ન કરાય ! ૧૦૫
ભણતર પૂર્ણ થયું હવે, કરે કમાણી આમ;
માટે લગ્નનું પૂછવા માએ ધારી હામ ! ૧૦૬
એક દિવસ રાત્રે અહા ! જમી પરવારી એમ,
મા-દીકરો બેઠાં હતાં વાતો કરતાં તેમ ! ૧૦૭
જોઈ ખુશમિજાજમાં પાંડુરંગને આજ,
માએ વાત છેડી તદા લગ્ન કરવા કાજ ! ૧૦૮
પાંડુરંગ વિવેકથી બોલ્યા મધુર વચનઃ
મા મારું સંસારમાં જરા ન ચોંટે મન ! ૧૦૯
નારાયણનો જ્યાં સુધી ચાલે છે અભ્યાસ,
ત્યાં સુધી ઓ માવડી ! રહીશ તારી પાસ. ૧૧૦
નારાયણ મોટો થઈ ભણીગણી સંપૂર્ણ,
લગ્ન કરી તુજ પાસ રહી કરશે આશા પૂર્ણ ! ૧૧૧
માટે મારા લગ્નની વાત ફરી કોઈ વાર,
માજી તમે ન છેડશો, વંદી કહું આ વાર ! ૧૧૨
માજી ચૂપ થઈ ગયાં હૈયે દુઃખ અપાર,
અરેરે ! મારો પુત્ર શું નહિ માંડે સંસાર ?! ૧૧૩
દુઃખ જોઈ માજીતણું દ્રવતા પાંડુરંગ,
પ્રવાહ બદલી વાતનો વરસાવ્યો ઉમંગ ! ૧૧૪
દિવસો એમ વહી રહ્યા વાત ન વિસરે માત,
છાનું છાનું હૃદયમાં કરતાં જો કલ્પાંત ! ૧૧૫
એક બપોરે પાંડુરંગ કરતા’તા આરામ !
માજી બહાર બેસીને કરતાં’તાં કંઈ કામ ! ૧૧૬
તે સમે એક જ્યોતિષી આવ્યા કરતા ઘોષ,
જોશી છે આવ્યા અહીં જોવો શું કોઈને જોષ ?! ૧૧૭
નોકરી લગ્ન કે સંતતિ થાશે ક્યારે કેમ ?
કુંડલી જોઈને એ બધું કે’તા અમે સૌ એમ ! ૧૧૮
માજીએ આ સાંભળ્યું જાગ્યો વાત્સલ્ય પ્રેમ,
લાવ બતાવું કુંડલી પાંડુરંગની એમ ! ૧૧૯
લગ્નતણો કંઈ યોગ હા ! એને છે કે કેમ ?
ક્યારે ! ક્યાં ? ને કઈ રીતે ? પરણશે એ એમ ! ૧૨૦
એમ વિચારી માજીએ જોશીજીને જાણ,
બોલાવી હેતે ગૃહે આસન દીધાં માન ! ૧૨૧
જન્મપત્રિકા પાંડુની લાવી આપી એમ,
જુઓ જોશીજી એહનું લગ્ન થશે કે કેમ ? ૧૨૨
નડી રહ્યો છે ગ્રહ ક્યો જે અટકાવે લગ્ન,
લગ્નનું માગું આવતાં ક્યો કરાવે ભગ્ન ! ૧૨૩
શાંત કરવા ગ્રહ અહા ! કહો કોઈ ઉપાય ?
જેથી પરણવા દીકરો તુર્ત તૈયાર થાય ! ૧૨૪
ઝોળીમાંથી જોશીએ કાઢી પાટી-પેન,
કાઢી કુંડલી પાટીમાં ગણગણતાં કંઈ વેણ ! ૧૨૫
વેઢા આંગળીઓતણા ગણતા વારંવાર,
ટકટક શબ્દે અંક લખે પાટી પર મોઝાર ! ૧૨૬
પળમાં આંખ ઝીણી કરે, પળમાં પહોળી થાય;
મુખપરના ભાવો અહા ! પળપળમાં બદલાય ! ૧૨૭
મટ મટ થાતી આંખ ને ભાવ બદલતું મુખ,
જોતાં માના અંતરે થાતું અકથ્ય દુઃખ ! ૧૨૮
કો જાણે શું ફળ હશે ? થયાં આતુર અપાર,
જવાબ આપતાં જોશીડો કેમ લગાડે વાર ? ૧૨૯
આવા વિચારે માજીના અંતરે કંઈ કંઈ થાય !
નીરખતાં એ જોશીડો ઘણો ગંભીર થાય ! ૧૩૦
આમ અહીં ભજવી રહ્યો જોશી નાટક જ્યાંય,
ત્યાં તો જાગ્યા પાંડુરંગ અંદર ઓરડા માંહ્ય ! ૧૩૧
નાટક આ જોશીતણું જોયું થોડી વાર,
પછી લઈને દંડુકો નીકળ્યા પોતે બહાર ! ૧૩૨
જોશી સામે દંડુકો હલાવતાં તે વાર,
પાંડુરંગે જોશીને ફેંક્યો ત્યાં પડકાર ! ૧૩૩
મૂકો તમારી કુંડલી જોશી પાટી પર !
કરી ગણતરી કહો મને ફળ તેનું સત્વર ! ૧૩૪
વીંઝાતો આ દંડુકો આપના શરીર પર,
પડશે કે નહિ પડે ? કહી દો એ સત્વર ? ૧૩૫
તપાવેલા તામ્ર શો જોતાં ચહેરો લાલ !
ધાર્યું જોશીએ ‘મર્યા’, થાશે બુરા હાલ ! ૧૩૬

તેથી ઝટપટ ટીપણું નાખી ઝોળી માંહ્ય,
માથે દાબી પાઘડું હડુડુડુ દોડ્યો ત્યાંય ! ૧૩૭
ઝટપટ નીકળ્યો બહાર ને ખાસડાં લઈ સત્વર,
ઊભી પૂંછડીએ જોશીડો થયો રફુચક્કર ! ૧૩૮
રુકુમામ્બા આભા બની જોઈ રહ્યાં તત્કાળ,
અરે ! બાબુ ! તેં જોશીને કેમ ભગાડ્યા હાલ ? ૧૩૯
હું એને લાવી હતી બોલાવી ઘર માંહ્ય,
બતાવવા તુજ કુંડલી, એનો વાંક ન ક્યાંય ! ૧૪૦
શા માટે નિર્દોષ એ બ્રાહ્મણને તેં એમ,
ધમકાવ્યા દંડા વડે જેથી ભાગ્યો તેમ ! ૧૪૧
વાંક ન એ બ્રાહ્મણતણો વાંક માહરો જાણ !
લઢવું હોય તો લઢ મને, જોશી સાવ અજાણ ! ૧૪૨
સૂણી મા રુકુમાતણાં ઠપકાનાં એ વેણ,
પાંડુરંગ વદ્યા હસી ઢાળી નીચાં નેન ! ૧૪૩
બહુ ભોળાં માજી તમે ભોળપણાનો એમ,
લાભ ઉઠાવી છેતરે, મને ગમે એ કેમ ? ૧૪૪
જોશી એ ઢોંગી હતો તમ સમ ભોળાં જન,
ધૂતીને ધન મેળવી કરે અમનચમન ! ૧૪૫
જો એ સાચો હોત તો કદી ન ભાગી જાત,
તુરત કુંડલી મૂકીને મુજને કરત મહાત ! ૧૪૬
જૂઠાને છે ભય ઘણો, સાચાને નહિ ધાક,
ઢોંગી ધૂતારો એ હતો તેથી ભાગ્યો દ્રાક્ ! ૧૪૭
માજી ! ભવિષ્યમાં હવે ફરી કોઈ દિ' આમ,
મારી કુંડલી કોઈને બતાવશો ના આમ ! ૧૪૮
પણ આ તો છે માવડી, માને હૈયે હેત,
અટકાવ્યું અટકે નહિ લાખ કરે સંકેત ! ૧૪૯
માજી કહે તુજ લગ્નની ચિંતા મુજને થાય,
તેથી તારી કુંડલી બતાવવા મન થાય ! ૧૫૦
પાંડુરંગ વદ્યા પછી કરી મુખ ગંભીર !
માજી મારા લગ્નની શાને રાખો પીર ! ૧૫૧
મન મારું ચોંટે નહિ સંસારે લગાર,
ક્ષણભંગુર સંસારથી લેશ મને ના પ્યાર ! ૧૫૨
માટે મારા લગ્નનો કરશો ના વિચાર !
વરી ચૂક્યો હું ક્યારનો વિરતિ રૂપી નાર ! ૧૫૩
થાવાનું માજી હે ! થઈ રહે નક્કી !
નથી થવાનું તે નહીં, ભલે મરો શિર પટકી ! ૧૫૪
માટે ચિંતા છોડીને કરો પ્રભુસ્મરણ,
ભાવિ પ્રબલ છે સર્વનું માટે ન દુભવો મન ! ૧૫૫
વળી ભાવિને જાણવા કદી ન કરવો યત્ન,
ભાવિ જાણ્યાથી કદી ઉકલે નહિ કો પ્રશ્ન ! ૧૫૬
વિધિએ જાણી જોઈને રાખ્યું ભવિષ્યને એમ,
અંધારામાં જે થકી ચાલે સઘળું ક્ષેમ ! ૧૫૭
જો નાટકને હોત ના પડદો સુણ ઓ માત !
તો એ નાટક જોવાતણી મઝા જ મારી જાત ! ૧૫૮
તેમ જીવન-નાટકતણો ભવિષ્ય પડદો જાણ,
સંતાડીને એ કરે સુખ-દુઃખ કેરી લ્હાણ ! ૧૫૯
નથી જાણતા ભવિષ્યને તેથી નિઃસંતાપ,
થઈને આપણે કરી રહ્યા જગવ્યવહાર અમાપ ! ૧૬૦
માજી ! આજે હું અને તમે ને નારાયણ,
વાતો કરીએ મોદથી તેનું શું કારણ ? ૧૬૧
કારણ કે નથી જાણતાં આપણે આવતી કાલ,
તેથી આજે મોદથી, કરીએ સૌએ વ્હાલ ! ૧૬૨
એમ મોદ જે આજનો તેનું કારણ એહ,
નથી જાણતા કાલને માનો નિઃસંદેહ ! ૧૬૩
જુઓ વિધિએ ભવિષ્યને અંધારામાં એમ,
રાખીને અમ સર્વનું, સાધ્યું સાચું ક્ષેમ ! ૧૬૪
માટે કો દિ' ભવિષ્યને માત ! જાણવા માટ,
ના કરવો કંઈ યત્ન ને ના કરવો ઉચાટ ! ૧૬૫
એમ ભાવિની માજીને સમજાવીને વાત,
પાંડુરંગ નિજ કાર્યમાં રત થયા સાક્ષાત્. ૧૬૬
યાદ કરી શ્રીરંગની વાણી અલૌકિક એહ,
ભાવાવેશે અલખજી થાય મૂક વરદેહ ! ૧૬૭
આગળ નિરંજન પૂછશે પ્રશ્ન ફરી એકવાર !
રંગકથાનો અલખમુખે કરાવશે વિસ્તાર ! ૧૬૮

બાલક કેરા બોબડા શબ્દો સમ એ જાણ,
રંગકૃપાથી એ થશે વેદવાક્ય સમાન ! ૧૬૯

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગીલીલામૃતે અલખનિરંજનસંવાદે પૂર્વાશ્રમપ્રવૃત્તિર્નામ ત્રયોદશોઽધ્યાયઃ ॥૧૩॥ દોહરા ૧૬૯॥

**સપ્તાહ પારાયણ - ૧લો દિવસ**

## અધ્યાય ૧૪

અલખને ચરણે નમી, પૂછે નિરંજન બાળ,
સદ્‌ગુરુની રસમય કથા, આગળ કહો દયાળ ! ૧

જોશીને ભગાડીને, ભવિષ્ય રાખ્યું કેમ,
અંધારામાં ? એ કથા, સંભાળવી પ્રભુ તેમ. ૨

ત્યારપછીથી શું થયું ? પાંડુરંગની એહ,
સંભળાવોને ફરી ફરી, લીલા અગમ્ય જેહ ! ૩

સૂણી પ્રશ્ન એ શિષ્યનો, અલખ થયા પ્રસન્ન;
હસતે મુખડે કહી રહ્યા, સદ્‌ગુરુ લીલા ગહન ! ૪

સૂણ નિરંજન શિષ્ય તું, એની લીલા અનંત !
પાર ન પામે કોઈ એ, કદી ન આવે અંત. ૫

અનંત લીલા એહની, અનંત એનાં નામ,
અનંત રૂપે કરી રહ્યો, લીલા અનંત નિષ્કામ. ૬

અનંત એ અમૃતતણા, સિંધુમાંથી એમ,
લઈને થોડાં બિંદુઓ, પાન કરાવું તેમ ! ૭

અમૃતનું એક બિંદુ પણ, અમર કરે છે કાય,
તેમ કથામૃત સૂણતાં, ભક્તનો ભવ-ભય જાય ! ૮

માજીને સમજાવીને, શાંત પાડી તે વાર,
પાંડુરંગે સહજ રીતે, વ્યક્ત કર્યો વિચારઃ ૯

"માતા ! સાચું માનજો, સાચું કહું આ વાર,
મન મારું વિરક્ત છે, ના ગમતો સંસાર ! ૧૦

રંગ મને સંસારનો, લાગે મા ન જરાય !
લાગ્યો રંગ વિરક્તિનો, ભૂંસ્યો નહિ ભૂંસાય ! ૧૧

માટે ના કરશો તમે, ચિંતા મારી માત !
નારાયણનાં લગ્નની, કરજો હાવે વાત." ૧૨

ત્યાં તો માજી બોલીયાં, થઈને મન ઉદાસ !
નારાયણ નાનો હજુ, ચાલુ છે અભ્યાસ ! ૧૩

પૂર્ણ કરી અભ્યાસ એ, કશું કમાતો થાય,
કેમ કરીને ત્યાં સુધી, જીવન અમારું જાય ? ૧૪

પ્રેમે પાંડુરંગ ત્યાં, વદ્યા કરીને હાસઃ
સૂણ ઓ ! મારી માવડી ! વચન માહરું ખાસ ! ૧૫

જ્યાં સુધી નારાયણ અહીં, પૂર્ણ કરી અભ્યાસ,
નોકરીએ લાગે નહીં, ત્યાં સુધી હું તુજ પાસ, ૧૬

ચોક્કસ રહીશ તું માનજે, માડી ! મારું વચન,
એમ કહી મસ્તક મૂક્યું, રુકુમામ્બાને ચરણ ! ૧૭

આમ પાંડુરંગ રહે, સદા સાધના-રત,
ઉપરથી વ્યવહારુ પણ, ભીતર રહે વિરક્ત ! ૧૮

ક્ષણિક સુખ સંસારમાં, ના થાયે આસક્ત,
સદા સમાધિ સુખની, મસ્તીમાં રહે મસ્ત ! ૧૯

નારાયણ અભ્યાસમાં હતા ખૂબ હોશિયાર,
તેજસ્વી મેધાવી ને બુદ્ધિના ભંડાર. ૨૦

નિજ અભ્યાસે રત સદા, ખાલી ન બગડે ક્ષણ,
સ્નાતક પ્રથમ શ્રેણીમાં, થઈ ગયા એ પણ. ૨૧

હરખ્યા પાંડુરંગ, ને માજી હરખાય મન,
મિત્રોએ આનંદથી, આપ્યાં અભિનંદન ! ૨૨

નારણભાઈ પણ હતા, સિંહણ કેરા સુત,
એ પણ પાંડુરંગ શા, સ્વમાની અદ્‌ભુત ! ૨૩

સ્નાતક પદવી મેળવી, નોકરી માટે એમ,
પ્રયત્નો કરતા હતા, જેથી ચાલે ક્ષેમ, ૨૪

અરજીઓ કરતા હતા, નોકરી માટે એહ,
તે જોઈને મિત્ર એક, ઈર્ષાથી યુત જેહ. ૨૫

આવી નારણ પાસ એ, વ્યંગે બોલ્યો વાણઃ
હસતો હસતો કટાક્ષથી, "અરે ! નારાયણ ! ૨૬

વિલાયત જવાની તું કરે, શું તૈયારી વાહ !
મળી ગયો 'પાસપોર્ટ' કે ? જબરો તું તો આહ ! ૨૭

એ પછી તો ભાઈ તું, વિલાયત જઈને વાહ !,
અંગ્રેજી બચ્ચો બની જશે, નહિ રાખે પરવાહ" ! ૨૮

સૂણી વાક્યો વ્યંગના, નારાયણને ત્યાંય,
ક્રોધ અતિશે હા ચઢ્યો, પણ શાંતિ રાખી આંહ્ય ! ૨૯

મનમાં ક્રોધ શમાવીને, હસતા મુખડે તેમ,
પેલા દ્વેષી મિત્રને, કહેવા લાગ્યા એમઃ ૩૦

"દોસ્ત, તારી વાત તો, સોળ આની છે સત્ય,
'પાસપોર્ટ' વગેરે બધું, પૂર્ણ થયું છે કૃત્ય ! ૩૧

ગરમ કપડાં મોંઘાં અતિ, સીવડાવ્યાં આ વાર,
પેટી લાવી એ બધાં, ભરી દીધાં નહિ વાર ! ૩૨

ટિકિટ પણ સ્ટીમરતણી આવી ગઈ મુજ પાસ,
હવે તૈયારીમાં કશું, બાકી રહ્યું ના ખાસ" ! ૩૩
પેલો તો બાઘા સમો, નારણભાઈનું મુખ,
તાકીને જોઈ રહ્યો, ધારી હૈયે દુઃખ ! ૩૪
ત્યાં તો નારણભાઈ વદ્યા, કરી મુખ ગભીર,
કિન્તુ ચિંતા એક છે, આપે છે બહુ પીર ! ૩૫
જમવા મારે જોઈએ, નિત દેશી મિષ્ટાન્ન,
ત્યાં તે મુજને નહિ મળે, તેથી છું હું ખિન્ન ! ૩૬
હું અહીયાં શોધી વળ્યો, દેશી રસોયો કોઈ !
જે મુજ સાથે આવીને, કરે મારી રસોઈ ! ૩૭
પણ કોઈ મુજને ના મળ્યો તેથી હતો ઉદાસ,
આજે તુજને જોઈને, મને થયો ઉલ્લાસ. ૩૮
જો તું મારી સાથ હા ! આવે દોસ્ત વિલાયત !
બની બબરચી માહરો, જામે સારી વાત ! ૩૯
ખર્ચ બધો મારો અને, વળી મોટો પગાર !
બબરચીને આપવા, મેં કીધો નિર્ધાર" ! ૪૦
સૂણી શબ્દો નારાયણતણા, ક્રોધથી ભડ-ભડતો,
મૂકી દઈને ભાગીઓ, મિત્ર એ બડ-બડતો ! ૪૧
આવા નારાયણ હતા, ટીખળી ને હુશિયાર !
ભલ-ભલાની મૂછનાં, પાણી ઉતારનાર ! ૪૨
આમ દિવસ કંઈ વહી ગયા, ત્યાં તો જાણે કેમ ?
પાંડુરંગના શરીરમાં, આવ્યો વ્યાધિ તેમ ! ૪૩
તબિયત લથડી એક દિન, પડ્યા પથારી માંહ્ય,
દાક્તર-વૈદ્યતણી દવા, અસર કરે ના ક્યાંય ! ૪૪
મા ને ભાઈ ખડે પગે, સેવા કરે અત્યંત,
જપ-જપાદિક પણ ઘણાં, કર્યાં ધરીને ખંત. ૪૫
પાંડુરંગની માંદગી, લેશ ન ઓછી થાય !
શુશ્રૂષા સ્વજનો કરે, તો પણ વધતી જાય ! ૪૬
શરીર દુબળું થઈ ગયું, વધી અશક્તિ અપાર !
ઊઠી-બેસી ના શકે, થયો બંધ વહેવાર ! ૪૭
આંખો ખૂબ ઊંડી ગઈ, ક્ષીણ થયો અવાજ !
હલન-ચલન કરી ના શકે, ધીમો ચાલે શ્વાસ ! ૪૮
જોઈ દીકરાની દશા, મા રુકુમામ્બા આમ,
મનમાં છાનાં ખૂબ રડે, ઉપર બતાવે હામ ! ૪૯

ખાવું-પીવું છોડીને, સદા પથારી પાસ,
બેસીને રડતા હૃદયે, પ્રાર્થે શ્રીઅવિનાશ ! ૫૦
"પ્રભુ ક્યા અપરાધનો, મુજને દો છો દંડ ?
ક્ષમા કરો અપરાધ હા કેમ થાઓ ચંડ ? ૫૧
પહાડ સમો મુજ દીકરો, આજે તરણાતુલ,
થઈ પડ્યો પથારીએ, પ્રભુ કઈ મારી ભૂલ ? ૫૨
અગાધ આ સંસારમાં કરી અમને અનાથ,
પતિ ગયો નિજ ધામમાં, ત્યારે પંઢરીનાથ ! ૫૩
આપે આવીને પ્રભો ! ઝાલ્યો'તો મુજ હાથ,
અનાથ હું અબળાતણા, આપ બન્યા'તા નાથ ! ૫૪
આપ સહારે ઉછેરીયા, બે દીકરા કરી યત્ન,
સંસ્કારે શણગારિયા, બેઉ અમોલાં રત્ન ! ૫૫
પેટે પાટા બાંધીને, જાળવ્યા કરી જતન !
પતિની મોંઘી મૂડી આ, મુજ આંખતણા રતન. ૫૬
મુજ અબળાની આંખનું, આ છે મોઘું રતન !
ઝૂંટવીશ જો તું હે પ્રભો ! થઈશ હું દૃષ્ટિવિહીન ! ૫૭
મારા પાંડુરંગને, અર્પી સ્વાસ્થ્યનું દાન,
મારાં સર્વે પુણ્ય હા ! લઈ લે તું ભગવાન ! ૫૮
મારું આયુષ્ય ટૂંકવી, દે એને આયુષ્ય,
જીવાડ મારા લાલને, લે જોઈએ જે તેય !" ૫૯
જડ પથ્થર પણ પીગળે, સૂણી માનું રુદન,
તો આ તો ભગવાન છે, કેમ દ્રવે ના મન ? ૬૦
માજી પ્રભુને પ્રાર્થીને, કરે આમ રુદન,
પાંડુરંગ પથારીમાં, કરે મનોમંથન ! ૬૧
મળ્યો મનુષ અવતાર આ, કર્યું ન મેં કંઈ કામ !
ખાધું પીધું ને ફર્યો, જીવ્યો વ્યર્થ હરામ ! ૬૨
મોંઘો જન્મ મનુષ્યનો, ખરે મોક્ષનું દ્વાર,
મેં તે વ્યર્થ ગુમાવીઓ, થયો હાય ! ખુવાર ! ૬૩
વિચાર-વલોણે જો ચઢ્યું, પાંડુરંગનું મન,
મંથન થાતાં તરી રહ્યું, નવનીતરૂપ ચિંતનઃ ! ૬૪
જન્મમરણ ઝંઝટ થકી, છૂટવા આણીવાર,
મળ્યું શરીર મનુષ્યનું, જે છે મોક્ષનું દ્વાર. ૬૫
માનવનું તન મેળવી, કર્યો ના ઉપકાર !
ભક્તિ કરી ભગવાનની ના શોધ્યો ઉદ્ધાર ! ૬૬

જન્મ વૃથા મારો ગયો, વૃથા વીંઢાળ્યો ભાર,
વૃથા માતૃયૌવન હરી, વૃથા વહ્યો અવતાર ! ૬૭
મનુષ્યના તનની ભલે, નિંદા કરીએ અપાર,
પણ એ ભૂલવાનું નથી, છે એ મોક્ષનું દ્વાર ! ૬૮
રક્ત-પરૂ મળ-મૂત્રથી, ખદબદતું આ તન,
શુક્ર-રજ-પ્રસ્વેદ થકી, ગંધાય જો ક્ષણ ક્ષણ ! ૬૯
ગંધાતા આ તન વિષે, કામ ક્રોધ ને દ્વેષ,
દુર્ગુણરૂપ શત્રુ વસે, મનમાં ઉપજે કલેશ ! ૭૦
પાણી પરપોટા સમું, શરીર ક્ષણગંભુર,
માટીના વાસણ સમું, ક્ષણમાં થાએ ચૂર ! ૭૧
પંચ-ઘૃત સાકર સાથમાં, જમીએ ભોજન મિષ્ટ,
વિષ્ટામાં એ મિષ્ટને, ફેરવી દે અનિષ્ટ ! ૭૨
પુષ્પકળી શું બાળપણ, પંકજસમ યૌવન,
ટકવા ના દે ઝાઝું એ, લાવે જો ઘડપણ ! ૭૩
કરચલીઓ કાયા પરે, ચામડી લટકે તન,
લાળ અખંડ જો દદડતી, મુખથી દંતવિહીન ! ૭૪
આંખે આવ્યો મોતિયો, હાથની છાજ સિવાય,
સામું કંઈ સૂઝે નહિ, પલ પલ ઠોકર ખાય ! ૭૫
જલ-ઝરતી છે આંખ ને, કાને ના સંભળાય !
ઝૂકી ગયો છે કેડથી, પગ-પગ શ્વાસ ભરાય ! ૭૬
મન ચંચલ ભટકે બધે, તનથી કંઈ નવ થાય !
થર થર ધ્રૂજે અંગ ને, સ્થિર નવ ક્યાં રહેવાય ! ૭૭
લચકાતા એ અંગ પર, ધોળા થયા છે કેશ !
જોતાં ઘૃણા ઉપજતી, એવો વરવો વેશ ! ૭૮
આવી રીતે શરીરની, નિંદા કરશું તોય,
મોક્ષ કેરું દ્વાર એ સાધક માટે હોય ! ૭૯
શરીર સાધન છે જુઓ, મોક્ષતણું આ જાણ,
શરીર વડે સુકૃત કરી, પામે નર નિર્વાણ ! ૮૦
સાધન હોય શુદ્ધ તો, સાધ્ય થતાં નહિ વાર,
માટે સુદૃઢ શરીરથી, કરવો પરોપકાર.'' ૮૧
શય્યામાં સૂતાં સૂતાં, પાંડુરંગ ત્યાં એમ,
વિચારના ચક્રે ચઢી, લે ચક્રાવો તેમ ! ૮૨
માનવનું શરીર આ, તીર્થક્ષેત્ર કહેવાય !
અન્ય ક્ષેત્રનાં પાપ જે, તીર્થક્ષેત્રે ધોવાય ! ૮૩
તીર્થક્ષેત્રમાં મનુષથી, જે કંઈ પાપો થાય,
વજ્રલેપ સમ ચોંટી એ, કદીયે ના ધોવાય ! ૮૪
ક્ષેત્ર એટલે શરીર ને, બીજાં શરીરો માંહ્ય,
વિવેકની દૃષ્ટિ વિના, પાપ કરેલાં હોય ! ૮૫
માનવતન દ્વારા બધાં, તે પાપો ધોવાય,
માટે માનવ શરીરને, તીર્થક્ષેત્ર કહેવાય ! ૮૬
તેથી અન્ય શરીરમાં, જે જે પાપો થાય,
માનવતનુ સમ તીર્થમાં, પાપ ધોવાઈ જાય ! ૮૭
માટે માનવજન્મ આ, અતિ દુર્લભ કહેવાય !
ગંદા વિષયો ચૂંથીને ના વેડફી દેવાય ! ૮૮
મનુષ્ય જન્મ મુજને મળ્યો, કર્યું ના મેં કંઈ કામ,
અરર, મેં એ વેડફ્યો હવે શું થાશે રામ ! ૮૯
અંતકાળ આવી ગયો, વૃથા ગયો અવતાર,
પાંડુરંગની આંખમાં, વહી અશ્રુની ધાર ! ૯૦
આંખે આંસુધાર ને રડતે હૃદયે તેમ,
પાંડુએ સદ્‌ગુરુતણી, કરી પ્રાર્થના એમઃ ૯૧
''દયાસિંધુ હે ! સદ્‌ગુરુ, અનાથના હે નાથ !
આવ્યો તારે બારણે, ઝાલો મારો હાથ ! ૯૨
સંસારે સુખ પામવા, વલખાં માર્યાં અપાર.
ક્યાંય ન સત્‌ સુખ પામીઓ, આવ્યો તારે દ્વાર ! ૯૩
તું માતા, તું તાત છે, તું જ સખા ભવતાર,
તું વિણ મારું કોઈ ના, દયાળુ હે કલિતાર ! ૯૪
પૂર્વે સ્વપ્ને આવીને, તેં ઝાલ્યો'તો હાથ,
ભૂલી કેમ તું છોડતો, બાળક કેરો સાથ ? ૯૫
ધેનુ વત્સને ના કદી, તરછોડે હે તાત !
રંક તોકને શું કદી, ધક્કો દેશે માત ? ૯૬
જલ તરછોડે માછલી, કેમ જીવે જલજાત,
તુજ વિણ મારી એ દશા, કેમ કરે ગુરુ ઘાત ?'' ૯૭
કરી પ્રાર્થના એહવી, નેત્ર ઉઘાડે જ્યાંય,
જાગ્યાં અંગે અંગમાં, સ્પંદન મધુરાં ત્યાંય ! ૯૮
શાંતિ અકથ્ય ત્યાં થઈ, અગમ્ય કંપન થાય,
પાંડુરંગના અંતરે, અત્યાનંદ ઉભરાય ! ૯૯
જાણે કોઈએ આવીને, આનંદાર્ણવ માંહ્ય,
ડૂબાડી દીધા અહા ! એવો અનુભવ થાય. ૧૦૦

નવો ઝગારો નેત્રમાં, ચમક-ચમક કંઈ થાય,
અંગે-અંગમાં સ્ફુર્તિની, રેલં-છેલં થાય ! ૧૦૧
ચિંતાથી ઉદાસ ને કરી બાવરાં નૈન,
બેઠેલાં મા-ભ્રાતને, કહેવા લાગ્યા વેણ; ૧૦૨
"માજી ! ભાઈ ! તમે હવે, નિશ્ચિંત થઈ ક્ષણવાર,
બહાર જઈ બેસો જરા, કરી બંધ આ દ્વાર. ૧૦૩
મારે અહીં એકાંતમાં, મારા સદ્‌ગુરુ સાથ,
વાતો કરવી ગુપ્ત કંઈ, જોડી બંને હાથ. ૧૦૪
ના કરશો ચિંતા હવે, મારા સ્વાસ્થ્યની માત !
સદ્‌ગુરુએ જીવાડિયો, ચોક્કસ એ છે વાત ! ૧૦૫
સૂણી પાંડુરંગની, આવી વિચિત્ર વાણ,
માત-ભ્રાતના થઈ ગયા, તત્ક્ષણ અદ્ધર પ્રાણ ! ૧૦૬
તોયે આજ્ઞા એમની, માની નીકળ્યાં બહાર !
માત ને ભ્રાત તે પછી, કર્યાં બંધ જો દ્વાર. ૧૦૭
માત-ભ્રાત બહાર જતાં, થયો ઓરડો શાંત,
પાંડુરંગને મળી ગયું, મન ગમતું એકાંત ! ૧૦૮
કો'જાણે ક્યાંથી ફૂટ્યું, શક્તિ-ઝરણ તન માંહ્ય !
પથારીમાં તે એકદમ, બેઠા થયા ક્ષણ માંહ્ય ! ૧૦૯
જાણે સામે ઊભા રહ્યા, સ્વામીજી સાક્ષાત્
અર્ધોન્મિલિત નેત્રથી, ધ્યાન કર્યું પશ્ચાત્. ૧૧૦
ભાવ હૃદયમાં માય ના, આંખથી આંસુ જાય !
મક્કમ સ્વરથી પાંડુરંગ, વચન આપતા ત્યાંય ! ૧૧૧
"હવે હું નહિ વેડફું, દુર્લભ આ અવતાર,
પ્રભુભક્તિના કાર્યમાં, લાગીશ હે ભવતાર ! ૧૧૨
યમના દ્વારે જઈ પ્રભુ ! ઊભા'તા મુજ પ્રાણ !
ત્યાંથી પાછા લાવિયા, આપ કરીને ત્રાણ ! ૧૧૩
માટે આ શરીર ને મન બુદ્ધિ પણ તેમ,
પ્રભુ-કાર્યમાં રત સદા, રાખીશ હાવે એમ ! ૧૧૪
બિમારીને કારણે, શરીરશક્તિ જેહ,
ગુમાવી મેં જે બધી, પાછી મળતાં તેહ. ૧૧૫
અચૂક હું નીકળીશ પ્રભુ ! છોડી ઘર ને બાર,
જગનું આલંબન ત્યજી, રાખી તુજ આધાર !" ૧૧૬
પાંડુરંગના મુખ થકી, નીકળ્યા શબ્દો જ્યાંય,
દક્ષ નયન ફરકી રહ્યું, પાંડુરંગનું ત્યાંય ! ૧૧૭
જમણાં અંગોમાં થયાં, સ્પંદન વારંવાર !
અગમ્ય કોઈ શક્તિતણો, સ્પર્શ થયો તે વાર ! ૧૧૮
ઉછળે દિવ્ય સ્પર્શથી, આનંદાબ્ધિ અપાર !
જોગીંદર શો જાગીઓ, કરવા જગ ઉદ્ધાર ! ૧૧૯
પલ-બે-પલના સ્પર્શનો, અનુભવ એ અદ્‌ભુત !
ભાવે ભીંજવીને અહા ! વિલીન થયો એ તુર્ત ! ૧૨૦
જુએ આંખો ખોલીને, પાંડુરંગ તે વાર,
અંગ-અંગમાં થઈ રહ્યો, ત્યાં શક્તિનો સંચાર ! ૧૨૧
ત્યાં તો મુખ મલકાવીને,કાઢી ઊંચો સાદ,
પાંડુરંગ વદી રહ્યા, "અરે ભાઈ ! હે માત ! ૧૨૨
ખોલી દ્વાર તમે હવે, આવો ઓરડા માંહ્ય,
જુઓ મારું દર્દ હા ! ગાયબ થઈ ગયું આંહ્ય !" ૧૨૩
વહેલાં વહેલાં ખોલીને, ઓરડા કેરું દ્વાર,
બન્ને આવ્યાં ઝડપથી, ક્ષણે ન લાગી વાર ! ૧૨૪
જોતાં પાંડુરંગને, પામ્યાં એ વિસ્મિત,
જોઈ શક્તિ શરીરમાં, મુખ પર મીઠું સ્મિત ! ૧૨૫
કેવું આશ્ચર્ય એ અહા !, કેવો એ ચમત્કાર !
પાંડુરંગના શરીરમાં, દર્દ ન દેખ્યું લગાર ! ૧૨૬
માત-ભ્રાતના હર્ષનું, વર્ણન કો'થી થાય ?
હર્ષાશ્રુ આંખે વહે, હૈયે હરખ ન માય ! ૧૨૭
પાંડુરંગના શરીર પર, ફરી ફરી ફેરવી હાથ,
માજી પુલકિત થાય છે, મમત્વ એ સાક્ષાત્ ! ૧૨૮
પાંડુરંગે ભાઈને, કહ્યું હૃદય ધરી ભાવઃ
"ભાઈ ! કાગળ-કલમ તું, લખવા માટે લાવ." ૧૨૯
નારાયણ દોડ્યા અને, લઈ કલમ-કાગળ,
ઝટ લાવી મૂકી દીધાં, પાંડુરંગ આગળ ! ૧૩૦
લઈને કાગળ હાથમાં, શાહીમાં બોળી કલમ,
કાગળ પર ટપકાવીયા, અક્ષર અગમ નિગમ. ૧૩૧
નિચોડ નિજ અનુભવતણો, ટપક્યો કાગળ માંહ્ય,
'દત્તાષ્ટક' એ આજ પણ, પ્રેમે ભક્તો ગાય : ૧૩૨
ढूंढत देखा जगत में ! सार वस्तु है अेक,
जिन पाये सब पा लिया, दत्त दत्त दो भेद !
વળી અન્ય કાગળ પરે, ટપક્યું સુંદર સોત્ર,
'દત્તશરણાષ્ટકમ્' અહા ! જે છે પ્રેરણાસ્રોત ! ૧૩૩

त्यज संसारं भज रे सारं सर्वाधारं श्रीदत्तम् !
करुणापारं दीनाधारं वारंवारं मूढमते ॥
આમ લખાતાં સ્તોત્ર ત્યાં હૈયું હળવું થાય,
પ્રભુદર્શનની પ્યાસ જે, ક્ષણ ક્ષણ વધતી જાય ! ૧૩૪
ભોજન માગ્યું માતથી, મા રુકુમા તત્ક્ષણ,
સાત્ત્વિક, પથ્ય સહર્ષ ત્યાં ઝટ લાવ્યાં ભોજન. ૧૩૫
ગ્રાસે ગ્રાસે અશ્નના, શરીરમાં તે વાર,
શક્તિ ને સ્ફુર્તિતણો, થાય ધીમો સંચાર ! ૧૩૬
પાંડુરંગના શરીરમાં, ધીમે ધીમે આમ,
ગુમાવેલી શક્તિ તિહાં, પાછી આવી તમામ ! ૧૩૭
નારાયણને તે સમે, મુંબઈનગરી માંહ્ય,
અંગ્રેજીના શિક્ષકતણી, મળી નોકરી ત્યાંય. ૧૩૮
હૈયું માજીનું ઠર્યું, થયો અતિ આનંદ,
રામ-લખન શા દીકરા, આપે પરમાનંદ ! ૧૩૯
અહિયાં પાંડુરંગની, પ્રભુમિલનની પ્યાસ,
જ્યમ જ્યમ શક્તિ વધી રહી, ત્યમ ત્યમ વધતી ખાસ ! ૧૪૦
કદી કદી એકાંતમાં, બેસી પાંડુરંગ,
આંખો મીંચીને કરે, કંઈક વિચાર-તરંગ. ૧૪૧
મનુષ્યનું શરીર આ, છે મોક્ષનું દ્વાર,
જો એને ગુમાવશું, મળશે નહિ ફરી વાર ! ૧૪૨
જનમ-મરણના ચક્રમાં, લખ ચોરાશી વાર,
ફરી ફરી મરવું અને, જનમવાનું બહુ વાર ! ૧૪૩
માટે સમય ચૂકાય ના, એની કાળજી ખાસ,
રાખવી જ અત્યારથી, નહિ તો થાશે હ્રાસ. ૧૪૪
'અંધા ને દિવાલ'ના, જેવી દશા ન થાય,
માટે આ અવતારને, સફલ કરી લો આંહ્ય ! ૧૪૫
ત્યાં તો પૂછ્યું નિરંજને, અરે.. અરે.. ગુરુનાથ !
'અંધા ને દિવાલ' ની, કહો કેવી છે વાત ? ૧૪૬
અલખ કહે સૂણ શિષ્ય હે ! એક આંધળો જન,
ફરતો ફરતો આવીયો, નગર વિષે એક દન. ૧૪૭
ભીડ ભર્યા બજાર ને વાહનનો ઘોંઘાટ !
સુણતાં ઈચ્છ્યું મન વિષે, નગર જાણવા માટ ! ૧૪૮
"કેટલું મોટું આ હશે, નગર અરે વિશાળ ?
જોવાનું તો અશક્ય છે, લેવો છે પણ ખ્યાલ" ! ૧૪૯
શોચ્યો તેણે મન વિષે, તેથી એક ઉપાય,
જેથી શહેરનું માપ હા ! આપોઆપ કળાય. ૧૫૦
શહેરની ચોગરદમ હતી, મોટી એક દિવાલ,
પ્રવેશવા એ નગરમાં, એક માત્ર જો દ્વાર. ૧૫૧
દ્વાર બાજુથી નીકળ્યો, રાખી દિવાલે હાથ,
ધીમે ધીમે ચાલિયો, દીવાલને સંગાથ ! ૧૫૨
હાથ રાખીને ચાલતાં, આવે ફરીથી દ્વાર,
તે ઉપરથી શહેરનું, નીકળે માપ નિર્ધાર ! ૧૫૩
હાથ મૂકીને ભીંત પર, ચાલતાં ચાલતાં એમ,
દરવાજો એ કોટનો, નજીક આવ્યો તેમ. ૧૫૪
તે સમે એ અંધના, શરીરે આવી ચળ,
ખંજવાળ ઉપડી જો અતિ, રહેવાયે ના પળ ! ૧૫૫
તેથી એણે ભીંતથી, કર ઊઠાવ્યો તાત !
તે હાથે ખંજવાળવા, લાગી ગયો સાક્ષાત્ ! ૧૫૬
ચાલુ રાખ્યું ચાલવું, અટક્યા વિના એમ !
પસાર થઈ ગયું દ્વાર ને પછી ભીંત પર તેમ, ૧૫૭
મૂકી હાથ ચાલ્યા કર્યો, ચૂકી દ્વાર એ એમ,
ફરીથી આખા શહેરનો, ફેરો ફરિયો તેમ ! ૧૫૮
મનમાં વિસ્મિત થઈ અને, બબડ્યો પોતે એમ !
"અધ..ધ કેટલું મોટું આ, શહેર વસાવ્યું એમ !" ૧૫૯
જ્યારે આવ્યું દ્વાર હા ! ત્યારે આવી ચળ,
ફેરો ફોગટ એ ગયો, ના સમજ્યો એ ખલ ! ૧૬૦
આપણ સહુ એ અંધસમ, ફરીએ છીએ સંસાર,
જનમ-મરણની આપણી, ચાલે છે ઘટમાળ ! ૧૬૧
છૂટવા એમાંથી અહો ! દ્વાર મનુષ અવતાર !
જો આવી ખંજવાળ તો, ચૂકી જઈશું દ્વાર ! ૧૬૨
ચોર્યાસી લખ યોનિના, ફેરા ફરી ફરી વાર !
ફરવા પડશે, ને જશે, વ્યર્થ મનુષ અવતાર ! ૧૬૩
દૃષ્ટાંત આપી ઉપલું, નિજ મનને કંઈ વાર,
પાંડુરંગ બોધી રહ્યા, સફલ કર અવતાર ! ૧૬૪
આગળ આ સદ્‌બોધનું, સફળ થશે પરિણામ,
અલખ નિરંજનને કહે, લે થોડો વિશ્રામ ! ૧૬૫
ભવની ભાવટ ભાંગવા, રંગકથામૃત જાણ !
પીતાં 'બાલક' મોદનું, કદી ન રહે પ્રમાણ ! ૧૬૬

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે આમયનિમિત્તે પાંડુરંગજાગૃતિર્નામ ચતુર્દશોઽધ્યાયઃ ॥ ૧૪॥ દોહરા ૧૬૬॥

## અધ્યાય : ૧૫

બ્રાહ્મમુહૂર્તમાં જાગીને કરી સ્નાન ને ધ્યાન,
સદ્‌ગુરુ સન્મુખ આવીયો શિષ્ય નિરંજન જાણ. ૧
ગુરુપદપંકજ વંદીને કરી ચિત્ત નિજ શુદ્ધ,
જિજ્ઞાસાવૃત્તિ ધરી બેઠો સામે પ્રબુદ્ધ ! ૨
હૃદય ભક્તિભરપૂર ને નયને છલકે નેહ !
વંદન કરી પ્રાર્થી રહ્યો અલખ ગુરુને એહ: ૩
જય જય સદ્‌ગુરુ અલખ હે ! જ્ઞાનદાન દેનાર !
જ્ઞાનપ્રકાશે શિષ્યનું અજ્ઞ-તિમિર હરનાર ! ૪
ડૂબકાં ખાતો'તો પ્રભુ ! અજ્ઞ-કૂપ મોઝાર,
જ્ઞાન-રસ્સી પકડાવીને મુજને કાઢ્યો બહાર ! ૫
શી રીતે ભૂલું ? ગુરો ! તારો આ ઉપકાર !
જનમ જનમ સેવા કરું વળે ન બદલો લગાર. ૬
સર્વદાનમાં શ્રેષ્ઠ છે, જ્ઞાનતણું એ દાન,
જ્ઞાનદાન વહાવિયું ધનધન દાની મહાન ! ૭
રંગકથામૃતનો અહા ! દિવ્ય પ્રવાહ અનંત !
આગળ વહાવો હે પ્રભુ ! સાંભળું હું ધરી ખંત ! ૮
સૂણી વિનતિ શિષ્યની રીઝયા અલખ દયાળ,
મધુર વાણી વદી રહ્યા જાણે અમૃતધાર ! ૯
તુજ જિજ્ઞાસા ધન્ય છે ભાવભક્તિ તુજ વાહ,
પ્રશ્ને-પ્રશ્ને તાહરા વધતો મુજ ઉત્સાહ ! ૧૦
તુજ શો શ્રોતા હોય ને ગુરુકથામૃતગાન,
એથી રુડું શું બીજું ? કહે તું જગમાં આન ! ૧૧
પાંડુરંગ સાજા થયા નારાયણને તેમ,
મળી નોકરી ને બધું થયું કુશળક્ષેમ ! ૧૨
ટાઢક હૈયામાં વળી ગયો રુકુમા-વિષાદ !
ત્યાં તો પાંડુરંગને કર્યો સદ્‌ગુરુએ સાદ. ૧૩
"ઘરમાં બેસીને હવે ગુમાવીશ ના ક્ષણ,
તારા આ અવતારનું જગોદ્ધારકારણ ! ૧૪
ઘરનાં બંધન તોડીને લે તું વનની વાટ,
સંસારે સંતપ્ત સૌ જોઈ રહ્યા તુજ વાટ. ૧૫
સદ્‌ગુરુ કેરો સાદ આ સુણતાં પાંડુરંગ,
એકદમ ઊભા થયા સ્મરતાં ગુરુ અભંગ ! ૧૬
આવ્યા માજી પાસ ને ઊભા જોડી હાથ,
વિનમ્ર પણ મક્કમ સ્વરે વદે નમાવી માથ: ૧૭
"મુજને સાદ કરી રહ્યા મા ! મારા ગુરુરાય,
હેતે આજ્ઞા આશિષો આપો વળી વિદાય ! ૧૮
સુણતાં શબ્દો પુત્રના ચમક્યાં રુકુમા માત,
એકાએક થયો અરે ! હૈયે વજ્રાઘાત ! ૧૯
નયને નીર વહી રહ્યું, બોલ ન નીકળે મુખ !
દિઙ્‌મૂઢ તત્ક્ષણ થઈ ગયાં, અંતર ઉમટ્યું દુઃખ ! ૨૦
પાંડુરંગ પ્રેમથી બોલે મધુર વચન:
"માજી કેમ ભૂલ્યાં તમે તમારું પૂર્વવચન ? ૨૧
નિજ અભ્યાસ પૂરો કરે નાનો નારાયણ,
નોકરીએ લાગ્યા પછી માન પ્રયાણ-ક્ષણ ! ૨૨
વચન તમારું માજી એ યાદ કરો આ વાર,
દો આજ્ઞા મુજને હવે ગમતો ન સંસાર ! ૨૩
પૂર્ણ થયો અભ્યાસ હા ! નારાયણને એમ,
મળી ગઈ છે નોકરી, થયું સઘળું ક્ષેમ ! ૨૪
માટે મુજને દો હવે આજ્ઞા માજી આપ,
જેથી ભજી ભગવાનને દૂર કરું સંતાપ." ૨૫
વજ્રાઘાત સમ લાગિયો માને એક એક શબ્દ!
શું કહેવું તે સુધ નથી, બેઠાં બનીને સ્તબ્ધ ! ૨૬
જાણી સ્થિતિ એ માતની પાંડુરંગ વરદેહ,
ધીમેથી માને કહે રાખી નયને નેહ ! ૨૭
"માજી ! કેમ મૂંગાં થઈ બેઠાં આણીવાર,
મારું મન સમજવા કરો પ્રયત્ન લગાર ! ૨૮
જાણું છું તમ ભાવને, સમજું છું તવ પ્રેમ:
પણ લાચારી માહરી કથી શકું હું કેમ ? ૨૯
જન્મ થયો છે માહરો, કોઈ અગમ્ય કાજ,
અગમ્ય શક્તિ એ મને ખેંચી રહી છે આજ ! ૩૦
માટે ઘરમાં ના રહું, લોક જુવે છે વાટ;
મારું અહીંનું આવવું જગ-કલ્યાણને માટ ! ૩૧
માટે જાવા દો મને ના લગાડો વાર !
માજી તમ આશિષથી થાશે બેડો પાર !" ૩૨

છલકાતાં નેણે તદા બોલ્યાં રુકુમા માતઃ
"તુજ શબ્દોએ મુજ પર કર્યો છે વજાઘાત ! ૩૩

હું શું બોલું દીકરા ! વાણી, બુદ્ધિ, મન,
મારાં કુંઠિત થઈ ગયાં, સુણી તારાં વચન ! ૩૪

શી રીતે એક મા અરે નિજ દીકરાને એમ,
ઘર છોડી સાધુ થવા આજ્ઞા આપે તેમ ? ૩૫

માટે પાંડુરંગ તું ઘરમાં રહીને આંહ્ય,
જપ-તપ-સાધન કર બધું બહાર જઈશ ના ક્યાંય ! ૩૬

તારાં ધ્યાન-સમાધિમાં નહિ કરીએ વિક્ષેપ,
તું તારે ઘરમાં રહે, સદા રહી નિર્લેપ ! ૩૭

મારી સમક્ષ તું રહી, કર અહીંયાં સાધન,
મુજ હૈયે ટાઢક રહે, થાય ન ઊંચું મન." ૩૮

સૂણી વચન માતાતણાં બોલે હાસ્યવદન,
પાંડુરંગ માને કહે કેવાં નમ્ર વચન !!: ૩૯

"માજી ઘરમાં રહી કદી ધ્યાન યોગ ન થાય,
આસક્તિની જાળમાં અચૂક ફસાઈ જવાય ! ૪૦

પેસી કાજલ કોટડી ભલે કરો ચતુરાઈ,
પણ કાજલનો દાગ તો અચૂક લાગે માઈ ! ૪૧

માટે જાવાની મને આજ્ઞા આપો આજ,
જેથી મારા જન્મનું સફલ કરું હું કાજ !" ૪૨

માની આંખોથી વહી ગંગા-જમના-ધાર !
જોતાં પાંડુરંગ ત્યાં બોલ્યા કરી વિચારઃ ૪૩

"મા તું મમત્વ છોડીને ધારી હૈયે ધીર,
શાંતિથી વિચાર જો ક્ષણિક કેવું શરીર ! ૪૪

એને જાતાં વાર શી ? જળ-પરપોટા જેમ,
કાયા વાસણ કાચનું ક્ષણમાં ફૂટે તેમ ! ૪૫

માટે તેનો મોહ શો ! કરવા દે સત્કાર્ય,
આખર પ્રાણીમાત્રને મૃત્યુ છે અનિવાર્ય. ૪૬

ક્ષણભંગુર આ દેહથી જે કંઈ પરહિત થાય,
સત્વર તે કરી નાખવું વણસતાં પહેલાં કાય ! ૪૭

જ્યારે થઈ બિમારી હું હતો પથારી માંહ્ય,
ગંભીર હતી એ માંદગી આશા હતી ના ક્યાંય. ૪૮

મરણોન્મુખ સ્થિતિ હતી છેલ્લા હતા એ શ્વાસ,
હાથ-પગ નિર્બળ અને નાડી ખેંચે કાસ ! ૪૯

ત્યારે કોણે આવીને ઝાલ્યો મારો હાથ ?
સામે જઈ યમરાજની કોણે ભીડી બાથ ? ૫૦

જે શક્તિએ મા ! મને યમના દ્વારથી જાણ,
પાછો અહીં લાવી દીધો તે કરશે મુજ ત્રાણ ! ૫૧

માટે ચિંતા છોડીને આજ્ઞા આપો માત,
જેથી મારા જન્મને સફલ કરું સાક્ષાત્ ! ૫૨

ક્ષણભર મા થંભી ગયાં સૂણી બોધ વચન !
વિચારમાં પલભર પડ્યાં હળવું થયું કંઈ મન ! ૫૩

પણ ત્યાં તો પાંડુરંગની સામે જોતાં એમ,
ઝરણું હા ! વાત્સલ્યનું ફરી ઉભરાયું તેમ ! ૫૪

ઉભરાતા વાત્સલ્યના ઝરણામાં અવિરામ,
બોધવચન દીકરાતણાં વહી ગયાં તમામ. ૫૫

ગદ્ગદ્ કંઠે બોલિયાં પોતે રુકુમા માતઃ
દીકરા ! તું જાવાતણી કરીશ ન હાવાં વાત ! ૫૬

તું તો મારી આંખની કીકી દીકરા ! માન,
તું વિના હું આંધળી ઠોકર ખાતી જાણ ! ૫૭

ભર યૌવનમાં પતિ ગયા કરી વિધવા, અનાથ,
કિન્તુ બે દીકરાતણી બેલડીનો લઈ સાથ; ૫૮

જીવનપ્રવાહ વહાવીઓ કંકર-કાંટા માંહ્ય !
મોટા થાતા દીકરા માની મઝાની છાંય ! ૫૯

ટાઢક કંઈ હૈયે વળી ત્યાં તો દીકરા આજ,
તું આવી સામે ખડો મુજને છોડવા કાજ ! ૬૦

મારા ઘડપણની અરે ! તું છે લાકડી જાણ !
તું જાતાં ફસડાઈ હું પડીશ ગર્તમાં માન ! ૬૧

માટે મુજને છોડીને ના જઈશ મારા લાલ,
તું જાતાં થાશે અરે ! ઘરના બૂરા હાલ ! ૬૨

એમ કહી મૂગાં થયાં, હૈયે દુઃખ અપાર,
સિંહણસમ સ્વમાની મા આજ બન્યાં લાચાર ! ૬૩

દુઃખી માજી જાણીને પાંડુરંગ ત્યાં જાણ,
હિંમત માને આપતાં, બોલે મધુરી વાણઃ ૬૪

માજી ! સિંહણ છો તમો, સિંહણ ના ગભરાય,
ભૂખે પાડે દેહ પણ ઘાસ કદી ના ખાય ! ૬૫

જે માતાઓએ અહીં દીકરા પાસે આમ,
કરાવવું હોય જો કંઈ જગકલ્યાણનું કામ ! ૬૬

તે માતાઓએ અહા ! પુત્રોનાં બલિદાન,
આપવાં પડશે પછી જ થાશે જગકલ્યાણ ! ૬૭
જે જે મહાપુરુષો થયા આ દુનિયામાં આમ,
જેમણે જન્મી જગતમાં અમર કર્યાં છે નામ ! ૬૮
તે પુરુષોના કાર્યમાં જો કોઈ મોટો ભાગ
હોય તો તે છે એમની માતાઓનો ત્યાગ ! ૬૯
જગમાં જે કંઈ કાર્ય જો મહાન થયાં અતાગ,
તેની પાછળ છે અહા ! માતાઓનો ત્યાગ ! ૭૦
રામચંદ્ર ભગવાન થઈ જગમાં આજ પૂજાય,
તેની પાછળ દેખ તું માનો ત્યાગ ડોકાય ! ૭૧
યુગપુરુષ શ્રીકૃષ્ણ જે યુગયુગથી પૂજાય !
તેની પાછળ માતનો ત્યાગ જ જો દેખાય ! ૭૨
કૌશલ્યાએ રામને વનમાં જવાની આમ,
આજ્ઞા આપી હોત ના કોણ ઓળખત રામ ? ૭૩
મા કૌશલ્યાએ કદી પ્રેમપિંજરમાંહ્ય,
પૂર્યા હોત શ્રી રામને કો નામ જાણત માય ? ૭૪
આજે રામ પ્રભુ બની જે ઘર ઘર પૂજાય,
એની રામાયણ અહા ! જે ઘર ઘર વંચાય; ૭૫
એની પાછળ હોય જો કોઈ બળ મહાભાગ,
તો જાણી લેજો એક છે કૌશલ્યાનો ત્યાગ. ૭૬
માનો પ્રેમ મહાન છે, માનો ત્યાગ મહાન,
માથી મોટું વિશ્વમાં ના છે બીજું આન ! ૭૭
યુગપુરુષ શ્રીકૃષ્ણનો જન્મ થયો કે તુર્ત,
માએ ત્યાગ કર્યો અહા ! બચાવવા નિજ સુત. ૭૮
જો મા દેવકીએ તદા શ્રીકૃષ્ણને એમ,
મમત્વથી આસક્ત થઈ વસુદેવને તેમ, ૭૯
જો ના આપ્યા હોત તો આજે ઘર ઘર માંહ્ય,
બાલ-કનૈયા-કૃષ્ણની પૂજા ન હોતી ક્યાંય ! ૮૦
યોગેશ્વર શ્રીકૃષ્ણ જે ગીતાના ગાનાર,
ભારતના ભડવીર જે સ્વભક્ત તારણહાર. ૮૧
આજે એમની હોત ના હસ્તી ક્યાંયે લગાર !
કોઈ ન જાણત કૃષ્ણને હતા કોણ ? કો'વાર ! ૮૨
શ્રીકૃષ્ણે જે જે કર્યાં કાર્ય અહીંયાં મહાન,
તેની પાછળ દેવકી કરતાં જો બલિદાન ! ૮૩

નિજ દીકરાના હાથથી જો જગનું કલ્યાણ,
કરાવવું હોય માતને તો તું સાચું જાણ ! ૮૪
વાત્સલ્ય કેરા ભાવ પર નિજ દીકરાના જાણ,
ધારી હૈયે હામ જો મૂકવો પડશે પ્હાણ ! ૮૫
મહાન કાર્યો, માત હે ! માગે ત્યાગ મહાન !
દીકરાઓ દીધા વિના થાયે ન જગકલ્યાણ! ૮૬
માટે મારી માવડી ! કરવા જગકલ્યાણ,
દે આજ્ઞા-આશિષ તું જેથી કરું પ્રયાણ ! ૮૭
સૂણતાં વચનો સુતનાં રુકુમામ્બાની માંહ્ય,
સુતેલી સિંહણ ફરી જાગૃત થઈ એ ત્યાંય, ૮૮
ખંખેરી સહુ શોકને દૂર કરી વિષાદ,
મુખ મલકાવી બોલિયાં સુતને દેતાં દાદ !: ૮૯
ધન ધન છે મુજ દીકરા, ધન ધન છે તુજ વાણ!
સપ્તકુળ દીપાવિયાં, ધન ધન મારા પ્રાણ ! ૯૦
એમ કહીને અરપતાં આશિષ રુકુમા માત,
આજ્ઞા આપીને મૂકતાં પાંડુશિર પર હસ્ત ! ૯૧
જાઓ મારા દીકરા, કરવા જગકલ્યાણ,
મારા આશીર્વાદ ને છે આજ્ઞા પ્રમાણ ! ૯૨
પાંડુરંગે મૂકિયું માને ચરણ શિષ,
માએ હૈયું ઠાલવી દીધા છે આશિષ ! ૯૩
હેતે લીધાં માતનાં આજ્ઞા-આશિષ જ્યાંય,
ચરણરજ માની લઈ મૂકી માથે ત્યાંય ! ૯૪
મા તારો આભાર હું વ્યક્ત કરું શી રીત ?
જગમાં જોટો ન મળે, ધન જનની તુજ પ્રીત ! ૯૫
જગનો સઘળો પ્રેમ હા ! ભેગો કરીને આંહ્ય,
એક જ અક્ષરમાં કદી વ્યક્ત કરવો હોય ! ૯૬
તો તે અક્ષર 'મા' જ છે, બીજો કોઈ ન આન !
મા તે મા બસ ના બીજી જગમાં ઉપમા જાણ ! ૯૭
માનું ઋણ કદી કો થકી ચૂકવ્યું ના ચૂકવાય,
મા તો ગંગા સ્નેહની, સદાય વહેતી જાય. ૯૮
મા પ્રેમાબ્ધિ વિષે ભરતી પણ નહિ ઓટ !
માના પ્રેમે સર્વદા, લાભ લાભ, નહિ ખોટ ! ૯૯
ઓ મા ! મારા દેહની ઉતારી ચામડી આજ,
બનાવરાવું પગરખાં મા ! તુજ ચરણો કાજ ! ૧૦૦

પહેરાવું તુજ ચરણમાં તોયે મારી માય !
એક વખત પયપાનનો બદલો ન વળે આંહ્ય ! ૧૦૧
ગદ્ગદ્ થઈ બોલી રહ્યા પાંડુરંગ તે વાર,
સુણતાં માની આંખથી વહે અશ્રુની ધાર ! ૧૦૨
ઉઠાડી નિજ લાલને ચાંપી હૈયા સાથ,
મા રુકુમાએ પાંડુના મસ્તકે મૂક્યો હાથ ! ૧૦૩
ચરણો ઉપર માજીના મૂકીને નિજ હસ્ત !
બોલ્યા પાંડુરંગ ત્યાં સૂણો, ઓ રુકુમા માતઃ ૧૦૪
મા ! તમ દર્શન કારણે વરસમાં એક વાર !
આવીને ઊભો રહીશ અચૂક તમારે દ્વાર ! ૧૦૫
ત્રણ દિવસ પ્રેમે રહીશ સાથ તમારી માત !
ભિક્ષા તમારા હાથની લઈશ હું સાક્ષાત્ ! ૧૦૬
મારા સ્વાસ્થ્યતણા વળી, પ્રતિ મહિને એકવાર,
પત્ર લખીને ! આપને આપીશ સમાચાર ! ૧૦૭
હૈયાના ઊંડાણથી સત્ય કહું એક વાત,
મનમાં નોંધી રાખજો ભૂલશો ના કદી માત ! ૧૦૮
જ્યારે જ્યારે મા મને યાદ કરશો ખાસ,
તે જ ક્ષણે આવીને ઊભો રહીશ તમ પાસ ! ૧૦૯
માનું ઉર ટાઢું થયું પરમ થયો સંતોષ,
દૂર થયું દુઃખ દિલનું, દૂર થયો આક્રોશ ! ૧૧૦
પાંડુરંગે તે પછી નારાયણને આમ,
બોલાવીને કહી અહા ! મનની વાત તમામ ! ૧૧૧
સોંપણી કીધી માતની સેવા કરવા ત્યાંય,
જોજે માને માહરી ખોટ ન સાલે ક્યાંય ! ૧૧૨
માથી મોટો દેવ ના બીજો આ જગમાંહ્ય,
માટે ખંતે માતની કરજે સેવા સદાય. ૧૧૩
એમ કહીને ભ્રાતને સમજાવ્યો ભલી ભાત,
માત-ભ્રાતની સાથ હા ! છેલ્લી કીધી વાત. ૧૧૪
ફરી ફરીને માતને, છેલ્લા કરી પ્રણામ,
પાંડુરંગ નીકળી પડ્યા, માયા ત્યજી તમામ. ૧૧૫
જગ-કલ્યાણાર્થે અહા ! જેનું અહીં અવતરણ,
થયું હતું તેણે કર્યું મહાભિનિષ્ક્રમણ. ૧૧૬
છોડ્યાં માતા-ભ્રાતને, છોડ્યાં ઘર ને બાર,
સગાં-સહોદર સહુ ત્યજ્યાં, છોડ્યો આ સંસાર ! ૧૧૭

કાયાની માયા ત્યજી, ત્યજ્યાં દ્વેષ ને કલેશ !
જગ છોડ્યું જગ કારણે, ધર્યો જોગીવેશ ! ૧૧૮
તોડી નાખી મહેલની દિવાલો તે વાર !
ખડા જઈ મેદાનમાં છોડી હું-તું દ્વાર ! ૧૧૯
નીચે ધરતી વિશાળ ને ઉપર નીલ ગગન,
કામ-ક્રોધને બાળીને ભસ્મ લગાવી તન, ૧૨૦
જરિયન જામા ફાડીને ઊભા દિગંબર છેક !
ધારી સંયમથી અહા ! ફક્ત લંગોટી એક ! ૧૨૧
વાસના-ભૂત ભગાડવા હસ્તે ધાર્યો દંડ !
જલ કમંડલ ધારીને શમવ્યા તાપ પ્રચંડ ! ૧૨૨
ખટ-ખટ કરતી પાદુકા ચરણે ધારી સુચિત્ર,
પ્રવૃત્તિ-નિવૃત્તિતણો ટાળે ભેદ વિચિત્ર ! ૧૨૩
કામ ક્રોધ, મદ મોહનાં મડદાં બળતાં જ્યાંય,
એવા ચિત્ત-સ્મશાનમાં સ્થિત થયા ક્ષણમાંહ્ય ! ૧૨૪
વર્ષોથી પુરાયેલું પક્ષી પિંજર માંહ્ય !
ખુલતાં દ્વાર પિંજરતણું તુર્ત મુક્ત થઈ જાય ! ૧૨૫
મુક્તિનો આનંદ જે પક્ષી-ઉરમાં થાય,
તે આનંદ અકથ્ય છે અનુભવે જ સમજાય ! ૧૨૬
અનંત એ આકાશમાં મુક્ત કરી નિજ મન,
ઊડવાના આનંદનું અશક્ય છે વર્ણન ! ૧૨૭
તેમ મોહપિંજર થકી મુક્ત થઈને આમ,
પાંડુરંગ મહાલી રહ્યા સ્વૈર ધામ નિષ્કામ ! ૧૨૮
મુક્તિનો આનંદ એ ઉરમાં અતિ ઉભરાય,
છલ-છલ બહાર વહી જતાં પદ્યરચના થાય ! ૧૨૯

આજ આનંદનું પૂર ઉરમાં વહે
છોળ બ્રહ્માંડમાં ના સમાયે
ચિત્ત ચૈતન્યરૂપે થયું પલકમાં
ખલકનું નામ ત્યાં ના જણાયે !

છલકાતા હૈયાતણો તૃપ્તિનો ઉદ્ગાર,
પાવન કરવા પતિતને વહી રહ્યો હા બ્હાર ! ૧૩૦
મુક્તિ કેરી મહેંકનો અપૂર્વ એ આનંદ !
માજીને આહ્લાદવા ગાઈ રહ્યા સુખકંદ ! ૧૩૧

માઈ મોરે આનંદ ઉર ન સમાય,
અખિયાં જસ અંધેકો પાવે

નિર્ધન લાલ કમાય
માઈ મોરે આનંદ ઉર ન સમાય.

ગાતાં-ગાતાં મોદથી સ્વૈર વિહારે આમ,
જાતાં આવ્યો યાદ ત્યાં મિત્ર અમૃત નામ ! ૧૩૨

સ્વરાજના આશ્રમતણો સાથી અમૃતલાલ,
તેને જણાવવા લખ્યું કેવા છે નિજ હાલ ! ૧૩૩

વણિક એ નડિયાદનો પાંડુરંગનો મિત્ર !
સાત્વિક ભાવિક ભક્ત ને હૈયું સદા પવિત્ર ! ૧૩૪

આસન પ્રાણાયામ હા ! પાંડુરંગની પાસ,
શીખીને તપ આચરે મન શુદ્ધર્થે ખાસ ! ૧૩૫

શમન દમન નિગ્રહ અને રાખે તિતિક્ષા આમ,
તેથી 'શ્રી' એ એમનું રાખ્યું 'તપસી' નામ ! ૧૩૬

મોદી અમૃતલાલનો જોઈ આ વ્યાસંગ !
તપસી કહી સંબોધતા, સ્વયં પાંડુરંગ. ૧૩૭

નિજ મુક્તિના મોદથી નિજ મિત્રને એમ,
વંચિત ના રાખી શકયા પાંડુરંગજી તેમ ! ૧૩૮

તેથી લીધો પત્ર ને લખ્યો મોદીને તુર્ત,
નિજ હૈયાના ભાવ જે કર્યા પત્ર પર મૂર્ત ! ૧૩૯

તપસી ! છોડ દિયા સંસાર !
જૈસી સૂકર વિષ્ઠા ભાઈ,
તૈસો ભવસુખ મુજ મન આઈ,
દત્તદિગંબર મન લુભાઈ .

મોદે મોદીને લખ્યા નિજ હૈયાના ભાવ,
બ્રહ્માનંદની છોળનો એને લેવા લ્હાવ ! ૧૪૦

ત્યાંથી ચાલી આવિયા પાસ મઝાનાં વૃક્ષ,
નીચે આસન પાથરી બિરાજ્યા ત્યાં દક્ષ ! ૧૪૧

ત્યાગતણા આનંદની અહીં છોળો ઉભરાય,
એ મસ્તીમાં મસ્ત થઈ પાંડુરંગ અહીં ગાયઃ ૧૪૨

ધરતીકા તો બના સિંહાસન,
છત બાદલ તરુ ફૈલા,
મારુત મંદા ચમર ડુલાવે,
બૈઠે બાદશાહ રંગ અજબ દિખાવે
ભયી મતવાલી પિયાકે દિદાર પાયે !

સુણ નિરંજન ત્યાગનો આ આનંદ અકથ્ય,
મોહમુક્ત થઈ મોદ આ, સમર્થને એ પથ્ય ! ૧૪૩

ચિંતા છોડી સર્વની થઈને બેપરવાહ,
નિજ મસ્તીમાં મસ્ત તે સાત શાહનો શાહ ! ૧૪૪

છાંય નીચે એ વૃક્ષની, બેસી પાંડુરંગ,
આગળના અનુષ્ઠાનનો, કરે વિચારતરંગ ! ૧૪૫

કરવા અંતિમ સાધના, કોઈ એકાંત સ્થલ,
મળી જાય તો ત્યાં જઈ બેસી જાઉં નિશ્ચલ ! ૧૪૬

સાધક, યોગી તપસ્વી ને, સાહસવીર જે પણ,
હિમાચલ ગિરિરાજનું ભલું છે આકર્ષણ ! ૧૪૭

સંતો ને સાધકતણું પિયર હિમાલય જાણ,
ત્યાંથી પાછું આવવું ગમે ન કોઈને માન ! ૧૪૮

પાંડુરંગે પણ કર્યો વિચાર મનની માંહ્ય,
અંતિમ સાધના માહરે કરવી હિમાલય માંહ્ય ! ૧૪૯

હિમાચ્છાદિત શિખરો, ઝરણાં નિર્મલ નીર,
શાંતિના સામ્રાજ્યમાં કરું તપસ્યા ધીર ! ૧૫૦

જે સ્થાને પહોંચ્યા પછી પાછું ફરવા મન
થાય ન તે તું સ્થાનને જાણ પ્રભુનું સદન ! ૧૫૧

હિમાલયના કો સ્થળે શોધીને એકાંત,
અનુષ્ઠાનને આદરું, કરવા મનને શાંત ! ૧૫૨

ત્યાં તો પાંડુરંગને આવ્યો એક વિચાર,
સાન્નિધ્ય કો શોધીને સંતતણું આ વાર, ૧૫૩

નિશ્રામાં એ સંતની કર્યું હોય સાધન,
તો સિદ્ધતણા સાન્નિધ્યથી મળે માર્ગદર્શન ! ૧૫૪

પહોંચેલા કોઈ સંતની છાયામાં રહી એમ
અનુષ્ઠાન જો આદરું તો થાયે મારું ક્ષેમ ! ૧૫૫

એટલે એવા સંતની કરવા લાગ્યા તપાસ,
ત્યાં તો યાદ આવી ગયું દિવ્ય નામ એક ખાસ ! ૧૫૬

સાંઈખેડા સંત એ સાક્ષાત્કારી મહાન,
સ્થૂલ દેહે તે સમે હતા તે વિદ્યમાન. ૧૫૭

ત્યાગી, જ્ઞાની ને વળી બ્રહ્માનંદે મસ્ત,
નિરાસક્ત નિર્મમ અને ન એ માયામસ્ત ! ૧૫૮

ધખધખતી ધૂણી કને સ્વૈરમૌજમાં રત !
સદા દિગંબર રૂપમાં રહેતા એ અવિરત ! ૧૫૯

આર્ત ને અર્થાર્થીઓ આવે થોકેથોક,
જિજ્ઞાસુ ને જ્ઞાની પણ જતા હતા તિહાં કોક ! ૧૬૦

ધૂણી ધીખતી રાખતા અંદર-બાહિર આમ,
'ધૂણીવાલા બાબા' પડ્યું હતું શુભ નામ ! ૧૬૧

જે કંઈ ભક્તો લાવતા ફળ-ફૂલ વસ્ત્ર કે દામ,
'સ્વાહા' કહી ધૂણી મહીં નાખી દે એ તમામ ! ૧૬૨
નિઃસ્પૃહી અલમસ્ત ને નિર્મમ સંતની પાસ,
જઈને રહેવાની કરી પાંડુરંગે આશ ! ૧૬૩
ધૂનીવાલા બાબાની આવી ગઈ જ્યાં યાદ,
અલખજી મૂગા થયા બંધ થયો સંવાદ ! ૧૬૪
બંધ થયો સંવાદ જ્યાં જાગ્યો શિષ્ય કરી આહ,
અરે બંધ પ્રભુ કાં કર્યો વહેતો દિવ્ય પ્રવાહ ? ૧૬૫
સ્મરણ થાતાં એ સિદ્ધનું દિવ્ય સમાધિ માંહ્ય,
અલખજી ડૂબી ગયા વિરમી વૈખરી ત્યાંય. ૧૬૬
બેઠો બાલક દિઙ્મૂઢ રંગચરણની પાસ,
થંભી એની કલમ ગઈ આશ ભઈ નિરાશ ! ૧૬૭

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે અલખનિરંજન સંવાદે મહાભિનિષ્ક્રમણં નામ પંચદશોऽધ્યાયઃ ॥૧૫॥ દોહરા ૧૬૭॥

## અધ્યાય ૧૬

વંદી ગણપતિ શારદા, કરી સદ્ગુરુ સ્મરણ,
પૂછે નિરંજન અલખને, કરી શુદ્ધ નિજ મન : ૧
સંભળાવો હે સદ્ગુરો ! આગળ રંગકથાય,
જેથી મારાં જૂગજૂનાં, પાતક સઘળાં જાય. ૨
ગત અધ્યાયે હે ગુરો ! આપે કહ્યું એ વાર,
કરે સંત સન્મુખ જવા, પાંડુરંગ વિચાર. ૩
સંત સાંઈખેડાતણા, ધૂનીવાલા જેહ,
યાદ તેમની આવતાં, હૈયે ઉભર્યો સ્નેહ. ૪
પાંડુરંગે તે સમે, નિશ્ચય કરિયો એમ,
ધૂનીવાલા સંતને, શરણે જાઉં તેમ. ૫
દોડી એ દાદાતણા, વંદું પકડી ચરણ,
અનુષ્ઠાન સન્મુખ કરી, મેળવું માર્ગદર્શન. ૬
નિશ્ચય પાંડુરંગનો, જણાવ્યો આપે એમ,
સ્મરણ થતાં એ સંતને, થયા મૂક પ્રભુ ! કેમ ? ૭
ધૂનીવાલા દાદાની, આપે કરી જ્યાં યાદ,
આપ ધ્યાનસ્થ થઈ ગયા, બંધ કરી સંવાદ. ૮
એવા સમર્થ સંતની, કરો મને કંઈ વાત,
સુણતાં મારા હૃદયને, આનંદ થાય નિતાંત. ૯
કોણ હતા એ સંત ને ? કેવો હતો વહેવાર ?
આવીને નિજ મસ્તીમાં, શા સર્જ્યા ચમકાર ? ૧૦
સંતસ્મરણ સુખદાયી છે, કરતું ભવજલપાર,
સૂણતાં વાતો સંતની, દૂર થાય હૃદ્ભાર. ૧૧
માટે મારી માગણી, સુણી અલખ દયાળ !
સાંઈખેડાના સંતની, કહો કથા રસાળ. ૧૨
સુણી વિનંતી શિષ્યની, થયા અલખ પ્રસન્ન.
સ્નેહાશિષ વરસાવતાં, ખૂલ્યાં કમલનયન. ૧૩
મંદ મંદ મુખથી હસી, બોલ્યા મધુર વચન,
ધન્ય પ્રશ્ન તુજ શિષ્ય હે ! જિજ્ઞાસા તુજ ધન્ય. ૧૪
તુજ નિમિત્તે બાળ ! હું, આજ બન્યો ધનભાગ,
સંતસ્મરણ કરવાતણો, ધન્ય મળ્યો આ લાગ. ૧૫
સંતો સાક્ષાત્કારી જે, આવ્યા અવનિ માંહ્ય,
તાપે તપતા વિશ્વને, દેવાને નિજ છાંય. ૧૬
સાંઈખેડાના સંત જે, ત્યાગી મસ્ત, સમર્થ,
ધૂનીવાલા નામ જે, એમનું છે અન્વર્થ. ૧૭
ધગધગતી ધૂણી કને, બેસી આઠે પહોર,
નગ્ન અવસ્થામાં રહે, કરે તપસ્યા ઘોર. ૧૮
દુઃખી તનમનધનતણાં, આવી એમની પાસ,
મેળવી આશિષ એમની, પૂરણ કરે નિજ આશ. ૧૯
આર્ત ને અર્થાર્થીનો, મેળો જામે ત્યાંય,
મનોકામના સર્વની, પૂરી થાયે ત્યાંય. ૨૦
સમદૃષ્ટિ એ સંત ને ભેદભાવ ન જરાય,
ગરીબ-તવંગરને તિહાં મળતી સરખી સહાય. ૨૧
ના રાખે પોતે કશું, પાત્ર, વસ્ત્ર કે દામ,
પડી રહે નિજ મસ્તીમાં, સદાયે આપ્તકામ. ૨૨
ખાન-પાનની ના પડી, ભૂખ-તરસ નહિ ભાન,
દેહભાન વિદારીને, પડ્યા રહે મસ્તાન. ૨૩
બળજબરીથી શિષ્ય કો, કરાવે જો ભોજન,
તો કંઈ બે-ત્રણ કોળિયા, પડે પેટમાં અન્ન. ૨૪

એવા સમર્થ સંત એ, ધૂનીવાલા પાસ,
એક દિવસ એક શેઠિયો, શાલ લઈને ખાસ. ૨૫
આવ્યો દાદા પાસ એ, મૂકી કિંમતી શાલ,
હાથ જોડી વિનંતી કરી, ઓઢવાને તત્કાળ. ૨૬
દાદાએ ઓઢી નહિ, જોઈ રહ્યા પલવાર,
શાલની સામે તાકીને, સ્પર્શ કર્યો ન લગાર. ૨૭
તે જોતાં એ શેઠિયો, શ્રદ્ધાળુ ને ભક્ત,
આવીને આવેશમાં, ઊભો થઈને તુર્ત. ૨૮
ગડી ઉકેલી શાલની, સંતના શરીર પર,
ઓઢાડી બહુ પ્રેમથી, નમી રહ્યો પલભર. ૨૯
ત્યાં તો સંતે શાલને, નિજ તન પરથી એમ,
ખેંચી લીધી ને પછી, ડૂચો વાળી તેમ; ૩૦
ધખધખતી ધૂણીતણી, અગ્નિજ્વાલા માંહ્ય,
પધરાવી એ શાલને, સ્વાહા કહીને ત્યાંય. ૩૧
ક્ષણમાં તે ભડકો થઈ, બની બળીને રાખ,
શેઠ-ભક્ત આશ્ચર્યથી, ક્ષણભર થયો અવાક્. ૩૨
કિંમતી ઉનની શાલ એ, દાદા માટે ખાસ,
લાવ્યો'તો ઓઢાડવા, ક્ષણમાં થયો નિરાશ. ૩૩
ક્ષણભર મૂક રહ્યા પછી, ખૂલી એની વાણ,
બોલ્યો થઈ ઉદાસ એ, અરે ! અરે ! ભગવાન. ૩૪
મારી કિંમતી શાલ એ, નાખી ધૂણી માંહ્ય,
બાળી ભસ્મ કરી દીધી, વિચાર કર્યો ના ક્યાંય ? ૩૫
ન'તી જોઈતી આપને, પાછી આપી હોત,
કોઈ ગરીબને ઓઢવા કામ લાગી હોત ! ૩૬
બોલી રહ્યો એમ શેઠિયો, ત્યાં તો દાદા એમ,
મોડા રે...નો સાદ કરે, શિષ્ય બોલાવે તેમ. ૩૭
જી આજ્ઞા ! કહી છોકરો, આવી સામે જ્યાંય,
હાથ જોડી ઊભો રહ્યો, દાદા બોલ્યા ત્યાંયઃ- ૩૮
જા સામે કબાટના, વચલા ખાના માંહ્ય,
શાલતણી થપ્પી બધી, કરી મૂકી છે ત્યાંય. ૩૯
તેમાં સૌથી ઉપલી, અતિ કિંમતી છે શાલ,
તે લાવી દે તું મને, જલ્દી હાલને હાલ. ૪૦
લે આ ચાવી-ઝૂમખો, મોટી ચાવી જેહ,
તાળું ખોલી એ થકી, ઝટ લાવી દે એહ. ૪૧
જોજે શાલ લીધા પછી, કરજે બંધ કબાટ,
કર્યા વિના ગરબડ બીજી, આવ ઝટ પૂરપાટ ! ૪૨
આમ કહી ચાવીતણો, ઝૂમખો શિષ્યને હાથ,
આપી વાતે વળગિયા, ક્ષણભર શેઠની સાથ. ૪૩
હરખાતો એ છોકરો, આવ્યો ઓરડા માંહ્ય,
સામે એક કબાટ હા ! નજરે પડિયું ત્યાંય. ૪૪
તાળું ખોલ્યું ઝટ અને, ભડાક ઉઘાડ્યું દ્વાર,
વચલું ખાનું ભાળતાં, પામ્યો નવાઈ અપાર. ૪૫
થપ્પીઓ ને થપ્પીઓ, શાલોની ત્યાં જોઈ,
આંખો પહોળી થઈ ગઈ, નવાઈ અતિશે હોઈ. ૪૬
ઓ...હો...હો કેટલી બધી, શાલો ગુરુજી પાસ,
તોયે મુજને ઓઢવા, એક ન આપે ખાસ. ૪૭
ચાલો હમણાં એમણે, મંગાવેલી શાલ,
આપીને ઝટ એમને, ફરું પાછો તત્કાળ. ૪૮
આ થપ્પીમાંથી પછી, સારી જોઈને એક,
શાલ લઈ ઓઢીશ હું, ધારી મન વિવેક. ૪૯
એમ વિચારી છોકરો, લઈને પેલી શાલ,
આવ્યો સદ્‌ગુરુ પાસ એ, હૈયે હર્ષ અપાર. ૫૦
શાલ સંતના હાથમાં, આપી ઊભો ત્યાંય,
શાલ લઈને શેઠને, કહે સંત વરકાય ! ૫૧
શેઠ તમારી શાલ આ, લો પાછી આ ક્ષણ,
જાંચ ઝીણવટથી કરો, કરો વળી પરીક્ષણ. ૫૨
શાલ આ શું આપની, કે બીજાની આન ?
ઝીણવટથી જોઈ પછી, ઝટ કરો મને જાણ. ૫૩
શેઠે શાલ લીધી અને, જોઈ ફેરવી એહ.
આશ્ચર્યાબ્ધિ મહીં, ડૂબ્યા નિઃસંદેહ. ૫૪
પોતે જે લાવ્યા હતા, તે જ હતી આ શાલ,
રંગ-ભાત-પાત પણ, તે જ હતાં તત્કાલ ! ૫૫
પોતે પસ્તાયો અને, મુખ પર છાયો વિષાદ,
અહો ! અવહેલના સંતની, કેમ મળશે પ્રસાદ ? ૫૬
જોઈ એના ક્ષોભને, દ્રવ્યા સંત દયાળ,
હસતાં-હસતાં શેઠને, કહે ભક્તપ્રતિપાલ. ૫૭
લઈ જા પાછી શાલ આ, જાણી મારો પ્રસાદ,
જા મોજ કર બાળ હે ! દૂર કરી વિષાદ. ૫૮

શેઠ ગયા પછી મોડકો, મનમાં કરે વિચાર,
લાવ કાઢી લાવું હું, શાલ એક મજેદાર. ૫૯
એમ વિચારી ચાવીનો, ઝૂમખો લેવા જાય,
પણ ઝૂમખો જડ્યો નહિ, અરે ! પડ્યો હશે ત્યાંય. ૬૦
એમ વિચારી દોડિયો, કોટડીઓ ભણી એહ,
ત્યાં તો દિઙ્મૂઢ થઈ ઊભો, નેત્ર ચોળતો તેહ. ૬૧
કબાટ કોટડીઓ અને, ચાવી ઝૂમખો એમ,
શાલોની થપ્પીઓ સહુ, અદૃશ્ય થઈ ગયું તેમ.!! ૬૨
મોડો તાજ્જુબ થઈ ગયો, જોઈ ચમત્કાર,
ફરી-ફરી વંદી રહ્યો, દાદાને તે વાર. ૬૩
એવા સિદ્ધ પુરુષ એ, ધૂનીવાલા સંત,
સાંઈખેડામાં કરી, લીલા અહા ! અનંત. ૬૪
સાંભળ શિષ્ય તને કહું, બીજું એક દષ્ટાંત,
ચમત્કાર દાદાતણા, જેથી ભાગે ધ્વાંત. ૬૫
એક દિવસ મોટર લઈ, ભક્ત એક શ્રીમંત,
દાદા પાસે આવિયો, ધારી હૈયે ખંત. ૬૬
દાદાને પ્રેમે કર્યા, સાષ્ટાંગ નમસ્કાર,
મોટું પાકિટ તે પછી, ખોલ્યું તેણી વાર. ૬૭
કડકડતી નોટો તણી, થપ્પી કાઢી બહાર,
દાદાના ચરણે ધરી, વંદ્યો વારંવાર. ૬૮
દાદાએ થપ્પીઓ લઈ હાથ મોઝાર,
હસતાં-હસતાં ફેરવી, જોઈ એક-બે વાર. ૬૯
પછી થપ્પીઓ નોટની, કંઈક વિચારી મન,
ભડ-ભડ બળતી ધૂણીમાં, પધરાવી તત્ક્ષણ. ૭૦
ભડકો એક થયો અને, જૂવાળ નીકળી દ્રાક્.
કડકડતી નોટો અરે ! થઈ બળીને ખાક. ૭૧
જોતાં ઢગલો રાખનો, નિજ નાણાંનો એમ,
શેઠનું મુખ પડી ગયું, થયા ઉદ્વિગ્ન તેમ. ૭૨
દાદાએ આ જોઈને, પાડી મોટો સાદ,
મોડાને બોલાવિયો, આવ અરે ઝટ તાત ! ૭૩
આવ્યો મોડો દોડતો, ઊભો જોડી હાથ,
શી આજ્ઞા દાદા મને ? સત્વર કહો હે નાથ ! ૭૪
દાદા બોલ્યા પ્રેમથી, મોડા પ્રત્યે વાણ,
સૂણ રે મોડા માહરી, ગાદી નીચે જાણ. ૭૫
નોટો કેરી થપ્પીઓ, ઘણી ગોઠવી ત્યાંય.
તેમાંથી બે થપ્પીઓ, ઝટ લાવી દે આંહ્ય. ૭૬
મોડો ત્યાંથી દોડિયો આવ્યો ગાદી પાસ,
જેવી ગાદી ઊંચકી, વધી ગયો ઉલ્લાસ. ૭૭
નોટોની થપ્પી બધી, પડી છે હારોહાર,
આશ્ચર્ય પામી મોડકો, કરી રહ્યો વિચારઃ ૭૮
કાલે વહેલા આવીને, આમાંથી એકાદ,
થપ્પી ઉઠાવી જઈશ હા ! દૂર થશે વિષાદ. ૭૯
મોજ મઝા ઉડાવીશું, એ રૂપિયાથી એમ,
આજ સુધી ગુરુએ મને, કહ્યું કશું ના કેમ ? ૮૦
અહો કેટલા રૂપિયા ! ગાદી નીચે એમ ?
તોયે મુજને હજી સુધી, ખબર પડી ના કેમ ? ૮૧
એમ વિચાર કરી રહ્યો, મોડો પામી નવાઈ,
ત્યાં તો ગુરુજીની અરે ! બૂમ બીજી સંભળાઈ. ૮૨
અરે મોડકા ! ક્યાં ગયો ? કેમ લગાડે વાર ?
નોટોની બે થપ્પીઓ, લાવ અહીં તત્કાળ. ૮૩
જી આવ્યો ! કહી મોડકો, થપ્પીઓ લઈ હાથ,
દોડતો આવી ગુરુ કને, ઊભો નમાવી માથ ! ૮૪
કડકડતી નોટોતણી, બે થપ્પીઓ ત્યાંય,
મૂકી મોડકાએ અહા ! શ્રીગુરુના કર માંહ્ય. ૮૫
નોટોની બે થપ્પીઓ, લઈ નિજ કરની માંહ્ય,
શ્રીમંત શેઠને આપતાં, બોલ્યા દાદા ત્યાંય :- ૮૬
લો, નોટોની થપ્પીઓ, તમારી પાછી અદ્ય,
તમારી છે કે નહિ ? તપાસ કરી લો સદ્ય. ૮૭
એમ કહીને શેઠના, હાથમાં મૂકી એહ,
શેઠે જોયું તો ખરે, હતી થપ્પીઓ તેહ. ૮૮
વિસ્મય પામ્યા અતિ ઘણું, જોઈ અલૌકિક ખેલ,
ચરણે દાદાના પડ્યો, અશ્રુ રેલંછેલ. ૮૯
ક્ષમા કરો દાદા મને, હું અજ્ઞાની બાળ,
જાણ્યા વિણ તમ શક્તિને, કૂટ્યું વ્યર્થ કપાળ. ૯૦
દાદા હસતા બોલિયા, તું ચિંતા ના કર,
નોટો પ્રસાદી માહરી, તું લઈ જા સત્વર. ૯૧
નોટો પાછી આપતાં, બોલ્યા સદ્ગુરુવર,
બચ્ચા ! મુજ આશિષ છે, જા અબ મૌજ તું કર. ૯૨

શ્રીમંત શેઠ રાજી થયો, કરી પૂજા બહુ પેર,
દાદાની આશિષથી, ગયો મોજથી ઘેર. ૯૩
એવી દાદાની અહા !, અગમ્ય લીલા અપાર,
કોણ બધી વર્ણી શકે ? શેષ જ્યાં પામે હાર ! ૯૪
અરે કેટલી કહું વળી, કેટલી રહેવા દઉં ?
છતાં એક ઘટના કહી, આગળ ચાલ્યો જાઉં. ૯૫
સંતોની લીલાતણો, કદી ન આવે પાર.
જ્યમ જ્યમ ગાઈએ તેમ તેમ, થતો જાય વિસ્તાર. ૯૬
સરકારી હાકેમ એક, હતો નાગપુર માંહ્ય,
પડ્યો અતિ બિમારને, હઠે રોગ ના ક્યાંય ! ૯૭
દવા દારૂ બહુ કર્યા, દોરા-ધાગા અનેક,
પણ રોગ જરાય હટતો નથી, ઘર કરી ગયો છેક! ૯૮
એને કોઈએ આવીને, અવળું ભરવ્યું એમ,
ધૂનીવાલા જો અહા, મહાદુષ્ટ છે તેમ. ૯૯
અનાચાર બહુ આચરે, રહે નગ્ન સદાય.
બીભત્સ ગાળો બોલે ને ના મર્યાદા ક્યાંય. ૧૦૦
ચઢ્યો ક્રોધ હાકેમને, સૂણી આવી વાત,
હમણાં જઈ એ દુષ્ટનો, કરી નાખું ઘાત ! ૧૦૧
લીધી બંદુક હાથમાં, મનમાં કોપ અપાર,
એકે ધડાકે ઢોંગીને, વીંધી દઉં આ વાર. ૧૦૨
રોષભર્યો હાકેમ એ, બંદુક લઈને આમ.
દાદા સામે આવીને, ઊભો રહ્યો તે ઠામ. ૧૦૩
સામે હાકેમ જોઈને, દાદાએ કરી ક્રોધ,
અતિ બીભત્સ ગાળોતણો, વહાવીયો હા ! ધોધ. ૧૦૪
વળતી દાદા બોલિયા, મને મારવા આંહ્ય,
બંદુક લઈને આવીયો, મૂરખ કહીંકા ક્યાંય ! ૧૦૫
મૂંગો કેમ ખડો રહ્યો, છોડ ગોળી આ વાર,
જોઉં તાકત તાહરી, માર મને રે માર ! ૧૦૬
શું મારે એ બાપડો ! બંદુક થઈ ગઈ બંધ,
હાથ-પગ નિર્બળ બન્યા, આંખો થઈ છે ધૂંધ ! ૧૦૭
બંદુક-ઘોડો દબાવવા, યત્ન કરે અપાર,
નિષ્ક્રિય આંગળીઓ થઈ, હાલે ના એ લગાર. ૧૦૮
થર-થર ધ્રૂજતાં અંગથી, બંદુક પડી ગઈ ભોંય,
પરસેવે પલળી ગયો, ખોતરતો જો ભોંય. ૧૦૯

પસ્તાયો હાકેમ ને, દોડ્યો તત્ક્ષણ એહ,
દાદાના ચરણો મહીં, પડ્યો લંબાવી દેહ. ૧૧૦
માથું મૂક્યું ચરણમાં આંખે અશ્રુધાર,
ક્ષમા યાચતો નમ્ર થઈ, વધો વારંવાર. ૧૧૧
ગુલાંટ ખાઈ જેવો પડ્યો, દાદા ચરણે એહ,
ચમત્કાર ત્યાં તો થયો, સાંભળ નિઃસંદેહ. ૧૧૨
જેવો એ હાકેમ હા ! દાદાચરણો માંહ્ય,
પડ્યો તુરત કે ભાગિયો, રોગ બધો ક્ષણમાંહ્ય. ૧૧૩
બિમારી હાકેમની, ચાલી ગઈ તત્ક્ષણ,
ચમત્કાર કેવો થયો ? થયું નિરોગી તન !! ૧૧૪
ધૂનીવાલા સંતને, વંદન કરી હજાર,
નિજ સ્થાને પાછો ફર્યો, એ હાકેમ તે વાર. ૧૧૫
આવા સંતશિરોમણિ, ધૂનીવાલા પાસ,
જવાને નિશ્ચય કર્યો, પાંડુરંગે ખાસ. ૧૧૬
ત્યાંથી પોતે નીકળ્યા, રસ્તામાંથી એક,
શીખભકત મળી ગયો, આવતો સાથે છેક. ૧૧૭
સાંઈખેડા પહોંચી ગયા, પોતે પાંડુરંગ,
ત્યાંનાં દશ્યો જોઈને, થઈ ગયા એ દંગ. ૧૧૮
સેંકડો બાવા-સાધુઓ, ચિત્ર-વિચિત્ર દમામ,
અઠે દ્વારિકા જો કરી, પડ્યા હતા તે ઠામ. ૧૧૯
ટોળે-ટોળાં લોકનાં, દર્શન માટે આમ,
જય જય શબ્દ ગજાવતાં, ભેગાં થાય તમામ. ૧૨૦
ગરમીના દિવસો હતા, ભીડતણો નહિ પાર,
દુકાનો ફળ-ફૂલની, મંડાઈ કેવી અપાર. ૧૨૧
કેરીની મોસમ હતી, ભાત-ભાતની ત્યાંય,
વેચાતી'તી કેરીઓ, ઘણી દુકાનો માંહ્ય. ૧૨૨
ખાલી હાથે ના કદી, જાવું સંતો પાસ,
તેથી એક દુકાનથી, પાંડુરંગે ખાસ. ૧૨૩
મોટી મીઠી જોઈને, કેરી લીધી એક,
અર્પણ કરવા સંતને, ધારી હૃદય વિવેક. ૧૨૪
દૂરથી જોયા સંતને, ધીકતી ધૂણી પાસ,
બેઠેલા નિજ મસ્તીમાં, સાવ દિગંબર ખાસ. ૧૨૫
ભકતો જે કંઈ મૂકતા, ભાત-ભાતની ભેટ,
દાદા પાસે ભાવથી, તે લઈ એકે એક. ૧૨૬

દાદા ધૂણીમાં અહા ! પધરાવી દે ઝટ,
રાખે ના પોતે કંઈ, અન્ય કોઈ ખટપટ. ૧૨૭
તેથી કેટલા સાધુઓ, યાત્રિકોને એમ,
સમજાવે કે દૂરથી, ધરાવીને તેમ. ૧૨૮
આપી દો અમને બધું, તેથી તમારી ભેટ,
અચૂક દાદાને અહા ! પહોંચી જાશે ઠેઠ ! ૧૨૯
સમજાવી આવું બધું, વચમાંથી જો એમ,
પડાવી લેતા સાધુઓ, યાત્રિકોથી તેમ. ૧૩૦
આપણા પાંડુરંગજી, ધીમે ચાલી ત્યાંય,
દાદાના ચરણો મહીં, કેરી મૂકવા જાય. ૧૩૧
ઝડપી દાદાએ તરત, કેરી કરથી ઝટ,
ખાવા લાગ્યા મોદથી, ક્ષણમાં કરી એ ચટ ! ૧૩૨
સ્વહસ્તેથી ઝૂંટવી, કેરી ખાધી આમ,
તેથી પાંડુરંગના, હૈયે આવી હામ. ૧૩૩
કેરી ખાધી ઝૂંટવી તેથી મુજ પર જરૂર,
કૃપા વરસી સંતની, નહિ તો રાખત દૂર. ૧૩૪
હવે મારે એમને, મળવું છે એકાંત,
ક્યારે ? ક્યાં ? ને કઈ રીતે, મળી કરાયે વાત ? ૧૩૫
એમ વિચારી પાંડુરંગ, કરવા લાગ્યા તપાસ;
દાદાને મળવા અહા ! કોને મળવું ખાસ ? ૧૩૬
પૂછપરછ કરતાં મળી, ભાળ મોડી છેક,
છોટે દાદા નામના, શિષ્ય સંતના એક. ૧૩૭
જવાબદારી સ્થાનની, સૌ સંભાળે એહ,
કામકાજ સહુ એ કરે, દાદાનું ધરી નેહ. ૧૩૮
છોટે દાદાને મળી, પ્રથમ કરી લો વાત,
તો એ ગોઠવી આપશે, દાદાની મુલાકાત. ૧૩૯
પાંડુરંગ ત્યાંથી ગયા, પેલા શીખની સાથ;
દાદા-છોટે બિરાજતા, આવ્યા ત્યાં સાક્ષાત્. ૧૪૦
જોયું તો 'છોટે' અહીં, લંબી તાણી સોડ,
ભર નિદ્રામાં ઘોરતા, રખે કરે કો શોર ? ૧૪૧
પૂછ્યું ક્યારે જાગશે ? મળિયો પ્રત્યુત્તર,
ઠેકાણું નહિ એમનું, એ તો લોકોત્તર. ૧૪૨
તેથી આંટા મારતા, ફરતા પાંડુરંગ,
ત્યાં તો કોઈ આવીને, કે'તું વચન ચંગ ! ૧૪૩
મધરાતે સૌ ભક્તજન, ભરનિંદરમાં હોય,
ત્યારે દાદા એકલા, ધૂણી કને સ્થિત હોય. ૧૪૪
તે સમે કો ત્યાં જઈ, આગ્રહ કરીને ખાસ,
ખવરાવે તો ખાય છે, દાદા એક-બે ગ્રાસ. ૧૪૫
બાકી દાદા નિજ કરે, કદી કશું ન ખાય,
આઠ પ્રહર એક આસને, બેસી રહે સ્થિર કાય. ૧૪૬
પાંડુરંગ હર્ષિત થયા, સૂણી આવાં વચન,
મધરાતે શીખને લઈ, ગયા સંતસદન. ૧૪૭
પાસે પહોંચ્યા ત્યાં અહા ! જોયું વિચિત્ર દશ્ય,
જોતાં પાંડુરંગ તે, થયું અતિ આશ્ચર્ય. ૧૪૮
એક ગાય ઊભી રહી, ખાઈ રહી'તી ત્યાંય,
દાદા લઈ એક દંડુકો, પીટી રહ્યા'તા ગાય. ૧૪૯
જ્યમ જ્યમ દાદા દંડુકો, ગાયને મારતા જાય.
ત્યમ ત્યમ ગાય ઊભી રહી, ખૂબ શાંતિથી ખાય. ૧૫૦
જોતાં બોલ્યા પાંડુરંગ, અરે અરે આ સંત,
દંડા વડે એક ગાયને, ટીપી રહ્યા છે હંત. ૧૫૧
આમ મનોમન પાંડુરંગ, બોલી રહ્યા જે વાર,
તે જ સમે નિજ હૃદયમાં, ચમક્યો એક વિચારઃ ૧૫૨
"આટઆટલા દંડુકા, પડે છે નિજ તન પર,
તોયે ગાય અરે અહા ! ખસતી નથી તલભર. ૧૫૩
ચૂં કે ચાં કરતી નથી, કરતી નથી મુખ દૂર,
અરે માર આ ગાયને, લાગતો નથી જરૂર. ૧૫૪
ફટકે-ફટકે ગાયને, પંપાળે કો એમ,
એવી જ ગલી-પચી, થાતી હશે શું તેમ ?" ૧૫૫
જોતાં પાંડુરંગને, દાદાજી તે વાર,
મોટે સાદે જોરથી, બોલ્યા વારંવારઃ ૧૫૬
"જાવું છે હિમાલયે, શું દાટ્યું છે ત્યાંય ?
કામ થવાનું ત્યાં નથી, જાવા ઈચ્છે જ્યાંય ! ૧૫૭
તારો તો નિશ્ચિત થયો, રેવાતીરે વાસ,
માટે અહીંથી જા પરત, પૂરી થાશે આશ." ૧૫૮
વળતી શબ્દો બોલિયા, 'જંગલમાં મંગલ',
ત્રુટક ત્રુટક વચ્ચે વાતની, સંત કહે નિર્મલ. ૧૫૯
વિચારે પાંડુરંગ પણ, કોને કહે છે એમ ?
પ્રત્યક્ષ મુલાકાત વિણ, સમજાયે એ કેમ ? ૧૬૦

ઉનાળાની રાત પણ, ઝટ-પટ ટૂંકી થાય,
પાંડુરંગ હિંમત કરી, દાદા પાસે જાય. ૧૬૧
પેલા શીખને પ્રથમથી, સમજાવ્યો'તો એમ,
જોજે દાદા પાસ તું , મૂગો રહેજે તેમ. ૧૬૨
અક્ષર પણ બોલીશ ના, સૂણજે જે કહે તે,
બોલીશ તો બાજી બધી, બગડી જાશે રે. ૧૬૩
એમ ચેતવ્યો પ્રથમથી, તોયે જાણ મૂરખ,
પોક મૂકી રુદન કરી, રડવા લાગ્યો દુઃખ. ૧૬૪
દાદા દુઃખી છું ઘણો, ધંધો ન ચાલે લેશ,
ભૂખે મરે છે છોકરાં, વધતો રહેતો કલેશ. ૧૬૫
ક્યારે ધંધો ચાલશે ? ક્યારે મળશે સુખ ?
દયા કરી દાદા કહો, ક્યારે જાશે દુઃખ ! ૧૬૬
એમ કહી એ મૂકતો, મૂરખ મોટી પોક,
દાદાએ દ્રવીને કહ્યું, છ મહિના તું થોભ. ૧૬૭
સારું પછીથી થઈ જશે, છ મહિના પછી આમ,
દુઃખ દરિદ્ર તાહરું ભાગી જશે તમામ. ૧૬૮
પણ પેલો તો ફરી રડ્યો, છ મહિના કેમ જાય ?
દાદા કહે ત્રણ માસમાં, તારું દુઃખ દૂર થાય. ૧૬૯
પેલો કહે ત્રણ માસ તો, બહુ લાંબા કહેવાય,
દાદા કહે એક માસમાં, સર્વ સુખ થઈ જાય. ૧૭૦
પેલો કહે એક માસ તો, કેમ કરીને જાય ?
દાદા કહે પંદર દિને, તુજને બરકત થાય. ૧૭૧
પેલો કહે પંદર દિવસ ? એ તો બહુ કહેવાય,
દાદા કહે બસ સાત દિન, પછી સહુ સુખ થાય. ૧૭૨
પેલો કહે અઠવાડિયું, મુજથી ના રહેવાય,
દાદા કહે બસ ત્રણ દિન, ઠેરી જા તું આંહ્ય. ૧૭૩
પેલો કહે બસ ના પ્રભુ, મારે આજને આજ,
થાવું છે શ્રીમંત બસ, કરો એટલું કાજ. ૧૭૪
સૂણતાં શબ્દો એહના, ક્રોધે ભરાયા સંત,
ઊભો રહે હમણાં જ હું, કરું તને શ્રીમંત. ૧૭૫
એમ કરીને દંડુકો, લઈ નિજ કરની માંહ્ય,
હાથ મૂકાવી એહનો, પીટવા લાગ્યા ત્યાંય. ૧૭૬
પેલો ઉઠાવે હાથ કે, ફરી મુકાવે એહ,
હાથ મૂકે કે દંડુકો, પડે ફટાફટ તેહ. ૧૭૭
રુદન કરી દુઃખે રહ્યો, પીડાનો નહિ પાર,
દાદાએ 'જા ભાગ' કહ્યું, ભાગ્યો એ તત્કાળ. ૧૭૮
મૂઠી વાળી ભાગિયો, રડતો પોકે પોક,
રુદન સૂણીને એહનું, જાગી ગયા કંઈ લોક. ૧૭૯
એની સાથે પાંડુરંગ પણ, ઊભા થવા જ્યાં જાય,
ત્યાં દાદાએ બૈઠ કહી, બેસાડ્યા જો ત્યાંય. ૧૮૦
દાદાને વિનંતી કરી, પાંડુરંગે એમ,
દાદા તવ ચરણો મહીં, મૂકું શિષ કે કેમ ? ૧૮૧
દાદાએ પ્રેમે કહ્યું, રાખ.. રાખ ત્રણ વાર,
મૂક્યું મસ્તક પાંડુએ, થઈ ગયો બેડો પાર. ૧૮૨
પછી પાંડુએ પૂછિયું, કરવું છે અનુષ્ઠાન,
આપશ્રીના શરણે રહી, દો મને અહીં સ્થાન. ૧૮૩
દાદા બોલ્યા પ્રેમથી, બેટા અહીં રહી એમ,
અનુષ્ઠાન તારું કદી, નથી થવાનું તેમ. ૧૮૪
માટે વાપિસ જા અભી, પકડ નર્મદાતીર,
તારું ત્યાં કલ્યાણ છે, ધાર હૃદયમાં ધીર. ૧૮૫
રેવામાના અંકમાં, કરજે અનુષ્ઠાન,
મારા આશીર્વાદ છે, થાશે તુજ કલ્યાણ. ૧૮૬
પ્રણામ દાદાને કરી, લઈને આશીર્વાદ,
પાંડુરંગનો દઢ થયો, અનુષ્ઠાનનો નાદ. ૧૮૭
રંગકથામૃત આ લખ્યું, ભક્તિથી ભરપૂર,
અલખ નિરંજનને કહે, આગળ રસપ્રચૂર. ૧૮૮

ભાવે 'બાલક' એ વદે, રંગ તણો એ રંગ,
શ્રદ્ધાથી પઢતાં જુઓ, થાય સંસૃતિભંગ. ૧૮૯

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે ધૂનિવાલાદાદોપાખ્યાનં નામ ષોડશોડધ્યાયઃ ॥૧૬॥ દોહરા ૧૮૯॥

## અધ્યાય : ૧૭

અલખજી આગળ વધ્યા સૂણ નિરંજન બાળઃ
દાદાની આશિષ ને આજ્ઞા લઈ તત્કાળ. ૧
સાંઈખેડાથી નીકળ્યા આવવાને ગુજરાત,
રસ્તે પાંડુરંગ હા ! એક વિચારે વાત : ૨

સાક્ષાત્કારી સંતના સાંનિધ્યે રહી આમ,
અનુષ્ઠાન જો થાય તો સફળ બને સહુ કામ ! ૩
સમયે સમયે સંતનું મળે માર્ગદર્શન,
છાયા નીચે સંતની ચલિત થાય ન મન ! ૪
આમ વિચારી જ્યાં રહ્યા, ત્યાં તો આવી યાદ,
મોરટક્કામાં સંત જે ત્યાગી નિર્વિવાદ; ૫
જ્ઞાની યોગી સિદ્ધ ને નિષ્કંચન, નિષ્કામ,
શ્રીચંદ્રશેખરાનંદ - સરસ્વતી શુભનામ. ૬
એમના સન્મુખમાં રહી કરવાને અનુષ્ઠાન,
પાંડુરંગે વિચારિયું તુર્ત કર્યું પ્રસ્થાન. ૭
ત્યાં તો કરદ્વય જોડીને બોલ્યો નિરંજન બાળ,
ચંદ્રશેખરાનંદની કથા કહો દયાળ ! ૮
પૂર્વજીવનમાં શું હતા ? કરી તપસ્યા ક્યાંય ?
શી રીતે આવી વસ્યા મોરટકકાની માંહ્ય ? ૯
ક્યાં આવ્યું એ ગામ ને શી છે એની અગત્ય ?
કહો ટૂંકમાં સર્વ એ પરમહંસની વિગત. ૧૦
સૂણતાં વાતો સંતની મન નિર્મલ થઈ જાય,
દ્વેષ-કલેશ દૂર થાય ને હૈયે હરખ ભરાય ! ૧૧
તપના એ અગ્નિમહીં બાળીને નિજ કાય,
સુગંધ સાત્ત્વિક વિશ્વને આપે સંત સદાય. ૧૨
પરહિતકારી સંત છે, પરહિત કાજે આમ,
સર્વસમર્પણ એ કરે સંત સદા નિષ્કામ. ૧૩
સરોવર ને તરુવર સમા પરોપકારી સંત,
નિજનું સર્વ સમર્પતા પામે મોદ અનંત. ૧૪
માટે વાતો સંતની સુણતાં થાયે મોદ,
દુર્વૃત્તિ દૂર થાય ને વધતો રહે પ્રમોદ ! ૧૫
માટે સદ્ગુરુ અલખ હે ! પરમહંસની વાત,
સાદ્યન્ત મુજને વર્ણવી, ટાળો ઉર ઉત્પાત ! ૧૬
પૂછ્યો ભાવે પ્રશ્ન તે સૂણી એ અદ્ભુત
પ્રસન્નચિત્તે અલખજી બોલ્યા સાંભળ સુત ! ૧૭
પ્રશ્ને પ્રશ્ને તાહરા થાએ મન પ્રસન્ન,
વાતો કરતાં સંતની ખીલે મુજ મન-સુમન ! ૧૮
શેં બિરદાવું સંતને ? સંત સ્વયં ભગવાન,
સંતો દ્વારા સ્વયં પ્રભુ ! કરતા કાર્ય મહાન ! ૧૯
નિર્ગુણ-ઈશ્વર બ્રહ્મ જે નિરાકાર નિરંત,
પ્રગટ થયું સાકાર એ સ્વયં બનીને સંત ! ૨૦
તેથી સંતો વિશ્વમાં ચેતન-ઈશ્વર જાણ,
સ્વયં આચરી વિશ્વને કરે જ્ઞાનની લ્હાણ. ૨૧
મોરટક્કાના સંતશ્રી ચંદ્રશેખર નામ
અલ્પ માહિતી એમના વિષે મળે છે આમ ! ૨૨
છતાં જે કંઈ જાણું હું તેનો કરી વિસ્તાર,
સંભળાવું તુજને અહીં સુણવા થા તૈયાર. ૨૩
ઉત્તર ગુર્જર દેશમાં રાંધેજા છે ગામ,
ત્યાંના વતની સંત આ ખબર નથી મૂળ નામ ! ૨૪
શિશુવયથી વૈરાગ્યમાં વૃત્તિ હતી નિમગ્ન,
ખારા આ સંસારથી મન રહે ઉદ્વિગ્ન ! ૨૫
તેથી ઘર ને બાર સૌ છોડીને એક દન
નીકળી પડ્યા, પ્રભુતણી પ્રાપ્તિની જ લગન ! ૨૬
સંતોને ખેંચી રહ્યો હિમાલય ગિરિરાજ,
સંતો એની ગોદમાં કરે સ્વાનંદ-રાજ ! ૨૭
ઘર છોડી નીકળેલ આ સંત હિમાલય માંહ્ય,
આવીને તપ-તિતિક્ષા કરવા લાગ્યા ત્યાંય ! ૨૮
એક સમે હિમપ્રદેશમાં થઈને બેભાન,
રસ્તા વચે પડ્યા હતા સંત આ અનજાન ! ૨૯
દૈવયોગે તે સમે બિકાનેર-નરેશ,
અને પાલનપુરતણા નવાબશ્રી રાજેશ; ૩૦
નીકળેલા શિકારમાં આવી પહોંચ્યા ત્યાંય,
તેમણે જોયા સંતને બેભાન પડેલા ત્યાંય ! ૩૧
મુખપર તેજ અગમ્ય ને સુંદર ગોરો વાન,
જોઈ એમ લાગ્યું કે છે કો સંત મહાન ! ૩૨
ઉંચકાવીને લઈ ગયા નિજ તંબુની માંહ્ય,
શુશ્રૂષા પ્રેમે કરી ભાનમાં લાવ્યા ત્યાંય ! ૩૩
જોતાં સંતનાં જ્ઞાન ત્યાગ ને અનાસક્તિ,
જાગી હૃદે રાજવીના સંત તરફ ભક્તિ ! ૩૪
ખૂબ વિનવી સંતને પાલનપુર નરેશ
લઈ આવ્યા નિજ નગરમાં પાવન કરવા દેશ ! ૩૫
ડીસા ગામે રાખિયા સેવા કરી અપાર,
સુદૃઢ શરીર થયા પછી સંતે કર્યો વિચારઃ ૩૬

નિમાડ જિલ્લાની મહીં મોરટક્કા છે ગામ,
રેવામાને કાંઠડે પુલની નજીક આમ. ૩૭
નાનેરી છે ગુફા તિહાં સુંદર ને એકાંત,
ત્યાં જઈને સાધના પૂર્ણ કરું નિતાંત ! ૩૮
એમ વિચારી એક દિ' પાલનપુરના જેહ,
નવાબને આશિષ દઈ નીકળી ત્યાંથી એહ. ૩૯
મોરટક્કાની ગુફા મહીં આવી કર્યો મુકામ,
ધ્યાન ધારણા સાધના થાતી ત્યાં અવિરામ ! ૪૦
પૂર્વે પાંડુરંગે પણ અહીં આવીને આપ,
પરમહંસની સાથ કંઈ કર્યો'તો વાર્તાલાપ. ૪૧
તે દિ' પાંડુરંગને પરમહંસે એમ,
યોગીની ચર્યા વિષે સમજાવ્યું'તું તેમ. ૪૨
સંસારીથી યોગીએ સદા રહેવું સજાગ,
નહિ તો અધવચ પાડશે ઊંડે ગર્ત અતાગ. ૪૩
એમ કહી નિજ અનુભવો સંભળાવ્યા બે-ત્રણ,
સાંભળ શિષ્ય કહું તને ધ્યાન રાખ તું પણ. ૪૪
એક દિવસ દેવાસનાં રાજા-રાણી એમ,
પરમહંસ પાસે જઈ કરે વિનંતી સપ્રેમઃ ૪૫
પ્રભુ અમારે આપની સેવા કરવા કાજ
રહેવું છે કંઈ દિન અહીં, દો આજ્ઞા મહારાજ ! ૪૬
પરમહંસ કહે રાજવી ! અમે અઘોરી આમ,
મસ્ત બની વનમાં પડ્યા, નહિ તમારું કામ. ૪૭
નોકર-ચાકર ના મળે, નહિ સગવડતા ક્યાંય,
વૈભવમાં રહેનાર તમે દુઃખી થાશો આંહ્ય ! ૪૮
સમજાવ્યું બહુ રીતથી પરમહંસે તે વાર,
પણ રાજા ને રાણીએ કરી હઠ અપાર ! ૪૯
પૂર્વે રાજા દિલીપ ને સુદક્ષિણાએ જેમ,
વશિષ્ઠઆશ્રમમાં રહી કરી'તી સેવા તેમ. ૫૦
તેમ અમે પણ અહીં રહી, છોડી વૈભવવિલાસ,
દિલીપસુદક્ષિણા સમી સેવા કરીશું ખાસ ! ૫૧
પરમહંસે તે ઘડી, વિચાર્યું નિજ મન,
જરૂર પ્રભુને કો અહીં, લીલા કરવી છે ગહન ! ૫૨
નહિ તો રાજા-રાણીને, આવો સહજ વિચાર,
ક્યાંથી આવે ? આ સમે, છોડી સૌ સુખસાર ! ૫૩

અનિચ્છા હોવા છતાં, પરેચ્છાને માન,
પડે આપવું તે નકી, જાણી લો એંધાણ, ૫૪
ભોગવવા પ્રારબ્ધનો, આ આવ્યો છે યોગ,
સહજભાવે જે પડે, સ્વીકારો સંજોગ. ૫૫
એમ વિચારી તે સમે, પરમહંસે એમ,
રજા આપી નરેશને, ત્યાં રહેવાની તેમ. ૫૬
રજા મળતાં દંપતી પામ્યાં હર્ષ અપાર,
સૂવા બેસવા કારણે, તંબૂ કર્યો તૈયાર. ૫૭
ખાન-પાનની ચીજ ને, વસ્ત્રો વાસણ તેમ,
લાવી ગોઠવ્યું તંબૂમાં, કરી તૈયારી એમ. ૫૮
નોકર-ચાકરને પછી, આપી દીધી વિદાય,
રાજા-રાણી એકલાં, રહ્યાં તંબૂમાં ત્યાંય. ૫૯
પ્રાતઃકાળે જાગીને, સ્નાનાદિકથી એમ,
પરવારી એ સંતની, સમક્ષ આવી તેમ. ૬૦
સાષ્ટાંગ પ્રણતિ કરી તિહાં, સંત ચરણની પાસ,
બેઠા ત્યાં તો બહારથી, આવ્યો અવાજ ખાસ. ૬૧
લિફાફો લઈ દિવાનનો, એક ઘોડેસ્વાર,
નગરેથી આવ્યો હતો, જલદીથી તે વાર. ૬૨
વાંચ્યો પત્ર ઉતાવળે, પડ્યા વિચારે રાય,
તાકીદનું તેડું હતું, દીવાનનું તે માંહ્ય. ૬૩
દ્વિધામાં રાજા પડ્યા, શું કરવું રે હંત ?
જોઈ મૂંઝવણ રાયની, બોલ્યા ત્યાં તો સંતઃ ૬૪
તેડું આવ્યું દીવાનનું, તાકીદનું છે કેમ ?
જાઓ જલદી રાય તમે, થોભો ના ક્ષણ એમ. ૬૫
કહ્યું હતું મેં પ્રથમથી, તમથી નહિ રહેવાય,
માન્યું ના મારું અને, રહ્યા હઠ કરી આંહ્ય. ૬૬
અચ્છા કંઈ વાંધો નહિ, કરો તમે પ્રસ્થાન,
મહારાણીને કાજ જો, મંગાવી લો યાન. ૬૭
રાજા નમન કરી કહે, ના બાપુ ના આમ,
સાંજે પાછો આવું છું, ત્યાનું પતાવી કામ. ૬૮
રાણીસાહેબ ભલે રહ્યાં, સેવા કરશે આંહ્ય,
સાંજ પહેલાં તો હું પ્રભુ ! પાછો આવીશ આંહ્ય. ૬૯
આટલું કહીને રાજવી, થઈ ઘોડે અસવાર,
નગર ભણી મારી મૂક્યો, નિજ ઘોડો તે વાર. ૭૦

સાંજ સુધી તો રાણીએ, ફરી કર્યું કંઈ કામ,
સાંજ પડી પણ રાજવી, ના દેખાયા આમ. ૭૧
સૂરજ અસ્ત થયો અને છાયો ત્યાં અંધાર,
સંત ગયા નિજ કુટિરમાં, રાણી તંબૂ મોઝાર. ૭૨
નિર્જન વન એકાંત ને ઘોર અંધારી રાત,
રાણી એકલાં તંબૂમાં, બની ભયંકર વાતઃ ૭૩
એકાએક પ્રગટ થયું, રાણી-ઉદરમાં શૂળ,
વ્યાપી ભારે વેદના, થયું દૈવ પ્રતિકૂળ. ૭૪
ગડગડાટ ઊઠે ઉરમહીં, ચૂંક અતિશે થાય,
આળોટે કણસ્યા કરે, દુઃખથી ના રહેવાય. ૭૫
દુઃખે પાડે પોક ને કરે અતિ આક્રોશ,
થતાં અતિરેક દુઃખનો, રાણી થયાં બેહોશ. ૭૬
ગડગડાટ થઈ પેટમાં, થયા ઝાડા-અતિસાર,
ઝાડાથી ખરડાઈ ગયાં, તન-વસ્ત્રો તે વાર. ૭૭
ગુફામાં નિજ ધ્યાનમાં, નિમગ્ન હતા જ્યાં સંત,
ખબર પડી ગઈ એમને, દ્રવ્યા દિલે ભગવંત. ૭૮
લઈ પાણીની બાલદી, ગયા રાણીની પાસ,
ખરડાયેલાં વસ્ત્રને દૂર કરીને ખાસ. ૭૯
શરીર સાફ કર્યું અને, લપેટી બીજાં વસ્ત્ર,
તંબૂ બહાર જઈ પછી, બેઠા પોતે સ્વસ્થ. ૮૦
થોડીવારે રાણીના, તન આવ્યું ચેતન,
ઉરનું શૂળ શમી ગયું, ઊંઘે પડ્યાં ગહન. ૮૧
ત્યારે ત્યાંથી ઊઠીને, સંત ગયા નિજ સ્થાન,
સ્નાનાદિક કરી પછી કરવા બેઠા ધ્યાન. ૮૨
કરો કલ્પના એમની, મનઃસ્થિતિની તે વાર,
સહજ કર્મ પણ સંતની, કરે કસોટી અપાર. ૮૩
ભયંકર એકાંત ને રાત્રિનો અંધકાર,
દિગંબર આ સંત ને ગંદાં વસ્ત્રમાં નાર. ૮૪
અહીં પડી બેહોશ ને નહિ કોઈનો સંચાર,
ત્યારે એનાં શરીરથી, વસ્ત્ર બધાં તે વાર. ૮૫
દૂર કરી સારી રીતે, સાફ કરીને એમ,
બીજાં પહેરાવી અને સુવડાવે ત્યાં તેમ. ૮૬
કેવી કપરી કસોટી આ ! સંતતણી કહેવાય,
સહજ ભાવે આવેલું, કર્મ કદી ન ત્યજાય. ૮૭
'સહજં કર્મ કૌન્તેય', ગીતાનું એ વચન,
સંતે સ્વયં આચરી, બતાવ્યું'તું તે ક્ષણ. ૮૮
આવી રીતે સંત એ, પાંડુરંગને આમ,
કહીને નિજ અનુભવો, સમજાવતા તમામ. ૮૯
ચિત્તના ચાંચલ્યની, ચર્ચા કરતાં એમ,
પરમહંસ નિજ અનુભવ, કહેવા લાગ્યા એમ. ૯૦
તે અનુભવ હું તને, શિષ્ય કહું છું આજ,
જેથી તું સજાગ થઈ, સફલ કરે તુજ કાજ. ૯૧
પરમહંસને પુસ્તકો, વિલોકવાનો શોખ,
તેથી સદા વસાવતા, વિધવિધ ગ્રંથ અસંખ. ૯૨
ગ્રંથોનો નિજ આશ્રમે, રાખ્યો'તો ભંડાર,
પૂછે કદી કોઈ પ્રશ્ન તો, કહેતા તેણી વાર. ૯૩
અમુક ગ્રંથમાં અમુક સ્થળે, આ પ્રશ્નતણો ઉત્તર !
આપ્યો અમુક પાન પર, શોધી લો સત્વર ! ૯૪
એક દિવસ પરમહંસને, મનમાં આવ્યો વિચાર,
હું સ્વધામ ગયા પછી, ગ્રંથો જેહ અપાર; ૯૫
અનુપસ્થિતિમાં માહરી, કેવા થાશે હાલ,
માટે મારે જીવતાં, કરવો કંઈક નિકાલ. ૯૬
એમ વિચારી એક બે, શિષ્યો સાથે એમ,
બેસીને ચર્ચા કરી, ગ્રંથો માટે તેમ. ૯૭
ઘણી બધી ચર્ચા પછી, આવ્યા નિર્ણય પર,
પુસ્તકાલયે નજીકમાં એ ગ્રંથો સત્વર; ૯૮
આપી દેવાં જે થકી થાયે સદ્ઉપયોગ,
ગ્રંથો રહે સુરક્ષિત, અટકે દુરુપયોગ. ૯૯
નિર્ણય થાતાં એકદમ, સેવક પાસે જાણ,
બંધાવ્યાં ત્યાં પોટલાં ગ્રંથો કેરાં માન. ૧૦૦
મૂકી શિરે, સેવકો પોટલાં સર્વે એમ,
સાથે લઈ એક ભાઈને, જાવા નીકળ્યા તેમ. ૧૦૧
થોડે દૂર ગયા હજી, ત્યાં તો સંતનું મન,
વિચારને વમળે ચઢી, થયું કંઈક ઉદ્વિગ્ન. ૧૦૨
દઉં છું મોકલી આ બધાં, પુસ્તકો તો એમ,
પણ હું ઝાઝું જીવ્યો, તો પછી થાશે કેમ ? ૧૦૩
કદાચ જોઈએ પુસ્તકો, મારે કોઈ દિ' એમ,
તો એ કદી આપે મને, વાંચવા જો કે કેમ ? ૧૦૪

ના આપે તો જીવડો, મારો અતિ મૂંઝાય,
ના ના નથી આપવાં, ભલે રહ્યાં એ આંહ્ય. ૧૦૫
એમ વિચારી જોરથી, ઘાંટો પાડી ત્યાંય,
જાતા રોકી એમને, કહેતા આવો આંહ્ય. ૧૦૬
પાછાં આવી એમણે, મૂક્યાં પોટલાં ભોંય,
એટલે પેલા ભાઈને, મૂંઝવણ કહેતા ત્યાંય. ૧૦૭
પેલાએ પ્રેમે કહ્યું, જો એવી મૂંઝવણ હોય,
તો એને માટે આપણી પાસે છે ઉપાય ! ૧૦૮
શો ઉપાય ? સંતે પૂછ્યું, પેલાએ કહ્યું એમ,
આપણે એમની પાસથી, લેખિત લઈએ એમ. ૧૦૯
જ્યારે આપણે જોઈએ, આપણા ગ્રંથો જેહ,
પાછા ત્યારે આપી દે, સત્વર નિઃસંદેહ. ૧૧૦
સહી સાથે જો એમનું, લખાણ લઈએ એમ,
સોંપીએ તદા હે પ્રભુ ! છે વાંધો કે કેમ ? ૧૧૧
એમ કરો તો વાંધો નહિ, કહેતાં સ્વામી ત્યાંય,
પણ સહી લેવાનું એમની, ચૂકશો ના આંહ્ય. ૧૧૨
ના ના એ તો નહિ ભૂલું, તમે રહો નિશ્ચિંત,
એમ કહીને પોટલાં, ઉંચકાવીને હંત ! ૧૧૩
ચાલ્યા થોડે દૂર ગયા, ત્યાં તો સંતનું મન,
વિચાર-ચક્રાવે ચઢી, બોલ્યું તે તત્ક્ષણ. ૧૧૪
લખાણ કરી આપે અને, સહી કરી આપે એમ,
તોયે માગ્યે આપે ના, તો પછી કરવું કેમ ? ૧૧૫
ફરિયાદો કરવી પડે, કોર્ટ કચેરી માંહ્ય,
વધે ઉપાધિ બેવડી, નથી આપવાં ક્યાંય. ૧૧૬
એમ વિચારી એકદમ, પાડી મોટો સાદ,
પાછા બોલાવ્યા અરે ! સૌને ક્ષણેક બાદ. ૧૧૭
નીચે મૂકાવી પોટલાં, સેવકોને કહ્યું આમ,
હમણાં મોકલવાં નથી, કરો તમારું કામ. ૧૧૮
વિસ્મિત થઈ સેવકો બધા, લાગ્યા નિજ નિજ કામ,
આ બાજુ આ સંતનું, મન ફરતું અવિરામ ! ૧૧૯
આપું કે આપું નહીં, દ્વિધા રહે દિનરાત,
મનડું મોહ્યું સંતનું, ભૂલી ગયા નિજ જાત. ૧૨૦
ધ્યાન ધારણા ત્યાં ભૂલ્યા, ભૂલ્યા સ્મરણ ભજન,
ગ્રંથોની ગડભાંજમાં, રત રહેતું જો મન. ૧૨૧

ચાર દિન સુધી એમ એ, રહ્યા વિચારે મગ્ન,
સંત-હૃદય વિહ્વળ થયું, થયું ચિત્ત ઉદ્વિગ્ન. ૧૨૨
પાંચમે દિવસે સંત ત્યાં, કરી મન મક્કમ.
સેવકોને બોલાવીને, કહે ત્યાં એ એકદમ. ૧૨૩
લઈ જાઓ આ પોટલાં, મુજ દૃષ્ટિથી દૂર,
નાંખો ફાવે ત્યાં તમે, મારે છે મંજૂર. ૧૨૪
એમ કહીને એ પોટલાં દૂર કર્યાં જે વાર,
સંત-હૃદયમાં શાંતિનો, જોને ફૂટ્યો ફુવાર. ૧૨૫
ચંચલતા આ મનતણી, સમજી લેવા સાર,
મનને વશ જો થઈ ગયા, તો થાશો જ ખુવાર. ૧૨૬
પરમહંસ કે જે હતા, ત્યાંના શિરતાજ,
લંગોટી પણ ના હતી, લાજ ઢાંકવા કાજ. ૧૨૭
એવા ત્યાગીને અહા ! કાઢવા એક વિચાર,
ચાર-ચાર દિવસો સુધી, મથવું પડ્યું આ વાર. ૧૨૮
તો ગળાબૂડ સંસારમાં, રહેનારો જે જન,
તેની શી હેસિયત કે, વશ કરે નિજ મન ? ૧૨૯
મન છોડાવે મનુજને, બંધાવે પણ મન.
સુખ-દુઃખ થાતાં ને જતાં, તેનું કારણ મન. ૧૩૦
મન નચાવે માનવી, મન વગાડે ઢોલ,
મનનું કારણ સમજીએ, તો છે પોલંપોલ. ૧૩૧
મનને વશ જો આપણે, થઈએ તો એ મન,
શત્રુ થઈને આપણું, નચવે થન્ થન્ થન. ૧૩૨
પણ જો આપણે યુક્તિથી, વશ કરીએ એ મન,
તો મિત્ર બનીને આપણું, આવી ચાંપે ચરણ. ૧૩૩
વશ કરવા એ મનને, સત્કાર્યોમાં તેમ,
પ્રભુસ્મરણમાં અહર્નિશ, રાખો રત હા એમ. ૧૩૪
અલખ નિરંજનને કહે, આવી મનની વાત,
પરમહંસ પ્રેમથી, પાંડુરંગને તાત ! ૧૩૫
સમજાવે બહુ રીતથી, દઈને નિજ દૃષ્ટાંત,
ચમકે સૂરજ જ્ઞાનનો, થાતાં તમોધ્વાંત. ૧૩૬
વળી સદાયે યોગીને, નિજ ચર્યાની માંહ્ય,
સજાગ રહેવા માટ એ, સમજાવે છે આંહ્ય. ૧૩૭
આસન-પ્રાણાયામ હા ! કરવા બેસો ખાસ,
ત્યારે કદી ન રાખવો, કોઈનો પણ વિશ્વાસ. ૧૩૮

ત્રાટક, પ્રાણાયામમાં, પડે ભંગ કે ભૂલ,
રોગ કોક પેસી જાય ને, નેત્રો થાયે ડૂલ ! ૧૩૯
પરમહસંજી રોજ હા ! બંધ કરી જો દ્વાર,
વાસ્યા વિના બેસતા, ધ્યાન મહીં તદાકાર. ૧૪૦
એક સમે એક છોકરો, સેવા કરવા એમ
કંઈ દિનથી આશ્રમે, રહેતો હતો સપ્રેમ. ૧૪૧
ઉનાળાના દિન હતા, ગરમી પડતી અપાર,
પરમહંસજી એક દિન, ગયા ગુફા મોઝાર. ૧૪૨
નવોસવો આવેલ જે, પેલો છોકરો એહ,
ગુફા કેરે બારણે, બેસાડીને તેહ. ૧૪૩
કહ્યું હતું કે કોઈ પણ, દર્શન માટે આંહ્ય,
આવે તો પણ બારણું, ના ઉઘાડીશ ક્યાંય. ૧૪૪
ભલે ! કહી એ છોકરો, ગુફા કેરે દ્વાર,
સાચવવાને બારણું, બેઠો છે તે વાર. ૧૪૫
તે સમે એક બહારની, ભક્તમંડળી ત્યાંય,
પરમહંસના દર્શને, આવી આશ્રમ માંહ્ય. ૧૪૬
પરમહંસજી ધ્યાનમાં, બેઠા છે આ વાર,
જાણી પેલી મંડળી, આવી ગુફાને દ્વાર. ૧૪૭
બહાર ઉભેલા શિષ્યને, કરી વિનંતી અપાર,
દર્શન કરશું બહારથી, ખોલ જરા તું દ્વાર. ૧૪૮
નવાસવા આ શિષ્યને ના ગતાગમ લગાર,
વિનંતીથી રીઝીને, ફટાક ખોલ્યું દ્વાર. ૧૪૯
અંદર સંત શિરોમણિ, આસન પર થઈ સ્થિર,
વિસ્ફારિત નયનો કરી, સાધે ત્રાટક ધીર. ૧૫૦
ફટાક કરતું બારણું, ખૂલ્યું જેણીવાર,
ગરમ ગરમ ત્યાં પવનની, આવી તાતી ધાર. ૧૫૧
ધસી એકદમ એ ગઈ, બહારથી સીધી એમ,
વિસ્ફારિત એ સંતના, નયનો મધ્યે તેમ. ૧૫૨
ગરમ પવનની લહેરખી, અસર ભયંકર થઈ,
પરમહંસની આંખની દષ્ટિ ચાલી ગઈ. ૧૫૩
આમ રહ્યા ગાફેલ તો, પોતે આંખો ખોઈ,
માટે યોગક્રિયા બધી, કરવી વિચારી જોઈ. ૧૫૪
વિધવિધ અનુભવતણા, આપીને દષ્ટાંત,
પરમહંસે પાંડુને, સમજાવ્યા સિદ્ધાંત. ૧૫૫
પાંડુરંગે ધ્યાનમાં, રાખ્યું સૂચન એહ,
અક્ષરશઃ પાલન કર્યું પરમહંસનું તેહ. ૧૫૬
ચંદ્રશેખરસ્વામીના, પવિત્ર આશ્રમમાંહ્ય,
મોરટક્કાને વિષે, આવ્યા વળામે ત્યાંય. ૧૫૭
તપાસ કરતાં સ્વામીની, મળી નિરાશા ઘોર,
સ્વામી તો કંઈ દિનથી, ગયા હતા ઈંદોર. ૧૫૮
એટલે ત્યાંથી એમણે, લખ્યો સ્વામીને પત્ર,
અનુષ્ઠાન કરવા વિષે, રહેવા માગું અત્ર. ૧૫૯
આજ્ઞા આપે તો પ્રભુ ! રહીને આશ્રમ માંહ્ય,
અનુષ્ઠાન મારું કરું, જેથી શાંતિ થાય. ૧૬૦
પત્ર લખી સ્વામીતણા, પ્રત્યુત્તરની વાટ,
જોતાં વળામે ત્યાં રહ્યા, થોડા દિવસો માટ. ૧૬૧
થોડા દિનમાં સ્વામીનો, આવ્યો જવાબ આહ !
પાંડુરંગે સત્વરે, વાંચ્યો ધરી ઉત્સાહ. ૧૬૨
લખ્યું હતું એ પત્રમાં, સ્વામીજીએ સપ્રેમ,
આગામી આ કારતક મહિના મધ્યે એમ ૧૬૩
સમાધિ લેવા ઈચ્છતા, થવા બ્રહ્મલીન તેમ,
અનુપસ્થિતિમાં એમની, કહો ફાવશે કેમ ? ૧૬૪
વળી એમણે સ્પષ્ટ ત્યાં, પત્રે કર્યું સૂચન,
સૂણી વળામે માહરી, સલાહ ધારો મન. ૧૬૫
પત્ર મળતામાં તમે, છોડી ભટકવું અન્ય,
રેવામાના કાંઠડે, ચાલ્યા જાઓ ધન્ય. ૧૬૬
શોધીને એકાંત કોઈ, માત નર્મદાતીર,
અડ્ડો જમાવી ત્યાં કરો, અનુષ્ઠાન હે ધીર ! ૧૬૭
આશીર્વાદ છે માહરા, સદા તમારી સાથ,
કર્મભૂમિ તમ એ ઠરી, ગુર્જર પાડે સાદ ! ૧૬૮
લઈ સાર સ્વામીતણો, પાંડુરંગે એમ,
ડેરા-તંબૂ ઉઠાવીયા, ચાલ્યા ત્યાંથી તેમ. ૧૬૯
આવ્યા એ ગુજરાતમાં, વડોદરામાં એમ,
આવી લંગડે સ્વામીને, મળ્યા પ્રેમથી તેમ. ૧૭૦
લંગડે સ્વામીને મળ્યા, પછી થયું શું ત્યાંય ?
અલખ નિરંજનને કહે, આગળને અધ્યાય. ૧૭૧
આ અધ્યાયે રંગને, મળ્યો અમૂલખ બોધ,
'બાલક' શું વર્ણી શકે ? અજ્ઞાની ને અબોધ ! ૧૭૨

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે ચંદ્રશેખરાનંદમિલનવૃત્તાંતો નામ સપ્તદશોઽધ્યાયઃ ॥૧૭॥ દોહરા ૧૭૨॥

## અધ્યાય ૧૮

વડોદરામાં આવીને, શોધી આશ્રમ જાણ,
લંગડે સ્વામીજીતણો, મળવા ઈચ્છે માન. ૧
શી રીતે એ સ્વામીનાં, શીઘ્ર દર્શન થાય,
તે માટે પાંડુરંગે, શોધ્યો એક ઉપાય. ૨
સ્વામીજીના નિકટના, શિષ્ય હતા ત્યાં એક,
વ્યવસાયે શિક્ષક અને સાદા પવિત્ર નેક. ૩
પાંડુરંગે એમનું, શોધી કાઢ્યું ઠામ,
સાધ્યો સંપર્ક એમનો, જેથી સરે નિજ કામ. ૪
શિક્ષક કહે એ સ્વામીનો, સ્વભાવ અતિ છે ઉગ્ર,
સીધી રીતે વાત પણ નહિ કરે એ શીઘ્ર. ૫
વળી હમણાં માહરે, જવાનો નોકરી પર,
સમય થયો છે એટલે, જાવું છે સત્વર. ૬
ફરી કોઈ સમે આવજો, કરાવીશ મુલાકાત,
હમણાં તો લાચાર છું, કહેતાં જોડ્યા હાથ. ૭
પાંડુરંગ કહે માહરે, મળવું એમને સદ્ય,
તમને ઉતાવળ હોય તો, લાવું ગાડી અદ્ય. ૮
શિક્ષક સાથે ગાડીમાં, આશ્રમ પહોંચ્યા ઝટ,
સ્વામી સાથે પાંડુરંગ વાતે વળગ્યા પટ. ૯
વાતવાતમાં એમણે નિજ હૈયાની વાત,
સ્વામીજી આગળ મૂકી, બની નમ્ર સાક્ષાત્. ૧૦
કરવું સ્વામીજી ! માહરે, શાંતિથી અનુષ્ઠાન,
તે માટે એકાંતનું, શોધું છું હું સ્થાન. ૧૧
આપની ભાળમાં હોય જો, કોઈ એવું સ્થળ,
તો ત્યાં જઈને તપ કરું, રાખી મન નિશ્ચલ. ૧૨
સ્થળની સાથે આપના, આજ્ઞા આશીર્વાદ,
હોય પછી તો માહરે, ના રહે કો' ફરિયાદ. ૧૩
સૂણી પાંડુરંગના, વચન પછી ક્ષણવાર,
નેત્રો મીંચી સ્વામીએ, કર્યો કંઈક વિચાર. ૧૪
નેત્રો ખોલીને પછી રાખી ચિત્ત પ્રસન્ન,
પાંડુરંગને સ્વામીએ, કીધાં મધુર વચનઃ- ૧૫
બ્રહ્મચારી હે તમે, જાઓ રેવાતીર,
શોધી સ્થલ એકાંત ને કરો તપસ્યા ધીર. ૧૬
ભરૂચથી શૂલપાણ સુધી, શોધી એવું સ્થળ,
શાંતિથી અનુષ્ઠાનમાં, બેસો થઈ નિશ્ચલ. ૧૭

દર્શન માત્રથી જે હરે, પાપ દૈન્ય ને શાપ,
રુદ્રદેહા નર્મદા, ટાળે સહુ સંતાપ. ૧૮
જલ જેનું અમૃત છે, ઉભય તટ છે સ્વર્ગ,
શંકર છે કંકર અહા ! ધન્ય નર્મદા-ભર્ગ. ૧૯
એવાં માતા નર્મદા, રાખી નયન અધીર,
રાહ જુએ છે આપની, જાઓ જોગીવીર. ૨૦
પસરાવી નિજ અંચલો, માત નર્મદા એમ,
બોલાવે છે આપને, માટે જાઓ તેમ. ૨૧
સફળ થશે તવ સાધના, જાશે સર્વ વિષાદ,
'શિવાઃ સન્તુ તે પન્થાનઃ' છે મુજ આશીર્વાદ. ૨૨
એમ વદીને સ્વામીએ, પાંડુરંગને માથ,
અંતરની આશિષ સહ, મૂક્યો પ્રેમે હાથ. ૨૩
સ્પર્શ થયો જ્યાં સંતનો, પુલકિત થયું નિજ તન,
રેલાયો આનંદ ને નાચી ઊઠ્યું મન. ૨૪
આજ્ઞા આશીર્વાદ લઈ, સ્વામીજીના એમ,
નિજસ્થાને આવી અને રહ્યા વિચારી એમ. ૨૫
જે જે સંતોને મળ્યા, તે સંતોએ આમ,
રેવામાને કાંઠડે કરવા કહ્યો મુકામ. ૨૬
જરૂર કરતા લાગતા, ગુરુજી કો સંકેત,
નહિ તો રેવાતીરનો, આદેશ બધા ન દેત ! ૨૭
ચોક્કસ ગુરુ મહારાજની, ઈચ્છા છે આ માન,
માટે રેવાકાંઠડે, શોધું કોઈ સ્થાન. ૨૮
શું કરવું વિચારતાં, પાંડુરંગ મન માંહ્ય,
ત્યાં તો જૂના મિત્રની, યાદ આવી ત્યાંય. ૨૯
વિપ્ર એ સરખેજના, નામે રતનલાલ;
રેવાતટે રણાપુરે, રહેતા હતા હાલ. ૩૦
પૂર્વે જેમનો દીકરો, ઘરથી ભાગી એમ,
ભરૂચમાં એક સ્નેહીના, ઘરે રહ્યો'તો તેમ. ૩૧
રતનલાલ સહ પાંડુરંગ, એને શોધવા કાજ,
આવી પહોંચ્યા ભરૂચમાં, મળી ગયો એ ત્યાં જ. ૩૨
પણ તેથી અદકો એમને, થયો હતો ત્યાં લાભ,
'દત્તપુરાણ' મળ્યું અને, સફળ થયું નિજ ખ્વાબ. ૩૩
પ્રાપ્તિ 'દત્તપુરાણ' તણી, તેમાં બન્યા નિમિત્ત,
રતનલાલ નિજ મિત્ર જે, બ્રાહ્મણ અતિ પુનિત. ૩૪

એ જ રતનલાલ હાલમાં, રેવાજીને તીર,
રણાપુર ગામે અહા ! રહેતા ધારી ધીર. ૩૫
તે સમે રેવાતીરે, માલસર ગામે સંત,
સમર્થ એક થઈ ગયા, માધવતીર્થ મહંત. ૩૬
તે સંતે સ્થાપી હતી, રણાપુરની માંહ્ય,
અંગ્રેજી શાળા તદા, છાત્રો ભણતા ત્યાંય. ૩૭
તે શાળામાં આપણા, રતનલાલ સન્નિષ્ઠ,
શિક્ષક તરીકે આપતા, સેવા અતિ ગરિષ્ઠ. ૩૮
પાંડુરંગને તે સમે, રતનલાલની યાદ
આવી, જાવા મન કર્યું, રણાપુર તે બાદ. ૩૯
તેથી ઝટ-પટ નીકળી, વડોદરાથી આમ,
પાંડુરંગ પહોંચી ગયા, ઠેઠ રણાપુર ગામ. ૪૦
આનંદે બન્ને મળ્યા, એક-બીજાને એમ,
ભેટ્યા, વાતો કંઈ કરી, પૂછતાં કુશળ-ક્ષેમ. ૪૧
શાળાના મકાન મહીં, રાખ્યો'તો મુકામ,
ભિક્ષા કરવા નિત જતા, રતનલાલને ધામ. ૪૨
ત્રિકાલ રેવા સ્નાન ને ધ્યાન ધારણા એમ,
કરતા નિત્યે પાંડુરંગ, રાખી હૈયે પ્રેમ. ૪૩
એક દિવસ ભિક્ષા લઈ, રતનલાલની સંગ,
જાતા'તા મુકામ પર, પોતે પાંડુરંગ. ૪૪
હરગોવિંદદાસ ત્યાં, રે'તા સુવર્ણકાર,
ઓળખે રતનલાલને, રહે પડોશ મોઝાર. ૪૫
ભાવિક ભલા ને નિર્મળા, સાત્ત્વિક ભક્ત સુજાણ,
સાધુ, સંતો, વિપ્રને, આપે આદર માન. ૪૬
પરોપકારી વૃત્તિ ને સદ્ધર્મે અતિ પ્રેમ,
સેવે સાધુ-સંતને, નિર્મળ ભાવે એમ. ૪૭
દુખડું જોઈ અન્યનું, દ્રવતા દિલની માંહ્ય,
નિઃસ્વાર્થ ભાવે કરે, સદા સર્વને સહાય. ૪૮
તેથી એ પંથક મહીં, રાખે માન તમામ,
આદરથી બોલાય જો દાસકાકાનું નામ ! ૪૯
એવા ભક્તહૃદય અહા ! દાસકાકાએ ત્યાંય,
જોયા શિક્ષક સાથ અહા ! સાધુ એક વરકાય. ૫૦
વ્યસની એ સત્સંગના, જોઈ વીરલા સંત,
સાદ પાડી બોલાવિયા, રતનલાલને તુર્ત. ૫૧

રતનલાલ ઉપર ગયા, પણ પેલા સાધુ જન,
રસ્તા પર નીચે ઊભા, રાખી મુખ પ્રસન્ન. ૫૨
સંત નીચે ઊભા જ છે, જોઈ દાસે એમ,
નીચે જઈ આગ્રહ કરી, ઉપર આણ્યા તેમ. ૫૩
દાસકાકાએ તુર્ત ત્યાં, નાંખ્યું એક આસન,
વિનંતી કરી એ સંતને, 'ગ્રહણ કરો આસન' ! ૫૪
સંતે ખૂબ વિવેકથી, બોલી મધુર વાણ,
પોતાના નિયમતણી, કરી દાસને જાણ. ૫૫
બીજાના વપરાયેલા આસન પર કદી એમ,
પોતે બિરાજતા નથી, અચલ નિયમ એ તેમ. ૫૬
આસનશુદ્ધિના બધા, નિયમને જાણનાર,
ભક્ત દાસને તુર્ત આ, સમજાયું તે વાર. ૫૭
ઝટ લાવી એક પાટલો, જલથી હાથે ધોઈ,
મૂકી વિનવ્યા સંતને, બેસવા તે પર સોઈ. ૫૮
પાંડુરંગ તે પાટલે, બિરાજતા તત્કાળ,
વાતો કરતા તે ક્ષણે, દાસ ને રતનલાલ. ૫૯
બિનજરૂરી બોલબોલ, કરવાની એ ટેવ,
પાંડુરંગમાં ન હતી, તેથી એ તતખેવ. ૬૦
બોલ્યા નહિવત્ તે સમે, ઊભા થઈને ત્યાંય,
હાથ જોડીને દાસની, માગી પ્રેમે વિદાય. ૬૧
વિદાય સમયે દાસના, સ્વભાવ પ્રમાણે એમ,
પાંડુરંગને દક્ષિણા, આપવા લાગ્યા તેમ. ૬૨
પાંડુરંગે પ્રેમથી કહ્યો નિજ સિદ્ધાંત,
પોતે દ્રવ્યનો સ્પર્શ પણ, કરતા નથી નિતાંત. ૬૩
અજાણતાં કદી દ્રવ્યનો, સ્પર્શ થાય જો ખાસ,
તેના પ્રાયશ્ચિત્તમાં, પોતે કરે ઉપવાસ. ૬૪
એમ કહીને પાંડુરંગ, નીકળ્યા ઘરની બહાર,
દાસ ખટખટ પાદુકાનો, સૂણી રહ્યા રણકાર. ૬૫
થાતા પોતે દિઙ્મૂઢ, એમની પૂંઠે જાણ,
તાકી રહ્યા આશ્ચર્યથી, નયન વિસ્ફારિત માન. ૬૬
દૂર જતી પાદુકાનો, જ્યાં ખટકારો બંધ,
થયો ત્યાં સુધી મૂક થઈ, ઊભા રહ્યા અકબંધ. ૬૭
સંભળાતો જ્યાં બંધ થયો, પાવડીનો રણકાર,
નિશ્ચેતન એ શરીરમાં, થયો ચેતન સંચાર. ૬૮

તનમાં ચેતન આવતાં, દાસકાકા તે વાર,
ડૂબી આશ્ચર્યાબ્ધિમાં, મનમાં કરે વિચાર :- ૬૯

અરે અરે આ જગતમાં, દ્રવ્ય નહિ છૂનાર,
આ જિંદગીમાં સંત કો, જોયો પહેલીવાર. ૭૦

પ્રથમ દર્શને સંતના, દાસ-હૃદયની માંહ્ય,
જાગ્યો'તો સદ્ભાવ હા ! થયો પુષ્ટ તે આંહ્ય. ૭૧

પુષ્ટ થતાં સદ્ભાવ એ, પામ્યો પરિવર્તન,
ભક્તિભાવમાં દૃઢ થયો, પુલકિત થયું નિજ મન. ૭૨

થયો સહજ સત્સંગ ને કંઈક થયો સહવાસ,
સોનું પારખનાર આ, સંત પારખે ખાસ. ૭૩

વર્ષોના વર્ષો સુધી, નિજ કૌશલ્યે એમ,
કુનેહથી સોનાતણી, કરી કસોટી જેમ; ૭૪

તેમ કસોટી-એરણે, દાસકાકાએ ત્યાંય,
કરી પરીક્ષા સંતની, હરખ્યા હૈયા માંહ્ય. ૭૫

રત્ન-પરીક્ષક સોનીએ, પારખ્યું યોગીરત્ન,
નિજ હૈયાના હાર સમ, જાળવ્યું કરીને યત્ન. ૭૬

કહે અલખ સૂણ શિષ્ય હે ! દાસતણી આ વાત,
બોધ અતિ અગત્યનો, આપે છે સાક્ષાત્. ૭૭

સંત ગુરુ કે દેવની, જ્ઞાન-શક્તિનો ક્યાસ,
કાઢ્યા વિણ ના મૂકવી, શ્રદ્ધા એમાં ખાસ. ૭૮

આલંબન શ્રદ્ધાતણું, બોદું કેમ રખાય ?
બોદું પાડે ને પડે, ઊંડા ગર્તની માંહ્ય ! ૭૯

ખીંટીએ થેલી વજનની, ભેરવવી જો હોય,
જોવું જોઈએ કે ખીંટી મજબૂત છે કે ન્હોય ! ૮૦

જો ખીંટી ઢીલી હશે, થેલી સાથે એહ,
કડડ....ભૂસ પડશે નીચે, એમાં ના સંદેહ. ૮૧

માટે શ્રદ્ધા મૂકતાં પહેલાં ખૂબ વિચાર,
કરવો જેથી અંતમાં, થવાય ના લાચાર. ૮૨

એક વખત મૂક્યા પછી, શ્રદ્ધા ચલિત ન થાય,
તે માટે સાવધ રહી, કરવો સદા ઉપાય. ૮૩

સર્વત્ર શ્રદ્ધા ફળે, નહિ મંત્ર નહિ દેવ,
ઢોલ વગાડતી જો શ્રુતિ, સૂણવા રાખો ટેવ. ૮૪

શ્રદ્ધા એ જ જીવન છે, શ્રદ્ધા વિણ છે મોત,
ભવસાગર તરવા ખરે ! શ્રદ્ધા છે એક પોત. ૮૫

દાસકાકાની અહા ! પાંડુરંગ પર આમ,
અઢળક શ્રદ્ધા ઢળી ગઈ, ભાગ્યાં દુ:ખ તમામ. ૮૬

દાસકાકાએ કર્યું, તન મન ધન જીવન
નિજનું પાંડુરંગના ચરણોમાં સ્વાર્પણ. ૮૭

સર્વ સમર્પણ સંતના, ચરણે કરીને આમ,
હળવા-ફૂલ બની ગયા, ત્યાગી બોજ તમામ. ૮૮

જેને સદ્ગુરુચરણમાં, નિજ તન મન ને ધન.
જીવન સર્વ સમર્પિયું, તેનું જીવતર ધન ! ૮૯

આમ દાસકાકાતણા, હૃદયસિંહાસન પર,
ઉચ્ચ સ્થાને બિરાજિયા, રંગ-ગુરુપ્રવર. ૯૦

ધન ધન છે એ દાસને, ધન ધન એ પરિવાર,
જેના પર અવધૂતની, વર્ષી કૃપા અપાર. ૯૧

રતનલાલે એક દિ', દાસકાકાને એમ,
રંગના અનુષ્ઠાનની, વાત કરી કંઈ તેમ. ૯૨

શોધે છે એકાંત સ્થળ, કરવાને અનુષ્ઠાન,
રેવાતીરે હોય તો, કોક બતાવો સ્થાન. ૯૩

અધમીંચી આંખો કરી, કરચલીઓ બે-ચાર,
કપાળપર પાડી કરે, કાકા દાસ વિચાર. ૯૪

ક્ષણભર એમ વિચારીને, કરી વિસ્ફારિત નૈન,
સમક્ષ પાંડુરંગની, દાસે કાઢ્યાં વેણ:- ૯૫

જુઓ બાપજી ! અહીંથી, પાંચેક ગાઉ દૂર,
રેવાતીરે સ્થાન છે, ઝાડીથી ભરપૂર. ૯૬

લીલોડ નામે ગામની, પાસે છે એ સ્થાન,
જીર્ણ-શીર્ણ શિવાલય, નારેશ્વર અભિધાન. ૯૭

બિહામણું તો એવું કે, ધોળે દહાડે પણ,
હિંમત કો' ના કરી શકે, ત્યાં જવાની ક્ષણ ! ૯૮

ઈચ્છા આપની હોય તો, આજે જઈ એ સ્થાન,
જોઈ પાછા આવીએ, વિચારીશું પછી આન. ૯૯

સૂણી વિકટતા સ્થાનની, પાંડુરંગનું મન,
તલપી રહ્યું એ સ્થાનને, જોવાને તત્ક્ષણ. ૧૦૦

પાંડુરંગ તો એકદમ, ઊભા થઈને ત્યાંય,
ચરણે પહેરી પાદુકા, ગ્રહ્યો દંડ કર માંહ્ય. ૧૦૧

દાસ ને રતનલાલને, ઉદેશી વદે વાણ,
રણકો એવો વાણનો, છૂટ્યું જાણે બાણ. ૧૦૨

ચાલો તમ બન્નેવ જણ, થઈ જાઓ તૈયાર,
જાવું નારેશ્વર વિષે, ના લગાડો વાર. ૧૦૩
આજ્ઞા સૂણતાં સંતની, થયા બેઉ તૈયાર,
નીકળી આવ્યા ભાગોળે, ગામતણી તે વાર. ૧૦૪
લીલોડના રસ્તે વળ્યા, તરત થયા શુભ શુકન,
ગૌમાતા સામાં મળ્યાં, ફરક્યું દક્ષ નયન. ૧૦૫
પાંડુરંગના અંતરે, હર્ષ અતિ ઉભરાય,
અકથ્ય આનંદસ્પંદનો, પલ પલ અંગે થાય. ૧૦૬
પાંડુરંગ વિચારતા, જરૂર ગુરુ મહારાજ,
આજ મને દોરી રહ્યા, સફલ કરવા કાજ. ૧૦૭
વાતો કરતા ચાલતા, આવ્યા લીલોડ ગામ,
દાસકાકાના મિત્ર ત્યાં, હતા ખુશાલભાઈ નામ. ૧૦૮
હતા પોલીસપટેલ એ, લીલોડના તે વાર,
તેથી મળવા તેમને, ગયા લીલોડ મોઝાર. ૧૦૯
દાસે પાંડુરંગના, અનુષ્ઠાનની વાત,
ખુશાલભાઈને વિગતે, સમજાવી સાક્ષાત્. ૧૧૦
ખુશાલભાઈએ તે સમે, પાંડુરંગને એમ,
ભયંકરતા એ સ્થાનની, સમજાવી ધરી નેમ. ૧૧૧
ઝાડી-જંગલ ગીચ ને વિષધર વીંછી, વ્યાલ,
મસ્તપણે મહાલે જિહાં, એવું સ્થાન કરાલ. ૧૧૨
સાતગામનું મસાણ એ, ભૂત પિશાચ ને જંદ,
રાતે કિકિયારી કરી, નાચે જો સ્વચ્છંદ. ૧૧૩
એવા નિર્જન સ્થાનમાં, ના કો'થી રહેવાય.
ભલ-ભલા મર્દોતણા, છક્કા છૂટી જાય. ૧૧૪
આમ ખુશાલભાઈએ, ફુલાવીને ગાલ,
સ્થાનની દુર્ગમતાતણો, આપ્યો ઘેરો ખ્યાલ. ૧૧૫
બ્રહ્મચારી આપ ત્યાં, એકલા રહેશો કેમ ?
એવા નિર્જન સ્થાન પર, રહેવા દઈએ કેમ ? ૧૧૬
મારું માનો આપ ને લીલોડને પાદર,
કુટિર એક બંધાવીને સેવા કરીએ સાદર. ૧૧૭
પણ સાધુ આ જુદો હતો, હતો આનંદમસ્ત,
નિર્ભય બાહ્યાભ્યંતરે, રહેતો ઈશપરસ્ત. ૧૧૮
વસ્તીમાં રહેવાતણી, ચોકખી પાડી ના,
તોયે પાંડુ નિજ વેણમાં, વિવેક ચૂકયા ના. ૧૧૯
ત્યાંથી ચાલી આવીયા, દહેરે ત્રણે જણ,
જોતાં અનુપમ સ્થાન આ પાંડુરંગનું તન, ૧૨૦
અનુભવતું રોમાંચ ત્યાં, રે'વા કર્યું નિજ મન,
દાસકાકાને પ્રેમથી, કે' પાંડુરંગ વચનઃ ૧૨૧
સૂણો દાસકાકા મને, આવ્યું સ્થાન પસંદ,
મનગમતું એકાંત ને મનગમતો આનંદ ! ૧૨૨
હું તો આજની રાત પડ્યો, એકલો અહીંયાં રહીશ,
રાત વિતાવી તે પછી, ગામમાં ત્યાં આવીશ. ૧૨૩
માટે તમે બન્નેવ જણ, થાઓ હવે વિદાય,
મારા તરફની લેશ પણ ચિંતા કર્યા સિવાય. ૧૨૪
હું તો મારી મસ્તીમાં, પડ્યો રહી એક રાત,
અનુભવ આ સ્થાનનો, કરી લઈશ સાક્ષાત્. ૧૨૫
જાઓ બન્ને અહીં થકી, વિના ફિકર મન માંહ્ય,
કાલે સવારે અહીંથી નીકળી આવીશ ત્યાંય. ૧૨૬
સૂણી આ વાત સંતની, દાસકાકાનું મુખ,
ઉતરી ગયું વિષાદથી, પ્રગટ્યું અંતર દુઃખ. ૧૨૭
ઝરતી આંખે બોલિયા, ભક્ત હરગોવિંદદાસ,
રાખ્યું નથી કાંઈ તમે, પ્રભો ! આપની પાસ. ૧૨૮
ખાશો શું ? ને પીશો શું ? શયન કરશો ક્યાંય ?
ભયંકર એકાંત ને, વાયુ પ્રલયકર વાય ! ૧૨૯
સર્પ-વીંછી જ્યાં-ત્યાં ફરે, ફાફળા થોરની માંહ્ય,
ચિતર તો ચિત્કાર કરે, રાતે કેમ રહેવાય ? ૧૩૦
માટે બાપજી આપને, એકલા મૂકી આમ,
રણાપુર જાવાતણી, ના મારામાં હામ. ૧૩૧
ત્યાં પાંડુરંગ વદ્યા, હસતે વદને વેણ,
ચિંતા રાખ્યા વિણ તમે, જાઓ જો સ્મિતનેણ ! ૧૩૨
મારે માથે સમર્થ છે, મારા ગુરુમહારાજ,
એનો પ્રેર્યો હું અહીં, આવી પહોંચ્યો આજ. ૧૩૩
મારી ચિંતા એમને, હું તો સદા નચિંત,
જાઓ તમે સુખે હવે, ના કરશો કંઈ તંત. ૧૩૪
આજની રાત તમે મને, રહી જાવા દો આંહ્ય,
આવતીકાલે સવારમાં, અચૂક આવીશ ત્યાંય. ૧૩૫
સમજાવી એમ દાસને, રતનલાલને પણ,
સાથ ખુશાલભાઈ વળી, વિદાય કર્યા તત્ક્ષણ. ૧૩૬

ગયા પછી એ સર્વના, પાંડુરંગે તે વાર,
બધે ફરી આ સ્થાનને, જોવા કર્યો નિર્ધાર. ૧૩૭
ચારે તરફ થુવેરના ફાફડા ગીચોગીચ,
વ્યાલ-વૃશ્ચિકના રાફડા, જ્યાં ત્યાં ખીચોખીચ. ૧૩૮
નિર્જન વન આ દેખતાં, લાગે અતિ ભેંકાર,
શિયાળ, વણિયલ, ચીબરી, કરે અતિ ચિત્કાર. ૧૩૯
ચંદનઘો ને નોળિયા, ઝરખ, વરુ-વિકરાળ,
અજગર, મોરવીંછીતણી, જ્યાં ત્યાં લાગે ભાળ. ૧૪૦
ચોગમ મોટાં કોતરો, ઊંડાં ખૂબ કરાલ,
આચ્છાદિત ગીચ ઝાડીથી, આવે ના કંઈ ખ્યાલ. ૧૪૧
એવી ભયંકર ભૂમિ આ, નિબિડ રાન, વેરાન,
એમાં પાંડુરંગને, દિવ્ય તત્ત્વનું ભાન; ૧૪૨
થયું તત્ક્ષણે તે થકી, પાંડુરંગે મન માંહ્ય,
નિશ્ચય અહીં રહેવાતણો, મક્કમ કરિયો ત્યાંય. ૧૪૩
જાતાં રેવાતીર પર, માર્ગે વારંવાર,
જાતજાતના સર્પનાં દર્શન થયાં તે વાર. ૧૪૪
સ્નાન કરીને આવીયા, ત્યાં તો સૂરજ દેવ,
પશ્ચિમ સાગરમાં અહા ! ડૂબી રહ્યા તતખેવ. ૧૪૫
ઓળા ત્યાં અંધારના, ઉતર્યા ચારેકોર,
નિશાચર તિર્યંચ સૌ, કરવા લાગ્યાં શોર. ૧૪૬
ઘુવડ, બિલાડાં , ચિબરી ને રડે વળી શિયાળ,
ભયંકર ચિત્કારથી, પાડે હૈયે ફાળ. ૧૪૭
તમરાંના તમરાટ ને આગિયાતણા ઝબકાર,
એથી લાગે વૃક્ષમાં, થયો ભૂત સંચાર ! ૧૪૮
સર્પો સિસકારા કરી, વગાડે ડાકલી હાય,
સૂણતાં જનની છાતીનાં, પાટીયાં બેસી જાય ! ૧૪૯
એવી ભયંકર રાતમાં, પીપળા નીચે ત્યાંય,
સાફ સુથરી ધરા કરી, કરી પથારી ત્યાંય ! ૧૫૦
લંબાવી નિજ દેહને, તે પર પાંડુરંગ,
રેશમ સમ એ ધરતીનો, લૂંટી રહ્યા આનંદ ! ૧૫૧
મિત્રવત્ સર્વભૂતેષુ, એને શાનો ભય ?
આત્મવત્ સૌને ગણે, તે તો સદા નિર્ભય. ૧૫૨
વિષધર-હિંસક પ્રાણી પર રાખે જે નિજ પ્રેમ,
એવા સ્નેહીજન અહો ! દુભવે અહીં કો કેમ ? ૧૫૩
સૂતાં સૂતાં પાંડુરંગ, ગોષ્ઠિ તારક સાથ,
કરતા મીંચી નેત્રને, સ્મરતા સદ્ગુરુ નાથ. ૧૫૪
ત્યાં તો દિવ્ય સુગંધથી, મન પામ્યું આહ્‌લાદ,
સૂણ્યા શિવાલયમાં થતા, શંખ-ઘંટના નાદ. ૧૫૫
નેત્રો ખોલી જોયું તો, થયાં દિવ્ય દર્શન,
દિવ્ય નિરખી જ્યોતિને, હરખાયું અતિ મન. ૧૫૬
દેવો ઋષિઓ કિન્નરો, કરવા શિવપૂજન,
આવ્યા'તા નિજ લોકથી, વિધવિધ લઈ સાધન. ૧૫૭
પૂજા-સામગ્રીભર્યા, લઈને સુવર્ણથાળ,
યક્ષો, કિન્નર દેવ સૌ, આવ્યા હારોહાર. ૧૫૮
અર્ચન પૂજન શિવતણાં, કરી વેદનાં ગાન,
અર્પે દિવ્ય મંત્રથી, પુષ્પાંજલિ જો માન. ૧૫૯
દિવ્યગણો એવી રીતે, કરીને શિવપૂજન,
નિજ ધામે પાછા ગયા, ચઢી દિવ્ય વાહન. ૧૬૦
નરી આંખે એ સ્વયં, પાંડુરંગે જાણ,
કર્યાં દિવ્ય દર્શન અને, સૂણિયાં સુદિવ્ય ગાન. ૧૬૧
અંતર પુલકિત થઈ ગયું, થયો આનંદ અપાર,
દિવ્ય સ્થાન આ સાંપડ્યું, ગુરુનો જયજયકાર. ૧૬૨
ચોગમ છલકાઈ અહા ! દિવ્યાનંદની છોળ,
રંગ વદેઃ થાઉં ગુરો ! આપ પર ઓળઘોળ ! ૧૬૩
નરી આંખે નિહાળિયાં, જે દૃશ્યો તે વાર,
યાદ કરી પુનઃ પુનઃ, પામે હર્ષ અપાર. ૧૬૪
મહાતપસ્વી કોઈએ, કરી તપસ્યા આંહ્ય,
ધન્ય બનાવી આ ભૂમિ, સ્વર્ગ અવનિ માંહ્ય. ૧૬૫
પાંડુરંગ ત્યાં બેસીને, કરતા આવો ખ્યાલ,
ત્યાં તો પૂર્વ દિશા અહા ! બની લાલં-લાલ. ૧૬૬
ઉષાના આગમનની, છડી પુકારી આમ,
કૂજન કરતાં પક્ષીઓ ઊડતાં ઠામે ઠામ. ૧૬૭
શિતલ મંદ સમીર ને, મયૂર કેરો નાદ,
પુષ્પ-પરિમલ દિલ મહીં, આપે અતિ આહ્‌લાદ. ૧૬૮
અપૂર્વ રાતનાં દૃશ્યનો, માણ્યો મધુરો રંગ,
પાંડુરંગના હૃદયમાં, તેનો જ હતો ઉમંગ. ૧૬૯
પ્રકૃતિ પ્રાતઃકાળની, તેનું વળી સૌંદર્ય,
તન મન પાંડુરંગના, રંગે નંદે ધન્ય. ૧૭૦

રેવા માના કાંઠડે, સૂર્યોદય જ્યાં થાય,
રેવાનીર હેલે ચઢી, વિવિધ રંગ રેલાય. ૧૭૧
પાંડુરંગ રેવાતીરે, જાવા ઊભા થાય,
જોતાં શિવાલય ભણી, અદ્‌ભુત દૃશ્ય દેખાય. ૧૭૨
સાથે નાચે નાગની, મોરલો થનક્‌થનક્,
ભૂલી વેર ખેલે અહો ! ભુજંગ ભુજંગભુક્ ! ૧૭૩
સર્પ સાથે મયૂરનું, નૃત્ય આ અદ્‌ભુત,
સિદ્ધભૂમિ છે આ નકી, દર્શાવે અનુભૂત. ૧૭૪

સર્પમયૂરનું જન્મજાત, વેર છે વિખ્યાત,
ભુજંગભુક્ મયૂર ને જાણીતી એ વાત. ૧૭૫
ત્યારે આંહિં તો બે મયૂર, વચ્ચે છે એક સાપ,
ગેલ કરી નાચી રહ્યો, નાચે અહિંસા આપ ! ૧૭૬
જોતાં આ પાંડુરંગને, આવ્યો મનવિશ્વાસ,
અહિંસક કો તપસીતણી, સિદ્ધ ભૂમિ આ ખાસ. ૧૭૭
માટે મારું અહીં થશે, પૂર્ણ જો અનુષ્ઠાન,
પુનરાગમનનો કરી નિશ્ચય, કર્યું પ્રયાણ. ૧૭૮

આગળ રસમય એ કથા, વદશે અલખજી રંગ,
'બાલક' કહેશે એ સુધી, થાશે ત્યાં સત્સંગ ! ૧૭૯

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે નારેશ્વરસ્થલદર્શનં નામ અષ્ટાદશોઽધ્યાયઃ ॥ ૧૮॥ દોહરા ૧૭૯ ॥

## અધ્યાય ૧૯

નારેશ્વરથી નીકળી, આવી રણાપુર માંહ્ય,
રતનલાલ ને દાસને, મળી વાત કરી ત્યાંય. ૧
સ્થાન અતિશય દિવ્ય છે, થયાં દિવ્ય દર્શન,
વાત કરી બન્નેવને, થયા બન્ને પ્રસન્ન. ૨
પોતે રે'વા ઈચ્છતા, ત્યાં કરવા અનુષ્ઠાન,
નિશ્ચય પાકો છે કર્યો, ઉભયને કરી જાણ. ૩
પછી દાસકાકા અને, રતનલાલને તેમ,
વિદાય માગતાં પાંડુરંગ, કહેવા લાગ્યા એમઃ ૪
દત્તજંયતી કર્યા પછી, માગસર વદની માંહ્ય,
ત્રીજને દિવસે અચૂક હું, આવી પહોંચીશ ત્યાંય. ૫
ત્યારપછી તમે આવજો, ત્યાં થાશે મેળાપ,
એમ કહીને પાંડુરંગ, ચાલી નીકળ્યા આપ. ૬
ક્યાં ચાલ્યા એ સ્થાનની, કરી ન કોઈને જાણ !
મનમોજી ફરનારને, નિશ્ચિત નહિ કો' સ્થાન ! ૭
દાસકાકા ને વળી રતનલાલ તે વાર,
ચિત્રવત્ સ્થિર થઈ ગયા, કરતા મનમાં વિચાર. ૮
ભયંકરતામાં દિવ્યતા, પાંડુરંગે જોઈ,
નારેશ્વરના દેહરે, તેથી પતીજ હોઈ. ૯
સ્થાન ખરેખર દિવ્ય છે, તપસ્વી આ પણ દિવ્ય,
દિવ્ય મળતાં દિવ્યતા, સ્થાન થશે આ ભવ્ય. ૧૦

એમ વિચારી બેઉ જણે, નિશ્ચય કરિયો આંહ્ય,
પ્રાપ્ય સુવિદ્યા આપવી, તપસ્વીને સદાય. ૧૧
તન,મન,ધન, નિજ સર્વનું, આ સંતની સેવા માંહ્ય,
સર્મપણ કરવાતણો, કર્યો સંકલ્પ ત્યાંય. ૧૨
ક્ષણ-ક્ષણ કરતાં સરી ગયો સમય, ન લાગી વાર,
ને એ શુભ દિન આવિયો, સાંભળ સહ વિસ્તાર. ૧૩
અવધૂતના ઈતિહાસમાં, સુવર્ણ અક્ષર માંહ્ય,
કવિઓ સહુ આલેખશે, ધન્ય દિવસ આ આંહ્ય. ૧૪
સંવત ઓગણીસો અને, એકાસી વત્સર,
પોતાની વિભૂતિતણો, માગસર માસ મનહર. ૧૫
કૃષ્ણપક્ષની ત્રીજનો, સુંદર સંધ્યાકાળ,
શિશિરતણા સૂર્યાસ્તની, પડી રહી'તી ટાઢ. ૧૬
નારેશ્વર રોડ કેરું, સ્ટેશન જે કહેવાય,
માલોદ નામે તે સમે, લોકોમાં ઓળખાય. ૧૭
કરજણથી એ સ્ટેશને, ગાડીમાંથી આમ,
યુવાનવયી પાંડુરંગ, ઉતર્યા રાખી હામ. ૧૮
સુકલકડી શરીર પણ સ્ફૂર્તિનો ભંડાર,
લસલસતા મુખ પર અહા ! દિવ્ય તેજ અંબાર. ૧૯
કાળા ભમ્મર વાળની, જટા શીર્ષ સોહાય.
શુભ્ર ખાદી-વસ્ત્રથી, આચ્છાદિત છે કાય. ૨૦

સૂર્યચંદ્રસમ ચમકતાં, નયનો બે સાકાર,
અધરે મધુરું હાસ્ય ને વદને વસત નિર્ધાર ! ૨૧
જમણા હાથે દંડ ને, ડાબે જલનું પાત્ર,
ખભે ઝોળી નાનકડી, ભરવી છે એક માત્ર. ૨૨
ચરણે ખટ-ખટ પાદુકા, કરી રહી રણકાર,
ઝડપી પણ એ હંસ શી ચાલી રહ્યા છે ચાલ. ૨૩
પશ્ચિમે સંધ્યાતણા, વિવિધ રંગ સોહાય,
ધુળિયા માર્ગે તે સમે, યુવાન ચાલ્યો જાય. ૨૪
આસ-પાસ જોયા વિના, રાખી સીધાં ચક્ષ;
પ્રભુ મિલનના ધ્યેયને, સિદ્ધ કરવા દક્ષ. ૨૫
જાવા જલ્દી દેહરે ! સીધો ચાલ્યો જાય,
લક્ષ્ય-પ્રાપ્તિમાં કો'થકી, રોક્યો ના રોકાય ! ૨૬
થોડું એ ચાલ્યો હશે, ત્યાં તો પશ્ચિમ માંહ્ય,
સંધ્યાના રંગો ઉપર, આવી શ્યામલ ઝાંય. ૨૭
કાળો મખમલ ગાલીચો, ઓઢી તન પર આમ,
રજનીરાણી આવીયાં કરી દિશાઓ શ્યામ. ૨૮
કૃષ્ણપક્ષની ત્રીજનાં, તિમિર ઉતર્યા ત્યાંય,
શ્યામલ પટ પૃથ્વી ઉપર, જોતજોતાં પથરાય. ૨૯
ટમ-ટમ કરતા તારલા, અર્પવા આવકાર,
નીલગગનથી નીકળ્યા, ડોકાં કાઢી બહાર. ૩૦
શિયાળાની રાત એ, ઠંડીનો ચમકાર,
આમ-તેમ દોરી રહી, કેડી નાની અપાર. ૩૧
નિર્જન એ જંગલ અને ભૂલ-ભૂલામણી વાટ,
કેડી ચૂક્યા તો પછી, થાએ અવળો ઘાટ. ૩૨
નારેશ્વરદાદાતણા, દેહરાએ લઈ જાય,
તેવી કેડી પકડીને, પાંડુ ચાલ્યા જાય. ૩૩
એકલ દોકલ યુવકને, દેહરે જાતો જોઈ,
હામ ધરે પૂછવા તણી, જોને એક જ ભાઈ. ૩૪
ક્યાં જશો ભાઈ ! આ સમે, એકલ-દોકલ આમ ?
પૂછતાં વદતા ટૂંકમાં, નારેશ્વરને ધામ. ૩૫
પેલો સજ્જન બોલીયો, સાંભળો મારી વાત,
રાત અંધારી ઘોર ને અતિ વિકટ છે વાટ. ૩૬
અસંખ્ય કેડીઓ અહીં-તહીં, પથરાઈ છે એમ,
અંધારામાં ભૂલથી,અટવાઈ પડશો તેમ. ૩૭

માટે મારું માનીને, નજીકમાં છે ગામ,
અહીંથી બહુ આઘું નથી, સગડોળ એનું નામ. ૩૮
જઈને એ ગામે તમે, વીતાવો આજની રાત,
આવતીકાલે નીકળો, ઊગે જ્યાં નવું પ્રભાત. ૩૯
સાથે લઈ કોઈ ભોમિયો, ચાલીને સત્વર,
વહેલી સવારે પહોંચજો, નિરાંતે નારેશ્વર. ૪૦
એટલું કહી એ માનવી, અંધારાબ્ધિ માંહ્ય,
ડૂબી ગયો ક્યાંક એ ખબર પડી ના ક્યાંય ! ૪૧
આમાં પાંડુરંગને, દૈવી કો સંકેત,
લાગ્યો ગુરુ મહારાજનો, તેથી ધારી હેત. ૪૨
પગ વળ્યા સગડોળના ગામ તરફ એ વાર,
આવી ગયા સગડોળમાં, લાગી ના બહુ વાર. ૪૩
ભાગોળે એક ચોતરો, ધૂળાચ્છાદિત જેહ,
સાફ કરીને તે ઉપર, લંબાવ્યો નિજ દેહ. ૪૪
ચારેગમ ચોરા તણી, બળદ-ભેંસ ને ગાય,
બાંધે લોકો તે થકી, ગંદકી ખૂબ જણાય ! ૪૫
દુર્ગંધ મારે ત્યાં અતિ, માથું ફાટી જાય,
રક્ત-પ્યાસી જિંગોળીઓ, ક્ષણ-ક્ષણ ચટકી જાય. ૪૬
ગુણગુણ કરતા મચ્છરો, મારે કાતિલ ડંખ,
તમરાંના તમરાટનો, વાગે સૂર અભંગ ! ૪૭
કડકડતી ઠંડી અને સાવ અજાણ્યું સ્થળ,
નિંદર આવે શી રીતે ? રાત સરે પલ પલ. ૪૮
સ્વભાવ ચિંતનશીલ તે, થયું રાતભર ચિંતન,
વીતી એમ જ રાતડી, પ્રસન્ન તો પણ મન. ૪૯
સૂર્યોદય પહેલાં અહા ! ઊઠ્યા પાંડુરંગ,
પ્રાતઃવિધિ પરવારીને, લઈ એક જણ સંગ. ૫૦
આવી પહોંચ્યા દેહરે, કર્યાં શિવને વંદન,
દક્ષ અંગ ફરકી રહ્યું, તન જાગ્યાં સ્પંદન. ૫૧
શિવાલયની સન્મુખે, લીમડા નીચે ત્યાંય,
બ્રહ્મચારી પાંડુરંગ, આવ્યા જો વરકાય. ૫૨
કલરવ કૂજન કરી કરે, પંખીઓ સત્કાર
પાંડુરંગનો પ્રેમથી, વર્ત્યો જયજયકાર. ૫૩
ખેચર, ભૂચર, વારિચર, સર્વે જો તે વાર,
નિજ નિજ રીતે રંગને, દઈ રહ્યાં આવકાર. ૫૪

સામે રેવા માતણો, વિશાળ પટ ઉભરાય,
પાંડુનેત્રે દેખતાં, હર્ષજલ રેલાય ! ૫૫

સજલ નેત્રથી પાંડુ ત્યાં જોડી બન્ને હાથ,
આર્દ્ર હૃદયથી પ્રાર્થતા, ભાવે રેવા માત. ૫૬

સુરાસુરવિમોહિની વિપિનવાહિની નર્મદા ।
સદાનવન શોભિની પતિતપાવની શર્મદા ॥
કલૌ કલુષભંગિની નતકદાયિની ધર્મદા ।
સદા ભવતુ મે કદા હ્યુરગગામિની નર્મદા ॥

તારે ખોળે માત હું, આવી બેઠો આજ,
તપોવર્ધિની નર્મદા, રાખજે મારી લાજ. ૫૭

સૂતો માતૃઅંકમાં, બાળક જ્યારે હોય,
ચિંતા નિજ રક્ષણતણી, કરવાની ના હોય. ૫૮

ખોળામાં નિજ માતના, મૂકે માથું બાળ,
નિશ્ચિંતે આનંદથી, કરતું કિલકિલાટ. ૫૯

તેમ આજ તુજ અંકમાં, બેસી રેવા માત,
નિશ્ચિંત, નિર્ભય હું બન્યો, જય જય રેવા માત. ૬૦

પ્રાર્થી એવું નર્મદા, વંદી શિવ મહાદેવ,
માત-પિતાના ચરણનું સ્મરણ કર્યું તતખેવ. ૬૧

સ્મરણ વળી સદ્‌ગુરુતણા, પદપંકજનું ત્યાંય,
સ્વપ્નતણું ગુરુરૂપ એ, સ્મરી રહ્યા મન માંહ્ય. ૬૨

ખુલ્લે અવાજે બોલતા, શ્રીગુરુદેવદત્ત,
લીમડા નીચે બેસતા, કૃતનિશ્ચય સદ્‌ભક્ત. ૬૩

ચોગમ જંગલ ઝાડી ને બિહામણું એકાંત,
શૃગાલ, ચીબરી, ઘુવડો બોલે ત્યાં નિર્ભ્રાંત ! ૬૪

દૂર દૂર રેવાતટે, મુડદાં બળતાં હોય,
રાતે ભૂતડાં નગ્ન થઈ, કંઈ નાચતાં હોય. ૬૫

આવા ભયંકર સ્થાનની, દિવ્યતા પણ અદ્‌ભુત,
પહેલાં થઈ જે પાંડુને, થાતી નિત અનુભૂત. ૬૬

સજી દિવ્ય શણગાર હા ! દિવ્ય ગણો લઈ થાળ,
પૂજન કરવા શિવતણું, આવે હારોહાર. ૬૭

વાગે મંગલ વાદ્ય ને ગાએ મંગલ ગાન,
દિવ્યમંત્રના ગાનથી, રીઝવતા ભગવાન. ૬૮

નાદ અનાહત રોજ એ, દૂર થકી સંભળાય,
તેથી ભયંકર વન વિષે, રહી શકયા ગુરુરાય. ૬૯

સૂણી દિવ્યતા સ્થાનની, કરાલતા પણ એમ,
શિષ્ય નિરંજન અલખને, પૂછે ધારી પ્રેમ ! ૭૦

ધન્ય ધન્ય ગુરુ અલખ હે ! રંગકથા વિસ્તાર,
સંભળાવી મુજ પર કર્યો, આપે મહદ્-ઉપકાર. ૭૧

શી રીતે વાળી શકું ? બદલો હે ગુરુનાથ !
હું તો પામર બાળ છું, વંદું જોડી હાથ. ૭૨

પાંડુરંગ નારેશ્વરે, પ્રભુ ! પધાર્યા આજ,
મહિમા એ શુભ સ્થાનનો, સંભળાવો મહારાજ. ૭૩

કોણે અહિંયા તપ કરી, રીઝવ્યા ભોળાનાથ,
કોણે સ્થાપ્યું લિંગ આ, એમાં કોનો સાથ ? ૭૪

દે'રે રે'તા શિવતણું, મૂળ નામ શું ગુરુવર ?
શાથી કોણે રાખિયું, ખ્યાત જે નારેશ્વર ? ૭૫

પ્યાસો હું ગુરુગીતનો, સંભળાવી ગુરુ-ગાન,
પ્યાસ બુઝાવો માહરી, વિનવું હે ભગવાન ! ૭૬

અચેતન, નિષ્પ્રાણ થઈ, પડ્યો હતો બેભાન,
ગુરુકથામૃત છાંટીને, આપે દીધા પ્રાણ ! ૭૭

જુગ-જુગથી ભર નિંદમાં, સૂતો'તો હેવાન,
ચમકી જાગ્યો આપના, શબ્દો પડતાં કાન. ૭૮

જડને ચેતન અર્પતી, દે મુડદાને પ્રાણ,
અજ્ઞતિમિર ભગાડતી, ધન્ય ધન્ય તવ વાણ. ૭૯

નારેશ્વરના તીર્થનો, સંભળાવો ઈતિહાસ,
જેથી પાતક જાય ને છૂટે ભવના પાશ. ૮૦

સૂણી વચન નિજ શિષ્યનાં, હરખ્યા અલખ અપાર;
મુખ વિકસાવી પદ્મસમ, બોલ્યા તેણી વાર. ૮૧

સૂણી પ્રશ્ન આ તાહરો, મુદિત થયું મુજ મન,
નારેશ્વરની આ કથા, ધ્યાન થકી તું સુણ ! ૮૨

ભોલાનાથની આ કથા, સૂણતાં પાતક જાય,
અજ્ઞતિમિર ભાગે અને જ્ઞાનપ્રભા રેલાય. ૮૩

તુજ પ્રશ્ને સ્મૃતિ માહરી, ઝટઝટ જાગી જાય,
દિવ્યાનંદની છોળ હા ! મુજ હૈયે ઉભરાય. ૮૪

વ્યોમકેશ ભૂતેશ એ, વામદેવ મહાદેવ;
સુર નર મુનિવર કિન્નરો, કરતાં સર્વે સેવ. ૮૫

એક વખત અવનિ ઉપર, પ્રગટ્યા દૈત્ય અપાર,
વિપ્ર, સંત, સુર, ધેનુને, આપે કષ્ટ અપાર ! ૮૬

દેવો ભાગ્યા ભય થકી, છોડી સ્વર્ગ-ઘરબાર,
દૈત્યો્એ સૃષ્ટિ ઉપર, મચાવ્યો હાહાકાર. ૮૭
હતઃપ્રાય દેવો બધા, આવીને કૈલાસ,
ઊભા રડતા-ધ્રૂજતા, ગણેશજીની પાસ. ૮૮
રડતી આંખે ગણેશને, નિજ દુઃખોની વાત,
આદિઅંત સુધી કહી, જોડી બન્ને હાથ. ૮૯
આર્દ્ર હૃદયથી પ્રાર્થના, ગણેશજીની એમ,
પ્રથમ કરતાં દેવ સૌ, રાખી હૈયે નેમઃ- ૯૦
વિઘ્નો હરો વિઘ્નેશ હે !, આવ્યા શરણે આજ,
દૈત્યોના આ ત્રાસથી, રક્ષો સુરવરરાજ ! ૯૧
ગજવદના, લંબોદરા, ગૌરીસુત ગણરાજ,
શરણાગતવત્સલ પ્રભુ ! રાખો અમારી લાજ. ૯૨
પૂર્વે દાવાનલ મહીં, જલતી સૃષ્ટિ આમ,
જોઈ આપ દ્રવ્યા હતા, દયાવંત શુભકામ. ૯૩
દાવાનલ બધો પી ગયા, આપ હે એકદંત !,
સિદ્ધિબુદ્ધિના હે પતિ ! કર્યો દુઃખનો અંત. ૯૪
ચૌદે આ બ્રહ્માંડ જો, રે'તા તુજના ઉદર,
બન્યા લોકે ખ્યાત જો, નામથી લંબોદર. ૯૫
આવાં આવાં કંઈ કીધાં, આપે જગહિતકામ,
વિઘ્નો દૂર કર્યાં બધાં, ધન્ય વિઘ્નહર નામ. ૯૬
આત્મલિંગ લઈ શિવનું, જાતો'તો લંકેશ,
દેવોના હિત કારણે, ધરી બટુકનો વેષ. ૯૭
અધવચ આપે મુકાવિયું, કર્યું દેવનું કામ,
રાવણ હાથ ઘસતો ગયો, ઝાંખો થઈ નિજ ધામ. ૯૮
આમ દુષ્ટના માર્ગમાં, નાખી આપે વિઘ્ન,
કર્યું વિશ્વકલ્યાણ ને શોક કર્યો સહુ ભગ્ન. ૯૯
એવા વિઘ્નહરા પ્રભુ ! વિઘ્ન અમારાં આમ,
આવી દૂર કરો પ્રભુ ! કહીએ કરી પ્રણામ. ૧૦૦
સુણી સુરોની પ્રાર્થના, આર્ત હૃદયની આંહ્ય,
આર્દ્રહૃદયના ગણપતિ, દ્રવી ઊઠ્યા ઉર માંહ્ય. ૧૦૧
ભક્તવત્સલ ભક્તને, કહેવા લાગ્યા એમ,
જાઓ તમારા વિઘ્નને, દૂર કરું છું તેમ. ૧૦૨
દૈત્યોને હણવાતણો, કરે ગણેશ વિચાર,
કેવી રીતે દુષ્ટનો, કરું હવે સંહાર ? ૧૦૩

દુર્વૃત્તિ-દાનવતણો, કરવાને સંહાર,
સદ્‌વૃત્તિનું વિશ્વમાં, એક જ છે હથિયાર. ૧૦૪
સદ્‌વૃત્તિને પોષતા, સહુનું શિવ કરનાર,
એક જ ભોળાનાથ છે, દુર્વૃત્તિ હરનાર ! ૧૦૫
સ્મરી ભોળાનાથને, કરું આકરાં તપ,
રીઝવું ભોળાનાથને, જપી અજપાજપ. ૧૦૬
રેવાના પશ્ચિમ તીરે, સુંદર વન સોહાય,
ગણેશજી ત્યાં પહોંચતાં, તપમાં બેસી જાય. ૧૦૭
સ્થિર એક આસન થઈ, કરી સુરતાસંધાન,
એક ચિત્તે શિવતણું ધરી રહ્યા છે ધ્યાન ! ૧૦૮
શરૂ શરૂમાં એક વાર, કરે ફળ-ફૂલ ભક્ષણ,
પછી માત્ર જલ ને પછી, કીધું સાવ ઉપોષણ. ૧૦૯
એવી રીતે ગણેશજી, કરે આકરાં તપ,
ધ્યાન માત્ર શંકરતણું, નહિ બીજી લપ-છપ. ૧૧૦
જોઈ તપ ગણેશનું, રીઝ્યા ભોળાનાથ,
આશુતોષ પ્રસન્ન થયા, ઉમિયા લઈને સાથ. ૧૧૧
ડિમ-ડિમ ડમરુ બજાવીને, ભોલાનાથે ત્યાંય,
ગણેશજીને ધ્યાનથી, જગાડીઆ ક્ષણમાંહ્ય. ૧૧૨
બ્રહ્મનાદ ડમરુ તણો, સૂણતાં ગૌરીતન,
દેહભાનમાં આવિયા, હરખાયું અતિ મન. ૧૧૩
નિજ સામે જોઈ ખડા, રવિચંદ્રાનલ ઈશ,
સજલનૈન કર જોડીને, પ્રાર્થતા ગણાધીશ :- ૧૧૪
જય જય સામ્બ સદાશિવ, માયાપતિ મહેશ,
જય જય વિષધર વિષહર, વ્યોમકેશ વિશ્વેશ. ૧૧૫
જટાજૂટ શિર પર થકી, વહેતી નિર્મલ ગંગ !
ચંદ્ર ચમકતો ભાલ પર, ભસ્માંકિત શુભ અંગ ! ૧૧૬
ચંદ્રમુખી અર્ધાંગના, ચંદ્રપ્રભા સમ તન,
ચંદ્ર, સૂર્ય, અગ્નિ સમા, શોભે ત્રણ લોચન ! ૧૧૭
ડિમ ડિમ ડમરુ કર બજે, નાસે માયાભૂત,
ત્રિશૂલ ત્રિગુણ ભેદતું, શોભી રહ્યું અદ્‌ભુત ! ૧૧૮
કર્પૂર ગોરા વાન પર, વ્યાલ-રૂંઢની માળ,
નીલકંઠ શોભી રહ્યું, જય ગિરિજેશ દયાળ. ૧૧૯
પન્નગનાં આભૂષણો, લસલસતાં છે કાય,
દર્શન થાતાં દિવ્ય આ, જન્મ-મરણ ભય જાય. ૧૨૦

એમ સ્તુતિ-વંદન કરી, ગણપતિ લાગ્યા પાય,
પ્રસન્ન ચિત્તે ધૂર્જટિ, બોલ્યા પછીથી ત્યાંયઃ ૧૨૧
ધન્ય તપસ્યા તાહરી, પુત્ર ! હું છું પ્રસન્ન,
માગ માગ શું જોઈએ, શી ઈચ્છા છે મન ? ૧૨૨
ગણેશ વદે સર્વેશ હે ! જગસર્વજ્ઞ આપ,
તો યે મુજને પૂછીને, કાઢો છો મુજ માપ. ૧૨૩
જાણો છો કે હે પ્રભો ! આ પૃથ્વીની ઉપર,
હાહાકાર મચાવતાં, નાચે દૈત્યો ખર. ૧૨૪
દેવ વિપ્ર ને સંતને, આપે દુઃખ અપાર,
દુર્વૃત્તિ એ દૈત્યનો, કરવાને સંહાર. ૧૨૫
શક્તિ આપો નાથ હે ! જેથી દૈત્યો દૂર
થાય અને અવનિ ઉપર, વહે શાંતિનાં પૂર. ૧૨૬
એમ કહીને ગણપતિ, ભોળાનાથની મૂર્ત,
નયન દ્વારા હૃદયમાં, ધારી રહ્યા ત્યાં તુર્ત. ૧૨૭
આજે ભોળાનાથના, કંઠે કોડીનો હાર,
આનંદિત થયા ગણપતિ, વંદે વારંવાર. ૧૨૮
જગહિત માટે વિઘ્નહર્તા, માગે જે વરદાન,
હૈયે તેથી ખૂબ હા, ખુશ થયા ભગવાન. ૧૨૯
'તથાસ્તુ' કહીને વદ્યા, પોતે સ્મરહર એમ,
જાવ તમારા હાથથી, થાશે જગનું ક્ષેમ. ૧૩૦
એમ કહી વિશ્વેશ જ્યાં, અદૃશ્ય થાવા જાય,
ત્યાં તો ગજાનને અહા ! પકડી લીધા પાય. ૧૩૧
બોલ્યા થોભો નાથ હે ! આજે થઈ પ્રસન્ન,
આપે વર આપ્યો મને, તે શું જાણે જન ? ૧૩૨
માટે જનહિતકારણે, લિંગ રૂપ થઈ આપ,
યુગોયુગ અત્રે વસી, ટાળો જગસંતાપ. ૧૩૩
ભોળાનાથે પ્રેમથી, આપી સંમતિ આંહ્ય,
ગણેશ ત્યાં શિવલિંગની, કરે પ્રતિષ્ઠા ત્યાંય. ૧૩૪
ગણપતિના તપથી રીઝી, ગણપતિજીને હાથ,
બાણ સ્વરૂપે સ્વયં અહીં, બિરાજ્યા ભોળાનાથ. ૧૩૫
ગણપતિ શિવજીને પૂછે, કરી પ્રેમે પ્રણામ,
કહો પ્રભુ ! આ બાણનું, શું દઈશું શુભ નામ ? ૧૩૬
હસીને ભોળાનાથ ત્યાં, કહેવા લાગ્યા આમ,
નિર્ગુણ-નિર્મમ બ્રહ્મ હું, મારે કેવું નામ ? ૧૩૭
નામ વગરનો છું છતાં, સઘળાં મારાં નામ,
નિરાકાર નિષ્ક્રિય છતાં, સઘળાં મારાં કામ. ૧૩૮
હું તો ભક્તાધીન છું, મુજ ભક્તોએ આમ,
પુકાર્યો અહા ! દઈ જોને જે જે નામ, ૧૩૯
તે તે નામે તેમની, પાસે દોડી જાઉં,
જ્યાં પોકારે પ્રેમથી, ત્યાં પ્રગટ ઝટ થાઉં. ૧૪૦
માટે મારે નામની, સાથે ના સંબંધ,
ભક્તો પુકારે જે રીતે, તેમાં છે આનંદ. ૧૪૧
માટે ગણેશ દીકરા ! તું છે મારો ભક્ત,
નામ તુજને જે ગમે, રાખ તે જ આ વખત. ૧૪૨
એવું ભક્તાધીન કહે, કરતાં મધુર હાસ,
કૃપાદૃષ્ટિ વરસાવતા, ઊભા ગણપતિ પાસ. ૧૪૩
ગણપતિ જુએ ધ્યાનથી, શંકરગમ તે વાર,
કંઠે ભોળાનાથના, નીરખ્યો કોડીનો હાર. ૧૪૪
ગણપતિજીએ આજ હા ! જોયો પહેલીવાર,
નીલકંઠના કંઠ મહીં, કોડી કેરો હાર. ૧૪૫
તેથી તેમના મગજમાં, ચમક્યો એક વિચાર,
તન-મન પુલકિત થઈ ગયાં, હૈયે હર્ષ અપાર. ૧૪૬
કોડીને સંસ્કૃતમાં, કપર્દિકા કહેવાય,
કપર્દિકા પહેરી ઊભા, શંકર જો વરકાય. ૧૪૭
કંઠે પહેરી કપર્દિકા, પ્રગટ થયા નિષ્કામ,
માટે રાખું બાણનું કપર્દીશ્વર નામ. ૧૪૮
પ્રાણપ્રતિષ્ઠા બાણની કરી, માનસપૂજન
કર્યું ગણપતિએ પ્રેમથી, રાખી ચિત્ત પ્રસન્ન. ૧૪૯
તે સમે દેવો બધા, લઈ નિજ નિજ વાહન,
સ્વર્ગથી અવનિ ઉપર, આવ્યા અનાવાહન. ૧૫૦
યક્ષો ગંધર્વો વળી, સુર-મુનિવર કિન્નર,
કપર્દીશ્વરનાં દર્શને, આવ્યાં અવનિ પર. ૧૫૧
સ્વર્ગ-સુમને દેવો સહુ પૂજે ભોળાનાથ,
ઋષિઓ મંત્રગાને વળી, અનાથના એ નાથ. ૧૫૨
રીઝવવા ગૌરીનાથને, યક્ષ કિન્નરો તેમ,
વિધ-વિધ વાદ્યોનો અહા ! તાલ મિલાવી એમ. ૧૫૩
નૃત્ય કરે આનંદથી, મિલાવી તાલ ને તાન,
મધુર સ્વરે ગાંધર્વગણ, ગાઈ રહ્યા છે ગાન. ૧૫૪

સૂર્ય-ચંદ્ર બે દીવડા, કરે નિરાજન વાહ !
હર હર ૐ રટતો વહે, રેવાનીર પ્રવાહ. ૧૫૫
નિત નૂતન આભૂષણો, સજી પ્રકૃતિ એમ,
ભોળાનાથતણું કરે, પૂજન ધારી પ્રેમ. ૧૫૬
મધુર મધુર કલરવ કરી, કરે પક્ષી કૂજન,
મોદ ચિત્તથી મોરલા, નાચે થનક્ થન્ થન્. ૧૫૭
નિત નિત પૂર્વ દિશા મહીં, આવે ધરી ઉમંગ,
ઉષારાણી પ્રભાતમાં, સજીને વિધવિધ રંગ. ૧૫૮
સાયંકાળે પશ્ચિમે, સંધ્યારાણી તેમ,
રંગ વિવિધ રેલાવીને, રીઝવે શિવને એમ. ૧૫૯
સ્વયં પ્રકૃતિ એમ જ્યાં, થઈને પૂજારણ,
નિત નૂતન ઉપચારથી, કરે છે શિવઅર્ચન. ૧૬૦
કપર્દીશ્વર રૂપે અહીં, રેવાતટ શુભ ધામ,
જુગ જુગ વિરાજીને, તાર્યા ભક્ત સકામ. ૧૬૧
સૂર્ય-ચંદ્ર બે જ્યોતના, ઉદય-અસ્ત જ્યમ થાય,
પૃથ્વી કેરા પાટલે, સમય બદલો થાય. ૧૬૨

સત્યુગ, દ્વાપર વહી ગયા, ત્રેતાયુગ પણ જાય,
ભરડો ભ્રષ્ટાચારથી, લેતો કલિ દેખાય. ૧૬૩
અનાચાર, આતંક ને અધર્મ અવનિ પર,
રેલાયો ચોગમ અરે ! થયા મૂક મુનિવર. ૧૬૪
વેર ઝેર ને દ્વેષની, ચોગમ લાગી લ્હાય,
નાશ થયો સદ્ધર્મનો, પાખંડી પૂજાય. ૧૬૫
જોઈ ઘોર કળિયુગ આ, કપર્દીશ્વર ત્યાંય,
પૃથ્વીના પેટાળમાં, સ્વયં અદશ્ય થાય. ૧૬૬
રેવામાની રેતીને, માટી કેરા થર,
જામ્યાં ખૂબ કપર્દીશમાં, ઢંકાઈ ગયા શંકર. ૧૬૭
વર્ષો વીત્યાં સેંકડો ભૂલાઈ ગયા શંકર,
બહાર નીકળવા ઈચ્છતા, સ્વયં કપર્દીશ્વર ! ૧૬૮
નિજ ઈચ્છા નિર્મિત પ્રભુ, કરશે લીલા અપાર,
નિમિત્ત બનાવી ભક્તને, સ્વયં પ્રગટશે બહાર. ૧૬૯
આગળના અધ્યાયમાં, સ્વયં અલખ દયાળ,
કે'શે નિરંજનને તિહાં, કથા દિવ્ય રસાળ ! ૧૭૦

બાળ નિરંજન નિમિત્ત છે, રેલાવે છે રંગ,
અલખ મુખથી જો તિહાં, જામે કથાનો રંગ ! ૧૭૧

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે નારેશ્વરમાહાત્મ્યવર્ણને કપર્દીશ્વરાવિર્ભાવનામ એકોનવિંશતિતમોઽધ્યાયઃ ॥૧૯॥ દોહરા ૧૭૧॥

## અધ્યાય : ૨૦

ત્યાં તો હવે શિષ્ય નિરંજને, કર્યા સરવા કાન,
સાંભળવા તૈયાર થયો, નારેશ્વર-આખ્યાન. ૧
ભાવ-વિભોર બની જઈ, અલખ કહે સુણ શિષ્ય,
કથા નારેશ્વરતણી, ધારી હૈયે પ્રીત્ય. ૨
નારેશ્વરના સ્થાનથી, અગ્નિ ખૂણાની માંહ્ય,
દૂર દૂર રેવાતણા, પ્રવાહ મધ્યે ત્યાંય. ૩
સાયરગામની સીમમાં, દીવાબેટ અભિધાન,
પ્રાચીન કપર્દીશનું હતું ક્યાંક ત્યાં સ્થાન. ૪
ભવ્ય શિવાલય ત્યાં હતું, આસપાસના લોક,
શિવદર્શનને કારણે, આવતા થોકે થોક. ૫
પૂર્વે આવ્યું પૂર જો, રેવામાની માંહ્ય,
વર્ષ ત્રણસો થયાં હશે, પૂર પ્રલયંકર થાય. ૬

પાણીના પ્રવાહનો, લાગ્યો આંચકો એક,
શિવાલય તૂટી અને પડ્યું પ્રવાહે છેક. ૭
પાણી પ્રવાહે કાટ-માલ, દેવળતણો તમામ,
દૂર દૂર વહી ગયો, રહ્યું ન નામ-નિશાન. ૮
કિન્તુ લિંગ શંકરતણું, કપર્દીશનું જેહ,
ચલાયમાન થયું નહિ, દટાઈ ગયું ત્યાં તેહ. ૯
એના ઉપર રેતીના, જામ્યા થરના થર,
રેતીના ઢગલા લીધે, પડી ન કાંઈ ખબર. ૧૦
કોઈએ તપાસ ના કરી, બાણતણી એ ખાસ,
આમને આમ રેતી મહીં, વીત્યાં વર્ષ પચાસ ! ૧૧
કાળો કળિયુગ વ્યાપીઓ, વર્ત્યો હાહાકાર,
ત્યારે ભોળાનાથને, આવ્યો એક વિચારઃ- ૧૨

હાવાં બહાર પ્રગટ થઈ, લીલા કરું આ વાર,
જેથી કળિ-માનવ વિષે, થાય ધર્મસંચાર. ૧૩

રેવાજીના કાંઠડે, સ્થાપી સાત્ત્વિક સ્થાન,
પ્રેરું સાધુ સંતને, કરવાને અનુષ્ઠાન. ૧૪

સંતોનું તપ વિશ્વમાં, કરશે કાર્ય મહાન,
તાપ-શાપ શમાવીને હઠાવશે અજ્ઞાન. ૧૫

આમ વિચારીને સ્વયં, આશુતોષ ભગવાન,
વિશ્વતણા હિત કારણે, લીલા કરે મહાન. ૧૬

સાયર ગામતણા હતા, પૂર્વે ઈનામદાર,
'જડે' નામના તેમણે, કરવાને કારભાર. ૧૭

કારભારી એક રાખિયા, નામે નારોપંત,
આચારે સંનિષ્ઠ ને કાર્યે રાખે ખંત. ૧૮

ઉપાસક શ્રીગણેશના, શિવતણા પણ ભક્ત,
સાત્ત્વિક શ્રદ્ધાવાન એ, ડરે ઈશથી ફક્ત ! ૧૯

દયાવંત ઉદાર ને પરોપકારી સ્વભાવ,
તેથી ગામમાં એમનો, પડતો ખૂબ પ્રભાવ. ૨૦

માન-મરતબો એમનો રાખે લોક તમામ,
એમનો પડતો બોલ હા ! ઝીલી લેતું ગામ. ૨૧

બ્રાહ્મણ નારોપંત આ એને કરવા નિમિત્ત,
નિજ લીલાનો શિવજીએ તુર્ત વિચાર્યું ચિત્ત. ૨૨

મંગલમય એક રાત્રિએ બ્રાહ્મણ નારોપંત,
નિજ ઘરમાં સૂતા હતા શાંતિથી અત્યંત. ૨૩

નિદ્રાધીન એ વિપ્રને મોડી રાતે છેક,
ઘસઘસાટ નિદ્રામહીં પડ્યું સ્વપ્ન હા ! એક. ૨૪

પ્રભાપુંજથી પ્રગટીઓ દિવ્ય પુરુષ એક ત્યાંય,
પ્રેમે નારોપંતને કહે સ્વપ્નની માંહ્ય: ૨૫

'બહાર મને તું કાઢ હા' કહીને એવાં વચન,
દિવ્ય પુરુષ અદૃશ્ય થયા જાગ્યા બ્રહ્મનંદન. ૨૬

દીવો સળગાવી બધે કરવા લાગ્યા તપાસ,
કોણ આવીને કહી ગયું સમજ પડી ના ખાસ. ૨૭

માની મનનો ભ્રમ આ નારોપંત તે વાર
દીવો હોલવીને પડ્યા નિજ શય્યા મોઝાર ! ૨૮

વીતી જ્યાં થોડી ઘડી, આવી ઊંઘ અપાર,
ત્યાં તો સ્વપ્ને દિવ્ય પુરુષ, દેખાયો ફરીવાર. ૨૯

બોલ્યો ઊંચા સાદથી રૂખો કરી અવાજ,
બહાર કાઢ તું મને હવે શેં સૂણતો નથી આજ ? ૩૦

સ્વપ્ને નારોપંતને ફરી કહીને આમ,
અંતર્ધાન થઈ ગયા, દિવ્ય પુરુષ તે ઠામ. ૩૧

જાગી નારોપંત ત્યાં કરતા ફરી તપાસ,
કોઈ ના દેખાય ત્યાં તેથી થયા નિરાશ ! ૩૨

વિચારી મનમાં એ રહ્યા આને શું કહેવાય ?
દિવ્ય પુરુષ કો સ્વપ્નમાં આવીને કહી જાય ! ૩૩

માની મિથ્યા ભ્રમ ખરે સ્વપ્નતણાં એ વચન,
હોલવીને દીવો કીધું ફરી પાછું શયન ! ૩૪

ઘડી બે ઘડી ઊંઘ્યા અને ત્યાં તો થયું પ્રભાત,
દિવ્ય પુરુષ સ્વપ્ને ફરી દે દર્શન સાક્ષાત્ ! ૩૫

ઊંચા સ્વરથી આ સમે બોલ્યા ત્રીજી વાર :
કહ્યું કેમ સૂણતો નથી ? કાઢ મને તું બહાર. ૩૬

ત્રણ ત્રણ વાર સુણ્યા થકી આવી કંઈ હિંમત,
સ્વપ્નમાં જ પૂછી રહ્યો નારોપંત વિગતઃ ૩૭

પ્રભુ ! કોણ છો આપ ? ને ક્યાંથી કાઢું બહાર ?
જાણ્યા વિના વિગત બધી હું છું પ્રભુ ! લાચાર ! ૩૮

ત્યાં તો દિવ્ય વિભૂતિનો, થાતો ગેબી નાદ,
બોલે નારોપંતને કરતાં મધુરો સાદ : ૩૯

હું શંકર સાક્ષાત્ છું, રેવાતીરે ત્યાંય,
રેતી નીચે દટાઈને, પડ્યો છું પૃથ્વી માંહ્ય. ૪૦

ઝાડ મઝાનું જોઈ લે, એની નજીકમાં એક
ટેકરી નીચે દટાઈને, પડી રહ્યો છું છેક ! ૪૧

ત્યાંથી ધીમે ખોદીને, કાઢી મુજને બહાર
વિધિવત્ પ્રતિષ્ઠા માહરી, કરજે તું ફરીવાર. ૪૨

આટલું બોલી મૂર્તિ, એ થઈ અદૃશ્ય ક્ષણ માંહ્ય,
નારોપંત જાગી ગયા, પડ્યા વિચારની માંહ્ય ! ૪૩

જરૂર ભોળાનાથને, આવવું છે બહાર,
તેથી ફરીફરીને મને કહ્યું ત્રણ-ત્રણ વાર ! ૪૪

એમ વિચારી તુર્ત એ, કરી પથારી-ત્યાગ,
સ્નાન, સંધ્યા, પ્રાર્થના, પરવારીને દ્રાક્. ૪૫

વરતણિયાને મોકલી ગ્રામજનોને ત્યાંય,
ભેગા કરીને સ્વપ્નની વાત કરી ઘર માંહ્ય. ૪૬

ગ્રામજનો હરખ્યા બધા, વૃદ્ધ કહે તે વાર,
દાદા પાસે સાંભળી મંદિરવાત, બહાર ૪૭
યુવા-વૃદ્ધ સૌ નીકળ્યા, કરતા હર્ષના નાદ;
કોશ,કોદાળા, પાવડા, તગારાં લઈને સાથ. ૪૮
આગળ નારોપંત ને પાછળ આખું ગામ,
હર્ષઘેલા થઈ ચાલિયા, રટતાં શિવનું નામ ! ૪૯
સૌની આગળ ચાલતા, નારોપંત બ્રાહ્મણ,
ઝીણવટથી જોતા બધું, કરતા નિરીક્ષણ. ૫૦
ત્યાં તો દેખાયું અહા ! સ્વપ્ને જોયેલું વૃક્ષ !
પાસે ટેકરી જોઈને દોડ્યા એ પ્રત્યક્ષ ! ૫૧
ટેકરી આગળ જઈ ઊભા, પામ્યા હર્ષ અપાર,
યુવકજનને ત્યાં કહ્યું, ખોદવા તહીં તે વાર. ૫૨
ભોલાનાથે સ્વપ્નમાં દેખાડ્યું અહીં આ સ્થલ !
માટે ખોદો ખંતથી, કરતો નથી હું છલ ! ૫૩
હર હર હર મહાદેવનું લઈને મુખથી નામ,
જુવાનીઆઓ જોરથી, ખોદવા લાગ્યા તમામ. ૫૪
ઝાઝા હાથનું જોર ને મુખમાં શિવનું નામ,
હૈયે શ્રદ્ધા અચલ પછી, શું બાકી રહે કામ ? ૫૫
થોડે ઊંડું ખોદતાં, જલાધારી દેખાય,
જોતાં નારોપંતનું, રોમ રોમ હરખાય. ૫૬
ત્યાં તો શિવનું બાણ હા ! જલાધારી સાથ,
અણીશુદ્ધ જોઈ અહા ! કરી હર્ષનો નાદ ૫૭
એક યુવાન બોલી ઊઠ્યો, કરી ઊંચા નિજ હાથ,
અરે ! જુઓ જુઓ-અહીં, બિરાજ્યા ભોળાનાથ ! ૫૮
જોતાં ગ્રામજનો બધા, હર્ષઘેલા તતખેવ,
બોલ્યા ગગન ભેદતા, હર હર શ્રી મહાદેવ ! ૫૯
નારોપંત નાચી રહ્યા, સુણી હર્ષનો નાદ,
શિવદર્શનનો એમને, ચઢ્યો આજ ઉન્માદ ! ૬૦
હાવે માટી હાથથી, દૂર કરીને એમ,
ભોળાનાથના બાણને, બહાર કાઢ્યું તેમ ! ૬૧
ઊંચકી લાવ્યા બાણને, હર હર કરતા ત્યાંય,
નારેશ્વરમાં હાલનું, શિવાલય છે જ્યાંય. ૬૨
ખોદેલા સ્થળનું બધું, માટી-ઈંટ-કણ-કણ,
ઉઝેડીને એ બધું, લાવ્યા અહીં તત્ક્ષણ. ૬૩

શિષ્ય નિરંજન સુણતાં પડ્યો વિચારે એમ,
ત્યાંની માટી-ઈંટ-બધું લાવ્યા હશે અહીં કેમ ? ૬૪
એટલે કરદ્વય જોડીને, વિનીત ભાવે એહ,
અલખને વિનતિ કરે, દૂર કરો સંદેહ. ૬૫
ત્યાંનો જૂનો કાટ-માલ, ઈંટ-માટી તમામ,
આ નૂતન સ્થલને વિષે, લાવ્યા એ શું કામ ? ૬૬
નવા મંદિરમાં બધો, નવો માલ વપરાત,
જૂનો કાઢી નાખતાં, ત્યાં શું ખોટું થાત ? ૬૭
માટે મને સમજાઈ ના, નારોપંતની રીત,
જૂની માટી-ઈંટ પર, શાને આવી પ્રીત ? ૬૮
શિષ્ય પ્રશ્ન એ સાંભળી, મલકાવીને મુખ,
પ્રેમે બોલ્યા અલખજી, સાંભળ શિષ્ય ઉન્મુખ ! ૬૯
પ્રશ્ન સુણીને તાહરો, મુજ મન થયું પ્રસન્ન,
વકતાને આનંદ દે, તે જ ખરે ધન્ય પ્રશ્ન. ૭૦
વકતાને મૂંઝવણ મહીં, મૂકવા માટે ખાસ,
જે પ્રશ્નો પૂછાય તે, કરે ઉભયનો નાશ. ૭૧
તીવ્ર જિજ્ઞાસા થકી, જે પ્રશ્નો પૂછાય,
સહજ ભાવે તે પૂછતાં, બન્નેનું હિત થાય. ૭૨
તારા પ્રશ્ને ઉભય એ, વળી સર્વને જાણ
થાશે અતિ આનંદ ને છે જગનું કલ્યાણ. ૭૩
જૂના દેવળનાં બધાં માટી-ઈંટ-કણ-કણ,
નારોપંત નવા વિષે, શેં લાવ્યા તત્ક્ષણ ? ૭૪
આ તારો જે પ્રશ્ન છે, સુણ તેનો ઉત્તર,
શંકા-શોક ટળી જશે, સુખ થાશે સત્વર. ૭૫
જૂના સ્થાને તે સમે, સ્વયં ગણેશે એમ,
તિતિક્ષા સહ આકરું, કર્યું હતું તપ તેમ. ૭૬
ત્યાંની સાત્ત્વિકતાતણા, તપના અણુઓ જેહ,
સ્થાનના વાયુમંડળે, વ્યાપી રહ્યા'તા તેહ; ૭૭
મંદિરની દીવાલની, ઈંટ પ્રત્યેકમાંહ્ય,
સાત્ત્વિકતા એ તપતણી સમાઈ હતી ત્યાંય. ૭૮
કાટમાલના કણકણે રજ-રજ માટી માંહ્ય,
ગણેશ-તપના અણુ-અણુ સૂક્ષ્મરૂપે સૌ ત્યાંય ! ૭૯
યુગોના યુગો ભલે, આવે ને વહી જાય,
તો પણ તપનાં તેજ હા ! જરા ન ઝાંખાં થાય ! ૮૦

તેથી જૂના સ્થળતણા, તપનાં સાત્ત્વિક તેજ,
નૂતન સ્થળમાં રાખવા, કાયમ એનાં એજ; ૮૧
નારોપંતે ત્યાંયનાં, ઈંટ માટી પથ્થર,
પૂર્યાં હતાં આ સ્થળ મહીં, પાયા મહીં સત્વર. ૮૨
માટે સુણ તું શિષ્ય હે ! તપસ્વીનાં તપ જેહ,
સદા અમર છે વિશ્વમાં, નિષ્ફળ થાય ન તેહ. ૮૩
તનમર્યાદા કારણે, છોડે સંત શરીર,
મૂકી જાતા સહજ એ, તપધન સ્થાને ધીર ! ૮૪
વપરાતાં ખૂટે નહીં, વિશ્વહિતને કાજ,
તેથી સંતો ઘરે-ઘરે, પૂજાય છે આજ. ૮૫
બાંધે નારોપંત ત્યાં, સુંદર એક મંદિર,
પ્રાણપ્રતિષ્ઠા બાણની, કરવા ધારી ધીર. ૮૬
બોલાવ્યા વિદ્વાન ને પવિત્ર પંડિત ત્યાંય,
કરી પ્રતિષ્ઠા બાણની, નૂતન મંદિર માંહ્ય. ૮૭
ગ્રામજનોને પંડિતે, પૂછ્યું શિવનું નામ,
પ્રતિષ્ઠાની કુંડલી મૂકવા માટે આમ ! ૮૮
ભોળા ગ્રામજનો વદે, અમે ન જાણીએ કાંઈ,
પૂછો નારોપંતને, જે કંઈ પૂછવું હોઈ. ૮૯
સામે નારોપંતની, પંડિત કરે નજર,
નારોપંત કહે તદા, મને ન કાંઈ ખબર. ૯૦
સ્વપ્ને મહાદેવે મને, આવીને સાક્ષાત્,
બહાર કાઢ મુજ બાણને, કરી એટલી વાત ! ૯૧
નામ-ઠામ જાણું નહિ, એ મારું નહિ કામ,
હું તો શિવ-શિવ કર્યા કરું, એ મારો વિશ્રામ. ૯૨
રાખો નામ મરજી મુજબ, તેમાં મારી મરજી અન્ય,
સ્થાપી આજે દેવને, થઈશ હું તો ધન્ય ! ૯૩
મુખ મલકાવી પંડિતે, ગ્રામજનો આમ,
પૂછ્યું કે શું રાખીશું, લિંગતણું આ નામ ? ૯૪
લોકો સર્વે ગામના પામ્યા ક્ષણ આશ્ચર્ય,
એક સાથે બોલે પછી, સૂણજો પંડિતવર્ય ! ૯૫
સ્વપ્ને નારોપંતને, આવીને મહાદેવ,
બહાર કાઢ મુજને હવે, કહેતા જો સ્વયમેવ. ૯૬
મંદિર બંધાવ્યું વળી, પ્રતિષ્ઠાનો આમ,
નારોપંતે પ્રેમથી, કર્યો ખર્ચ તમામ. ૯૭

તન,મન,ધન પોતાતણું શિવસેવામાં આંહ્ય,
નારોપંતે આપિયું, એ તો કેમ ભૂલાય ? ૯૮
માટે આ શિવલિંગ સહ, નારોપંતનું નામ,
જોડાએ એવું ખરે ! ઈચ્છે આખું ગામ. ૯૯
ભોળા ગ્રામજનોતણી, કૃતજ્ઞતા જોઈ ત્યાંય,
અશ્રુ હર્ષનાં આવિયાં પંડિતચક્ષુ માંહ્ય ! ૧૦૦
સૂઝ્યું ત્યાં તો તેમને, બોલ્યા પંડિત વાણ,
નારોપંતે અહીં અહા ! પૂર્યા છે નિજ પ્રાણ. ૧૦૧
નાર નામ પાણીતણું, નારોપંતે નાર,
શબ્દ સાર્થક શિવલિંગનું નામ હો નારેશ્વર ! ૧૦૨
સૂણતાં શબ્દો વિપ્રના, ગામલોક સત્વર,
પડઘો પાડતાં બોલીયા, જય જય નારેશ્વર ! ૧૦૩
ગગનભેદી જયકારથી, થંભ્યાં રેવાનીર,
ખળ-ખળ વહેતાં હર્ષથી, થયાં ધીર-ગંભીર. ૧૦૪
નિજ માળાથી નીકળી, પક્ષી વિધ-વિધ રંગ,
કૂજન-કલરવ કરી કરી, વ્યક્ત કરે ઉમંગ. ૧૦૫
નિર્વૈરે નાચી રહ્યા, મયૂર સર્પની સાથ,
મેના, પોપટ બોલતાં જય જય ભોળાનાથ ! ૧૦૬
ઝાડ-પાન-વનશ્રી થઈ, સજધજ નવલો સાજ,
પત્ર, પુષ્પ, ફળ ખેરવી, કરે શિવાર્ચન આજ ! ૧૦૭
કરતી પ્રકૃતિ પ્રગટ તિહાં, નિજાનંદ સાક્ષાત્,
માનવના આનંદની ત્યાં શી કરવી વાત ? ૧૦૮
નાચત નારોપંત મુદા, બોલે સઘળા સાથ,
હર હર જય નારેશ્વર ! તાલી પાડે હાથ. ૧૦૯
આસપાસના ગામનો, માનવ મહેરામણ,
લહેરાયો નારેશ્વરે, કરતો શિવ-સ્મરણ. ૧૧૦
વાગે મંગલ વાદ્ય ને ગાતા મંગલ ગાન,
નારેશ્વર આ ભૂમિ જો, શોભે સ્વર્ગ સમાન ! ૧૧૧
ઉભયતટ-પાવની અહા ! રેવાતીરે એહ,
નારેશ્વર શોભી રહ્યું ઉત્તમ તીર્થ શું તેહ ! ૧૧૨
વાયુપુરાણની મધ્યમાં, રેવાખંડે એમ,
નારેશ્વરનું માહાત્મ્ય હા ! વર્ણવાયું તેમ. ૧૧૩
યજ્ઞ-યાગ-જપ તપ વળી, શ્રદ્ધાપૂર્વક જેહ,
આ તીર્થે કરતાં તરે ભવજલ, ના સંદેહ ! ૧૧૪

એક યજ્ઞ કરતાં અહીં, કોટિ યજ્ઞનું ફલ,
મળતું અહીં નારેશ્વરે, તીર્થ અતિ નિર્મલ. ૧૧૫
નારેશ્વરના તીર્થમાં, કરતાં પિંડપ્રદાન,
મોક્ષ થાય પિતૃતણો, મળે સ્વર્ગનું પાન. ૧૧૬
આવું નિર્મલ તીર્થ પણ, કાળઝપાટા માંહ્ય,
લુપ્ત રહ્યું વર્ષો સુધી, પડી ખબર ના ક્યાંય ! ૧૧૭
વાયુ ને વંટોળના, ભયંકર ફુત્કાર,
મૂશળધારે વરસતી, વર્ષા કેરી ધાર. ૧૧૮
મારી ઝપાટા દેવનું, કર્યું મંદિર રે ભગ્ન,
નિર્જન એ વેરાનમાં નાચે નિબિડતા નગ્ન ! ૧૧૯
એક સમયનું પ્રાણવાન, નારેશ્વરનું તીર્થ,
કાળ-ઝપાટા કારણે ખોયો એણે અર્થ. ૧૨૦
ઊંડા કોતર, ઝાડ ને નિબિડ વન-વેરાન,
બન્યું દૂર વસ્તી જતાં વન્ય પશુનું સ્થાન ! ૧૨૧
મંદિરની ભીંતો બધી, તૂટી ગઈ ચોપાસ,
સભામંડપ તૂટી ગયો, ઊગી નીકળ્યું ઘાસ. ૧૨૨
મંદિર ખંડહર હા થયું, ભૂંસાયું મૂળ નામ,
મંદિર બદલે દેહરું, કે'વા લાગ્યા તમામ ! ૧૨૩
ભલે ભીષણતા સ્થાનમાં, જામી અહીં ચોપાસ,
છતાં દિવ્યતા લિંગની, પામી ન કદી નાશ. ૧૨૪
ગણેશજીનું તપ અને નારોપંતનો ભાવ,
સફળ થયાં વર્ષો પછી, મળ્યો અનેરો લ્હાવ. ૧૨૫
પવિત્ર પાંડુરંગ ત્યાં કરવા સ્વાનુષ્ઠાન,
એક દિન આવી ત્યાં ખડા, નારેશ્વરને સ્થાન ! ૧૨૬
સામેના લીમડા નીચે, ઊભા રહીને એમ,
બે કર જોડી પાંડુરંગ, શિવને વંદી તેમ; ૧૨૭
ભાવસભર એક સ્તોત્રની રચના કરીને ત્યાંય
આર્દ્રહૃદયથી પાંડુરંગ, સ્તવી રહ્યા શિતકાય : ૧૨૮

જગત્રસ્તં દૃષ્ટ્વા,
ત્રિપુરપતિના પૂર્વમખિલં.

કરી પ્રાર્થના શિવતણી રચી સ્તોત્ર રસાળ,
અરપી મનકુસુમાંજલિ, રીઝયા દીનદયાળ. ૧૨૯
પાંડુરંગના તન વિષે, સ્પંદન નવલાં થાય,
કૃપા વરસતી મહાદેવની રોમ રોમ હર્ષાય. ૧૩૦

આનંદાર્ણવમાં અહા ! ડૂબી રહ્યા પલભર,
પાંડુરંગને સમયની, રહી ન ક્યાંય ખબર ! ૧૩૧
થોડીવારે સ્વસ્થ થઈ કરે છે કંઈક વિચાર,
ત્યાં તો માર્ગે લીલોડના, સંભળાયો અણસાર. ૧૩૨
બે-ત્રણ જણ લીલોડના, રસ્તા પરથી એમ,
વાતો કરતા આવતા, આ બાજુએ એમ. ૧૩૩
દૂર થતો અવાજ પણ, નિર્જન આ વન માંહ્ય,
પવન ખેંચી લાવીને, સંભળાવે ક્ષણ માંહ્ય. ૧૩૪
પાંડુરંગના કર્ણપર, અસ્પષ્ટ કો અવાજ,
લીલોડના એ માર્ગથી, સંભળાયો હા ! આજ. ૧૩૫
ધીમે ધીમે અવાજ એ, નજીક આવ્યો જેમ,
માનવ કોઈ આવી રહ્યા, થઈ ખાતરી તેમ. ૧૩૬
અવાજની દિશા ભણી, પાંડુરંગે જ્યાં,
જોયું તો માનવતણી, બે-ત્રણ આકૃતિ ત્યાં. ૧૩૭
આવી રહી છે નિજ ભણી, ઝડપી પગલે એમ,
પાસે આવતાં ઓળખી, પાંડુરંગે તેમ. ૧૩૮
એ વ્યક્તિઓમાં હતા, રતનલાલ ને દાસ,
ત્રીજા વિઠ્ઠલભાઈ જે, લીલોડ રહેતા ખાસ. ૧૩૯
બ્રહ્મચારીને કરી, વંદન પૂછી ક્ષેમ,
થેલો ખોલી તે પછી, કાઢવા લાગ્યા એમ. ૧૪૦
ખાદ્ય-પેય પદાર્થ ને, રસોઈનાં વાસણ,
થાળી ચમચો વાટકી, બીજું વળી સાધન. ૧૪૧
તપેલી ઢાંકણ સાથ ને કડછી નાની એક,
લોટનો ડબ્બો, ઘી અને જીરું સિંધવ છેક. ૧૪૨
સામે પીપળો તે તણા, ઓટલા ઉપર ખાસ,
વ્યવસ્થિત આ ગોઠવી, સાફ કર્યું ચોપાસ. ૧૪૩
લાવ્યા હતા જે ઘેરથી, પવિત્ર ભોજન પાક,
બ્રહ્મચારી માટે હતાં દૂધની પૂરી ને શાક. ૧૪૪
થાળી પીરસી પ્રેમથી, જમાડ્યા સંત અનન્ય,
જન્મ સફળ બસ થઈ ગયો, દાસકાકાનો ધન્ય. ૧૪૫
આવી ભિક્ષા આમ અહીં, નારેશ્વરની માંહ્ય,
દાસકાકાના હાથની, લીધી પોતે ત્યાંય. ૧૪૬
ત્યાર પછી એક ઝૂંપડી, ઘાસતણી તે વાર,
માણસો દ્વારા તે સમે, કરાવતા તૈયાર. ૧૪૭

લીંપી-ગૂંપી માંહ્યથી, ચોખ્ખી ને સુંદર,
સાધનસામગ્રી બધી, મૂકી દીધી અંદર. ૧૪૮
તીવ્ર ઈચ્છા ત્યારે થઈ, દાસહૃદયની માંહ્ય,
ઈંટ-ચૂનાની પાકી એક, કુટિર બાંધવા ત્યાંય. ૧૪૯
દાસકાકાએ તે પછી, ધીમેથી પ્રસ્તાવ,
બ્રહ્મચારી પાસે મૂક્યો, ધરી હૃદયમાં ભાવ. ૧૫૦
એક મારી માગણીનો, પ્રભો કરો સ્વીકાર,
બાંધવા પાકી ઓરડી, છે મારો વિચાર. ૧૫૧
આજ્ઞા આપો તો પ્રભુ ! શરૂ કરાવું કામ,
પાકી કુટિર થઈ જશે, થોડા દિનમાં આમ. ૧૫૨
ત્યાં સુધી આ ઘાસની, કુટિરમાં ભગવાન !
આપ બિરાજીને કરો, તપ અને અનુષ્ઠાન. ૧૫૩
હસ્યા બ્રહ્મચારી પછી, બોલ્યા પોતે આમ,
ના..ના પાકી કુટિરની, જરૂર નથી આ ઠામ. ૧૫૪
આઠ-દસ મહિના પૂરતું, કરવાને અનુષ્ઠાન,
હું તો રોકાઈશ પછી, ચાલ્યો જઈશ કંઈ આન ! ૧૫૫
માટે પાકી કુટિરની, કરો ન ખટપટ માન,
તકલીફ મુજને ના અહીં, જરાય કાકા ! જાણ. ૧૫૬
અંતરના ઊંડાણથી વિનીત ભાવે ખાસ,
વદ્યા દાસ મક્કમ સ્વરે, રાખી દૃઢ વિશ્વાસ. ૧૫૭
પ્રભુ ! આપ જાશો પછી, પાછા ફરીથી આંહ્ય,
નહિ આવો એવું જ હા ! કેમ માની લેવાય ? ૧૫૮
અને કદાચિત્ આપ જો, નહિ આવો ભગવંત !
તો સાધન કરશે અહીં, રહી કો બીજો સંત. ૧૫૯

માટે દો આજ્ઞા પ્રભુ ! કુટિર બાંધવા આંહ્ય,
જેથી મારું મન રીઝે, સારાં વાનાં થાય. ૧૬૦
એમ કહી માથું મૂક્યું, રંગચરણની માંહ્ય,
ઈકોતેર કુળ તારિયાં, દાસ ! ધન્ય કરી કાય. ૧૬૧
ભાવ જોઈને ભક્તનો, ભીંઝયા ભવભંજન,
દાસશિરે નિજ કર ધરી, બોલ્યા મધુર વચનઃ ૧૬૨
ધન્ય દાસ તવ ભાવને, ધન્ય તમારો પ્રેમ,
જાઓ આજ્ઞા માહરી, આશિષ સાથે એમ, ૧૬૩
પાકી કરો કુટિર અહીં, જરૂર કરીશ હું વાસ,
તમ પ્રેમે વશ હું થયો, ધન્ય હરગોવિંદદાસ. ૧૬૪
મનમોજી ફરનાર હું, તૃણસમ માની જગ્ત,
આજ તમારી ભક્તિથી, બંધાઉં છું ભક્ત ! ૧૬૫
નિબિડ રાન-વેરાન આ, નારેશ્વરનું સ્થાન,
દાસ ! તમારા ભાવથી, થાશે સ્વર્ગ સમાન. ૧૬૬
હિંસક-વિષધર પ્રાણીઓ, ગર્જે ભયંકર જ્યાંય,
મધુર સ્વરે ધૂન ભજન, લહેરાશે બસ ત્યાંય. ૧૬૭
આજે જ્યાં ચીબરી અને, ઘુવડ કરે ચિત્કાર,
ગૂંજી રહેશે ત્યાં અહા ! વેદ મંત્ર ૐકાર. ૧૬૮
સુણતાં વાણી સંતની, દાસ જોડીને હાથ,
ગદ્ગદ્ કંઠે, દ્રવિત હૃદે, થયા મૂક સાક્ષાત્. ૧૬૯
દૈન્યહારિણી આ કથા, આગળનો વિસ્તાર,
અલખ પ્રભુ આલેખશે, થાશે જયજયકાર. ૧૭૦
'બાલક' કલમે આ કથા, વહેતી રંગ દયાળ,
તારું તુજને અર્પણ કરું, થાઉં મૂક કૃપાળ ! ૧૭૧

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે નારેશ્વરનિવાસો નામ વિંશોઽધ્યાયઃ ॥૨૦॥ દોહરા ૧૭૧॥

## અધ્યાયઃ ૨૧

અલખ કહે આનંદથી, સૂણ નિરંજન બાળ,
દિવ્યકથા અવધૂતની, જેથી ભાગે કાળ. ૧
પાકી કુટિર બાંધવા, નારેશ્વરમાં એમ,
બ્રહ્મચારીએ દાસને, આપી અનુજ્ઞા તેમ. ૨
પણ આ તો જંગલ હતું, નગરોથી બહુ દૂર,
રસ્તા કાચા-વિકટ ને, ધૂળ થકી ભરપૂર. ૩
કુટિર માટે કાટ-માલ, સામગ્રી સાધન,
દૂર દૂરથી લાવવું, હતું જ ખૂબ કઠણ. ૪

કોરલ, કરજણ, સાધલી, રણાપુરથી આમ,
ઈંટો, ચૂનો, લાકડું, લાવ્યા 'દાસ' તમામ. ૫
લીલોડ-સાયર ગામના, લોકોનો લઈ સાથ,
બાંધી પાકી કુટિર ત્યાં, દેવને રાખી માથ ! ૬
પાકી કુટિર થતાં સુધી, બ્રહ્મચારીએ ખાસ,
ઘાસ-તૃણની કુટિરમાં, વાસ કર્યો છે માસ. ૮
થતાં કુટિર તૈયાર એ, સુંદર, સાત્ત્વિક, મસ્ત,
સંત સામે આવી ઊભા, દાસ જોડીને હસ્ત. ૮

મુખ પર છે મલકાટ ને, નૈને હર્ષનાં નીર,
વિનીત ભાવથી દાસ ત્યાં, બોલ્યા વાણ ગંભીરઃ ૯
"પ્રભુ ! કુટિર તૈયાર છે, ધન્ય દિવસ છે આજ,
રહેવા નવી કુટિરમાં, પધારો મહારાજ !" ૧૦
બ્રહ્મચારી ઊભા થયા, મંદ મંદ કરી હાસ્ય,
સાધનશુદ્ધ કુટિર કરી, સ્વયં કર્યો નિવાસ. ૧૧
ખાન-પાન ને નિવાસની, સામગ્રી ભરપૂર,
દાસકાકા ભેગી કરે, ખામી નહિ તલપૂર. ૧૨
કુટિરે વાસ કર્યા પછી, બ્રહ્મચારીએ ખાસ,
દાસકાકા ને સર્વને, બોલાવી નિજ પાસ. ૧૩
કહ્યું, તમે સૌ પ્રેમથી, જાઓ નિજ નિજ ગામ,
મને હવે અનુષ્ઠાનમાં, થાવા દો રત આમ. ૧૪
સપ્તાહે વા દસ દિને, આવી એકાદ જણ,
ખૂટતું-કરતું હોય તો મૂકી જજો તત્ક્ષણ. ૧૫
મારી ચિંતા કોઈએ, કરવી ના જરાય,
શાહતણો પણ શાહ હું, સ્વસ્થ બેઠો આંહ્ય. ૧૬
ચિંતા-ભય લવલેશ ના, નહિ શોક આક્રંદ,
પિયામિલનની મસ્તીમાં, મળતો પરમાનંદ ! ૧૭
એમ કહીને દાસ સહ, બીજા ભક્તો અન્ય,
વિદાય કીધા ત્યાં થકી, આશિષ દઈ અનન્ય. ૧૮
ગયા પછી સહુ ભક્તના, પાંડુરંગને ત્યાંય,
મળ્યું મસ્ત એકાંત ને, નિજાનંદ ઉભરાય. ૧૯
સુણ શિષ્ય હવે કહું, બ્રહ્મચારીની આંહ્ય,
દિનચર્ચા કેવી હતી ! સુણતાં પાતક જાય. ૨૦
નિત્યે બ્રાહ્મમુહૂર્તમાં, કરી પથારી-ત્યાગ,
મુખશુદ્ધિ-શૌચાદિથી, પરવારીને દ્રાક્. ૨૧
સાંજે રેવાનીરનું, ભરી લાવેલું પાત્ર,
હિમ સમ શીતલ થઈ જતું, રહીને આખી રાત્ર. ૨૨
એવા શીતલ હિમ સમ જલથી કરીને સ્નાન,
સિદ્ધાસને બિરાજીને, ધરતા પોતે ધ્યાન. ૨૩
સાડા નવ વાગ્યા સુધી, સમાધિનો આનંદ,
લૂંટતા સ્વયં પ્રેમથી, સ્વયં સચ્ચિદાનંદ. ૨૪
સાડા નવ વાગે પછી, સમાધિથી થઈ મુક્ત,
સગડી સળગાવી મૂકે, તપેલી જલથી યુક્ત. ૨૫

મૂઠીભર તે પછી જો, ઓરે મગની દાળ,
ચૂલે ચઢાવી એ બધું, કરવા પાક રસાળ. ૨૬
બે-ત્રણ ચમચા લોટ ને, ઘી ચમચો એકાદ.
સિંધવ ને જીરુંતણું, ચૂર્ણ નાંખે તે બાદ. ૨૭
નાની નાની ગોળીઓ, એની વાળી એમ,
તપેલીમાં નાખી પછી, ઢાંકણું ઢાંકી તેમ. ૨૮
તપેલી સામે બેસીને, કરી અંગુલિનિર્દેશ,
નિજાનંદની મસ્તીમાં, કરતા જો આદેશઃ ૨૯
દેખ ! હવે હું જાઉં છું, રેવાના તટ પર,
સ્નાન-ધ્યાન પરવારીને, પાછો ફરું સત્વર; ૩૦
ત્યાં સુધીમાં સીઝી, થઈ જાજે તૈયાર,
નહિ તો કાચો જો, તને ખાઈશ એકવાર. ૩૧
એમ કહીને મસ્તીમાં, લઈ કમંડલ હાથ,
રેવાતટ પર જાય હા ! નારેશ્વરના નાથ ! ૩૨
રેવાતટ પર બેસીને, આસન પ્રાણાયામ,
કર્યા પછી રેવાતણા, નિર્મળ જળમાં આમ, ૩૩
સ્નાન કરે ભલી ભાતથી, કટિપુર જલમાં જઈ,
અર્ઘ્ય અંજલિ સૂર્યને, આપે પછી ચિત્ત દઈ. ૩૪
અંગૂછે તન લૂછીને, ભીનાં વસ્ત્રો જેહ,
નિજ હાથે ધોઈ અને નીચોવે વરદેહ ! ૩૫
પછી કમંડલ જલતણું, અજવાળી બહુ પેર,
જલ નિર્મલ રેવાતણાં, ભરીને લાવે ઘેર. ૩૬
મૂકી કમંડલ બાજુએ, સગડી સામે એમ,
નિજાનંદની મસ્તીથી, પૂછે પાકને એમઃ ૩૭
બોલો, હે પકવાન તુમ, હો ગયા તૈયાર ?
પોતે બોલેઃ 'હો ગયા' 'હો ગયા' બે વાર ! ૩૮
સગડી પરથી જો નીચે, ઉતારીને પાત્ર,
ઉઘાડીને ઢાંકણું, લઈ ગોળી એકત્ર; ૩૯
નાખે વાયસને અને શ્વાનને પણ બે-ચાર
ખવરાવી પોતે પછી, કરી એક રસ સાર. ૪૦
પી જાયે બાકી બધું, કરી નાદ ૐકાર,
સાત્ત્વિક ભોજનનો પછી, તૃપ્તિનો ઓડકાર. ૪૧
સ્વહસ્તે વાસણ બધાં, માંજી-ધોઈ કરી સાફ,
લીંપી-ગૂંપી અબોટ પણ, કરે બ્રહ્મચારી આપ. ૪૨

વામકુક્ષી કરી પછી, કરે તત્ત્વચિંતન,
પ્રસન્નતાને વેરતા, બેસે પ્રસન્ન મન. ૪૩

મધ્યાહ્‌ને સ્નાનાદિથી, પરવારીને એમ,
અનુષ્ઠાનમાં રત થઈ, બેસે પોતે તેમ. ૪૪

સાયં સમયે તે સમે, સાયર ગામનો એક,
રામા જેઠા પ્રજાપતિ, ભક્ત હૃદયનો છેક, ૪૫

નક્કી કરેલા સ્થાનથી, દૂધ એકાદ શેર,
લાવે તે સગડી ઉપર, ગરમ કરી સુપેર. ૪૬

સૂર્ય અસ્ત પહેલાં પીએ, દૂધ એ પાંડુરંગ,
હતું ભોજન નિત્યનું, કરતા ધરી ઉમંગ. ૪૭

કુટિરવ્યવસ્થા આ બધી, દાસકાકા એમ,
રણાપુરે રહ્યા રહ્યા, કરતા'તા સપ્રેમ ! ૪૮

ખૂબ અગમચેતી હતા, દર સપ્તાહે આંહ્ય,
આવી તપાસ કરી જતા ખૂટ્યું-કર્યું છે ક્યાંય ? ૪૯

બ્રહ્મચારી મુખથી કદી, બોલે ના કંઈ એમ,
ખૂટ્યું-કર્યું કંઈ હોય તો, કદી ન કહેતા તેમ ! ૫૦

કુટિરે કદી કોઈ ચીજ, ખલાસ યદિ થઈ જાય,
તો એ વિણ ચલાવી લે, કશું કહેતા ન ક્યાંય ! ૫૧

સમાજનાં લફરાં થકી, કથળે વા તબિયત,
જવાય કુટિરે ન દાસથી, કર્યો જે દિવસ નિયત. ૫૨

ખાદ્યતણી વળી કવચિત્ વસ્તુ ખૂટી જાય,
બ્રહ્મચારી તે સમે, જરાય ના મૂંઝાય. ૫૩

ઝુંડ ફાફડા થુવેરનાં, હતાં ઠામે ઠામ,
રક્ત જીંડવા તે ઉપર, લાગે ત્યાં બેફામ. ૫૪

તોડી ચાર-પાંચ જીંડવા, કાંટા કરીને સાફ,
તે ચૂસી તે પર અહા ! દિવસ વીતાવે આપ ! ૫૫

વળી થુવેરનાં પાંદડા, ડોળી-ભાજી એમ,
બાફી, ભોજન તે કરી, વીતાવે કો દિન તેમ ! ૫૬

નિજાનંદની મસ્તીમાં, સદા રહે એ મસ્ત,
ખાન-પાનની ના પડી, કદી ન થાયે ત્રસ્ત. ૫૭

જ્ઞાનરૂપી અમૃતનું ભોજન કરે નિત જેહ,
ભૌતિક ભોજનની કદી, પરવા કરે ન તેહ. ૫૮

એક વખત લીલોડથી, મહાત્મા રતનલાલ,
આવ્યા પાંડુરંગના, જોવાને એ હાલ ! ૫૯

તે સમે પાંડુરંગજી, નિજ ભિક્ષાને કાજ,
લોટની નાની ગોળીઓ, બનાવતા'તા રાજ ! ૬૦

રતનલાલ તે જોઈ, કહેવા લાગ્યા આમ,
ગોળને બદલે હે પ્રભો ! ચપટી બનાવો તમામ. ૬૧

ચપટી બનશે તો પછી, ચઢશે સારી પેર,
કાચી રહેશે ના કદી, પડશે સ્વાદમાં ફેર. ૬૨

તે દિ'થી અવધૂતજી, ચપટી ગુલ્લાં જેમ,
કરવા લાગ્યા ઢોકળી, પડ્યું સુગમ કંઈ તેમ. ૬૩

એમ અહીં નારેશ્વરે, અનુષ્ઠાનમાં રત,
દિવસો પાંડુરંગના, સરવા લાગ્યા તુર્ત. ૬૪

રામતીર્થ સ્વામીતણા, વિચારનું ચિંતન,
અવકાશે કરતા અહા ! થાતું મન પ્રસન્ન. ૬૫

રામતીર્થનાં ત્યાગ ને જ્ઞાનતણી શુભ છાંય,
પાંડુરંગની ઉપરે, જબરજસ્ત પડી ક્યાંય. ૬૬

શિર પર છત આકાશની, ધરતી સિંહાસન,
ચમર ડુલાવે પ્રેમથી, મંદ મંદ જો પવન ! ૬૭

દિવસે દિનકર દેવનો, ઝળહળ મળે પ્રકાશ,
રાતે શીતલ ચાંદની, ચંદ્રતણી ચોપાસ ! ૬૮

ટમ ટમ કરતા તારલા, રાત અંધારી માંહ્ય,
અનુપમ અણસારે અહા ! દેતાં મધુરી ઝાંય ! ૬૯

વનશ્રી નિર્જન વનતણી, સજી વિવિધ શણગાર,
લહેરે લહેરે સમીરની નાચે કરી ઠણકાર. ૭૦

વૃક્ષ વિરાજિત પક્ષીઓ, ગાતાં મધુરાં ગીત,
મયૂરો થન્ થન્ નાચતા, ધરી મોદ નિજ મસ્ત. ૭૧

પ્રકૃતિ પરિચારિકા, સંતની સેવા માંહ્ય,
ખડે પગે ઊભી રહી, કર દ્વય જોડી ત્યાંય. ૭૨

પ્રકૃતિના સૌંદર્યતણો, અઢળક એ ભંડાર,
ચારેગમ ઉભરાઈને છલકે અપરંપાર. ૭૩

કોઈ વિરલો સંત કે, મસ્ત કોઈ અવધૂત,
ખુલ્લા હૈયે ભોગવે, સંપત્તિ આ અદ્‌ભુત ! ૭૪

અકિંચન અવધૂત એ, સાત શાહનો શાહ,
જગ છોડીને જંગલે, બેઠો બેપરવાહ ! ૭૫

કોઈને એ દુભવે નહિ, ના કોઈથી દુભાય,
અળગો રહી જગ નાટ્યને, મૌને જોતો જાય ! ૭૬

રાગ-દ્વેષ એને નહિ, ના પીડે પીડાય,
વિરહે કદી ન વલવલે, મિલને મુગ્ધ ન થાય ! ૭૭
આ કક્ષા અવધૂતની, પામીને અદ્ભુત,
પાંડુરંગ હવે ખરે, બન્યા મસ્ત અવધૂત ! ૭૮
પાંડુરંગ એ નામથી, પાંડુ શુભ્રને દૂર,
કરી દત્તના રંગમાં, રંગાયા ચકચૂર. ૭૯
રંગ દત્ત-બ્રહ્મનો, લાગ્યો દિલે અદ્ભુત,
શબ્દ પાંડુ છૂટી ગયો, બન્યા રંગ અવધૂત ! ૮૦
હાવેથી સૌ આપણે, પાંડુરંગને આમ,
રંગ અવધૂત નામથી, સંબોધીશું તમામ. ૮૧
રંગ અવધૂત આમ અહીં, નારેશ્વરને સ્થાન;
તપ-તિતિક્ષાસહ અહા ! કરી રહ્યા અનુષ્ઠાન ! ૮૨
ખાન-પાનની ના પડી, નહિ દેહનું ભાન,
કેવલ પ્રભુ વિશ્વાસ પર, ચાલી રહ્યું અનુષ્ઠાન. ૮૩
પૂર્વ પરિચિત મિત્ર કે સંબંધી કોઈ વાર,
મળવા પાંડુરંગને, આવતા વન મોઝાર. ૮૪
તે જન વનની નિબિડતા, અવધૂતજીનો ત્યાગ,
કઠણ તપસ્યા જોઈને, થાતો પૂર્ણ અવાક્ ! ૮૫
બ્રાહ્મણ એક સરખેજના, પવિત્ર ને શ્રીમંત,
શેઠ કેશવલાલ જે નામ બધાં જાણંત ! ૮૬
ઈચ્છા થઈ કેશવલાલને અવધૂતદર્શન-કાજ,
નારેશ્વરમાં આવિયા, ધારી હૈયે દાઝ. ૮૭
માલોદ સ્ટેશન ઉતરી, ત્યાંથી ચાલી એમ,
અંધારાં ઉતર્યાં પછી, સ્થાનમાં આવ્યા તેમ. ૮૮
દર્શન કરી અવધૂતનાં, પાસે બેસી એમ,
પૂછ્યું પાણી-બાણી અહીં, રાખો છો કે કેમ ? ૮૯
અવધૂત કહે શેઠજી, કરી મઝાની વાત,
આજે તનમાં તાવ છે, તેથી રેવાઘાટ, ૯૦
જઈ શકાયું છે નહીં, નથી લવાયું જલ,
માટે પીવું હોય તો, જાઓ રેવા-સ્થલ ! ૯૧
સાથે ઘટ લેતા જજો, કરી સ્નાન ને પાન,
ઘડો ભરી મુજ કારણે, લઈ આવો આ સ્થાન. ૯૨
ન ગમ્યું છતાં માનભેર, બોલ્યા કેશવલાલઃ
'અરે અરે અવધૂતજી ! કેવા કર્યા છે હાલ ! ૯૩

તનમાં તાવ તપી રહ્યો, ટીપું જલ નહિ પાસ,
તાવ-તૃષામાં શી રીતે, આપ બુઝાવત પ્યાસ ? ૯૪
તાવે તન ધ્રૂજી રહ્યું, ઘોર અંધારી રાત,
નિર્જન વનમાં આપને, કોણ પાણી પાત ? ૯૫
કેવું ભયંકર સ્થળ તમે, પસંદ કર્યું ઓ બાપ !
પલભર ના રહેવાય અહીં, ચાલો પાછા આપ ! ૯૬
હું ના આવ્યો હોત તો, આજે આખી રાત;
તાવે જલવિણ તલસતાં, દશા અરે શી થાત ?' ૯૭
ત્યાં બોલ્યા અવધૂતજી, કરતાં ખળ-ખળ હાસ્ય,
એટલે તો પ્રભુએ અહીં, મોકલ્યા તમને ખાસ ! ૯૮
સૂણતાં એક જ વાક્ય આ, શેઠહૃદયની માંહ્ય,
અકથ્ય ભાવો જાગિયા, નયનો ભીનાં થાય. ૯૯
ઝટ-પટ ઊઠી ઘડો લઈ, ગયા નર્મદાતીર,
સ્નાન પાન કરી જલભરી, ઘટ લઈ આવ્યા ધીર. ૧૦૦
આમ એ અવધૂતની, કડક કસોટી થાય,
પ્રભુભરોંસે કોઈ હા ! નિરાશ કદી ન થાય. ૧૦૧
રાતે કુટિરને ઓટલે, શયન કરે અવધૂત,
ત્યારે શિવમંદિરથી, સૂણે નાદ અદ્ભુત. ૧૦૨
કિન્નરગણ ગાંધર્વ સૌ, વિધવિધ વાદ્યની સાથ,
મધુરા સ્વરથી ગાઈને, રીઝવે વિશ્વના નાથ ! ૧૦૩
તાલ, માત્રા, છંદ સહ, ઝાલરના રણકાર,
ઘંટનાદ દુંદુભિ ને શંખનાદ ૐકાર. ૧૦૪
થાતી આરતી જે પછી, વેદમંત્રનાં ગાન,
પુષ્પાંજલિ અર્પે પછી, જય ભોળા ભગવાન. ૧૦૫
દિવ્યનાદથી દિવ્યગણો, મંગલ ગીતો ગાય,
સુણી-સુણી અવધૂતના, હૈયે હરખ ન માય ! ૧૦૬
સુણતાં સુણતાં તે સમે, અવધૂતહૈયા માંહ્ય,
ભાવના જાગી આ બધું, જોવા નજરે ત્યાંય ! ૧૦૭
જેનો મધુરો સ્વર અહા ! આવો અહીં સંભળાય,
તેનાં દર્શન કાજ હા ! મન જરૂર લલચાય; ૧૦૮
તેથી ત્યાં જાવા અહા ! અવધૂત બેઠા થાય,
ત્યાં તો પેલાં ગાન નાદ, તુર્ત બંધ થઈ જાય ! ૧૦૯
ફરી ફરી અવધૂતજી, જાવાને તે સ્થલ,
બેઠા થાય કે ગાન-તાન, બંધ થાય તે પલ ! ૧૧૦

અવધૂતજીએ ફરી ફરી, યત્ન કર્યો પાંચ વાર,
પાંચેય વખતે ગાન-તાન, બંધ થયું તે વાર. ૧૧૧
બેઠા થાય કે તુર્ત એ, ગાવાનું બંધ થાય,
સૂતાં તુર્ત પથારીમાં, વાદ્ય-ગીત સંભળાય ! ૧૧૨
એટલે અવધૂત પ્રેમથી, નિજ મનડાને એમ,
સંબોધીને બોલિયા, સાંભળ મનડા તેમઃ ૧૧૩
ઊઠ બેસ કરીશ ના, નાહક ખોટી હંત !
સુણવા કેરો આનંદ આ, જાશે કરતાં તંત. ૧૧૪
પડ્યો પડ્યો અહીં માણ આ, દિવ્ય શ્રવણાનંદ,
જોવા લોભ કરીશ તો બધો ગુમાવીશ નંદ. ૧૧૫
એમ વિચારી રોજ એ, પડ્યા રહી ગૂપ-ચૂપ,
દિવ્યનાદ આનંદ હા ! લૂંટી રહ્યા અનૂપ ! ૧૧૬
દિવ્ય શ્રવણની હેલી આ, ચાલી ક્યાં સુધી એમ,
અવરજવર થતાં લોકની, થઈ બંધ હા ! તેમ. ૧૧૭
પુષ્પોની પરિમલ અહા ! મધુમક્ષીને જેમ,
ખેંચે તેમ ખેંચી રહ્યા અવધૂતજી અહીં એમ ! ૧૧૮
નિજ તપની સુવાસથી, સદ્ભક્તોને આંહ્ય,
દૂર દૂરથી ખેંચતા, નારેશ્વરની માંહ્ય. ૧૧૯
મીંઢોળ, સાયર, દિવેર ને લીલોડ ગામના ભક્ત,
આવવા લાગ્યા દર્શને, થઈ ચરણે આસક્ત ! ૧૨૦
એ ભક્તોએ થુવેરનાં, ઝાડી-ઝુંડ તમામ,
કાપી નાંખી, સાફ કરી, રૂડું બનાવ્યું ઠામ ! ૧૨૧
ઝાડી કાપતાં નજીકમાં, લીમડા કેરું વૃક્ષ,
જૂનું મજાનું છાંયનું, દેખાયું પ્રત્યક્ષ. ૧૨૨
અવધૂતજી એ લીમડો, જોઈ થયા પ્રસન્ન;
એની નીચે જઈ સ્વયં, નાંખ્યું નિજ આસન. ૧૨૩
સામે રેવા માતનો, વિશાળ પટ દેખાય,
નિર્મળ રેવાનીરનાં, સતત દર્શન થાય ! ૧૨૪
ધ્યાનાદિક પૂરાં કરી, કરતાં જ્યાં ઉત્થાન,
અવધૂતજી એ લીમડા, નીચે લેતા સ્થાન. ૧૨૫
દૂર દૂર રેવાતણા, પટની ઉપર એમ,
દૃષ્ટિ સ્થિર ત્યાં રાખતા, કલાકો સુધી તેમ, ૧૨૬
અવધૂતજી બેઠા રહે, નિજાનંદની માંહ્ય,
સદ્ભાગી એ લીમડો, આપે શીતલ છાંય. ૧૨૭
એની છાંયે બેસીને, ભક્તો સાથે વાહ !
અવધૂતજી વહાવતા, વચનામૃત પ્રવાહ. ૧૨૮
સુણી સુણી અવધૂતની, અમૃતવાણી આમ,
લીમડો છોડી દે તિહાં, નિજ કડવાશ તમામ ! ૧૨૯
કડવો લીમડો પણ અહા ! સુણી અવધૂત વાણ,
મીઠો બની મહેંકી રહ્યો, ધન્ય ધન્ય ગુરુવાણ ! ૧૩૦
નૈસર્ગિકતા વૃક્ષની, ઊર્દ્વગમનની જેહ,
તે છોડીને લીમડો, નીચો નમીઓ એહ. ૧૩૧
ચારે ગમ નિજ ડાળીઓ, નીચે ભોંય ઉપર,
પસારીને છત્રી સમું, બન્યું આજ તરુવર. ૧૩૨
છત્ર બની અવધૂતની સેવા કરતો આમ,
ધન્ય લીમડો દર્શને ટાળે શોક તમામ ! ૧૩૩
ખડો ખડો એ લીમડો, મૂંગો મૂંગો આંહ્ય,
બોધ અનેરો આપતો, આચરી જીવન માંહ્ય. ૧૩૪
નમે તે જ પ્રભુને ગમે, નમ્ર બને છે જેહ,
સાચી સેવા સંતની, કરી શકે છે તેહ ! ૧૩૫
નમ્રતાથી જીવનતણી, સ્હેજે કટુતા જાયઃ
દૂર થતાં કટુતા તિહાં મધુરતા મહેંકી જાય ! ૧૩૬
માટે નમ્ર થયા વિના, કોઈ ન થાય મહાન,
નમ્રતામાં મહાનતા, સમાઈ રહી છે જાણ. ૧૩૭
નમ્ર થઈ અવધૂતની, સેવાનો કરનાર,
કડવો લીમડો થઈ મીઠો, દઈ રહ્યો પડકાર ! ૧૩૮
ભક્તો આજે એહની, કરી પૂજા વંદન,
પ્રદક્ષિણા પ્રેમે કરી, કરે ધન્ય નિજ જીવન. ૧૩૯
રહે અવનિ પર જ્યાં સુધી, નારેશ્વરનું નામ,
બોધિવૃક્ષમાં લીમડો, ખ્યાત ત્યાં સુધી આમ. ૧૪૦
પૂજાશે યુગ યુગ સુધી, સહ આદર સત્કાર,
બોધિવૃક્ષ સમ લીમડા ! વંદન તને હજાર. ૧૪૧
સ્થાન નારેશ્વરતણા, નિર્જન વનની માંહ્ય,
અનુષ્ઠાન-રત રંગના, દિવસો વહેતા જાય. ૧૪૨
અષાઢ વદની એક હા ! હતી ભયંકર રાત,
મેઘાચ્છાદિત ગગનથી, વરસી રહ્યો વરસાદ. ૧૪૩
ગર્જે ગડુડુડુ મેઘ ને વીજળીના ચમકાર,
તનમનાટ તમરાં તણાં, ચીબરીના ચિત્કાર. ૧૪૪

ચોગમ ભીની ભોંય પર, ઝીણાં જંતુ અસંખ્ય,
તરવર તરવર થઈ રહ્યા, કીચડમહીં જઘન્ય. ૧૪૫
વર્ષા-તાંડવમાં અહા ! પ્રભુલીલા અદ્‌ભુત,
નિહાળતાં, કુટિ-ઓટલે, સૂતા'તા અવધૂત. ૧૪૬
મેઘગર્જનામાં અહા ! સૂણતાં બ્રહ્મનો નાદ,
વીજ ચમકારે નિરખતા, બ્રહ્મ જ્યોતિ સાક્ષાત્. ૧૪૭
ઉન્મની નિદ્રા માણતા, અર્ધોન્મીલિત નૈન,
પડ્યા હતા નિજ મસ્તીમાં, અવધૂત સદા સુચૈન. ૧૪૮
મૂળ રહેતા આ ભૂમિના, હતાં વૃશ્ચિક-વ્યાલ,
તેમાં માનવ જોઈને, કોપ્યો વૃશ્ચિક બાલ. ૧૪૯
ધસમસ કરતો દોડિયો, મનમાં રોષ અપાર,
ચઢી કુટિરને ઓટલે, અવધૂતને તે વાર. ૧૫૦
જમણા હાથે આંગળીએ, કરડ્યો કરતાં જોર,
ડંખ દઈને એ વીંછી, ભાગ્યો બીજે કોર. ૧૫૧
મોરવીંછીનો ડંખ એ, લાગતાં એવો દાહ
થયો જાણે સળગતો, લ્હારો ચાંપ્યો આહ ! ૧૫૨
શરીર જાણે અગ્નિમાં, બળી રહ્યું હોય એમ,
અસહ્ય વેદના ડંખની, અર્પે દુઃખ બહુ તેમ ! ૧૫૩
બેઠા થઈ અવધૂત ત્યાં, કરી રહ્યા વિચાર,
દાહ અતિશય ડંખનો, શો કરવો ઉપચાર ? ૧૫૪
ત્યાં તો વિદ્યુત સમ અહા ! મન ચમક્યો વિચાર;
વિચાર ઝબૂકે દર્દનું, દૂર થયું અંધાર. ૧૫૫
અવધૂતજી હા ! તે સમે, વિચારે નિજ મન,
મેં તો રેવા માતને, અર્પ્યું છે મુજ તન. ૧૫૬
મા રેવાના અંકમાં, બેઠા પછીથી આંહ્ય,
ચિંતા આ શરીરની, ના કરવાની હોય. ૧૫૭
માટે રેવા માતની, શીતલ ગોદની માંહ્ય,
બેસી શાંત કરું હવે, ડંખદાહ ક્ષણ માંહ્ય. ૧૫૮
એમ વિચારી એ જવા, રેવાતીરે એમ,
નિર્ભય ને મક્કમ ડગે, ચાલવા લાગ્યા તેમ. ૧૫૯
ઝર-મર વરસે મેહ ને ઘોર અંધારી રાત,
કંકર, કાંટા, કીચડે, વાટ વિકટ છે તાત. ૧૬૦
ચીકણી માટીને કારણે, થયો લપસણો ઘાટ,
ઘોડાપૂરે ઉછળતું, પૂર આવ્યું બેફાટ. ૧૬૧
અંધારામાં પાણીનો, લાગે ના કંઈ તાગ,
ચક્રવાત સમ ઘૂમતાં, રેવાનીર અથાગ. ૧૬૨
શીતલ પવન સનન હા ! વર્ષા સાથ ફૂંકાય,
ઠંડા ફોરાં હિમ સમ, તન કંપાવી જાય. ૧૬૩
ઘુમરી લેતાં ચક્રવત્, ટાઢાં રેવા નીર,
મેઘલી-મધરાતે અરે ! ઠારી દે રે શરીર. ૧૬૪
એવાં એ રેવાજીનાં, કટિભર પાણી માંહ્ય,
અવધૂત જઈને ઊભા, નિશ્ચલ મનથી ત્યાંય. ૧૬૫
વૃશ્ચિકડંખી આંગળી, બોળી રેવાનીર,
માત નર્મદાને પછી, પ્રાર્થે પોતે ધીરઃ ૧૬૬
રુદ્રદેહા નર્મદા, વંદું વારંવાર;
વિષ વ્યાલ, વૃશ્ચિકતણું, સદા શાંત કરનાર. ૧૬૭
મેં તો તારા અંકમાં, મૂકી છે મુજ કાય,
માર તાર, સોંપ્યું તને, જય જય રેવા માય ! ૧૬૮
એવી કરી જ્યાં પ્રાર્થના, થયો ત્યાં ચમત્કાર,
વીંછી ડંખનો દાહ હા ! શાંત થયો તે વાર. ૧૬૯
પીડા થઈ ગાયબ બધી, થાતું શાંત શરીર,
અવધૂતમન હિલાળિયું, જેવાં રેવાનીર ! ૧૭૦
છલકાતાં નયનો અહા ! જોડી બન્ને હાથ,
અવધૂતજી ગર્જી રહ્યા, જય જય નર્મદા માત. ૧૭૧
આ અધ્યાયે વર્ણવ્યું, નારેશ્વરનું ધામ,
રંગ-અલખ જ્યાં વર્ણવે, 'બાલક' કહે શું કામ ? ૧૭૨

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દયુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે
અલખનિરંજનસંવાદે નારેશ્વરસ્થાનવર્ણનં નામ એકવિંશોઽધ્યાયઃ ॥૨૧॥ દોહરા ૧૭૨॥

## અધ્યાય : ૨૨

અલખ કહે સૂણ શિષ્ય હે ! નારેશ્વરમાં આમ,
કઠિન તપસ્યા કરી રહ્યા, અવધૂતજી અવિરામ. ૧
ભૂખ-તરસ એને નહિ, નહિ ભય ને નહિ કલેશ,
નિજાનંદની મસ્તીમાં સદાયે ભાવાવેશ. ૨

ભૂતકાળ ભૂલી ગયા, ભવિષ્યનો ન વિચાર,
વર્તમાનમાં મોદથી, કરવા લાગ્યા વિહાર. ૩
એક દિવસ ત્યાં કુટિરમાં, નિજ ભોજનને કાજ,
નવટાંક મગની દાળ વિણ, હતું ન કાંઈ આજ. ૪
ઉકાળી એ દાળને, તેનું પાણી એમ,
પીને દિવસ વીતાવિયો, ખૂબ ધરીને પ્રેમ. ૫
અવધૂત ભૂખ્યો જ્યાં રહ્યો, દુખ્યું પ્રભુનું પેટ,
લીલા અદ્‌ભુત જો કરી, ભક્ત કાજ કરી વેઠ. ૬
હજુ તો સાંજ પડી નથી, તે પહેલાં હા ! ત્યાંય;
કરજણ ગામની બાઈ કો, આવી આશ્રમ માંહ્ય. ૭
સાત દિવસ ચાલે અને બે ટાણાં રંધાય,
એટલું બધું સીધું એ, લઈ આવી છે ત્યાંય. ૮
દાળ, ચોખા, લોટ ને ગોળ, તેલ, ઘી, શાક,
સાત દિવસનું બાંધીને આવી એ ત્યાં દ્રાક્ ! ૯
વિનમ્ર ભાવે બાઈ ત્યાં, બોલી જોડી હાથ,
સેવા મારી આટલી, સ્વીકારો હે નાથ ! ૧૦
જ્યારે પાણી દાળનું, ઉકળતું હતું આંહ્ય,
ત્યારે એ હતી બાંધતી, અન્ન સઘળું ત્યાંય. ૧૧
અકળ કળા જગદીશની, નિજ સાધકની આમ,
ખાન-પાનની કાળજી, રાખે અહા તમામ. ૧૨
સગાં સહોદર છોડીને, તોડી જગબંધન,
નામ-દામ ને કામથી, વિમુખ કરીને મન. ૧૩
જઈ બેઠો એકાંતમાં, અઘોર જંગલ માંહ્ય,
કેવલ પ્રભુચિંતન વિના, આશ બીજી ન ક્યાંય. ૧૪
ઈશપરસ્તી આહવી, ઉરમાં જેના થાય,
તેની પ્રતિક્ષણ કાળજી, રાખે ઈશ સદાય. ૧૫
એક સમે અવધૂતજી, ચૂલે મૂકી પકવાન,
રેવામાને કાંઠડે, આવ્યા કરવા સ્નાન. ૧૬
છાતી સમ જલમાં જઈ, કરી નિર્મળાં સ્નાન,
નયનો બંધ કરી અહા ! ધરવા લાગ્યા ધ્યાન. ૧૭
સ્થિર થયા જપકાર્યમાં, રહ્યું ન તનનું ભાન,
બ્રહ્મજ્યોતિની સાથ હા ! સાધ્યું શરસંધાન. ૧૮
એ સમે રેવાતીરે, સ્ત્રીઓ પુરુષ ને બાળ,
નાતાં ધોતાં સૂકવતાં, નિજ વસ્ત્રો તત્કાળ. ૧૯
આજુબાજુ અવધૂતજી, રેવાજળની માંહ્ય,
ભાવ-સમાધિમાં હતા, તે સમયે હા ! ત્યાંય. ૨૦
ઉત્તર દક્ષિણ પૂર્વથી, ત્રણે દિશાથી જાણ;
મોટા મગરો ધસમસ્યા, સંખ્યા ત્રણની માન. ૨૧
દોડ્યા અવધૂતજી ભણી, ફાડી દાઢ કરાળ;
તીરે જોતાં લોક સૌ, પાડી ઊઠ્યા રાડ. ૨૨
અરે અરે આ મગ્ગરો, બાવાજીને અદ્ય;
ફાડી ખાશે અરેરે ! દોડો બચાવો સદ્ય. ૨૩
બાવાજી ! ઝટ દોડીને, નીકળી આવો બહાર,
કરશે કોળિયો કાળ આ, ક્ષણે ન લાગે વાર. ૨૪
પોકેપોક રુદન કરે, સ્ત્રીઓ નાનાં બાળ;
પુરુષો બાઘા સમ બની, થયા મૂઢ તત્કાળ. ૨૫
શું કરવું ? ના સૂઝતું, કરવા લાગ્યાં પ્રલાપ,
જોર-જોરથી લોક સૌ, કરતાં તિહાં વિલાપ. ૨૬
વાસણો ખખડાવીને, કરી ગોકીરો આમ,
અવધૂતજીને જગાડવા, કર્યા યત્ન તમામ. ૨૭
પણ શાના જાગે હવે, સાધ્યું શરસંધાન,
ઈશ પરત્વે એમણે, નથી દેહનું ભાન. ૨૮
ત્યાં તો કરાળ કાળ શા, ત્રણે મગરો હાય !
ધસમસતા પહોંચી ગયા, અવધૂત પાસે ત્યાંય. ૨૯
લોકોનો જીવ તાળવે, ચઢી ગયો અદ્ધર,
ફાડી ખાશે સંતને, દોડો કોઈ સત્વર. ૩૦
મગરો નજીક આવતાં, અવધૂતજીનાં નયન,
એકાએક ખૂલી ગયાં, જોયું બધું તત્ક્ષણ. ૩૧
લોકોનો બૂમાટ ને સામે કાળ કરાળ,
મગર રૂપે મોં ફાડીને ઊભો છે તત્કાળ. ૩૨
જરાયે ગભરાયા નહિ, જોડી બન્ને હાથ,
મુખ મલકાવી બોલિયા, નારેશ્વરના નાથ : ૩૩
“બ્રહ્મા વિષ્ણુ, મહેશ ત્રણ, દર્શન દેવા કાજ,
આવ્યા હો તો થઈ ગયાં, મુજને દર્શન આજ ! ૩૪
અગર પધાર્યા હો તમે, દર્શન કરવા આજ !
દર્શન તમને થઈ ગયાં, હવે પધારો રાજ ! ૩૫
તીરે ઊભેલા લોક સૌ, થઈ રહ્યાં ભયભીત,
માટે નિજ ધામે પ્રભુ ! જાઓ પાછા પુનિત.” ૩૬

એમ કહી અવધૂતજીએ, જલાંજલિ ભરી એક,
છાંટી જલચર પર અહા ! ધારી હૈયે વિવેક. ૩૭
અંજલિજલ નિજ શરીર પર, પડતામાં તે વાર,
નતમસ્તક થઈ મગ્ગરો, થંભી ગયા ક્ષણવાર. ૩૮
વંદન કરી અવધૂતને, ત્રણે મગ્ગરો તે વાર,
જલમાં અદશ્ય થઈ ગયા, વર્ત્યો જયજયકાર. ૩૯
તીરે ઊભાં માનવી, નીરખતાં ચમત્કાર,
હર્ષોદ્ગાર કરી કર્યો, અવધૂતનો જયકાર. ૪૦
મોટા મગરમચ્છ હા ! વિશાળ જેની કાય,
તે પણ વંદી સંતને, જલમાં અદશ્ય થાય. ૪૧
હિંસક, ઘાતકી ક્રૂર જે લોહીતણા પીનાર,
શાંત થઈ ચાલ્યા ગયા, થોભ્યા વિણ પળવાર. ૪૨
સૂણતાં વિસ્મિત થઈ ગયો, શિષ્ય નિરંજન ત્યાંય;
પૂછે પ્રેમે અલખને, કહો કહો ગુરુરાય. ૪૩
મગરમચ્છ ત્રણ ક્રૂર એ, અવધૂતજીની આમ,
દૃષ્ટિ પડતાં શાંત થઈ, ગયા કેમ નિજ ધામ ? ૪૪
એવી કોઈ શકિત હતી, અવધૂતજીની વંદ્ય,
જેથી ક્રૂર મગર પણ, થયા જ શાંત ધન્ય ! ૪૫
સામે મોં ફાડી ઊભા, મગરો ત્રણ વિકરાળ,
તોયે લેશ ડર્યા વિના, અવધૂતજી ત્યાં તત્કાળ. ૪૬
ઊભા સ્થિર અકંપ હા ! મુખ પર છે મલકાટ,
નેહ વરસતાં નયન ને, નિર્ભય અચલ અફાટ. ૪૭
કઈ શકિત અવધૂતની, કંપાવે છે કાળ ?
કહો કહો એ શકિત હા ! કૃપા કરી દયાળ. ૪૮
સુણી પ્રશ્ન એ શિષ્યનો, અલખ થયા પ્રસન્ન,
બોલ્યા ઉત્તર કહું તને, સાંભળ શિષ્યરતન. ૪૯
એ શકિત તે પ્રેમની, રાખી પરસ્પર પ્રેમ,
એકબીજાને દેવવત્ દેખે તેને એમ. ૫૦
સઘળે દર્શન થાય છે, નિજ સ્વરૂપનાં આમ,
આત્મવત્ ભાસે બધે, જગનાં રૂપ તમામ. ૫૧
શોક મોહ ના તેહને, નહિ દોસ્ત-દુશ્મન,
નિજ-પર-રહિત ફરે સદા મુખડું રહે પ્રસન્ન. ૫૨
ઈશપરસ્તી રાખીને, કરી કઠિન સાધન,
આવી દૃષ્ટિ મેળવે, સ્વયં તે જ છે ભગવન્. ૫૩

અવધૂતજીની દૃષ્ટિમાં, ભેદભાવ નહિ લેશ,
તેથી દર્શન તેમનાં થાતાં ભાગે કલેશ. ૫૪
હિંસક-વિષધર પ્રાણી પણ, સ્વભાવ-જન્ય નિજ વેર,
છોડી સંત સમીપમાં, સુખે ફરે ત્યજી ઝેર. ૫૫
અવધૂતજીની આંખડી, જ્યાં જોતી ત્યાં રામ,
એની દૃષ્ટિ રામમય, જોતી વિશ્વ તમામ. ૫૬
હિંસક ઘાતકી ક્રૂર એ, ત્રણ મગરોમાં આમ,
અવધૂતજીએ નિહાળિયા, સૌના આત્મારામ. ૫૭
ત્રણ મગરોમાં દેવ ત્રણ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ,
અવધૂતઆંખે દેખિયા, રહ્યો પછી ક્યાં કલેશ ? ૫૮
આમ પરસ્પર દેવમય, જોવા તણી દૃષ્ટિ,
આવે તો બસ સ્વર્ગ સમ, જાય બની આ સૃષ્ટિ. ૫૯
વેર-ઝેરનાં દ્વૈત ને, ભાગે રાગ-દ્વેષ,
સહુમાં પ્રભુને પેખતાં, થાય કલેશ-નિઃશેષ. ૬૦
સમદૃષ્ટિ અવધૂતની, જોતાં મગરો આમ,
ત્યજી ક્રૂરતા સૌમ્ય થઈ ગયા સર્વ નિજ ધામ. ૬૧
માટે સહુમાં રામને, જે પેખે છે આમ,
તેને મન સૃષ્ટિ બધી, સભર ભરી છે રામ. ૬૨
આમ અહીં અવધૂતના, દિવસો વીતતા જાય,
તીવ્ર તિતિક્ષામાં અહા ! કઠિન સાધના માંહ્ય. ૬૩
એક અંધારી રાતની, થઈ હતી મધરાત,
કુટિરઓટલે સૂતા હતા, સ્વયં દત્ત સાક્ષાત્. ૬૪
અર્ધોન્મીલિત નૈન ને, ત્રાટક તારક સાથ,
સૂતા તન લંબાવીને, મૂકી ઓશીકે હાથ. ૬૫
નિજાનંદની મસ્તીમાં, કરતા સ્વરસંધાન,
તંદ્રાવસ્થામાં અહા ! પડ્યા હતા મસ્તાન. ૬૬
તે સમે બે આવીયા, રાત્રીના મહેમાન,
કાળેકપડે સજ્જ ને, યમના દૂત સમાન. ૬૭
ધારી બુકાની મુખપર, હાથ ધર્યાં હથિયાર,
ચકચકતાં ચમકી રહ્યાં, ધારિયાં ધારદાર. ૬૮
એવા બે લૂંટારુઓ, અવધૂતજીની પાસ,
આવીને ઊભા રહ્યા, નીરખતાં ચોપાસ. ૬૯
એક ઊભો માથા કને, બીજો ચરણો પાસ,
ઊભા રહી, ક્ષણભર મૂગા કરવા લાગ્યા તપાસ. ૭૦

જંગલનું એકાંત ને ઘોર અંધારી રાત,
શસ્ત્રધારી બે ડાકુઓ, યમદૂત શા સાક્ષાત્ ! ૭૧
ભલ-ભલા શૂરવીરનાં, હાંજા ગગડી જાય,
જોતાં ભયંકર ડાકુઓ, છક્કા છૂટી જાય. ૭૨
પણ આ તો અવધૂત છે, નિર્ભયતાની મૂર્ત,
જરાય ભય પામ્યા નહીં, ન હાલ્યા-ચાલ્યા તુર્ત. ૭૩
સહજ સ્વભાવે મુખથકી, સોહમ્‌નો રણકાર,
સાથે નાદ ગૂંજી રહ્યો, બ્રહ્મનાદ ૐકાર. ૭૪
ચમક્યા ચોરો એકદમ, બન્યા મૂઢ પલવાર,
બાવાજી જાગી ગયા, જાણી કર્યો પડકાર. ૭૫
બાવાજી શું પડી રહ્યા, ખોલો કુટિરનાં દ્વાર,
જે કંઈ અંદર હોય તે, આપી દો આ વાર. ૭૬
નશામાં ચકચૂર એ, ચોર કેરો અવાજ,
સુણી બોલે બેફિકર, સંતતણા શિરતાજઃ ૭૭
બોલ્યા શયને પડ્યા પડ્યા, વિના જરા ગભરાટ,
મુજને તસ્દી ભાઈ ! તમે, આપો છો શા માટ ? ૭૮
ખુલ્લાં કુટિરનાં બારણાં, નથી કર્યાં એ બંધ,
સાંકળ-તાળાં ચાવીનો, રાખ્યો નથી પ્રબંધ. ૭૯
તમે તમારે પ્રેમથી, નિરાંતે અંદર જઈ,
જેટલું લેવું હોય હા ! તેટલું પ્રેમે લઈ; ૮૦
જાઓ સુખે તમે પછી, કોઈ નથી પૂછનાર,
ખુલ્લો ખજાનો સંતનો, લૂંટી જાઓ લૂંટનાર. ૮૧
ચૌદ બ્રહ્માંડની અહા ! લક્ષ્મી અઢળક જેહ,
અવધૂત કેરી ઝોળીમાં, ભરી પડી છે તેહ. ૮૨
શકો જેટલી ઊંચકી, તેટલી ઊંચકી જાવ,
ના નથી અહીં કોઈને, નથી અહીં રુકાવ. ૮૩
એમ કહી અવધૂતજી, પાસું ફેરવી ત્યાંય,
આંખ મીંચી ઊંઘી ગયા, લેશ ન ભય મન માંહ્ય. ૮૪
સૂણી શબ્દો સંતના, ચોર કરે વિચાર,
આ તો ગજબનો ઓલિયો, ભય ચિંતા ન લગાર. ૮૫
એટલે આશ્ચર્ય પામીને, પૂછવા લાગ્યો એમ,
અરે બાવાજી કોઈ અહીં, આવે છે કે કેમ ? ૮૬
લાપરવાથી આંખને, બંધ રાખીને ત્યાંય,
બોલ્યા બાવાજી, અહીં આવે છે તો ઘણાય. ૮૭
દિવસે ભક્તો કેટલા, આવે વારંવાર,
રાત્રિભગત પણ તમ સમા, આવે વળી કો વાર. ૮૮
આ તો છે અવધૂતનો, દમામભર્યો દરબાર,
સૌ માટે છે સર્વદા, ખુલ્લો સદા બહાર. ૮૯
કોઈને મનાઈ છે નહિ, સૌ માટે છે છૂટ;
અવધૂતજીની સંપત્તિ, લૂંટો સદા લખલૂંટ. ૯૦
ત્યાં તો બીજો બોલિયો, અરે બાવાજી આંહ્ય,
રહેતાં એકલે જંગલે, ભય ન લાગે શું ક્યાંય ? ૯૧
મુખ પર મધુરું હાસ્ય ને મીંચી બંને નૈન,
પડ્યા પડ્યા અવધૂતજી, બોલ્યા મધુરાં વેણઃ ૯૨
જે છે એકલો તેહને, ભય શેનો જગમાંહ્ય,
ભય તો બે જણ હોય ત્યાં, અવશ્ય ઊભો થાય. ૯૩
અલખ કહે સૂણ શિષ્ય આ, કરી મઝાની વાત,
અદ્વૈત તે જ અભય છે, દ્વૈતે ભય સાક્ષાત્. ૯૪
હું.. તું બે જુદા પડ્યા, મારો તારો ભેદ,
દ્વૈત જ માનવી માત્રને, વૃથા કરાવે ખેદ. ૯૫
માટે જ્યાં જ્યાં દ્વૈત છે, ત્યાં ત્યાં કલેશ અનૃત,
જ્યાં જ્યાં રાજ્ય અદ્વૈતનું, ત્યાં ત્યાં સુખ મૂળભૂત. ૯૬
અવધૂતજીએ ચોરને, કરી વાણીનો વ્યંગ,
સમજાવ્યું અદ્વૈતનું તત્ત્વ એક અસંગ, ૯૭
પણ પામર આ ડાકુઓ, વિષય-વિષ ચૂસનાર,
શું સમજે અવધૂતના, અનુભવનો ઉદ્‌ગાર ! ૯૮
એટલે બીજા ડાકુએ, કરી સૌમ્ય અવાજ,
અવધૂતજીને પૂછીયું, અરે અરે મહારાજ ! ૯૯
કોઈ તમને આવીને, બાંધી મારે માર,
તમે એકલા કઈ રીતે, કહો કરો પ્રતિકાર ? ૧૦૦
સૂણી પ્રશ્ન એ ચોરનો, નેત્ર ઉઘાડી તેમ,
અવધૂતજી ઊંચે સ્વરે, બોલ્યા ત્યાં તો એમઃ ૧૦૧
હજુ સુધી તો કોઈએ, હાથ ઉગામી આમ,
મુજને પીટવાની અરે ! કરી નથી હા ! હામ. ૧૦૨
પણ તમારે આજ જો, જોવું હોય દૃષ્ટાંત,
તો બેમાંથી એક જણ, પકડો મને નિતાંત. ૧૦૩
ને બીજો આ દંડથી, મારો મુજને માર,
પછી એકલો હું શું કરું, જાણશો જ તે વાર. ૧૦૪

સૂણી આ અવધૂતનો, ખમીરવંત પડકાર,
છળી ઊઠ્યા બે ચોર ત્યાં, પામ્યા ભય અપાર. ૧૦૫
નશો બધો ઉતરી ગયો, થર થર કંપે કાય,
બાવાજી વિફર્યા અરે, ભાગો અહીંથી હાય. ૧૦૬
આપણે અવળા આવિયા, ભૂલ્યા નશામાં વાટ,
ભાગો નહિ તો સાધુ આ, ઘડી નાખશે ઘાટ. ૧૦૭
એમ વિચારી ચોર બે, મૂઠી દઈને તુર્ત,
નાઠા તે આશ્રમ બહાર, આવી ઊભા ધૂર્ત. ૧૦૮
નિજ ઘોડા બાંધ્યા હતા, આશ્રમ કેરી બહાર,
પકડી તે પર બેઉ જણ, થઈ ગયા અસવાર. ૧૦૯
અરે અરે પણ ગજબનો, થાતો ચમત્કાર,
બન્ને ચોરની આંખમાં છવાઈ ગયો અંધકાર. ૧૧૦
આજુબાજુ ના સૂઝે, ના દેખાયે વાટ,
ત્યાં ને ત્યાં ભટક્યા કર્યા, બિચારા આખી રાત !! ૧૧૧
આવ્યો મળસકું ત્યાં થતાં, આછો સૂર્ય પ્રકાશ,
દેખે ત્યારે કંઈક જો, બ્હાવરા ચારે પાસ. ૧૧૨
જોતાં નારેશ્વરતણાં, આશ્રમ કેરી પાસ;
ગોળ ગોળ ફરતા રહ્યા, ના આવ્યો નિજ વાસ. ૧૧૩
વહેલા વહેલા દોડતા, સંતાતા એ જાય,
રખેને આવા વેષમાં, કોઈક નીરખી જાય ! ૧૧૪
ધાકે નાઠા રાતભર, રખડી સારી પેર,
જેમ તેમ કરી અરે ! હશે પહોંચ્યા ઘેર. ૧૧૫
તે દિ'થી નારેશ્વરે, હજુ સુધી કોઈ વાર,
ચોર-લૂંટારુ-ડાકુ કો, ફરક્યો નથી લગાર. ૧૧૬
સાયરથી બીજે દિને, વહેલી સવારે એમ,
પખાળ-પૂજા શિવની, કરવા માટે તેમ, ૧૧૭
લલ્લુરામ મહારાજ જે, હતા આવતા ત્યાંય,
બે અસવારો જો, પડ્યા વિમાસણ માંહ્ય. ૧૧૮
હશે કોણ આ બે જણા ? જાતા હશે એ ક્યાંય ?
લાવ જરા અવધૂતજીને, વાત પૂછી લઉં આંહ્ય. ૧૧૯
લલ્લુરામે પૂછતાં, અવધૂતજીએ આમ,
ટૂંકમાં વાત બધી કરી, રાત કેરી તમામ. ૧૨૦
સૂણતાં વાત ભયંકર, અવધૂતજીની એહ,
થર થર લલ્લુરામની, કંપવા લાગી દેહ. ૧૨૧

અરે અરે અવધૂતજી ! ભલી તમારી હામ,
ક્રૂર ભયંકર ડાકુઓ, તમે ભગાડ્યા આમ ! ૧૨૨
હું તો સુણતાં વાત એ, છળી ઊઠ્યો ક્ષણવાર,
જુઓ જુઓ મુજ કાય આ, કંપી રહી આ વાર. ૧૨૩
જોઈ લલ્લુરામની થર થર ધ્રૂજતી કાય,
ખળ ખળ હાસ્ય કરી વદ્યા, અવધૂતજી વરકાયઃ ૧૨૪
અરે લલ્લુમહારાજ તમે, થયા ભયભીત કેમ ?
દૈવાધીન જગત બધું, ભૂલ્યા નિયમ એ કેમ ? ૧૨૫
નિયતિના નિયમથી બધું, ચાલે છે આ જગત,
સુખ-દુઃખનાં દ્વંદ્વો મહીં, શેં થાવું આસક્ત ? ૧૨૬
હું-મારું-નાં જોડકાં, સતત પમાડે ભય,
તું-તારું અપનાવતાં, મનુષ્ય થાય નિર્ભય. ૧૨૭
વિશ્વે જ્યાં ત્યાં જેહને, વિશ્વંભર દેખાય,
તેને જગનાં શોક ભય, કદી ન સ્પર્શે ક્યાંય. ૧૨૮
માથું સદ્ગુરુ-ચરણમાં, મૂકીને ફરનાર,
સદાય નિર્ભય છે જગે, નહિ કો'થી ડરનાર. ૧૨૯
માટે પ્રભુને જગતમાં, જગમાં પ્રભુને જોઈ,
નિર્વેરે ફરનારને, દુઃખ કે ભય ન કોઈ. ૧૩૦
એમ કહી અવધૂતજી, કરી નેત્ર નિજ બંધ;
સર્વેશ્વરને સર્વમાં, જોઈ રહ્યા અકબંધ. ૧૩૧
આમ સર્વમાં ઈશની, અનુભૂતિથી નંદ,
માણી રહ્યા અવધૂતજી, સ્વયં આનંદ-કંદ. ૧૩૨
ભોળા લલ્લુરામને, અવધૂતજીનાં વચન,
શી રીતે સમજાય હા ! પોતે મૂઢ અભણ. ૧૩૩
મુગ્ધભાવે તાકી રહ્યા, અવધૂતજીને એહ,
ધન્યભાગ્ય છે એમનાં, નીરખ્યો સદ્ગુરુ દેહ. ૧૩૪
ત્યારપછી સરખેજના, ભક્ત કેશવલાલ,
એમને કાને વાત આ, પહોંચી ગઈ તત્કાળ. ૧૩૫
તેથી આવ્યા દોડતા, નારેશ્વરની માંહ્ય,
અવધૂતચરણે શિર મૂકી, વિનવે ફરી ફરી ત્યાંય. ૧૩૬
પ્રભુ સુણી આવ્યો અહીં, રાત્રિના મહેમાન,
ડાકુ આવી આપને, કરતા જો હેરાન. ૧૩૭
માટે આપણે રાખીએ, ગુરખો ચોકીદાર,
જે રાત્રે પહેરો ભરી, ચોકી કરે નિર્ધાર. ૧૩૮

આપના રક્ષણ કાજ એ, ગુરખો પહેરેદાર,
પગાર જે કંઈ માગશે, હું દેવા તૈયાર. ૧૩૯

માટે દો આજ્ઞા પ્રભુ ! રાખવા ચોકીદાર,
જેથી ડાકુ-ચોર-ભય, રહે ન કો તલભાર. ૧૪૦

સુણી વચન એ ભક્તનાં, ખૂબ હસ્યા અવધૂત,
અરે ! શેઠજી આ તમે, ક્યાંથી લાવ્યા તૂત ? ૧૪૧

મારા આ શરીરની, રક્ષા કરવા માટ,
ગુરખો પઠાણ રાખવો, કેવી બેહુદી વાત ? ૧૪૨

ભય શરીરનો હોત તો છોડીને ઘરબાર,
શા માટે આવત હું, અઘોર વન મોઝાર ? ૧૪૩

જે દિ'થી મેં છોડિયાં, માત-ભ્રાત ઘરબાર,
નગર, સહોદર સ્નેહીઓ, મિત્રોનો પરિવાર. ૧૪૪

તે દિ'થી મુજ શરીર આ, સદ્‌ગુરુચરણો માંહ્ય,
મેં તો અર્પણ કરી દીધું, થવાનું હોય તે થાય ! ૧૪૫

મુજ રક્ષા કરનાર તો, સમર્થ સદ્‌ગુરુ નાથ,
મુજ માથે ગાજી રહ્યો, ધરી વરદ નિજ હાથ. ૧૪૬

ગુરખો શું મુજ શરીરની, રક્ષા કરશે એમ ?
ભાડૂતી રખવાળ શું, ધાડ મારશે તેમ ? ૧૪૭

હજાર હાથવાળો પ્રભુ ! છે મુજ રક્ષણહાર,
શેંનો ભય મુજને પછી, કહો જગત મોઝાર ? ૧૪૮

ના જોઈએ મુજને અહીં, ગુરખો કે પઠાણ,
મારા સદ્‌ગુરુ સતત અહીં, કરી રહ્યા મુજ ત્રાણ. ૧૪૯

જ્યાં સુધી આ શરીરની જરૂર હશે જગ માંહ્ય,
ત્યાં સુધી પ્રભુ રાખશે, ગમે તેમ કરી આંહ્ય. ૧૫૦

જે દિ' પ્રભુને લાગશે, જરૂર નથી આ તન,
લાખ કરો તોયે અહા ! તે દિ' કરશે પતન. ૧૫૧

ક્ષણભંગુર આ દેહની, ચિંતા શાને કાજ ?
ઋણાનુબંધે સૌ મળે, શેં ત્યજું આત્મરાજ ? ૧૫૨

માટે ચિંતા છોડીને, રટો રામનું નામ,
ભજન કરો ભગવાનનું, જેથી સરશે કામ. ૧૫૩

અમૃતની હેલી સમી, સુણી અવધૂત-વાણ,
મંત્રમુગ્ધ થઈ ભક્ત ત્યાં, બોલ્યા જોડી પાણ :- ૧૫૪

'પ્રભુ ! હું અજ્ઞાનીનું, માયાવેષ્ટિત મન,
આપને ના સમજી શક્યો, વૃથા વદ્યો વચન. ૧૫૫

ક્ષમા કરો અપરાધ મમ, ના જોશો મુજ દોષ,
ફરી ફરી વંદન કરું, દયા કરો નત-તોષ.' ૧૫૬

એમ કહી વંદન કરી, શ્રીચરણે તત્કાલ,
નિજ ગામે પાછા ગયા, ભક્ત કેશવલાલ. ૧૫૭

ત્યાર પછી અહીં શું બન્યું, સાંભળ શિષ્ય સુજાત,
ડાકુઓ ભય પામીને, ભાગી ગયાની વાત; ૧૫૮

લલ્લુરામે ગામમાં, પ્રસરાવી બહુ પેર,
મીઠું-મરચું ભેળવી, ભટકી ઘેરે ઘેર. ૧૫૯

આસપાસનાં ગામમાં, ખૂબ થયો પ્રચાર,
ગણાઈ ચમત્કાર બધે, ચાલી બહુ ચકચાર. ૧૬૦

ગ્રામ્ય-સહજ અજ્ઞાનતા, તેમાં બન્યો પ્રસંગ,
ગ્રામ્યજનો ભોળા-ભલાં, કહે સૌ ઉટપુટાંગ. ૧૬૧

કોઈ કહે સરકારનો, ગુપ્તચર અમલદાર,
ધરી વેષ બાવાતણો, ડેરે રહે નિર્ધાર. ૧૬૨

નથી માંગતો કો' કને, કદી વસ્ત્ર કે અન્ન,
પૈસાને સ્પર્શે નહિ, સદા રહે પ્રસન્ન. ૧૬૩

સાધુ તો નિત ગામમાં, કહીને સીતારામ,
લોટ માગવા નીકળે, આ તો સદા અકામ. ૧૬૪

એને મળવા કારણે, શે'રના મોટા લોક,
મોટર લઈ આવે અહીં, માટે જરૂર આ કોક. ૧૬૫

અમલદાર છે જાસૂસી, અથવા ગુનેગાર
હશે કોઈ સરકારનો, ચળવળિયો, નિર્ધાર. ૧૬૬

ખાદીની ચાદર અને અંગ્રેજીનું જ્ઞાન,
સહજ-સુઘડતા શહેરની, લોક કરે અનુમાન. ૧૬૭

અંગ્રેજીની ભાષા મહીં, આવે રોજ ટપાલ,
જરૂર આ કોઈ ભેદુ છે, ચેતી ચાલો ચાલ. ૧૬૮

ગ્રામજનો સૌ એમ કરે, શંકા કુશંકા આમ,
પણ અવધૂત ખૂદ કોણ ? એ તો જાણે રામ. ૧૬૯

ભોળી ગ્રામપ્રજા બધી, આજુબાજુની જાણ,
રચે જાળાં રહસ્યનાં, અવધૂત વિષે માન. ૧૭૦

અલખ નિરંજન કહે, આગળ એહ કથાય,
અકળકળા અવધૂતની, કો'થી કેમ કળાય ? ૧૭૧

રંગ રંગનો જાણવા, 'બાલક' પણ મૂંઝાય,
પ્રયત્ન કરતો ત્યાં વળી, કલમ અટકી જાય ! ૧૭૨

ઈતિશ્રી રંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે અવધૂતદિનચર્યાદિકથનં નામ દ્વાવિંશોઽધ્યાયઃ ॥ ૨૨॥ દોહરા ૧૭૨ ॥

## અધ્યાય : ૨૩

અમૃતના ઝરણા સમો, સદ્‌ગુરુ કથાપ્રવાહ,
અલખ મુખથી વહી રહ્યો, પાને ટાળે દાહ. ૧
નારેશ્વરમાં રંગની, વિકટ સાધના આમ,
સર કરવા લાગી અહા ! સિદ્ધિ-શ્રૃંગ તમામ. ૨
આસપાસના ગામના, ભોળા ગ્રામીણજન,
તર્ક-વિર્તર્કો કંઈ કરે, બાવા વિષે નિજ મન. ૩
કોઈ કહે જાસૂસ છે, કોઈ કહે ગુનેગાર,
કોઈ કહે અંગ્રેજ પર, બોંબનો ફેંકનાર. ૪
ક્રાંતિકારી વીર કો, ભૂગર્ભમાં રહેનાર,
બાવાવેષે વનમહીં કરે સમય પસાર. ૫
માટે એની પાસ સૌ, જાતાં કરજો વિચાર,
નહિ તો પોલીસનાં થશે, લફરાં અરે ! અપાર. ૬
શંકા-કુશંકા ઘણી, અવધૂત પ્રત્યે આમ,
રહસ્યનાં જાળાં ગૂંથી, કરતા લોક તમામ. ૭
મસ્તીમાં અવધૂત તો, નિજ સાધનમાં રત
અહર્નિશ રહેતા અહા ! નિજાનંદમાં મસ્ત. ૮
ના કોઈથી રાખે કદી, વિશેષ સ્નેહ સંબંધ,
તિરસ્કાર વા કોઈનો, કદી ન એ નિર્બંધ ! ૯
રાગ-દ્વેષ જરા નહિ, નિજ-પરનો નહિ ખ્યાલ,
સહુમાં પ્રભુને પેખતો, સહુ પર સરખું વ્હાલ. ૧૦
ઉપદ્રવી ના કોઈને, પામે ન કોથી રંજ !
સાધનાપથ પર દોડતો, છોડી ચિંતાપુંજ ! ૧૧
આસપાસના ગામના, લોકો સાથે એમ,
લેવા-દેવાનો કદી, રાખે સંબંધ ન તેમ. ૧૨
ના બોલે મુખથી બહુ, રાખે મૌન અત્યંત,
વૃથા વહાવી વૈખરી, કરે ન કો'થી તંત. ૧૩
અલખ કહે સૂણ શિષ્ય હે ! અવધૂતની આ રીત;
સાધક માટે છે અતિ, અગત્યની ખચિત. ૧૪
સ્નેહતંતુની જાળ હા ! જો લાંબી ફેલાય,
એ જ જાળમાં એક દિ, સાધક જરૂર ફસાય. ૧૫
માટે સાચા સાધકે, રહેવું સદા સજાગ,
નહિ તો શૂળો સ્નેહની, દેશે પીડ અથાગ. ૧૬
અવધૂતજી નારેશ્વરે, રહેતા સદા અસંગ,
જેથી નિજ અનુષ્ઠાનમાં, પડે કદી ના ભંગ. ૧૭
લીલોડના એક ભક્તજન, શ્રી વિઠ્ઠલભાઈ નામ,
અવધૂતજીની ટપાલનું, કરતા સઘળું કામ. ૧૮
અવધૂતજીની ટપાલ જે, એમના નામે આમ,
લીલોડ ગામે આવતી, તે લઈ આવે ઠામ. ૧૯
અથવા અવધૂતજી કદી, લખે જે જે ટપાલ,
તેને ટિકિટ ચોડીને, કરે પોસ્ટ તત્કાળ. ૨૦
લીલોડ-સાયર ગામના, ભક્તહૃદય કંઈ જન,
આવે નારેશ્વર વિષે, કરવાને દર્શન. ૨૧
છતાંયે મોટા ભાગના, આ ગામોના જન,
નારેશ્વરના સંતને, માને 'ભેદુ' મન. ૨૨
એક સમે સાયર વિષે, પોંક મિષે ફોજદાર,
આવ્યા'તા તાલુકાતણા, સહકુટુંબ પરિવાર. ૨૩
એ નિમિત્તે ઊભું કર્યું, સરકારી કૈં કામ,
રેવાસ્નાન મિષે ગયા, નારેશ્વરને ધામ. ૨૪
વાતવાતે મુખી કરે, તેમને એક વાત,
કે નારેશ્વરમાં જો પડ્યો, બાવો એક અજ્ઞાત. ૨૫
બોલે ચાલે ના બહુ, કરે ન કો'થી વાત,
અજગર સમ આંખો મીંચી, પડ્યો રહે દિન-રાત. ૨૬
લોટ માગવા એ કદી, આવે ન ગામની માંહ્ય,
ખાવા-પીવાની કદી, કરે ન ચિંતા ક્યાંય. ૨૭
મુંબઈ-અમદાવાદ શાં, મોટાં નગરોથી,
આવે મોટર-ગાડીમાં, રે હા દૂર દૂરથી. ૨૮
ભણેલા, શ્રીમંત વળી, મોટા મોટા લોક,
એને મળવા કાજ હા ! આવે છે દિન થોક. ૨૯
માટે આ બાવો મને, ભેદુ લાગે ભાઈ !
જાસુસ કે સરકારનો, ગુનેગાર છે કોઈ. ૩૦
વાત સુણી મુખીતણી, મનમાં કર્યો વિચાર,
લાવ જરા તપાસ કરું, છું રાજ્ય ફોજદાર. ૩૧
પકડાશે કો ભેદુ તો, પડશે આપણો વટ,
થાશે ખુશ ઉપરી વળી, મળશે બઢતી ઝટ. ૩૨
એમ વિચારી ફોજદાર, આવ્યા બાવા પાસ,
દૂરથી જ ઊભા રહી, કરવા લાગ્યા તપાસ. ૩૩
તે સમે અવધૂતજી ગુફાના ઓટલા પર;
પડ્યા હતા નિજ મસ્તીમાં, રાખી કર પર શિર. ૩૪
અમલદારના તોરનો, રાખી મુખપર ગર્વ,
આંખો નિજ ઝીણી કરી, જોવા લાગ્યા સર્વ. ૩૫
તપાસદૃષ્ટિએ બધે, નીરખે ચારે પાસ,
નખથી શિષ સુધી પછી, નીરખે અવધૂત ખાસ. ૩૬

અવધૂત તો નિજ મસ્તીમાં, રાખી બંધ નયન,
કર પર શિર ધરી પડ્યા, સ્વયં સચ્ચિદાનંદ ! ૩૭

પહેલી નજરે દેખતાં, ડઘાઈ ગયા ફોજદાર,
પણ હોદ્દાની યાદથી, સ્વસ્થ થયા તે વાર. ૩૮

ક્ષણમાં તે આવી ગયા, અવધૂતજીની પાસ,
કડકાઈ હાકેમતણી, મુખપર લાવ્યા ખાસ. ૩૯

ખખડાવ્યા જોડા અને, મુખથી કરી ખોંખાર,
ભાન કરાવવા એમ જો બાવાને તે વાર. ૪૦

બાહ્ય ઉપાધિ સુણતાં, અવધૂતજીનાં અક્ષ,
ખૂલ્યાં જોયું શું અહા ! તે સમે પ્રત્યક્ષ. ૪૧

સહકુટુંબ ત્યાં ફોજદાર, વરતણીયાની સંગ;
ઊભા છે કડકાઈથી, મુખપર ગર્વ અભંગ. ૪૨

નેત્ર ખોલી જોયું છતાં, અવધૂતજી તો ક્યાંય,
હાલ્યા ચાલ્યા ના જરા, બોલ્યા પણ ના ત્યાંય. ૪૩

પડ્યા રહ્યા નિજ મસ્તીમાં, થઈને બેપરવાહ,
ખુલ્લી આંખે ત્યાં ગ્રહી, નિજ અવધૂતી રાહ ! ૪૪

બાવો બેઠો ના થયો, ના દીધો આવકાર,
તેથી ક્રોધાવેશમાં, આવી ગયા ફોજદાર. ૪૫

પૂછ્યું અતિ કડકાઈથી, બાવાજીને એમ,
બાવાજી કંઈ કીમિયો, કરો કે કેમ ? ૪૬

અહીંના લોકો પાસથી, સાંભળ્યું છે મેં ખાસ,
કિમિયાગર છો તમે બડા, બહુ કિમિયા તમ પાસ. ૪૭

એકાદુ કીમિયો જરા, કરી બતાવો આજ,
જોઉં તમારો કીમિયો, આજે હું મહારાજ. ૪૮

મુખ મલકાવી બોલિયા, અવધૂતજી તત્ક્ષણ,
કીમિયા તો હું જાણું છું, ઘણા ઘણા હા ! પણ. ૪૯

તમે જેવા ધારો છો, એવા કિમિયા નહિ !
ત્યારે કેવો તમે કહો ? બોલ્યા કડક થઈ: ૫૦

તમ જેવા હેવાનને, માનવ કરવા ખાસ,
કિમિયો બતાવું, બનાવું ઈચ્છો જો કરી ખાસ પ્રયાસ !! ૫૧

સુણતાં શબ્દો સંતના, છેડાયો હાકેમ,
બોલ્યા ક્રોધે કોણ હું ? જાણો છો કે કેમ ? ૫૨

તમે કોણ છો, જાણવું મારે તે શું કામ ?
હું તો તમમાં જોઉં છું, મારો આત્મારામ. ૫૩

શું સમજે અજ્ઞાન એ, સંતની આવી વાત ?
વધ્યો અતિશય ક્રોધથી, ઉગામી એક લાત. ૫૪

હું છું અમલદાર અહીં, તાલુકા ફોજદાર;
માટે અવળું બોલતાં, કરજે કંઈક વિચાર. ૫૫

કેમ કરી માની શકું, રંગ વધ્યા તે વાર,
ફોજદાર તો ફોજ સહ, સાથે જમાદાર. ૫૬

હવાલદાર અને વળી, પટાવાળો પણ હોય,
આવી બધી ફોજ થકી, ઓળખ એની હોય. ૫૭

તમે તો કિન્તુ નીકળ્યા, સહકુટુંબ પરિવાર,
બૈરી બેટી સાળીની, ફોજ લઈ આ વાર. ૫૮

પછી તમોને શી રીતે, ઓળખે કોઈ અજાણ,
ને અવળું બોલો પછી, કોણ રાખશે માન ? ૫૯

હું પડી રહ્યો છું અહીં, મુજ મસ્તીમાં મસ્ત,
શાને આવીને તમે, કરતા મુજને ત્રસ્ત ? ૬૦

ઝંઝટ છોડી જગતની, જંગલ-ઝાડી માંહ્ય,
આવી બેઠો તોય તમે, ઠરવા દો ના આંહ્ય. ૬૧

જગ છોડી હું એકલો, રે'તો જંગલ માંહ્ય,
શા માટે આવી મને, તંગ કરો છો આંહ્ય ? ૬૨

સુણી વચન અવધૂતનાં, શરમાયો ફોજદાર,
ચૂપ-ચાપ ચાલ્યો ગયો, કરીને નમસ્કાર. ૬૩

વરતણિયાએ જોયું આ, કરી ગામમાં વાત,
બાવો તો જબરો દીસે, કર્યા સા'બને મ્હાત. ૬૪

વરતણિયાની વાતને, સુણી ગામના જન,
તર્ક-વિતર્ક કરી રહ્યા, બાવો છે કો ગહન. ૬૫

જરૂર એ સરકારનો, છે કો, ભેદી જન,
નહિ તો ફોજદાર સા'બ શેં, ભાગે કરી નમન ? ૬૬

શંકા કુશંકાતણાં, ચારે બાજુ આમ,
જાળાં બાઝયાં રહસ્યનાં, બાવા વિષે આમ. ૬૭

સમજી કો શકતા નહિ, કરે પરસ્પર વાત,
આમ અવધૂત બની ગયા, કોયડો સૌને માટ ! ૬૮

પાછળથી અવધૂતને, કહેતા સૂણ્યા એમ,
અવધૂત ખુદ છે કોયડો, પોતા માટે તેમ. ૬૯

આમ કઠિન સાધન અને અનુષ્ઠાનમાં રત,
અવધૂતના દિવસો અહા ! વીતવા લાગ્યા ઝટ. ૭૦

ધીમે ધીમે સમાધિના, સુખનો મધુરાનંદ,
લેવા લાગ્યા રંગ ને બદલાયો સહુ ઢંગ. ૭૧

ભિક્ષા હાથે નિત કરે, તેની બધી ઝંઝટ,
સમાધિના આનંદમાં, કરે હા ! રૂકાવટ. ૭૨

તેથી ખટપટ છોડીને, તૈયાર ભિક્ષા એમ,
દૂધની બનાવી ભક્ત સૌ, લાવે તે લે તેમ. ૭૩
શીકા ઉપર કુટિરમાં, થાળી રાખે એક,
લાવેલી ભિક્ષા બધી, ભક્તો ધરી વિવેક. ૭૪
મૂકે એ થાળી મહીં, દૂધની દશમી સાથ,
પૂરી, મઠિયાં ઢેબરાં, સૌ લાવે સંગાથ. ૭૫
અઠવાડિયામાં દિન બે, રવિ અને ગુરુ એમ,
ભક્તો આવે દર્શને, લાવે ભિક્ષા તેમ. ૭૬
લાવેલી રવિવારની, પહોંચતી ગુરુવાર,
આવતી ગુરુવારતણી, ચાલે ત્યાં રવિવાર. ૭૭
નભાવે ખૂબ પ્રેમથી, જરા ન હૈયે રંજ,
આગળ વધતી સાધના, સ્મરતાં ગુરુપદકંજ. ૭૮
એક દિવસ કો લાવિયું, મઠિયા કંઈ બેચાર,
ભિક્ષા માટે રંગની, મૂક્યાં તેણી વાર. ૭૯
અવધૂતે બીજે દિને, એક જ મઠિયું માત્ર,
ખાધું ત્યાં તો સૂજતાં, ગળા સાથ સૌ ગાત્ર. ૮૦
જોતજોતામાં દાહ એ, વધિયો અપરંપાર,
બેચેની બહુ થઈ અને પીડાનો નહિ પાર. ૮૧
દાહ શરીરે થાય ને, થર થર ધ્રૂજે કાય,
ઠંડી ખૂબ ચઢી ગઈ, બેઠું ના રહેવાય. ૮૨
તૂટવા લાગી પ્રાણની, ગતિ અરે તે વાર,
ઉષ્ણ લોહીની વાન્તિઓ, થાવા લાગી અપાર. ૮૩
કણેકણ એ અન્નનો, નીકળી ગયો બહાર,
ત્યારે લોહીની વાન્તિઓ શમી અરે ! પળવાર. ૮૪
શિરોવેદના થાય ને ચક્કર ચઢે અપાર,
તડ તડ તૂટે નાડીઓ, મોત ખડું નિજ દ્વાર. ૮૫
જાણ્યું અવધૂતે હવે, આવ્યું મોત ખચિત,
મચક ન આપી મોતને, કર્યું સ્વસ્થ નિજ ચિત્ત. ૮૬
મૃત્યુને પડકારતાં, થઈ ગયા એ સ્થિર,
હાંસી કરતાં મૃત્યુની, બેઠા એ ભડવીર !! ૮૭
વિષ-દાહે તન બળી રહ્યું, અંગ અંગ પીડાય,
તોયે અવધૂત મોદથી, મૃત્યુ સામે ગાય. ૮૮
મુખ ફાડી સામે ઊભો, ક્રૂર ભયંકર કાળ,
તોયે અવધૂત મુખથી, ટપકે કાવ્ય રસાળ. ૮૯
અન્ત્ય પ્રાર્થના' પ્રેમથી, કરતા ભાવે એમ,
દિવ્ય સ્તોત્ર નિજ મુખથી, સરી પડ્યું હા ! તેમ. ૯૦

"ભલે અતિશય દાહ કે તીક્ષ્ણ ઠંડીથી આમ,
પીડાએ દેહ વા, વ્યાપે દર્દ અફામ. ૯૧
ભલે રુધિરની વાન્તિથી, માથું ફાટી જાય,
પ્રાણોની આ ગ્રંથિઓ, ભલેને તૂટી જાય. ૯૨
પણ મૃત્યુના દ્વાર પર, આજે હું આ પલ,
ખડો છું પર્વત સમો, જોને થઈ અચલ. ૯૩
આત્મા કેરું વિસ્મરણ એ જ મૃત્યુ જાણ,
દેહભંગ મૃત્યુ નથી, એ જ નિશ્ચય માન. ૯૪
સ્થિર બોધ આ થાય તો, કોણ બાપડું મોત ?
યમકિંકર પણ ભાગતા, જેમ પ્રકાશે ધ્વાંત. ૯૫
અજર અમર હું આત્મા, નિર્ભય નિર્વિકાર,
માટીના આ દેહથી, શો મારે વ્યવહાર ? ૯૬
ઓ મૃત્યુ ! આ દેહથી, થતો હોય સંતોષ,
તો લઈ જા ખૂબ પ્રેમથી, કહું છું કરીને ઘોષ. ૯૭
શાને તું ભય પામતું ? આવ બની નિર્ભય,
આવ તને નિર્ભય કરું, સમય કરીશ ના વ્યય. ૯૮
રોગો તારા અનુચરો, અરર.. મુજથી આમ,
ભય પામી શેં ભાગતા ? આવો ધરીને હામ. ૯૯
અરે....રે દૂતો યમતણા, મારી ધાકે આમ,
જો જો ભાગ્યા અરે અરે, મૂઠી દઈને તમામ. ૧૦૦
મુજ ધાક એ ભાગિયા, શું એમાં મુજ વાંક ?
ભાગ્યા થઈ નિરાશ એ, બની બાપડા રાંક ! ૧૦૧
વિડમ્બના મૃત્યુતણી, આ કેવી કહેવાય ?
અવધૂતજીએ મૃત્યુને, ધરી દીધી નિજ કાય." ૧૦૨
અલખ નિરંજનને કહે, અવધૂત મુખથી આમ,
અંત સમયે નીકળ્યું, સ્તોત્ર દિવ્ય શુભ કામ. ૧૦૩
સામે મોત ખડું અહા ! છતાં પ્રેમથી ગાય,
એના મનની સ્થિરતા, સમજી શેં સમજાય ! ૧૦૪
ક્ષણભંગુરતા શરીરની, આત્માનુભૂતિ તેમ;
સ્તોત્ર થકી કેવી અહો ! નિતરી રહી છે એમ ! ૧૦૫
હાસ્યે યમદૂતોતણી, હાંસી ઉડાવનાર,
અડગ પહાડ શા સ્થિર, દે મૃત્યુનેય પડકાર. ૧૦૬
એવા એ અવધૂતનાં દર્શન વિણ પ્રત્યક્ષ,
ખ્યાલ ન આવે કોઈને, અમોલ અવધૂતી કક્ષ. ૧૦૭
આવો વિષપ્રયોગ અરે ! અવધૂત ઉપર કેમ ?
કર્યો હશે ? કોણે ? અરે ! દુષ્ટ વિચારે એમ. ૧૦૮

આવા દુષ્ટ પ્રયોગથી, થયો હશે શો લાભ ?
એ તો જાણે એકલો, ઉપરવાળો મોભ. ૧૦૯
કિન્તુ અહીં અવધૂતને, થયો અનેરો જંપ,
નિજ કક્ષા અવધૂતીનું, નીકળી ગયું જો માપ. ૧૧૦
આમ પ્રભુ નિજ ભક્તને, આપી દુઃખ લગાર,
કરે કસોટી પ્રેમથી, દેવા સૌખ્ય અપાર. ૧૧૧
ભક્તોના સદ્‌ભાગ્યથી અવધૂતનો શુભ દેહ,
પ્રભુએ વિષપ્રયોગથી, બચાવ્યો નિઃસંદેહ. ૧૧૨
ઝેર બધું નીકળી ગયું, શાંત પડી ગયો દાહ,
અંગ-અંગમાં રંગના, વહી રહ્યો ઉત્સાહ. ૧૧૩
વિષપ્રયોગ નિષ્ફળ ગયો, થઈ દુર્વૃત્તિની હાર,
સદ્‌વૃત્તિની જીતનો, થાતો જય જયકાર. ૧૧૪
વિષનું વમન થઈ ગયું, અવધૂતજીની કાય,
કંચનસમ શોભી રહી, ભક્તહૃદય હરખાય. ૧૧૫
આમ સદ્‌વૃત્તિતણો, વિજય થયો અદ્‌ભુત;
પક્ષી સર્વે કૂજન કરે, જય જય રંગ અવધૂત. ૧૧૬
અલખ કહે સૂણ શિષ્ય હે ! કહું અગત્યની વાત,
અતિ કઠણ ને વિકટ છે, સાધના કેરી વાટ. ૧૧૭
સાધકની બહુ રીતથી, કઠણ કસોટી થાય,
ગુરુભક્ત કો વિરલો, પાર કરી એ જાય. ૧૧૮
જેને માથે સમર્થ કો, સદ્‌ગુરુ કેરો હાથ;
તે જ સાધના સફળ કરી, પામે દિવ્ય પ્રસાદ. ૧૧૯
સાંસારિક ઉપાધિનો જેથી નડે ન ત્રાસ,
છોડી આ સંસારને, કરે વનવગડે વાસ. ૧૨૦
તોયે આ સંસારનાં, સ્વાર્થી, દ્વેષી જન,
સાધકના શુભ પથ મહીં, નાખે અનેક વિઘ્ન. ૧૨૧
આજુબાજુના ગામના, કેટલાક દ્વેષી લોક,
અવધૂતને રંજાડવા, કરે પ્રયત્નો ફોક. ૧૨૨
મોરતણા શિકારનો, સરકારી પ્રતિબંધ,
તોયે માંસાહારીઓ, મારે મોર થઈ અંધ. ૧૨૩
કોક મનુષ્યના ખૂનનો, જે ગુહ્નો ગણાય,
એ જ ગુહ્નો એક મોરના, શિકારથી અહીં થાય. ૧૨૪
જે શિક્ષા એક ખૂનીને, ખૂન કર્યાથી થાય,
તેટલી જ શિક્ષા મોરનો, શિકાર કર્યાથી થાય. ૧૨૫
કો' દિન એક શિકારીએ, સજાણ કે અણજાણ,
તીક્ષ્ણ શસ્ત્ર મારી અરે ! હર્યા મોરના પ્રાણ. ૧૨૬
માર્યા પછી એ મોરના, મૃત શરીરને એહ,
કોઈ કારણે, લઈ ના ગયો નિજ ગેહ. ૧૨૭
કદાચ કોઈને તે સમે, શંકા આવી જાય,
ખબર કરે પોલીસને હાલ બૂરા થઈ જાય ! ૧૨૮
મનમાં એવી ધાકથી, મૃત મોર તે વાર,
નારેશ્વરના સ્થાનમાં, નાખવા કર્યો વિચાર. ૧૨૯
એટલે રાતે અંધારમાં, છાનોમાનો એમ,
લઈને મડદું મોરનું, કોઈ ન દેખે તેમ. ૧૩૦
નારેશ્વરમાં આવીને, શિવાલયની પાસ,
મડદું મૂકી મોરનું, ભાગી ગયો બદમાસ. ૧૩૧
એના મનમાં એમ કે, સવાર થાતાં એમ,
મડદું જોઈ મોરનું, કો પોલીસને તેમ. ૧૩૨
ખબર દેશે તે થકી, પોલીસ ને ફોજદાર,
તપાસ કરવા આવશે, થઈને ઘોડેસ્વાર. ૧૩૩
બાવાજીની હદ મહીં, જોઈને મુદ્દામાલ,
બાવાજીને લઈ જશે, જેલ મહીં તત્કાલ. ૧૩૪
બાવાજીને રંજાડશે, જેલ મહીં અપાર,
નારેશ્વરમાં બાવો એ, આવે નહિ ફરીવાર. ૧૩૫
અથવા પ્રાતઃકાળમાં, મોરનું મડદું આંહ્ય,
જોતાં બાવો બીકથી, ભાગી જાશે ક્યાંય. ૧૩૬
એમ બલા બાવાતણી, ટળશે અહીંથી સદાય,
અને પછી સ્વચ્છંદથી મહાલશું આપણે આંહ્ય. ૧૩૭
આમ વિચારી કોઈ એક દુષ્ટે અવળું કામ,
મોરતણા શિકારનું કર્યું હતું આ ઠામ. ૧૩૮
ત્યાં તો પૂર્વ દિશા મહીં, સહસ્રરશ્મિ ભગવાન.
પ્રગટ થયા આ વિશ્વને, દેવા પ્રકાશદાન. ૧૩૯
ઝળહળિયું જગ તેજથી, દૂર થયો અંધકાર,
અવધૂતજી થઈ ધ્યાનમુક્ત, આવ્યા કુટિર બહાર. ૧૪૦
બહાર કુટિરને ઓટલે, ઊભા જ્યાં ભગવાન,
કંઈક અમંગલ તત્ત્વનાં, વરતાયાં એંધાણ. ૧૪૧
તે સમે એક સાધુ ત્યાં, રહેતા કમલદાસ,
વહેલા આવ્યા દોડતા, અવધૂતજીની પાસ. ૧૪૨
કમલદાસ કર જોડીને, મુખ પર લાવી વિષાદ,
વહેલા વહેલા બોલિયા, બૂરી બની છે વાત. ૧૪૩
અવધૂતજી પૂછે શું બન્યું ? શાને આ ગભરાટ ?
શાંતિથી મુજને કહો, બની હોય જે વાત. ૧૪૪

શબ્દ સૂણી અવધૂતના, કમલદાસમાં એમ,
હિંમત આવી કંઈક ને કહેવા લાગ્યા તેમ. ૧૪૫
અરે બાપજી ! અહીં અરે ! શિવાલયની પાસ,
કોઈ દુષ્ટ રાત્રે અહીં, મોરને મારી ખાસ; ૧૪૬
મડદું એ મૃત મોરનું, નાખી ગયો હેવાન,
જેથી આપને આવીને, પોલીસ કરે હેરાન. ૧૪૭
કમલદાસની વાતનો, અવધૂતજીને ખ્યાલ,
આવી ગયો તે થકી, એક જણને તત્કાળ ૧૪૮
લીલોડ ગામે મોકલી, પોલીસપટેલને એમ,
બોલાવી નારેશ્વરે, કરી વાત બધી એમ. ૧૪૯
પરિસ્થિતિ પામી ગયા, પટેલ બધી તે વાર,
નક્કી કોઈ કુકર્મીનું, કાર્ય અને કુવિચાર. ૧૫૦
ક્ષણનો વિલંબ કર્યા વિના, મૃત મોર તે વાર,
પકડી સમર્પિત કીધો, રેવા જળમોઝાર. ૧૫૧
આમ દૂર થઈ ગયું, અનિષ્ટ એ તત્કાલ,
કિન્તુ અહીં અવધૂતજી, કરવા લાગ્યા વિચાર. ૧૫૨
સમજ મને પડતી નથી, શા માટે આ લોક,
મુજ પથ પર વિઘ્નો અહીં, નાંખે છે હા ! ફોક. ૧૫૩
પગ પણ આશ્રમ બહાર હું, નથી મૂકતો હા આમ,
લેવા-દેવા કંઈ કશું, નથી જતો કોઈ ગામ. ૧૫૪
કોઈ સાથે સંબંધ કંઈ, રાખતો નથી જરાય,
ગામતણા કો કામમાં, વિક્ષેપ કરું ન ક્યાંય. ૧૫૫
તોયે શા માટે મને, પજવે છે આ લોક ?
શાને તેજોદ્વેષથી, વૃથા વધારે શોક ? ૧૫૬
આવો વિચાર કરી રહ્યા, અવધૂતજી મન માંહ્ય,
ત્યાં તો મન વાદળ મહીં, ચમકી વીજળી ત્યાંય. ૧૫૭
નિજ મનને અવધૂતજી, સમજાવે છે એમ,
અરે અરે મન માહરા, કરે વિષાદ તું કેમ ? ૧૫૮
આ વિઘ્નો તો તાહરાં, સાચા સહાયક જાણ,
પ્રમાદથી હરનિશ અરે ! કરે છે તારું ત્રાણ. ૧૫૯
વિઘ્નો તુજ પર આવીને, અહીંયાં વારંવાર,
સજાગ રાખે છે તને, કરે મહા ઉપકાર. ૧૬૦
સાધક કરે પ્રમાદ તો, અધવચ રવડી જાય,
રહે અધૂરી સાધના, ફોગટ ફેરો થાય. ૧૬૧
વિઘ્નો સાધકની કરે, ખરી કસોટી આમ,
સજાગ રાખે સર્વદા, આપે બમણી હામ. ૧૬૨
પંથીના નિજ પંથ પર, કંટક-કંકર હોય,
પલ પલ ઠોકર ઠેસ ને ખાડા ટેકરા હોય. ૧૬૩
તો આંખ ઉઘાડી રાખીને, રહી સજાગ-સાવધાન,
ચાલે ધીમે ચીવટથી, રાખીને બહુ ધ્યાન. ૧૬૪
જો રહે બેધ્યાન ને ના રહે સાવધાન,
તો કંકર કંટક ઠેસથી, થાયે બહુ હેરાન. ૧૬૫
તેમ સાધનાપથ ઉપર, કસોટીઓ ના થાય,
તો સાધકના મન વિષે, અહં સળવળી જાય. ૧૬૬
અહંકાર અંધત્વ છે, કરે વ્યર્થ વિવાદ,
અહં પોષવા મન વિષે, જાગે દુષ્ટ પ્રમાદ. ૧૬૭
પ્રમાદ સ્વાધ્યાયે અહા ! ના થાવા દે રત,
સાધક છોડી સાધના, પડે જઈ ઊંડે ગર્ત. ૧૬૮
પણ આવે જો વિઘ્ન તો, સાધક રહે સજાગ,
પ્રમાદ પછડાતાં પછી, નાસે શોધી લાગ. ૧૬૯
એમ વિઘ્નો આવીને, કરી કસોટી અપાર,
સજાગ સાધકને કરી, તેજ કરે જો ધાર. ૧૭૦
આ રીતે નિજ મનને, સાચા સાધક રંગ,
સમજાવે વિધવિધ રીતથી, જેથી વધે ઉમંગ. ૧૭૧
સ્મરી સ્મરી અવધૂતને, પ્રેમે અલખ દયાળ,
જાતા ભાવાવેશમાં, થયા મૌન તત્કાળ. ૧૭૨

કલમ બાલકની તિહાં, અટકી અત્ર જે જાય,
રંગ અનેરો લાવશે, પ્રેરતા રંગ સદાય. ૧૭૩

ઈતિશ્રી રંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે
અલખનિરંજનસંવાદે લોકબાધાવર્ણનં નામ ત્રયોવિંશોડધ્યાયઃ ॥ ૨૩ ॥ દોહરા ૧૭૩ ॥

## અધ્યાય : ૨૪

ભાવાવેશમાં આવીને, સદ્‌ગુરુ અલખ દયાળ,
અંતર્ગત દૃષ્ટિ કરી, થયા મૂક તત્કાળ. ૧
ખળખળ વહેતા ઝરણ શી, અલખની અમૃત વાણ,
અટકી જાતાં, શિષ્યનો જાણે ડૂબ્યો ભાણ ! ૨